ટ્રસ્ટની પ્રવૃત્તિઓના લાભો લોકો સુધી પહોંચાડનાર 'ગુજરાત ટુડે' દૈનિકને રાજ્યના છેવાડાના ગામ સુધી પહોંચાડવા પ્રયત્નશીલ બનો. (લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ દ્વારા જનહિતાર્થે પ્રકાશિત)

નીડર, નિષ્પક્ષ, નિઃસ્વાર્થ, નિપુણ, સેવાભાવી, સહયોગી, સુસ્પષ્ટ, સંસ્કારી પ્રતિભા સાથે પ્રસિદ્ધ થતું દૈનિક

# ગુજરાત ટુડે

GUJARAT TODAY
(Daily)
AHMEDABAD
SINCE-1991

અશ્લીલતાથી દૂર રહી, સ્વચ્છતા અને સંસ્કારિતાને અપનાવી પ્રસિદ્ધ થતાં 'ગુજરાત ટુડે' દૈનિકને સ્ત્રીઓ અને બાળકોને વંચાવવા ઘરમાં વસાવો. (લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ દ્વારા જનહિતાર્થે પ્રકાશિત)

Regd. No.Guj.168/2023-2025 Valid up to Dt. 31-12-2025 ● RNI. No. 48870/91 ● વર્ષ-૩૪ અંક-૧૩૧ ● તંત્રી : અઝીઝ ટંકારવી ● E-mail : gujarattodaydaily@gmail.com




### બંગાળ, બિહાર અને ઓડિશા પર પોતાનો કાયદેસરનો દાવો કરનારા બાંગ્લાદેશી નેતાઓ પર મમતાનો પલટવાર

# તમે અમારી જમીન હડપવા આવો ત્યારે શું અમારી પાસે લોલીપોપ હશે ? : બાંગ્લાદેશી નેતાઓ પર મમતાનો પ્રહાર

## ક્યા બાત હૈ ?!

**મારી બૈરીએ ચૂલા અને સગડી પર રાંધવા શીખવવાના કલાસ શરૂ કર્યા છે !**




### પશ્ચિમ બંગાળ એ ઉત્તરપ્રદેશ નથી કે અમે તમારા ટેલિકાસ્ટ પર પ્રતિબંધ મૂકીશું, પરંતુ પશ્ચિમ બંગાળ અને તેના લોકોના હિતમાં જવાબદારીપૂર્વક કાર્ય કરીશું : મુખ્યમંત્રી મમતા બેનરજી

### "હિંદુઓ, મુસ્લિમો, શીખો અથવા ખ્રિસ્તીઓ રમખાણો શરૂ કરતા નથી, અસામાજિક તત્વો તોફાનો શરૂ કરે છે, આપણે બંગાળમાં ખરાબ પરિસ્થિતિનું નિર્માણ કરે તેવી કોઈ ટિપ્પણી ન કરવી જોઈએ, મને આનંદ છે કે બાંગ્લાદેશમાં અત્યાચારનો અહીં હિન્દુઓ અને મુસ્લિમ લઘુમતી બંને વિરોધ કરી રહ્યા છે, આ આપણી બિનસાંપ્રદાયિક પ્રકૃતિ દર્શાવે છે" : મમતા બેનરજી

(એજન્સી) મુંબઇ, તા.૯

બંગાળ, બિહાર અને ઓડિશા પર દેશનો કાયદેસરનો દાવો કરનારા બાંગ્લાદેશી રાજકારણીઓના એક વર્ગ પર કટાક્ષ કરતાં પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ સોમવારે આશ્ચર્ય વ્યક્ત કર્યું કે જ્યારે બાહ્ય દળો ભારતીય જમીન પર કબજો કરવાનો પ્રયાસ કરશે ત્યારે શું ભારતીયો પાસે "લોલીપોપ" હશે. પશ્ચિમ બંગાળ વિધાનસભામાં બોલતા તેમણે લોકોને શાંત રહેવા અને બાંગ્લાદેશમાં કરવામાં આવેલા નિવેદનોથી ઉશ્કેરવામાં ન આવવા વિનંતી કરી હતી. સાથે જ તેમણે કહ્યું કે, પશ્ચિમ બંગાળ હંમેશા કેન્દ્ર દ્વારા લેવામાં આવેલા કોઈપણ નિર્ણયની સાથે રહેશે. તાજેતરમાં ઉશ્કેરણીજનક નિવેદનો કરનારા કેટલાક બાંગ્લાદેશી નેતાઓની



મજાક ઉડાવતા તેમણે કહ્યું, "શાંત અને સ્વસ્થ રહો અને મનને શાંત રાખો." ઉલ્લેખનીય છે કે, બાંગ્લાદેશ નેશનલિસ્ટ પાર્ટી (BNP)એ તાજેતરમાં ઢાકામાં એક જાહેર સભામાં જણાવ્યું હતું કે બંગાળ, બિહાર અને ઓડિશા પર દેશનો કાયદેસરનો દાવો છે. પશ્ચિમ બંગાળના લોકોને શાંત રહેવા અને બાંગ્લાદેશમાં કેટલાક લોકો દ્વારા કરવામાં આવેલા ઉશ્કેરણીજનક નિવેદનોથી પ્રભાવિત ન થવાનું કહેતા મમતાએ જણાવ્યું કે, "અમારા રાજયમાં ઈમામોએ પણ બાંગ્લાદેશમાં લઘુમતીઓ પરની ટિપ્પણીઓ અને હુમલાઓની નિંદા કરી છે." તેમણે વધુમાં કહ્યું કે, "હિંદુઓ અને મુસ્લિમો અને અન્ય તમામ સમુદાયોની નસોમાં સમાન લોહી વહે છે. પશ્ચિમ બંગાળમાં પરિસ્થિતિ વધુ ખરાબ થવા માટે કંઈ ન થાય તેની ખાતરી કરવા માટે આપણે બધાએ સાથે મળીને કામ કરવું જોઈએ." મુખ્યમંત્રીએ કહ્યું કે, "પશ્ચિમ બંગાળ દેશનું પ્રથમ રાજ્ય છે જ્યાં જાતિ, સંપ્રદાય અથવા સમુદાયને ધ્યાનમાં લીધા વિના લોકોએ બાંગ્લાદેશની પરિસ્થિતિ સામે સામૂહિક વિરોધ કર્યો છે." તેમના રાજકીય પ્રતિસ્પર્ધીઓ સહિત દરેકને પરિસ્થિતિને વધુ વણસી શકે તેવું કંઈપણ ન કરવા માટે કહેતાં તેમણે પડોશી દેશની પરિસ્થિતિ પર ટિપ્પણી કરતી વખતે મીડિયા ગૃહોને જવાબદારીપૂર્વક કાર્ય કરવા વિનંતી કરી હતી. તેમણે કહ્યું કે, "પશ્ચિમ બંગાળ એ ઉત્તર પ્રદેશ નથી કે અમે તમારા ટેલિકાસ્ટ પર પ્રતિબંધ લગાવી દઈએ. પરંતુ પશ્ચિમ બંગાળ અને તેના લોકોના હિતમાં જવાબદારીપૂર્વક કામ કરીશું. જો અહીં મુશ્કેલી સર્જાશે તો શું તેની તમને અસર નહીં થાય ? તેવી જ રીતે જો બાંગ્લાદેશમાં પરિસ્થિતિ વધુ વણસે તો તે તમને અસર કરશે. અમારા સંબંધીઓ અને મિત્રોને ત્યાં અસર કરે છે તેથી મહેરબાની કરીને પરિસ્થિતિ પર ટિપ્પણી કરતી વખતે સંયમ જાળવો." પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રીએ કહ્યું કે તેમની સરકાર અને પક્ષ તૃણમૂલ કોંગ્રેસ, વિદેશ મંત્રાલયની માર્ગદર્શિકાનું પાલન કરશે અને જુદું બોલશે નહીં. તેમણે કહ્યું કે, "અમારા વિદેશ સચિવ વાટાઘાટો માટે બાંગ્લાદેશમાં છે. આપણે જે જરૂરી છે તેનાથી વધુ બોલીએ નહીં. ચાલો પરિણામની રાહ જોઈએ. અમે જવાબદાર નાગરિક છીએ. આપણો દેશ એક છે." વડાપ્રધાન શેખ હસીનાની હકાલપટ્ટી બાદ ઓગસ્ટથી વણસેલા દ્વિપક્ષીય સંબંધો વચ્ચે વિદેશ સચિવ વિક્રમ મિસરીએ સોમવારે તેમના બાંગ્લાદેશી સમકક્ષ મોહમ્મદ જશીમઉદ્દીન સાથે વાતચીત કરી હતી. અધિકારીઓએ જણાવ્યું હતું કે મિસરી એક દિવસની લાંબી મુલાકાત માટે ભારતીય વાયુસેનાના જેટમાં વહેલી સવારે ઢાકા પહોંચ્યા હતા. ઓગસ્ટમાં હસીનાના ૧૫ વર્ષના શાસનનો ભારે વિદ્રોહના અંત પછી ભારતની આ પ્રથમ ઉચ્ચ સ્તરીય મુલાકાત છે.



## લગ્નની શરણાઈઓ બંધ થશે ? એક કુંવારા યુવાનને રૂા.૧૦૦ની કિંમતનો દારૂ આપવાની લાલચમાં નાખી તેની જાણ વિના નસબંધી કરી નાખી; અડાલજ સરકારી ક્લિનિકની ઘટના

મહેસાણા જિલ્લાના નવી શેઢાવી ગામના ૩૦ વર્ષના યુવક ગોવિંદ દંતાણીને એક સરકારી આરોગ્યકર્મી દારૂ અને નોકરીની લાલચમાં અડાલજ લઈ ગયો હતો. જ્યાં સરકારના ટાર્ગેટ પૂરા કરવા ખાતર કુંવારા યુવકની નસબંધી કરી નખાઈ હતી એથી યુવાને ગંભીર ફરિયાદ કરી છે. તેને રૂા.૧૦૦નો દેશી દારૂ પીવડાવવા લઈ જઈ કુંવારાની નસબંધી કરી દેવાઈ હતી.

## મુંબઈના થાણેમાં શાળાના ત્રણ બાળકોની જાતીય સતામણીનો ૩૫ વર્ષના શિક્ષક પર આરોપ, નિર્વસ્ત્ર થઈ પોતાનું માથું-પીઠ દબાવવાના મેસેજ મોકલતો

મુંબઈના થાણેના અંબરનાથ ખાનગી ટયૂશન ક્લાસના ૩૫ વર્ષના એક શિક્ષકની શાળાના બાળકોની જાતીય સતામણી બદલ પોલીસે ધરપકડ કરી હતી. નપાવટ શિક્ષક શાળાના ત્રણ વિદ્યાર્થીને નિર્વસ્ત્ર થઈ આવવા અને પોતાનું માથું અને પીઠ દાબી દેવા ફરમાન કરતો હતો. બાળકોએ એક શિક્ષિકાને જાણ કર્યા બાદ પોલીસને તુર્ત ફરિયાદ દાખલ કરવામાં આવી હતી.

## રાજસ્થાનના સિકરમાં પતંગની પાછળ દોડતો બાળક કારની અડફેટે ૪૦ ફૂટ દૂર સુધી ફંગોળાયો : ગંભીર ઈજાઓ થઈ

રાજસ્થાનના સિકરમાં પૂરવેગ સાથે જતી કારની હડફેટે ચડી જતા ત્રીજા ધોરણમાં ભણતો ૭ વર્ષનો બાળક ૪૦ ફૂટ દૂર સુધી ઉછળીને ફંગોળાઈ ગયો હોવાનો વીડિયો વાયરલ થયો હતો. બાળક રસ્તા પર પતંગની પાછળ દોડતો હતો ત્યારે આ ઘટના બની હતી. ગંભીર હાલતમાં તેને દવાખાને ખસેડાયો હતો.

## રાજસ્થાન સરકાર સરહદ પર ઘૂસણખોરી રોકવા ડ્રોન-વિરોધી યુનિટ ઊભું કરશે

જોધપુરમાં સીમા સુરક્ષા દળ સ્થાપના દિન સમારંભમા બોલતા કેન્દ્રના ગૃહમંત્રી અમિત શાહે જણાવ્યું હતું કે રાજસ્થાન સરહદ પર એક સર્વગ્રાહી ડ્રોન વિરોધી યુનિટ ઊભું કરવા કેન્દ્ર સરકાર આયોજન કરી રહી છે. આગામી સમયમાં ડ્રોન ઘૂસણખોરી મુદ્દો વધુ ચિંતાજનક બનશે એવી તેમણે લાલબત્તી ધરી હતી.

## પાકિસ્તાનના ગળા પર અવિરત ભીંસાઈ રહ્યો છે કરજનો ગાળિયો; સૌથી વધુ લોન આપનાર ચીન

પાકિસ્તાન સતત કરજના બોજ હેઠળ દબાઈ રહ્યું છે અને દેવાનો આ ગાળિયો વધુ ભીંસ મારતો જાય છે. પાકિસ્તાનને સૌથી વધુ લોન આપતો દેશ ચીન છે. ચીને કુલ ૧૮.૮ અબજ ડોલરનું કરજ પાકિસ્તાનને આપ્યું છે. વિશ્વ બેન્ક અને એશિયા વિકાસ બેન્કના ઉધારો તો અલગ જ છે.

## રાહુલ ગાંધી નાગરિકત્વ વિવાદ : કોંગ્રેસ નેતા અંગે સુબ્રમણ્યમ સ્વામીની અરજી પર કેન્દ્રનો અભિપ્રાય માંગતી દિલ્હી હાઈકોર્ટ

રાહુલ ગાંધીની નાગરિકતા અંગે નિર્ણય લેવા ગૃહ મંત્રાલયને આદેશ આપવાની વિનંતી કરતી અરજી ડો. સુબ્રમણ્યમ સ્વામીએ દિલ્હી હાઈકોર્ટમાં દાખલ કરી છે. આ અંગે હાઈકોર્ટે કેન્દ્ર સરકારને તેનું વલણ સ્પષ્ટ કરવા તાકીદ કરી છે. રાહુલ પાસે બ્રિટિશ પાસપોર્ટ હોઈ ભારતીય નાગરિક્તા રદ થવી જોઈએ એવી સ્વામીએ માગણી કરી છે.

## બેંગ્લુરૂમાં સંત શિવકુમાર સ્વામીની પ્રતિમાની તોડફોડ, આરોપીની વિચિત્ર કબૂલાત કે ઈસુ ખ્રિસ્તે મારા સપનામાં આવી પ્રેરણા આપી

બેંગલુરૂમાં ખૂબ જાણીતા લિંગાયત સંત શિવકુમાર સ્વામીની પ્રતિમાની તોડફોડ કરવા બદલ પોલીસે ૩૭ વર્ષના ડિલિવરી એક્ઝિક્યુટીવ શ્રીકૃષ્ણાની ધરપકડ કરી હતી. બાદમાં આરોપીના દાવાથી બધ અચંબિત થઈ ગયા. આરોપીએ દાવો કર્યો કે મને ઈસુ ખ્રિસ્ત સપનામાં આવ્યા હતા અને મૂર્તિ તોડી નાખવાની પ્રેરણા આપી હતી.

## મહાદેવ ઓનલાઈન બેટિંગ કેસમાં રૂા.૩૮૭.૯૯ કરોડની વધારાની મિલકતો જપ્ત કરતું ઈડી

મહાદેવ ઓનલાઈન સટ્ટાખોરીના કેસ સંબંધે ઈડીએ રૂા. ૩૮૭.૯૯ કરોડની વધારાની મિલકતો જપ્ત કરી હતી. છત્તીસગઢ, મુંબઈ અને મધ્યપ્રદેશમાં કેસમાં જોડાયેલી કેટલીક પેઢીઓની ચલ અને અચલ સંપત્તિઓ કબજે લેવાઈ હોવાનું ઈડીના સૂત્રોએ જણાવ્યું હતું.

## મણિપુરમાં સીઆરપી સાથેના કથિત એન્કાઉન્ટરમાં માર્યા ગયેલા ૧૨ જેટલા કુકી-ઝો યુવાનોના ભારે હૈયે અંતિમ સંસ્કાર

મણિપુરના જીરીબામ જિલ્લામાં સીઆરપી દળો સાથે કથિત અથડામણમાં માર્યા ગયેલા ૧૨ કુકી-ઝો યુવાનોની ચુરાચંદ્રપુરમાં ભારે હૈયે અંતિમ વિધિ કરવામાં આવી હતી. મૃતકોને કુકી-ઝો વોલન્ટીયર્સે બંદૂકની સલામી આપી હતી અને પુષ્પાંજલિ આપી હતી.

## સબ ઈન્સ્પેકટર ભરતી પ્રક્રિયામાં પહોંચી મહિલા પોલીસ અધિકારીને ધમકાવનાર રાજસ્થાનના મંત્રી સામે મહિલા અધિકારીએ રોજનામા રિપોર્ટ આપતા હલચલ

જયુપરમાં સબ ઈન્સ્પેકટર ભરતીની પ્રક્રિયામાં સામેલ ઉમેદવારોના ઈન્ટરવ્યુ માટે ગયેલી સર્કલ પોલીસ ઈન્સ્પેકટર કવિતા શર્માને રાજ્યમંત્રી કિરોડીમલ મીણા દબડાવતા હોવાનું બહાર આવ્યું હતું. આથી મહિલા અધિકારીએ મંત્રી સામે સ્ટેશન ડાયરી રિપોર્ટ કરતાં હલચલ મચી છે.

## દિલ્હી જામિયા મિલ્લિયા ઈસ્લામિયામાં શિયાપંથી વિચારધારાનો કોર્ષ શરૂ કરવા લદાખના ચળવળકારની કેન્દ્રને અપીલ

લદ્દાખના એક રાજકીય અગ્રણી સજ્જાદ હુસૈન કારગિલી કેન્દ્રના કાયદામંત્રી કિરણ રિજીજુને મળ્યા હતા અને શિયા મુસ્લિમ ધર્મશાસ્ત્રનો કોર્ષ દિલ્હીની જામિયા મિલ્લિયા ઈસ્લામિયા યુનિવર્સિટીમાં શરૂ કરવા અપીલ કરી હતી. શિયા સમાજની માન્યતા, રીત રિવાજો, ધર્મશાસ્ત્રનું જ્ઞાન આપવાથી શિયા મુસ્લિમ પંથ માટે સમજણ અને જ્ઞાનમાં વધારો થશે એવી એમની દલીલ છે.

## દિલ્હી વિધાનસભા ચૂંટણીઓ માટે 'આપ' ઉમેદવારોની બીજી યાદી જાહેર : સિસોદિયા જંગપુરાથી અને અવધ ઓઝા પાટપરગંજથી લડશે

દિલ્હી વિધાનસભા ચૂંટણીઓ માટે આપ ઉમેદવારોની બીજી યાદી જાહેર થઈ ગઈ છે. સિનિયર નેતા મનીષ સિસોદિયા જંગપુરા બેઠક પરથી લડશે. શિક્ષણવિદ્ અને તાજેતરમાં આપમાં જોડાયેલા અવધ ઓઝાને પાટપરગંજ બેઠકની ટિકિટ અપાઈ છે.

## ભારત વિરોધી પરિબળો સામે એક બનો : સોનિયા ગાંધી-જ્યોર્જ સોરોસ સંબંધોને લઈને કિરણ રિજીજુનું એલાન

કેન્દ્રના નાણામંત્રી કિરણ રિજીજુએ સોનિયા ગાંધી અને જ્યોર્જ સોરોસ ફાઉન્ડેશન વચ્ચે સંબંધોને લઈને પ્રતિક્રિયા આપી છે કે ભારત વિરોધી પરિબળો સામે એક બનવું જોઈએ. આવા પરિબળો સામે લડત ચલાવવા બધા એક થાય એ જરૂરી છે. સોરોસનો મુદ્દો સંસદમાં પણ ઉઠયો છે.

## હિમાચલ પ્રદેશમાં મોસમની પહેલી બરફવર્ષા; ૮૭ માર્ગો બંધ કરાયા

હિમાચલ પ્રદેશમાં મોસમની પહેલી જોરદાર હિમવર્ષા થઈ છે અને જેના કારણે અટારી-લેહ નેશનલ હાઈવે, રોહતાંગ પાસ સહિત ૮૭ રસ્તા બંધ થઈ ગયા છે. સફરજન ઉત્પાદકો, હોટેલ ધંધાર્થીઓ અને ખેડૂતો ખુશખુશાલ થઈ ગયા છે.

## જો બિહારમાં સત્તા મળે તો સામાજિક સુરક્ષા પેન્શનમાં વધારો કરવા તેજસ્વી યાદવનું વચન

રાજદના નેતા તેજસ્વી યાદવે જણાવ્યું છે કે જો અમારો પક્ષ બિહારમાં સત્તા પર આવશે તો સામાજિક સુરક્ષા યોજનાઓ અંતરગત અપાતા પેન્શનમાં વધારો કરવામાં આવશે. તેમણે કહ્યું હતું કે સિનિયર સિટીજન, વિધવા અને દિવ્યાંગોનું પેન્શન હાલના પ્રતિમાસ રૂા.૪૦૦થી વધારે રૂા.૧૫૦૦ પ્રતિમાસ કરવામાં આવશે.

## એર ઈન્ડિયા ૨૦૨૩ના ૪૭૦ વિમાનની ખરીદીના વિક્રમ ઉપરાંત હવે વધુ ૧૦૦ એરબસ ખરીદશે

ટાટા ગ્રુપ સંચાલિત એર ઈન્ડિયાએ ૨૦૨૩માં ૪૭૦ વિમાનોની ખરીદીનો ઓર્ડર મૂકીને ઈતિહાસ રચી દીધો હતો. હવે તેથી આગળ જઈ વિમાન કંપનીએ નવી વધુ ૧૦૦ એરબસ ખરીદવાનો નિર્ણય લીધો છે. આ માટે બોઈંગ અને એરબસ કંપનીને ઓર્ડર આપી દેવાયો છે.

# વિપક્ષી સભ્યો સાથે વારંવાર ઘર્ષણ : ઈન્ડિયા બ્લોક રાજ્યસભામાં ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ વિરૂદ્ધ અવિશ્વાસ પ્રસ્તાવ લાવશે

### તૃણમૂલ કોંગ્રેસ, આમ આદમી પાર્ટી અને સમાજવાદી પાર્ટીના સભ્યોએ પણ અવિશ્વાસ પ્રસ્તાવ પર સહી કરી, બંધારણના આર્ટિકલ ૬૭(બી) મુજબ ઈન્ડિયા ગઠબંધન આજે અવિશ્વાસ પ્રસ્તાવ લાવી શકે

(એજન્સી) મુંબઈ, તા.૯

સંસદના ચાલુ શિયાળુ સત્રમાં બંને ગૃહમાં રાજકીય ગરમા ગરમી વધી છે. હવે વિપક્ષી ઈન્ડિયા ગઠબંધન રાજ્યસભાના ચેરમેન જગદીપ ધનખડને દૂર કરવા અવિશ્વાસ પ્રસ્તાવ લાવવાની તૈયારી કરી રહ્યું છે. ચેરમેન જગદીપ ધનખડની સામે વિપક્ષી ગઠબંધન એકજૂટ થઈ ગયું છે. જેમાં સમાજવાદી પાર્ટી તેમજ તૃણમૂલ કોંગ્રેસે પણ અવિશ્વાસ પ્રસ્તાવના પક્ષમાં હોવાનું જણાવવામાં આવી રહ્યાં છે. ઈન્ડિયા ગઠબંધનના અન્ય મોટા પક્ષો ટીએમસી અને સપાના સાંસદોએ પણ અવિશ્વાસ પ્રસ્તાવ પર સહી કરી દીધી છે. અહેવાલો અનુસાર વિપક્ષી પાર્ટીઓ મંગળવારે રાજ્યસભામાં ચેરમેનની સામે અવિશ્વાસ પ્રસ્તાવ લાવી શકે છે. આ અવિશ્વાસ પ્રસ્તાવ તૈયાર છે અને તેના પર ૭૦ સભ્યોએ સહી પણ કરી દીધી છે. અહેવાલો અનુસાર સોમવારે રાજ્યસભામાં જ્યોર્જ સોરોસના મુદ્દે હોબાળા દરમિયાન ચેરમેન જગદીપ ધનખડના વલણને જોતા કોંગ્રેસે તેમની સામે અવિશ્વાસ પ્રસ્તાવ લાવવાની તૈયારી કરી છે. સોમવારે જ્યોર્જ સોરોસ સાથે જોડાયેલા મુદ્દા પર જે પ્રકારે રાજ્યસભામાં હોબાળો થયા તેને લઈને કોંગ્રેસ અને અન્ય વિપક્ષી પાર્ટીઓના સભ્ય ચેરમેન જગદીપ ધનખડથી નારાજ ચાલી રહ્યા હતા. ગૃહમાં હોબાળા દરમિયાન પણ દિગ્વિજય સિંહથી લઈને રાજીવ શુક્લા સુધી કોંગ્રેસ સાંસદોએ ચેરમેન પર પક્ષપાતનો આરોપ લગાવતા સવાલ કર્યો કે, કયા નિયમ હેઠળ તેઓએ ચર્ચા ચાલુ કરી છે. વિપક્ષી સભ્યોએ પોતાનો વિરોધ વ્યક્ત કર્યો કે, ચેરમેન ભાજપ સભ્યોના નામ લઈ-લઈને તેમને બોલવા માટે કહી રહ્યા છે. નોંધનીય છે કે, રાજ્યસભાના ચેરમેનને દૂર કરવા માટે પ્રસ્તાવમાં ૫૦ સભ્યોની સહી હોવી જરૂરી છે. ચેરમેન ધનખડની સામે પ્રસ્તાવ પર



૭૦ સભ્યોએ સહી કરી દીધી છે. વિપક્ષની તરફથી ચેરમેનને દૂર કરવા માટે પ્રસ્તાવ લાવવાની ચર્ચા સંસદના ગત ચોમાસું સત્ર દરમિયાન પણ થઈ હતી. રાજ્યસભાના ચેરમેનને પોતાના પદથી દૂર કરવા માટે ઓછામાં ઓછા ૫૦ સભ્યોની સહી સાથે પ્રસ્તાવ સચિવાલયને મોકલવાનો હોય છે. ઓછામાં ઓછા ૧૪ દિવસ પહેલાં આપવામાં આવેલી આ નોટિસ બાદ રાજ્યસભામાં હાજર સભ્યોની બહુમતીના આધારે પ્રસ્તાવ પસાર થયા બાદ લોકસભામાં મોકલવાનો હોય છે. રાજ્ય સભાના ચેરમેન દેશના ઉપરાષ્ટ્રપતિ પણ છે, જે બીજું સર્વોચ્ચ બંધારણીય પદ છે. એવામાં તેમને પદથી દૂર કરવા માટે જરૂરી પ્રસ્તાવ લોકસભામાંથી પણ બહુમતીથી પાસ કરવાનો હોય છે. જણાવી દઈએ કે, સંસદનું શિયાળુ સત્ર ૨૦ ડિસેમ્બર સુધી ચાલશે. સદનમાં હોબાળા દરમ્યાન વિપક્ષી સભ્યોએ આ વાત પર પણ વાંધો ઉઠાવ્યો કે, સભાપતિ ભાજપના સભ્યોના નામ લઈ લઈને તેમને બોલવા માટે કહી રહ્યા છે.

## જ્યોર્જ સોરોસના પગારપત્રક પર : ભાજપે શશિ થરૂરના 'આક્રમક વલણ' વાળા કટાક્ષ પર વળતો પ્રહાર કર્યો

(એજન્સી) તા.૯

અમેરિકાની સરકારે શાસક ભાજપના આરોપોને ફગાવી દીધા હતા કે અમેરિકન 'ડીપ સ્ટેટ' તત્ત્વો ભારતને અસ્થિર કરવાના પ્રયાસો કરી રહ્યા છે, જેના પગલે કોંગ્રેસના વરિષ્ઠ નેતા શશિ થરૂરે રવિવારે ભાજપ પર પ્રહાર કરતા કહ્યું કે 'આક્રમક વર્તન' ભારત માટે શરમજનક છે. થરૂરે આરોપ લગાવ્યો કે ભાજપ ન તો લોકશાહી સમજે છે કે ન તો કૂટનીતિ. થરૂરના નિવેદન પર કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજુએ વળતો પ્રહાર કર્યો છે. તેમણે કહ્યું કે તમે જ્યોર્જ સોરોસના પેરોલ પર છો એવું વર્તન કરવાની જરૂર નથી. X પર પોસ્ટ કરતાં શશિ થરૂરે કહ્યું, 'એ સ્પષ્ટ છે કે ભાજપ ન તો લોકશાહીને સમજે છે કે ન તો કૂટનીતિ. તેઓ ક્ષુદ્ર રાજકારણથી એટલા આંધળા થઈ ગયા છે કે તેઓ મુક્ત મીડિયા અને જીવંત સ્વતંત્ર નાગરિક સંસ્થાઓનું મૂલ્ય ભૂલી ગયા છે અને તેઓ મોટા દેશો સાથે સારા સંબંધો જાળવવામાં શાસક પક્ષની જવાબદારીઓથી અજાણ છે, એમ તેમણે જણાવ્યું હતું કે આ ભારત માટે શરમજનક બાબત છે. આ પછી કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજુએ થરૂરના નિવેદન પર વળતો પ્રહાર કરતા કહ્યું કે, તમે જ્યોર્જ સોરોસના પેરોલ પર છો તેવું વર્તન કરવાની જરૂર નથી. લોકશાહી અને મુત્સદ્દીગીરી દેશના હિત માટે છે, આપણા દેશને નુકસાન પહોંચાડવા માટે વિદેશી તત્ત્વો સાથે સાંઠગાંઠ કરવા માટે નહીં.

## હરિયાણાના કુરૂક્ષેત્ર મેળામાં કાશ્મીરી દુકાનદારો પર હિંદુત્વ જૂથનો હુમલો

### સ્થાનિક લોકોએ કાશ્મીરના વેપારીઓને બચાવવાની કોશિશ કરી એટલે હુમલાખોરો વધુ ઝનૂની બન્યા

(એજન્સી) નવી દિલ્હી, તા.૯

હરિયાણાના કુરૂક્ષેત્રમાં ચાલી રહેલા ગીતાજયંતી મેળામાં સ્ટોલ ખોલનાર સંખ્યાબંધ કાશ્મીરી દુકાનદારોને હિંદુત્વ જૂથના ટોળાએ માર માર્યો હતો. અચાનક મેળામાં ધસી આવેલા બદમાશોએ ભગવા ધ્વજ લહેરાવ્યા હતા અને મુસ્લિમ વેપારીઓ પાસેથી ખરીદી ન કરવા ગ્રાહકોને ધમકાવ્યા હતા. કાશ્મીરી દુકાનદારોનો માલ ઉપાડીને બહાર ફેંકી દેવામાં આવ્યો હતો. કેટલાક સ્થાનિક લોકોએ બચાવની કોશિશ કરી હતી ત્યારે ઝનૂને ચઢેલા ટોળાએ વધારે તોડફોડ કરી હતી અને દુકાનદારોને ઢોરમાર માર્યો હતો. આ ઘટનાનો વીડિયો વાયરલ થયા પછી મુસ્લિમ સમાજમાં જોરદાર ઉશ્કેરાટ ફેલાયો હતો અને મુસ્લિમ આગેવાનોએ ટકોર કરી હતી કે, દેશમાં લઘુમતીઓ તરફ અસહિષ્ણુતાનું વાતાવરણ કેટલી હદે વધી રહ્યું છે તેનો વધુ એક પુરાવો આ ઘટનાએ પૂરો પાડ્યો છે. હિંદુત્વ જૂથના એક શખ્સે એવી વાહિયાત વાત કરી હતી કે, મુસ્લિમો તમારી દીકરીઓને ઉપાડી જાય છે અને કાશ્મીરીઓ તો હકીકતે બાંગ્લાદેશી લોકો છે. એક સ્થાનિક વેપારીએ ટોળાને હાથ જોડીને વિનંતી કરી હતી પણ તેની કોઈ અસર થઈ નહોતી અને ધમાલ ચાલુ રહી હતી. આ મહિનામાં કાશ્મીરી વેપારી પર હુમલાની આ બીજી ઘટના છે. જમણેરી કટ્ટરવાદી હિંદુ જૂથો મુસ્લિમ વેપારીઓને અને નાના ધંધાર્થીઓને નિશાન બનાવીને કાયદો અને વ્યવસ્થાની ઐસી-તૈસી કરી રહ્યા છે.

## આંધ્રપ્રદેશમાં ૧૬ વર્ષની છોકરીનું અઠવાડિયાથી પીછો કરી રહેલા છોકરા દ્વારા આગ લગાડવામાં આવતાં મોત

(એજન્સી) તા.૯

એક ચોંકાવનારી ઘટનામાં આંધ્રપ્રદેશના નંધાલ જિલ્લામાં એક યુવકે ૧૭ વર્ષની છોકરી પર પેટ્રોલ નાંખીને તેને આગ લગાવી દીધી. આ ઘટના સોમવારે વહેલી સવારે જિલ્લાના નંદીકોટકુર શહેરમાં એક ઘરમાં બની હતી. આરોપીએ આ ઘૃણાસ્પદ દુષ્કર્મ આચર્યું ત્યારે પીડિતા તેના ઘરે સૂતી હતી.

હંગામો જોઈને પાડોશીઓ ઘરે પહોંચ્યા અને પીડિતાને આગની જ્વાળાઓમાં ઘેરાયેલી જોઈ. તેનું ઘટનાસ્થળે જ મોત થયું હતું. પાડોશીઓએ આરોપીને માર માર્યો અને કહેવામાં આવી રહ્યું છે કે, તે પણ દાઝી ગયો હતો.

સ્થાનિક લોકોના જણાવ્યા અનુસાર આરોપી પ્રેમના નામે યુવતીને કથિત રીતે હેરાન કરતો હતો. યુવતીને પોતાનો પ્રેમ વ્યક્ત ન કરવા બદલ ગુસ્સે ભરાયેલા છોકરાએ તેના પર પેટ્રોલ રેડીને તેને આગ ચાંપી દીધી. પીડિતા શહેરની એક ખાનગી કોલેજમાં મધ્યવર્તી બીજા વર્ષ (ધો.૧૨)ની વિદ્યાર્થીની હતી. આરોપીઓ તેનો પીછો કરતા હોવાથી તેના માતા-પિતાએ તેને સમરલાકોટાથી તેના દાદા-દાદીના ઘરે મોકલી હતી.

## જયપુરમાં PM મોદીની મુલાકાત પહેલાં NSUIના કાર્યકરોની અટકાયત

રાજસ્થાન મૂડીરોકાણ શિખર પરિષદના ઉદઘાટન માટે પી.એમ. મોદીની જયપુર મુલાકાત પહેલાં એનએસયુઆઈના સંખ્યાબંધ કાર્યકરોની પોલીસે અટકાયત કરી લીધી હતી.

## ઈન્ડિયા બ્લોકના સાંસદોએ લાંચના મુદ્દાને હાઈલાઈટ કરવા માટે 'મોદી' અને 'અદાણી' બનીને હાથ મિલાવ્યા

(એજન્સી) તા.૯

સોમવાર ૯ ડિસેમ્બરના રોજ કેટલાક ઈન્ડિયા બ્લોકના નેતાઓએ સંસદ સંકુલની અંદર વિરોધ કર્યો અને અદાણી કેસની સંયુક્ત સંસદીય તપાસની માગણી સાથે સૂત્રોચ્ચાર કર્યા. લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી અને કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે અન્ય વિપક્ષી પાર્ટીઓના સાંસદો સાથે સંસદના મકર ગેટની બહાર ઉભા હતા અને 'મોદી, અદાણી એક છે' અને 'અમને ન્યાય જોઈએ છે' ના નારા લગાવ્યા હતા. તૃણમૂલ કોંગ્રેસ, સમાજવાદી પાર્ટી અને આમ આદમી પાર્ટી આ વિરોધનો ભાગ ન હતા. ભાજપનો આરોપ છે કે ઈન્ડિયા બ્લોક વિખેરાઈ રહ્યો છે. જો કે, સમાજવાદી પાર્ટીના નેતા રામ ગોપાલ યાદવે કહ્યું કે વિપક્ષી બ્લોકમાં 'બધું બરાબર છે'. ડાબેરીઓ, ડીએમકે, શિવસેના (યુબીટી), આરજેડી અને એનસીપીના સાંસદોએ સૂત્રોચ્ચાર કર્યા હતા અને અદાણી જૂથની ચર્ચા અને તપાસની માંગ કરી હતી. લોકસભા સચિવાલય દ્વારા સંસદના પગથિયાં પર વિરોધ કરવાની સલાહ આપ્યા બાદ વિરોધ સંસદના મકર ગેટની સામે થયો, સીડી પર નહીં. વિરોધ કરી રહેલા સાંસદોએ બંધારણ ગૃહની સામે એક કતારમાં ઉભા રહીને વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અદાણી વિરૂદ્ધ સૂત્રોચ્ચાર કર્યા હતા. શિયાળુ સત્રની શરૂઆતથી જ સંસદ સંકુલની અંદર અદાણી મુદ્દે વિપક્ષના વિરોધ પ્રદર્શનો થઈ રહ્યા છે. અદાણી અને કંપનીના અન્ય અધિકારીઓને યુએસ કોર્ટમાં દોષી ઠેરવ્યા બાદ કોંગ્રેસ અને અન્ય કેટલાક વિરોધ પક્ષો સંયુક્ત સંસદીય સમિતિ (JPC) તપાસની માંગ કરી રહ્યા છે. કોંગ્રેસે કહ્યું છે કે અદાણીનો મહાભિયોગ અબજોપતિ ઉદ્યોગપતિના જૂથને સંડોવતા વિવિધ 'કૌભાંડો'ની JPC તપાસની તેની માંગ કરે છે. રાહુલ ગાંધીએ અદાણીની તાત્કાલિક ધરપકડ કરવાની માંગ કરી છે. અદાણી ગ્રુપે તમામ આરોપોને પાયાવિહોણા ગણાવીને ફગાવી દીધા છે.

## 'ગુનાહિત ઉદાસીનતા' : ઈન્ડિયા બ્લોકે મણિપુર વિરોધ પ્રદર્શન દરમિયાન અમિત શાહનું રાજીનામું માગ્યું

(એજન્સી) નવી દિલ્હી, તા. ૯

૧૯ મહિનાથી હિંસા અને અંધાધૂંધીમાં ઘેરાયેલા રાજ્ય મણિપુરમાં તાત્કાલિક હસ્તક્ષેપની માંગ કરવા માટે વિપક્ષી ઈન્ડિયા બ્લોકે સોમવારે ભાજપની આગેવાની હેઠળની સરકાર પર પોતાના પ્રહાર વધાર્યા હતા અને જંતર મંતર પર ધરણા પ્રદર્શન કર્યું હતું. વિરોધ પક્ષે સરકારની ''ગુનાહિત ઉદાસીનતા'' અને ઉત્તરપૂર્વીય રાજયમાં બંધારણીય અધિકારોનું સમર્થન કરવામાં નિષ્ફળતા તરીકે ઓળખાતી આકરી ટીકા કરી હતી. વિરોધ કરી રહેલા સાંસદોએ પ્રચંડ ગેરવસૂલી, દવાઓની અનુપલબ્ધતા અને વધતી જતી મોંઘવારીને ટાંકીને ભાંગી પડેલા રાજ્ય તંત્ર બદલ ટીકા કરી હતી. તેઓએ ભાજપ સરકાર પર લોકોના મૂળભૂત અધિકારો, ખાસ કરીને જીવન અને સંપત્તિના અધિકાર તરફ આંખ આડા કાન કરવાનો અને યુવાનો અને હાંસિયામાં ધકેલાઈ ગયેલા સમુદાયોને નિરાશામાં મૂકવાનો આરોપ લગાવ્યો હતો.

**આકરા શબ્દોના ઠરાવમાં ઈન્ડિયા બ્લોકની શ્રેણીબદ્ધ માંગણીઓ :**

૧. વડાપ્રધાનની જવાબદારી : બ્લોકે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને તાત્કાલિક મણિપુરની મુલાકાત લેવા વિનંતી કરી અને ભારપૂર્વક જણાવ્યું કે શાંતિ પુનઃસ્થાપિત કરવા અને રાજયની પ્રાદેશિક અખંડિતતા જાળવવા માટે તેમનો વ્યક્તિગત હસ્તક્ષેપ મહત્વપૂર્ણ છે. તેઓએ તેમને હિંસા અને અસ્થિરતા માટે જવાબદાર ગણાવ્યા જેણે તેમની નજર હેઠળ મણિપુરને ઘેરી લીધું છે.

૨. કેન્દ્રીય ગૃહ પ્રધાનનું રાજીનામું : વિપક્ષે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના રાજીનામાની માંગ કરી, તેમના પર અશાંતિને કાબૂમાં લેવા અને જાહેર સલામતી સુનિશ્ચિત કરવામાં નિષ્ફળ જવાનો આરોપ લગાવ્યો હતો.

૩. મણિપુરના મુખ્યમંત્રીની બરતરફી : દેખાવકારોએ મુખ્યમંત્રી એન. બિરેન સિંહને તાત્કાલિક બરતરફ કરવાની માગ કરી આરોપ લગાવ્યો કે તેમણે મણિપુરને ''અંધેર અને નિરાશાની સ્થિતિમાં'' ધકેલી દીધું છે.

૪. વ્યાપક શાંતિ યોજના : ઈન્ડિયા બ્લોકે રાજ્યમાં સામાજિક-રાજકીય અને આર્થિક સંકટને પહોંચી વળવા માટે મજબૂત અને સમાવિષ્ટ વ્યૂહરચના બનાવવાની માંગ કરી. જ્યાં સુધી મણિપુર શાંતિ અને સ્થિરતાનું ખાતરી ન આપે ત્યાં સુધી ઈન્ડિયા બ્લોકે તેના લોકશાહી સંઘર્ષને ટકાવી રાખવાની પ્રતિજ્ઞા લીધી. નિવેદનમાં કહેવાયું કે, ''આ માત્ર શાસનની કટોકટી નથી; તે ભાજપ સરકારની નૈતિક અને રાજકીય નિષ્ફળતા છે.'' તેમાં કહેવાયું કે, ''અમે જાતિ, સંપ્રદાય અને વંશીયતાથી આગળ વધીને મણિપુરની એકતાના માળખાને ફરીથી બનાવવા માટે અથાક મહેનત કરીશું.'' આ ધરણાએ મણિપુરના નાગરિકોને રાહત આપવામાં ભાજપની અસમર્થતા તરફ ધ્યાન દોર્યું હતું, કારણ કે રાજકીય નિરીક્ષકોએ

## સરકારે મહેસૂલ સચિવ સંજય મલ્હોત્રાને RBIના ૨૬મા ગવર્નર તરીકે નિયુક્ત કર્યા

(એજન્સી) નવી દિલ્હી, તા. ૯

સરકારે સોમવારે મહેસૂલ સચિવ સંજય મલ્હોત્રાને ભારતીય રિઝર્વ બેંકના ૨૬માં ગવર્નર તરીકે નિયુક્ત કર્યા છે. કેબિનેટની નિમણૂક સમિતિએ મલ્હોત્રાના નામને મંજૂરી આપી હતી જેમને બુધવારથી ત્રણ વર્ષ માટે આરબીઆઈ ગવર્નર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. ૧૯૯૦ બેચના રાજસ્થાન કેડરનાં છજી અધિકારી મલ્હોત્રા શક્તિકાંત દાસનું સ્થાન લેશે જેમનો કાર્યકાળ મંગળવારે (૧૦ ડિસેમ્બર, ૨૦૨૪)ના રોજ સમાપ્ત થાય છે. ૨૬મા આરબીઆઈ ગવર્નર બનનારા મલ્હોત્રા ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલોજી કાનપુરમાંથી કોમ્પ્યુટર સાયન્સમાં એન્જિનિયરિંગ સ્નાતક છે અને તેમણે અમેરિકાની પ્રિન્સટન યુનિવર્સિટીમાંથી પબ્લિક પોલિસીમાં માસ્ટર્સ કર્યું છે. તેમની ૩૩ વર્ષથી વધુની કારકિર્દીમાં તેમણે પાવર, ફાઈનાન્સ અને ટેક્સેશન, ઈન્ફર્મેશન ટેક્નોલોજી અને ખાણો સહિતના વિવિધ ક્ષેત્રોમાં કામ કર્યું છે. હાલમાં તેઓ નાણા મંત્રાલયમાં સચિવ (મહેસૂલ) છે.

મલ્હોત્રાના અગાઉના ખાતાઓમાં તેમણે નાણા મંત્રાલય હેઠળના નાણાકીય સેવાઓ વિભાગમાં સચિવનું પદ સંભાળ્યું હતું. તેમની પાસે રાજ્ય તેમજ કેન્દ્ર સરકારના સ્તરે નાણા અને કરવેરાનો બહોળો અનુભવ છે. તેમના વર્તમાન કામના ભાગરૂપે તેઓ પ્રત્યક્ષ અને પરોક્ષ કરના સંદર્ભમાં કર નીતિ ઘડવામાં મહત્વની ભૂમિકા ભજવે છે. નિમણૂક આશ્ચર્યજનક છે કારણ કે બજાર દાસ માટે ત્રીજી ઈનિંગની અપેક્ષા રાખતું હતું જેમણે તેમની નિમણૂક પહેલાં મિન્ટ રોડ સરકાર સાથેના તૂટેલા સંબંધોનું સફળતાપૂર્વક સમાધાન કર્યું છે. જો તેમને બીજી મુદત આપવામાં આવી હોત તો દાસ આઝાદી પછી સૌથી વધુ સમય સુધી સેવા આપનાર ગવર્નર બની શક્યા હોત. વર્તમાન રેકોર્ડ બેનેગલ રામા રાવ પાસે છે જેમણે ૧૯૫૦ના દાયકાના મધ્યથી ૧૯૬૦ના દાયકાની શરૂઆતમાં ૭.૫ વર્ષનો કાર્યકાળ કર્યો હતો. જ્યારે બિમલ જાલાન અને આરએન મલ્હોત્રાને પણ એક્સટેન્શન મળ્યું હતું, બંનેએ વહેલા પદ છોડવાનું પસંદ કર્યું હતું. જાહેરાતમાં વિલંબથી એવી અટકળોને વેગ મળ્યો કે દાસ ત્રીજી મુદત માટે પસંદ કરાશે કારણ કે ભૂતકાળમાં તમામ એક્સ્ટેંશનની જાહેરાત અગાઉથી કરવામાં આવી હતી. દાસે શનિવારે નાણામંત્રીની મુલાકાત લીધી હતી અને અનુમાન લગાવ્યું હતું કે તેમને ત્રીજું એક્સટેન્શન મળશે. વાસ્તવમાં આ સારાઉ સંબંધોને કારણે તેમના પુરોગામી ઉર્જિત પટેલે ૧૦ ડિસેમ્બર ૨૦૧૮ના રોજ તેમના કાર્યકાળ પહેલા ઐતિહાસિક રાજીનામું આપ્યું હતું.

## CUET UG, PGમાં ૨૦૨૫માં મોટા ફેરફારો થશે, નવી માર્ગદર્શિકા ટૂંક સમયમાં આવશે

(એજન્સી) તા.૯

નિષ્ણાત પેનલની ભલામણો અનુસાર, ૨૦૨૫થી CUET UG અને CUET PGમાં મોટા ફેરફારો જોવા મળશે. યુજી અને પીજી અભ્યાસક્રમો માટે કોમન યુનિવર્સિટી એન્ટ્રન્સ ટેસ્ટ (CUET)માં આવનારા ફેરફારોની જાહેરાત યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન (UGC)ના અધ્યક્ષ જગદીશ કુમાર દ્વારા કરવામાં આવી હતી. ખાસ કરીને છેલ્લા વર્ષોમાં પડકારો પછી, યુજીસી CUET પ્રક્રિયાને વધુ સુધારવા માટે કામ કરી રહી છે. CUET ૨૦૨૫ માટેની સુધારેલી માર્ગદર્શિકા ટૂંક સમયમાં જ ડ્રાફ્ટ સ્વરૂપે જાહેર કરવામાં આવશે, જેમાં વિદ્યાર્થીઓ, વાલીઓ, શિક્ષકો અને સંસ્થાઓ તરફથી પ્રતિસાદ મંગાવવામાં આવશે. UGC ચીફ જગદીશ કુમારે જણાવ્યું હતું કે પરીક્ષાના વિવિધ પાસાઓની સમીક્ષા કરવા માટે નિષ્ણાત સમિતિની રચના કરવામાં આવી હતી. CUET પરીક્ષા માટે નિષ્ણાત પેનલ દ્વારા સમીક્ષા કર્યા પછી, ૨૦૨૫ની આવૃત્તિમાં ઘણા ફેરફારો થવાના છે. નોંધનીય છે કે કોમન યુનિવર્સિટી એન્ટ્રન્સ ટેસ્ટ (CUET) એ અંડરગ્રેજ્યુએટ અને અનુસ્નાતક અભ્યાસક્રમોમાં પ્રવેશ માટેની પ્રવેશ પરીક્ષા છે. તેના દ્વારા દેશની ટોચની યુનિવર્સિટીઓમાં યુજી અને પીજી એડમિશન લેવામાં આવે છે. યુજીસીના વડાએ જણાવ્યું હતું કે છેલ્લા કેટલાક વર્ષોમાં મળેલા પ્રતિસાદના આધારે CUET માટે પરીક્ષા આપનારા વિદ્યાર્થીઓને વધુ સારું, વધુ કાર્યક્ષમ અને અનુકૂળ વાતાવરણ પૂરૂં પાડવા માટે પરીક્ષા પ્રક્રિયામાં સતત સુધારો કરવો જરૂરી છે. આ કારણોસર, 'ઝ એ ૨૦૨૫ માટે CUET-UG અને CUET-PG ના આચરણની સમીક્ષા કરવા માટે નિષ્ણાત સમિતિની રચના કરી છે.

# હિન્દુત્વ રોગ છે, હિન્દુવાદ નહીં : ત્રણ બાળકો પર હુમલો અને બળજબરીથી જય શ્રી રામ બોલાવવા અંગે ઈલ્તિજા મુફતીનો આક્રોશ, ભાજપે 'અપમાનજનક ટિપ્પણી' બદલ માફીની માંગ કરી

(એજન્સી) મુંબઈ, તા.૯

મુસ્લિમ ભૂલકાંઓને માર મારતા વીડિયોને રિપોસ્ટ કરતાં ઈલ્તિજા મુફતીએ કહ્યું કે, 'રામ દેવતાએ શરમથી માથું ઝૂકાવી દેવું જોઈએ અને લાચારીથી જોવું જોઈએ કારણ કે, સગીર મુસ્લિમ છોકરાઓને ચપ્પલ વડે મારવામાં આવે છે તેનું કારણ એ હતું કે, તેઓ તેમના નામનો જપ કરવાનો ઈન્કાર કરે છે.



અને વીજ પુરવઠો કાપવા અંગે પૂછવામાં આવતા તેમણે કહ્યું કે, આ અધિનિયમ ભાજપની નફરતનું પ્રતીક છે કારણ કે, તે મુસ્લિમોને સજા આપવા અને અત્યાચાર ગુજારવા માંગે છે પછી ભલે તે ભારતીય હોય કે રોહિંગ્યા. 'ભારત દરેકનું છે પછી ભલે તમે મુસ્લિમ હોય કે હિન્દુ હોય.' તેમણે કહ્યું કે, 'તેઓ રોહિંગ્યાના મુદ્દા પર રાજકારણ રમી રહ્યા છે પરંતુ તેઓ જગતી

**'હિન્દુત્વ અને હિન્દુ ધર્મમાં ઘણો તફાવત છે. હિન્દુત્વ એ નફરતની ફિલસૂફી છે જે વીર સાવરકરે ૧૯૪૦ના દાયકામાં ભારતમાં હિન્દુઓનું વર્ચસ્વ સ્થાપિત કરવા માટે ફેલાવી હતી અને ફિલસૂફી એ હતી કે, ભારત હિન્દુઓનું છે અને હિન્દુઓ માટે છે. ઈસ્લામની જેમ હિન્દુ ધર્મ પણ એક ધર્મ છે જે બિનસાંપ્રદાયિકતા, પ્રેમ અને કરૂણાને પ્રોત્સાહન આપે છે, તો ચાલો તેને જાણીજોઈને વિકૃત ન કરીએ, 'જય શ્રી રામ'નું સૂત્ર 'રામરાજ્ય' વિશે નથી પરંતુ તેને લિંચિંગ સાથે જોડવામાં આવી રહ્યું છે. તે ખૂબ જ શરમજનક છે કે, હિન્દુ ધર્મને વિકૃત કરવામાં આવી રહ્યો છે. મેં હિન્દુત્વને એક બીમારી ગણાવી ટીકા કરી છે' : ઈલ્તિજા મુફતી**

હિન્દુત્વ એ એક રોગ છે જેણે લાખો ભારતીયોને ચેપગ્રસ્ત કર્યા છે અને ભગવાનના નામને બદનામ કર્યું છે.' બાદમાં જમ્મુમાં એક કાર્યક્રમની ઈતર પત્રકારો સાથે વાત કરતા ઈલ્તિજાએ પોતાની ટિપ્પણીનો બચાવ કર્યો અને ભાજપ પર દેશમાં આવી સ્થિતિ થવા દેવાનો આરોપ લગાવ્યો હતો. હિંદુત્વ અને હિંદુવાદ ઘણો ફરક છે. હિન્દુત્વ એ નફરતની લાગણી વિશે છે જે ૪૦ના દાયકામાં (૧૯૪૦)માં (વિનાયક દામોદર) સાવરકર ફેલાવી હતી (જેમણે હિંદુત્વની હિન્દુ રાષ્ટ્રવાદી રાજકીય વિચારધારાને વિકસાવી હતી) જેનો હેતુ હિન્દુઓનું વર્ચસ્વ સ્થાપિત કરવાનો હતો અને ફિલસૂફી ભારત હિન્દુઓનું અને હિન્દુઓ માટે છે તે વિશે હતી. જય શ્રી રામનું સૂત્ર હવે રામ રાજય અંગે નથી તેમ કહેતા ઈલ્તિજાએ ઉમેર્યું કે, 'હિન્દુ ધર્મ ઈસ્લામની જેમ, એક ધર્મ છે જે બિનસાંપ્રદાયિકતા, પ્રેમ અને કરૂણાને પ્રોત્સાહન આપે છે, ચાલો તેને જાણીજોઈને વિકૃત ન કરીએ. મેં જે પણ કહ્યું, ખુલ્લેઆમ કહ્યું છે. મેં હિન્દુત્વની ટીકા કરી છે અને હું મારા નિવેદન પર અડગ છું. હિન્દુત્વ એ એક રોગ છે અને આપણે આ સ્થિતિનો ઉકેલ લાવવો પડશે.' ઈલ્તિજાએ ઉમેર્યું કે, તેનો ઉપયોગ મોબ લિંચિંગ દરમિયાન થાય છે. બાદમાં અન્ય એક ટ્વિટમાં ઈલ્તિજાએ કહ્યું કે, 'મારૂં ટ્વિટ અને ઈસ્લામ વિશે શું છે તેના પર ઘણો આક્રોશ છે. ઈસ્લામના નામે જે મૂર્ખતાહીન હિંસા આચરવામાં આવી છે તે જ પ્રથમ સ્થાને ઈસ્લામોફોબિયાનું કારણ છે. આજે હિન્દુ ધર્મ (હિન્દુત્વ નહીં) પણ એવી જ પરિસ્થિતિમાં જોવા મળે છે જ્યાં તેનો ઉપયોગ અને દુરૂપયોગ કરવામાં આવે છે અને લઘુમતીઓ પર અત્યાચાર ગુજારવામાં આવે છે. ચાલો કોદાળીને કોદાળી કહીએ.' જમ્મુમાં રોહિંગ્યાઓની ઝૂંપડપટ્ટીમાં પાણી ખાતે કાશ્મીરી સ્થળાંતરિત પંડિત ગામની સ્થિતિ જાણતા નથી. મેં જગતી ટાઉનશીપની મુલાકાત લીધી છે અને દીવાલોની હાલત જોઈ છે. ત્યાં પાણી નથી અને તેઓ (પંડિતો) ખરાબ સ્થિતિમાં જીવી રહ્યા છે. ભાજપે દરેકની હાલત દયનીય બનાવી દીધી છે.' મુસ્લિમો પર હુમલાઓ અંગે ઈલ્તિજાએ કહ્યું કે, ગુંડાઓ શાસક પક્ષ દ્વારા ઉત્સાહિત થયા છે જે તેમને વોટબેંક તરીકે ઉપયોગ કરે છે. સંભલમાં તાજેતરમાં ચાર યુવકોના મૃત્યુ અંગે તેમણે કહ્યું, 'આપણા દેશમાં ગુંડાઓ દ્વારા કાયદા કેવી રીતે હાઈજેક કરવામાં આવે છે? કેવી રીતે લિંચિંગ થઈ રહ્યું છે, મુસ્લિમો વિરુદ્ધ અપરાધ વધ્યા છે. અમે ત્યાંની હિંસાની નિંદા કરીએ છીએ.' ભાજપના નેતા રવિન્દ્ર રૈનાએ કહ્યું કે, ઈલ્તિજા મુફતી દ્વારા ઉપયોગમાં લેવામાં આવતી ભાષા 'ખૂબ જ અપમાનજનક' હતી. તેમણે પીડીપી નેતા પાસેથી માફીની માંગ કરી હતી.

# 'અમે દેશભક્ત છીએ, ભારત વિરોધી વલણનો કોઈ પ્રશ્ન નથી' કોંગ્રેસે ભાજપના આરોપોને રદિયો આપતા પ્રતિક્રિયા આપી

## કિરેન રિજિજુએ કહ્યું કે, આવી બાબતોને 'રાજકીય લેન્સ' દ્વારા જોવી જોઈએ નહીં અને ભારત વિરોધી શક્તિઓ સામે સાવધ રહેવા સંયુક્ત મોરચાને વિનંતી કરી હતી

(એજન્સી) નવી દિલ્હી, તા.૯

કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજુએ આજે દાવો કર્યો હતો કે, કોંગ્રેસ નેતા સોનિયા ગાંધી અને હંગેરિયન-અમેરિકન ઉદ્યોગપતિ જ્યોર્જ સોરોસ વચ્ચેના કથિત જોડાણો ગંભીર ચિંતાનો વિષય છે. રિજિજુએ કહ્યું કે, આવી બાબતોને 'રાજકીય લેન્સ' દ્વારા જોવી જોઈએ નહીં અને ભારત વિરોધી શક્તિઓ સામે સાવચેત રહેવા સંયુક્ત મોરચાને વિનંતી કરી હતી. તેમણે કહ્યું કે, તે એક મહત્ત્વપૂર્ણ મુદ્દો છે જે હું તેના પર રાજકારણ કરવા ઈચ્છતો નથી. સોનિયા ગાંધી અને જ્યોર્જ સોરોસ વચ્ચેના સંબંધો ગંભીર છે. અમે તેને રાજકીય દૃષ્ટિએ જોવા માંગતા નથી. ભાજપે આરોપ લગાવ્યો છે કે, સોનિયા ગાંધીએ જ્યોર્જ સોરોસના ફાઉન્ડેશન દ્વારા નાણાં પૂરા પાડતી સંસ્થાઓ સાથે સંબંધો છે. શાસક પક્ષનો દાવો છે કે, આ સંસ્થાઓએ અનેક વિવાદાસ્પદ વલણને સમર્થન આપ્યું છે, જેમ કે તે કાશ્મીરને એક અલગ એન્ટિટી તરીકે ગણે છે.

ભાજપે દાવો કર્યો હતો કે, ફોરમ ઓફ ડેમોક્રેટિક લીડર્સ ઈન એશિયા પેસિફિક (FDL-AP) ફાઉન્ડેશનના સહ-પ્રમુખ તરીકે સોનિયા ગાંધીની ભૂતકાળની ભૂમિકા ચિંતાનો વિષય છે. વધુમાં પાર્ટીએ રાજીવ ગાંધી ફાઉન્ડેશન અને સોરોસ સાથે સંકળાયેલી સંસ્થાઓ વચ્ચેની ભાગીદારીનો નિર્દેશ કર્યો હતો અને કહ્યું હતું કે, અમે સંસદ ચલાવવા માંગીએ છીએ. હું સ્પષ્ટ કરવા માંગુ છું કે, કેટલાક મુદ્દાઓ રાજકીય રીતે પ્રેરિત છે પરંતુ જો ભારતની બહારની શક્તિઓ ભારતને અવગણવા અને ભારત સામે લડવાનો પ્રયાસ કરી રહી છે તો ગંભીર ચિંતા છે.

રિજિજુએ કોંગ્રેસના આંતરિક રાજકારણમાં હસ્તક્ષેપ કરવાના કોઈપણ ઈરાદાને ફગાવી દીધો હતો પરંતુ કહ્યું હતું કે, ઈન્ડિયા જોડાણમાં રાહુલ ગાંધીના નેતૃત્વ અંગે પ્રશ્નો ઊઠાવવામાં આવી રહ્યા છે. જો રાહુલ ગાંધી ઈન્ડિયા બ્લોકનું નેતૃત્વ કરવા સક્ષમ નથી તો તે તેમનો આંતરિક મામલો છે પરંતુ અમે સાંભળ્યું છે કે, તેઓ એક જ વલણ પર નથી.

ભાજપના સાંસદ નિશિકાંત દુબેએ ગઈકાલે આ કથિત સંબંધો વિશે ૧૦ પ્રશ્નો સાથે સંસદમાં કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધીનો મુકાબલો કરવાની યોજના જાહેર કરી હતી. દુબેએ સોરોસ અને ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમ એન્ડ કરપ્શન રિપોર્ટિંગ પ્રોજેક્ટ (OCCRP) પર ભારતના અર્થતંત્રને નુકસાન પહોંચાડવા અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સરકારને બદનામ કરવા વિપક્ષી નેતાઓ સાથે કામ કરવાનો આરોપ લગાવ્યો હતો.

ભાજપે આજે સંસદમાં આ મુદ્દો ઊઠાવ્યો હતો, જો કે, રાજ્યસભાના અધ્યક્ષ અને ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે કહ્યું હતું કે, તેના પર કોઈ ચર્ચા થશે નહીં.

વિપક્ષી નેતાઓએ ભાજપના આ આરોપોને ફગાવી દીધા છે. કોંગ્રેસના સાંસદ કાર્તિ ચિદમ્બરમે ભાજપના આરોપોને ફગાવી દીધા અને તેને 'ડાર્ક ફેન્ટસી' ગણાવ્યા અને કહ્યું કે, તે 'ડાર્ક વેબ' સુધી મર્યાદિત હોવા જોઈએ. ચિદમ્બરમે કહ્યું કે, આ ડીપ સ્ટેટ થિયરીઓ ડાર્ક વેબ સુધી સીમિત હોવી જોઈએ અને તે ગંભીર રાજકીય મુદ્દો ન બનાવો જોઈએ. લોકોમાં અંધકારમય અને રોગિષ્ઠ કલ્પનાઓ હોય છે અને તેઓ તે ચાલુ રાખી શકે



છે અને આ તમામ ષડ્યંત્ર સિદ્ધાંતોને કોઈ માન્યતા આપવામાં આવશે નહીં. અમે હંમેશા ભારતના સાર્વભૌમત્વ અને એકતા માટે સાથે છીએ. અમે દેશભક્ત છીએ, અમે રાષ્ટ્રવાદી છીએ અને અમે એવું કંઈ નથી કરી રહ્યા જે ભારતની અખંડિતતાની વિરુદ્ધ હોય.

સમાજવાદી પાર્ટીના સાંસદ રામ ગોપાલ યાદવે આ આરોપોને ભાજપની નિયમિત રણનીતિ ગણાવતા ફગાવી દેતા કહ્યું કે, ખોટા આરોપો લગાવવા એ ભાજપની આદત બની ગઈ છે. તેમના કોઈપણ આરોપો આજ સુધી સાચા નીકળ્યા નથી. આરજેડી સાંસદ મનોજ ઝાએ કહ્યું કે, ભાજપે ષડ્યંત્રની થિયરીઓ જોવાને બદલે આરોપોની તપાસ શરૂ કરવી જોઈએ. જ્યારે સરકાર અને તેની ટોચની નેતાગીરીએ કાવતરાના સિદ્ધાંતો પર ધ્યાન આપવાનું શરૂ કર્યું, ત્યારે તેનો અર્થ એ છે કે, કંઈક એવું છે જે તેઓ છૂપાવવા માંગે છે. તમે સરકારમાં છો, તમે તેની તપાસ કરો.

બીજેપીના આક્ષેપોએ OCCRP તરફ પણ ધ્યાન દોર્યું છે, જે જ્યોર્જ સોરોસના ફાઉન્ડેશન દ્વારા આંશિક રીતે ભંડોળ પૂરૂં પાડવામાં આવે છે એવું તપાસ પત્રકારત્વ પ્લેટફોર્મ છે. પક્ષનો દાવો છે કે, OCCRP ભારતને અસ્થિર કરવાના હેતુથી અહેવાલો પ્રસારિત કરવામાં સામેલ છે, જેમ કે અદાણી જૂથ સામેના આક્ષેપો સામેલ છે. ભાજપે આક્ષેપ કર્યો કે, અદાણી પર રાહુલ ગાંધીની પ્રેસ કોન્ફરન્સ જ્યોર્જ સોરોસ દ્વારા ભંડોળ પૂરૂં પાડવામાં આવેલ OCCRP દ્વારા જીવંત પ્રસારણ કરવામાં આવ્યું હતું અને ગાંધીએ અદાણીની ટીકા કરવા માટે તેનો એક સ્ત્રોત તરીકે ઉપયોગ કર્યો હતો. કોંગ્રેસ સાંસદ શશિ થરૂર જ્યોર્જ સોરોસને 'જૂના મિત્ર' તરીકે જાહેરમાં સ્વીકાર્યા છે, તે ખરેખર નોંધપાત્ર છે.

યુએસ સરકારે ભાજપના આ આરોપોને ફગાવી દીધા છે અને યુએસ એમ્બેસીના પ્રવક્તાએ તેમને નિરાશાજનક ગણાવ્યા છે. પ્રવક્તાએ સ્પષ્ટતા કરી હતી કે, યુએસ ફંડિંગ સ્વતંત્ર પત્રકારત્વને સમર્થન આપે છે પરંતુ સંપાદકીય નિર્ણયોને પ્રભાવિત કરતું નથી. જો કે, ભાજપના નેતાઓ ભારપૂર્વક કહે છે કે, યુએસ 'ડીપ સ્ટેટ' અને સોરોસ દ્વારા ભંડોળ પૂરૂં પાડવામાં આવેલ સંગઠનો ભારતની આર્થિક અને રાજકીય સ્થિરતાને નબળી પાડવા માટે વિપક્ષ સાથે સાંઠગાંઠ કરી રહ્યા છે.

# ક્રેમલિને રશિયામાં રાષ્ટ્રપતિ અસદના 'સ્થાન'ની પુષ્ટિ કરવાનો ઈન્કાર કર્યો

## પ્રવક્તા દિમિત્રી પેસ્કોવે સોમવારે કહ્યું હતું કે, જો રશિયા અસદ અને તેના પરિવારને આશ્રય આપે છે તો આ રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન દ્વારા લેવામાં આવેલ તેમનો નિર્ણય હશે

(એજન્સી) મોસ્કો, તા.૯

ક્રેમલિને સોમવારે એવા અહેવાલોની પુષ્ટિ કરવાનો ઈન્કાર કર્યો હતો કે, સીરિયન રાષ્ટ્રપતિ બશર અલ-અસદ મોસ્કો ભાગી ગયા હતા અને કહ્યું હતું કે, બળવાખોરોના સત્તાના ટેકઓવરથી તે આશ્ચર્યમાં છે. ક્રેમલિનના પ્રવક્તા દિમિત્રી પેસ્કોવે પત્રકારોને કહ્યું કે, મિસ્ટર અસદના ઠેકાણાની વાત કરીએ તો મારી પાસે આ વિષે કહેવા માટે કંઈ નથી.

ક્રેમલિનના એક સ્ત્રોતે રવિવારે રશિયન સમાચાર એજન્સીઓને જણાવ્યું હતું કે, અસદ અને તેનો પરિવાર મોસ્કોમાં હતા અને ઈસ્લામવાદી આગેવાની હેઠળના બળવાખોરો દમાસ્કસમાં પ્રવેશ્યા પછી તે દેશમાંથી ભાગી ગયા હતા. અસદનો પુત્ર રશિયાની રાજધાનીમાં અભ્યાસ કરી રહ્યો છે.

પેસ્કોવે સોમવારે કહ્યું હતું કે, જો રશિયા અસદ અને તેના પરિવારને આશ્રય આપે છે તો આ રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન દ્વારા લેવામાં આવેલ નિર્ણય હશે. અલબત્ત આવા નિર્ણયો રાજ્યના વડા વિના લઈ શકાતા નથી અને તે તેમનો નિર્ણય છે. તેમણે કહ્યું કે, પુતિનના એજન્ડામાં અસદ સાથે કોઈ બેઠકના અહેવાલ નથી.

રશિયાએ યુક્રેનના પૂર્વ રાષ્ટ્રપતિ વિક્ટર યાનુકોવિચ સહિત અનેક પદભ્રષ્ટ નેતાઓને આશ્રય આપ્યો છે. છેલ્લા કેટલાક દિવસોમાં સીરિયામાં નાટકીય ઘટનાઓ અંગે ટિપ્પણીઓમાં પેસ્કોવે સ્વીકાર્યું કે ક્રેમલિન આશ્ચર્યચકિત થઈ ગયું હતું. જે બન્યું તેનાથી સમગ્ર વિશ્વને આશ્ચર્ય થયું છે અને આ કિસ્સામાં અમે પણ અપવાદ નથી.

રશિયા પાસે સીરિયામાં વ્યૂહાત્મક રીતે મહત્ત્વપૂર્ણ સૈન્ય અને નૌકા મથકો છે, જ્યાં તેણે ૨૦૧૫માં અસદની સાથે લશ્કરી હસ્તક્ષેપ શરૂ કર્યો હતો. તેમણે કહ્યું કે, હવે અસ્થિરતાને કારણે ખૂબ જ જટિલ સમયગાળો આવશે. તેઓને પૂછવામાં આવ્યું કે



રશિયાના બેઝનું શું થશે તો તેમણે કહ્યું કે, આ કહેવું ખૂબ જ વહેલું ગણાશે. સીરિયામાં કોણ સત્તામાં આવશે તેની સાથે આ ચર્ચાનો વિષય છે. ક્રેમલિનના પ્રવક્તાએ કહ્યું કે, બેઝની સુરક્ષા ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. અમે સુરક્ષા પ્રદાન કરી શકે તેવા લોકો સાથે સંપર્કમાં રહેવા માટે જે શક્ય અને જરૂરી છે તે બધું કરી રહ્યા છીએ. અમારૂં સૈન્ય પણ સાવચેતીના પગલાં લઈ રહ્યું છે.

રવિવારના રોજ રશિયન સમાચાર એજન્સીઓને ક્રેમલિન સ્ત્રોતે જણાવ્યું હતું કે, અસદની હકાલપટ્ટી કરનારા બળવાખોરોએ સીરિયાના પ્રદેશ પર રશિયન સૈન્ય મથકો અને રાજદ્વારી સંસ્થાઓની સુરક્ષાની ખાતરી આપી હતી. પેસ્કોવે કહ્યું કે, રશિયા તુર્કી સાથે વાતચીત કરી રહ્યું છે, જેણે સીરિયામાં બળવાખોર દળોને ટેકો આપ્યો હતો. તેમણે કહ્યું કે, અહીં તમામ દેશો સાથે વાતચીત કરવી મહત્ત્વપૂર્ણ છે. અમે આવું કરવા અને પરિસ્થિતિનું વિશ્લેષણ કરવાનો નિશ્ચિત ઈરાદો ધરાવીએ છીએ.

# 'સાચી' શિવસેના અને એનસીપી અંગે નિર્ણય લીધા બાદ હવે વિધાનસભા સ્પીકર તરીકે ફરીવાર ચૂંટાયા : રાહુલ નાર્વેકર કોણ છે ?

(એજન્સી) તા.૯

દેવેન્દ્ર ફડણવીસની આગેવાની હેઠળની સરકારે સોમવારે મહારાષ્ટ્ર વિધાનસભામાં વિશ્વાસનો મત સહેલાઈથી જીતી લીધો હતો. જ્યારે સ્પીકર તરીકે રાહુલ નારવેકરની નિમણૂક કરવામાં આવી હતી. શિવસેનાના વિધાનસભ્ય ઉદય સામંત અને અન્યો દ્વારા રજૂ કરાયેલ વિશ્વાસના પ્રસ્તાવને ધ્વનિ મતદાનથી મંજૂર કરવામાં આવ્યો હતો. સ્પીકર રાહુલ નાર્વેકરે એવી જાહેરાત કરી હતી કે વિશ્વાસ પ્રસ્તાવ ગૃહ દ્વારા મંજૂર કરવામાં આવ્યો છે. ભાજપ-શિવસેના-એનસીપી 'મહાયુતિ' ગઠબંધન પાસે ૨૮૮ સભ્યોની રાજ્ય વિધાનસભામાં ૨૩૦ બેઠકોની જંગી બહુમતી છે. વિધાનસભામાં બહુમતીનો આંકડો ૧૪૪ છે. 'વિશ્વાસ પ્રસ્તાવ બહુમતી સાથે પસાર કરવામાં આવ્યો છે. વિધાનસભા હવે સ્થગિત થશે અને મહારાષ્ટ્રના રાજ્યપાલના ભાષણ પછી ફરી શરૂ થશે,' એમ નાર્વેકરે વિધાનસભામાં જણાવ્યું હતું. ફડણવીસે પાંચમી ડિસેમ્બરે ત્રીજી વખત મુખ્ય પ્રધાન તરીકે શપથ લીધા હતા. મુંબઈમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની હાજરીમાં સમારોહમાં એકનાથ શિંદે અને અજિત પવારે નાયબ મુખ્ય



પ્રધાન તરીકે શપથ લીધા હતા. ૧૫મી વિધાનસભાએ ૭ ડિસેમ્બરે સત્તાવાર રીતે તેનો કાર્યકાળ શરૂ કર્યો હતો. ૨૮૮ સભ્યોના નીચલા ગૃહમાં ભાજપની આગેવાની હેઠળની મહાયુતિ પાસે ૨૩૦ બેઠકો હોવાથી ફ્લોર ટેસ્ટ માત્ર ઔપચારિકતા હતી.

# UPSC પરીક્ષામાં અખિલ ભારતીય ક્રમાંક ૪૪૪ મેળવનાર દિલ્હી યુનિવર્સિટીની સ્નાતક IAS અધિકારીએ કેવી રીતે આ ઈન્ટરવ્યુમાં પ્રશ્નોના જવાબ આપ્યા; જાણો

(એજન્સી) નવી દિલ્હી, તા.૯

ઘણા યુવાનો લાંબા સમયથી સરકારી હોદ્દાઓ પર કામ કરવાની આકાંક્ષા ધરાવે છે, UPSC પરીક્ષાની તૈયારી માટે વર્ષો સમર્પિત કરે છે. આ નિર્ધારિત ઉમેદવારોમાં ઝારખંડના ધનબાદની શ્રેષ્ઠા શ્રી છે, જેણે UPSC ૨૦૨૨ની પરીક્ષા પાસ કરી છે. દિલ્હી યુનિવર્સિટી અને જવાહરલાલ નેહરૂ યુનિવર્સિટી જેવી પ્રતિષ્ઠિત સંસ્થાઓમાં શ્રેષ્ઠાની શૈક્ષણિક સિદ્ધિઓ તેમની સફળતાની સફરમાં તેમના સમર્પણ અને મહત્ત્વાકાંક્ષાને દર્શાવે છે. UPSC ઈન્ટરવ્યુમાં તેનું પ્રભાવશાળી પ્રદર્શન, જ્યાં તેણે ૧૯૦ સ્કોર મેળવ્યા હતા, તેણીની ક્ષમતાઓને પ્રકાશિત કરે છે. CSE UPSC ૨૦૨૨ની પરીક્ષામાં ૪૪૪ના ક્રમાંક સાથે, શ્રેષ્ઠાએ અસાધારણ સફળતા હાંસલ કરી. સમગ્ર ઈન્ટરવ્યુ દરમિયાન તેનું પ્રદર્શન, જેમાં વિષયોની વિશાળ શ્રેણી આવરી લેવામાં આવી હતી,



તે એક નોંધપાત્ર સિદ્ધિ તરીકે બહાર આવે છે. શ્રેષ્ઠાએ તેની શૈક્ષણિક સફર DAV સ્કૂલમાં શરૂ કરી, જ્યાં તેનો રાજકીય વિજ્ઞાનમાં રસ જાગ્યો. તેણે પછીથી મિરાન્ડા હાઉસ, દિલ્હી ખાતે પોલિટિકલ સાયન્સ અને ઈન્ટરનેશનલ રિલેશન્સમાં બીએ કર્યું, તેણે UPSC માટે તૈયારી કરતાં પોતાની જાતને મજબૂત પણે સજ્જ કરી. શ્રેષ્ઠા ૩૦ મિનિટ વહેલા ઈન્ટરવ્યુ માટે દિલ્હીમાં UPSC ઓફિસે પહોંચી ગઈ હતી. ઈન્ટરવ્યુ પ્રક્રિયામાં બહુવિધ પેનલ્સનો સમાવેશ થાય છે જે દરેક છ ઉમેદવારોનું મૂલ્યાંકન કરે છે, ઔપચારિક ઈન્ટરવ્યુ શરૂ થાય તે પહેલાં આકસ્મિક ચર્ચાઓ દ્વારા તેના વ્યક્તિત્વનું મૂલ્યાંકન કરવામાં આવ્યું. શ્રેષ્ઠાનો ઈન્ટરવ્યુ ૨૫થી ૩૦ મિનિટ સુધી ચાલ્યો હતો અને તેણે તેની સંયમ અને સંપૂર્ણ તૈયારી દર્શાવી હતી. તેણીએ જે સાડી પહેરી હતી તે અંગે તેને એક ખાસ કરીને રસપ્રદ પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો. જ્યારે તેના પ્રકાર વિશે પૂછવામાં આવ્યું, ત્યારે તેણીએ તેના જવાબમાં ઝડપી વિચાર અને લાલિત્ય દર્શાવ્યું. જો કે તેણી સાડી વિશે ચોક્કસ વિગતો યાદ કરી શકી ન હતી, તેણીએ વિશ્વાસપૂર્વક તેને સિલ્ક તરીકે ઓળખાવી, જે તેની શોભા માટે જાણીતી છે.

# મહિલાને માત્ર ૧૦ મહિનામાં તેની ડ્રીમ જોબમાંથી કાઢી મૂકવામાં આવી, હવે ફોર્બ્સની ૩૦ અંડર ૩૦ની યાદીમાં સામેલ

(એજન્સી) નવી દિલ્હી, તા.૯

૨૯ વર્ષીય ડ્રૂ ટાયસન અફુઆલો એ ટીકટોક સેન્સેશન, પોડકાસ્ટર અને લેખક છે જેનું નામ પ્રતિષ્ઠિત ફોર્બ્સ ૩૦ અંડર ૩૦ની યાદીમાં આપવામાં આવ્યું છે. તેની રમૂજ અને મહિલાઓ માટેની હિમાયત માટે જાણીતી, અફુઆલોએ એક સમૃદ્ધ કારકિર્દી બનાવી છે જે તેના સામોન મૂળ સાથે જોડાયેલા રહીને સોશિયલ મીડિયા, પોડકાસ્ટિંગ અને મુખ્ય પ્રવાહના મીડિયાને સેતુ બનાવે છે. અફુઆલોની સફર કોવિડ-૧૯ રોગચાળાના શરૂઆતના દિવસોમાં શરૂ થઈ હતી જ્યારે તેના બોયફ્રેન્ડે તેને ટીકટોકમાં જોડાવા માટે પ્રોત્સાહિત કરી હતી. કેઝ્યુઅલ કન્ટેન્ટ તરીકે જે શરૂ થયું તે ઝડપથી મહિલાઓ પ્રત્યેના તેમના વિનોદી પ્રતિભાવો અને તેમના સ્થૂળતાના ભય માટેનું પ્લેટફોર્મ બની ગયું. તેના વાયરલ વીડિયો, તેના વિશિષ્ટ હાસ્ય સાથે, વિશ્વભરની મહિલાઓને પ્રેરણા આપે છે. થોડા જ મહિનાઓમાં, તેના ફોલોવર્સની સંખ્યા ૧૫ લાખથી વધીને ૨૦૨૩ની શરૂઆતમાં ૮૦ લાખથી વધુ થઈ ગઈ. આજે, તે ટીકટોક, ઈન્સ્ટાગ્રામ અને ટ્વિટર પર લાખો દર્શકોને આકર્ષે છે.

**પોડકાસ્ટ દ્વારા મહિલાઓનું સશક્તિકરણ**

ડ્રૂ અફુઆલો માત્ર સોશિયલ મીડિયા પ્રભાવક નથી, પણ પોડકાસ્ટિંગની દુનિયામાં તે એક શક્તિશાળી અવાજ છે. તેનો શો ધ કોમેન્ટ સેક્શન નારીવાદી મુદ્દાઓ અને ઈન્ટરનેટ કલ્ચરની ચર્ચા કરવા માટે સર્જકો અને મીડિયા વ્યક્તિત્વને આમંત્રિત કરે છે. મેઘન ટ્રેનર, બ્રિટમેન રોક અને કેહલાની જેવા અતિથિઓને આવકાર્યું



છે, જે તેને સશક્તિકરણ વિશે વાતચીત કરવા અને ઓનલાઈન ઘૃણાનો સામનો કરવા માટે એક ઉત્તમ સ્થળ બનાવે છે. તેણી તેની બહેન ડીસાન સાથે ટુ ઈડિયટ ગર્લ્સનું કો-હોસ્ટ પણ કરે છે, જ્યાં બંને તેમના જીવનની રમૂજી વાર્તાઓ શેર કરે છે. એપ્રિલ ૨૦૨૩માં, અફુઆલોએ Spotify સાથે બે વર્ષના આકર્ષક સોદા પર હસ્તાક્ષર કર્યા હતા, જેમાં કથિત રીતે વાર્ષિક ૪,૫૦,૦૦૦ યુએસ ડોલર કમાયા હતા. આ ભાગીદારીએ તેના પોડકાસ્ટને Spotify એક્સક્લુઝિવમાં સ્થાનાંતરિત કરીને અને વ્યાપક પ્રેક્ષકો સુધી પહોંચતા નોંધપાત્ર સીમાચિહ્નરૂપ ચિહ્નિત કર્યું.

**સ્પોર્ટ્સ જર્નાલિઝમથી ઈન્ફ્લુએન્સર સ્ટારડમ સુધી**

દક્ષિણ કેલિફોર્નિયાના અંતર્દેશીય સામ્રાજ્યમાં ઉછરેલી, અફુઆલોએ શરૂઆતમાં આગામી બોબ કોસ્ટાસ બનવાના તેના સ્વપ્નથી પ્રેરિત રમત પત્રકારત્વને અનુસર્યું. તેણીએ માનોઆ ખાતેની યુનિવર્સિટી ઓફ હવાઈમાંથી સંચાર અને રમત જર્નાલિઝમની ડિગ્રી સાથે સ્નાતક પૂર્ણ કર્યુ અને NFL માટે ડિજિટલ મીડિયા કોઓર્ડિનેટર તરીકે થોડા સમય માટે કામ કર્યું. જો કે, નોકરીમાંથી છૂટા કર્યા પછી, તેણીએ સામાજિક ધોરણોને પડકારતુ કન્ટટેન્ટ બનાવવા માટે સોશિયલ મીડિયા તરફ વળી. અફુઆલોનું કાર્ય ટીકટોક અને પોડકાસ્ટથી આગળ વિસ્તરે છે. તેણીએ બ્લેક એડમ પ્રીમિયર અને એકેડેમી એવોર્ડ્સ જેવી ઈવેન્ટ્સ માટે રેડ-કાર્પેટ કવરેજ પ્રદાન કર્યું છે, મીડિયા વ્યક્તિત્વ તરીકે તેણીની વર્સેટિલિટી દર્શાવે છે. તેણીની ૨૦૨૨ સંસ્મરણો, LOUD, તેના વધતા પ્રભાવને પ્રતિબિંબિત કરતી બેસ્ટ સેલર બની. હવે, અફુઆલો પરંપરાગત હોલીવુડ પર તેની દૃષ્ટિ ગોઠવી રહી છે. તેણી ભારપૂર્વક કહે છે કે, ટીવી અને મૂવીઝમાં સાહસ કરવાની યોજના સાથે, તેણી માને છે કે મનોરંજન ઉદ્યોગે ઑનલાઈન સર્જકોને અપનાવવા જોઈએ. પરંપરાગત હોલીવુડને ઈન્ટરનેટ લોકો માટે વધુ ખુલ્લા રહેવાની જરૂર છે. એક ગૌરવપૂર્ણ સમોન, અફુઆલો ઘણીવાર તેના આત્મવિશ્વાસ, રમૂજ અને નારીવાદી દૃષ્ટિકોણ માટે તેના વારસાને શ્રેય આપે છે. ભલે તે રેડ કાર્પેટ પર સમોન બોલતી હોય અથવા તેના માલુ જેવા પરંપરાગત ટેટૂઝનું પ્રદર્શન કરતી હોય, તેણી તેની સંસ્કૃતિને તેના જાહેર જીવનમાં સમાવિષ્ટ કરે છે. ફોર્બ્સ ૩૦ અંડર ૩૦માં ડ્રૂ અફુઆલોનો સમાવેશ એ ડિજિટલ સર્જક તરીકેની તેમની અસરને રેખાંકિત કરે છે. મહિલાઓને સશક્તિકરણથી લઈને પડકારરૂપ રૂઢિચુસ્તતા સુધી, તેણી લાખો લોકોને પ્રેરણા આપે છે, તે સાબિત કરે છે કે સોશિયલ મીડિયા મનોરંજન કરતાં વધુ છે ,તે અર્થપૂર્ણ પરિવર્તન માટેનું પ્લેટફોર્મ છે.

### અમદાવાદમાં સેક્ટર-૨ના નવા જોઈન્ટ પો.કમિશનર તરીકે જયપાલસિંહ રાઠોડ મૂકાયા

# રાજ્યના ઉચ્ચ અધિકારીઓ સહિત ૨૫ IPSની એકસાથે બદલી : હજુ વધુ એક દોર આવશે

## પાંડિયનને કાયદો-વ્યવસ્થાનો હવાલો; સિનિયર ડો.શમશેરસિંઘ દિલ્હી ડેપ્યુટેશન પર

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૯

ગુજરાત સરકાર દ્વારા આજે (૯ ડિસેમ્બર) મોડી સાંજે એક સાથે ૨૫ IPS અધિકારીઓની બદલીનો ગંજીપો ચીપવામાં આવ્યો હતો. જેમાં ઘણા સમયથી સિનિયર IPS અધિકારી શમશેરસિંઘની કોઈ સારી જગ્યાએ બદલી થશે તેવી ચર્ચાઓ હતી, પરંતુ તેમને એન્ટી કરપ્શન બ્યુરોમાં તે જગ્યા પર યથાવત રાખવામાં આવ્યા છે. જ્યારે CID ક્રાઈમમાં કામગીરી કરનાર રાજકુમાર પાંડિયનને કાયદો અને વ્યવસ્થાની જવાબદારી સોંપવામાં આવી છે. આ ઉપરાંત લાંબા સમયથી ખાલી પડેલી અમદાવાદના સંયુક્ત પોલીસ કમિશનર સેક્ટર ૨ તરીકે જયપાલસિંહ રાઠોડની નિયુક્તિ કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, ૨૫ અધિકારીઓની બદલી બાદ હજુ અમદાવાદના ઘણા DCPની બદલી આવે તેવી પણ સંભાવના છે.

અમદાવાદ સ્પેશિયલ પોલીસ કમિશનર અજયકુમાર ચૌધરીની ગાંધીનગર મહિલા સેલના એડિશનલ ડિરેક્ટર જનરલ તરીકે બદલી કરવામાં આવી છે. અમદાવાદમાંથી ઝોન ૧ અને ઝોન ૨ ડીસીપીની બદલી કરવામાં આવી છે. તો રાજકોટના TRP અગ્નિકાંડ બાદ પોસ્ટિંગ માટે વેઈટિંગમાં મૂકવામાં આવેલા વિધિ ચૌધરીની અમદાવાદ સ્પેશિયલ બ્રાન્ચ અને એડમિનના એડિશનલ સીપી તરીકે નિયુક્તિ કરવામાં આવી છે. એન્ટી કરપ્શન બ્યુરોના ડાયરેક્ટર અને ગુજરાતના સિનિયર મોસ્ટ અધિકારી ડો. શમશેરસિંઘને ડેપ્યુટેશન પર દિલ્હી મોકલવામાં આવ્યા છે, જ્યારે તેમનો એન્ટી કરપ્શન બ્યુરોનો ચાર્જ યથાવત રાખવામાં આવ્યો છે. શમશેરસિંઘ પાસે કાયદો અને વ્યવસ્થાની જવાબદારી પણ હતી જેમાંથી તેમને મુક્ત કરવામાં આવ્યા છે અને CID ક્રાઈમના એડિશનલ ડીજીપી રાજકુમાર પાંડિયનને કાયદો અને વ્યવસ્થાની જવાબદારી સોંપવામાં આવી છે. અમદાવાદમાં વર્ષોથી ફરજ બજાવતા સ્પેશિયલ પોલીસ કમિશનર અજય ચૌધરીની ગાંધીનગર ખાતે મહિલા સેલમાં એડિશનલ ડાયરેક્ટર જનરલ તરીકે બદલી કરવામાં આવી છે. તેમની ખાલી પડેલી જગ્યાએ વિધિ ચૌધરીને પોસ્ટિંગ આપવામાં આવી છે. વિધિ ચૌધરી અમદાવાદ સ્પેશિયલ બ્રાન્ચ અને વહીવટનો હવાલો સંભાળશે. TRP ગેમઝોન અગ્નિકાંડમાં રાજકોટના તત્કાલિન પોલીસ કમિશનર રાજુ ભાર્ગવની હકાલ પટ્ટી કરવામાં આવી હતી અને અમદાવાદના સંયુક્ત પોલીસ કમિશનર સેક્ટર ૨ બ્રિજેશકુમાર ઝાની રાજકોટ પોલીસ કમિશનર તરીકે બદલી કરવામાં આવી હતી. ત્યારથી અમદાવાદના સંયુક્ત પોલીસ કમિશનર સેક્ટર-૨ની જગ્યા ખાલી પડી હતી. સંયુક્ત પોલીસ કમિશનર સેક્ટર ૧ નીરજ બડગુર્જર પાસે તેમનો વધારાનો ચાર્જ હતો. ત્યારે હવે અમદાવાદ શહેરમાં અતિ મહત્વની ગણાતી સંયુક્ત પોલીસ કમિશનર સેક્ટર ૨ની પોસ્ટ માટે રાજકોટ ગ્રામ્યના ડીઆઈજી જયપાલસિંહ રાઠોડની પસંદગી કરવામાં આવી છે. ગુનેગારો ઉપર સારી પકડ ધરાવતા અધિકારી જયપાલસિંહ રાઠોડના આગમનથી અમદાવાદના પૂર્વ વિસ્તારમાં બેફામ બનેલા ગુનેગારો માપમાં આવી જશે તેવું માનવામાં આવી રહ્યું છે. આવી જ રીતે અમદાવાદની અતિ મહત્વની ડીસીપી ઝોન-૧ની પોસ્ટ માટે અમદાવાદમાં અગાઉ ફરજ બજાવી ચૂકેલા બલરામ મીણાની પસંદગી કરવામાં આવી છે. જ્યારે ડીસીપી ઝોન-૨ તરીકે ભરત રાઠોડની પસંદગી કરવામાં આવી છે. અમદાવાદથી ડીસીપી ઝોન-૧ હિમાંશુ વર્મા CID ક્રાઈમમાં ગયા છે. જ્યારે ઝોન-૨ શ્રીપાલ શેસમા પોસ્ટિંગ માટે વેઈટિંગ લિસ્ટમાં છે. તેમના અતડા સ્વભાવ અને વિવાદ ઊભા કરવાની આદતને લઈને તેમને પોસ્ટિંગ આપવામાં આવ્યું નથી તેવું અધિકારીઓમાં ચર્ચાઈ રહ્યું છે. અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચમાં ફરજ બજાવી ચૂકેલા ઉષા રાડાને સીઆરપીએફમાંથી વડોદરા જેલના સુપ્રિટેન્ડેન્ટ તરીકે જવાબદારી સોંપવામાં આવી છે. પાટણ જિલ્લા પોલીસવડા રવિન્દ્ર પટેલને વિવાદ નડ્યો અને તેમની બદલી પોલીસ હાઉસિંગ બોર્ડમાં કરી દેવામાં આવી છે. અમદાવાદ પોલીસ કમિશનર ઓફિસમાં કંટ્રોલ રૂમના ડીસીપી તરીકે ફરજ બજાવતા કોમલ વ્યાસની બદલી જામનગર સીઆરપીએફના કમાન્ડન્ટ તરીકે કરવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, મોડી સાંજે ૨૫ IPS અધિકારીની બદલીના ઓર્ડર જારી કરવામાં આવ્યા હતા. હવે આગામી નજીકના દિવસોમાં વધુ એક બદલીનો દોર હાથ ધરાશે. જેમાં સૌરાષ્ટ્રમાં ફરજ બજાવતા IPS અધિકારીઓની પણ બદલી કરવામાં આવશે. સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ આ બીજા દોરમાં રાજકોટ શહેરમાં ફરજ બજાવતા ૩ સહિત સૌરાષ્ટ્રના સોમનાથ, જૂનાગઢ, મોરબી અને પોરબંદર જિલ્લા પોલીસવડા તરીકે ફરજ બજાવતા અધિકારીઓની બદલી નિશ્ચિત માનવામાં આવે છે.

### IPS અધિકારીઓની બદલી

ડો. શમશેરસિંઘ-એન્ટી કરપ્શન બ્યુરોમાં યથાવત
ડો. રાજકુમાર પાંડિયન-ADG કાયદો અને વ્યવસ્થા વિભાગ
અજયકુમાર ચૌધરી-ADG (ગાંધીનગર મહિલા સેલ)
વિધિ ચૌધરી-અમદાવાદ સ્પેશિયલ બ્રાન્ચ અને Ad.CP (એડમિન)
એમ.એલ. નિનામા-IG (સ્ટેટ ટ્રાફિક બ્રાન્ચ)
જયપાલસિંહ રાઠોડ-JCP સેક્ટર-૨ અમદાવાદ
ડો. લીના પાટિલ-એડિશનલ કમિશનર, વડોદરા
ડો. સુધીરકુમાર જે. દેસાઈ-SP (ગાંધીનગર આઈબી)
બલરામ મીણા-ડીસીપી ઝોન-૧ અમદાવાદ
હિમકરસિંહ-SP રાજકોટ (ગ્રામ્ય)
ઉષા રાડા-વડોદરા જેલ સુપ્રિટેન્ડેન્ટ
સંજય ખરાત-એસપી અમરેલી
ડો. રવિન્દ્ર પટેલ-ડાયરેક્ટર ગુજરાત સ્ટેટ પોલીસ હાઉસીંગ કોર્પોરેશન
વિકાસ સુંડા-એસ.પી. ભૂજ
હિમાંશુ વર્મા-SP (CID ક્રાઈમ)
આલોકકુમાર-DCP સુરત ઝોન-૧
અભિષેક ગુપ્તા-DCP વડોદરા ઝોન-૩
નિધિ ઠાકુર-જેલર (અમદાવાદ સેન્ટ્રલ જેલ)
એન.એ. મુનિયા-મડાણા એસઆરપીએફ ગ્રુપ-૩ કમાન્ડન્ટ
વસંતકુમાર નાઈ-એસપી પાટણ
ભરતકુમાર રાઠોડ-ડીસીપી અમદાવાદ ઝોન-૨
ભકિત ડાભી-DCP સુરત શહેર હેડ કવાર્ટર
મેઘા તેવર-સાબરકાંઠા એસઆરપીએફ ગ્રુપ-૬ કમાન્ડન્ટ
કોમલ વ્યાસ-જામનગર એસઆરપીએફ ગ્રુપ-૧૭ કમાન્ડન્ટ

### ખ્યાતિકાંડ પછી નસબંધી કાંડને લઈ કોંગ્રેસના ભાજપ પર પ્રહારો

# ગુજરાત સરકારનું આરોગ્ય વિભાગ ભ્રષ્ટાચારનું એપી સેન્ટર છે : કોંગ્રેસ

## ભાજપે ખાનગી હોસ્પિટલોને લૂંટના લાયસન્સ આપી દીધા : પ્રવક્તા

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ,તા.૯

તેમ જણાવતા કોંગ્રેસના પ્રવકતા મનિષ દોશીએ વધુ પ્રહાર કરતા જણાવ્યું હતું કે, ગુજરાતનું આરોગ્ય કેન્દ્ર ભ્રષ્ટાચારનું એપીસેન્ટર છે. એક પછી એક કાંડ અને કૌભાંડ પૂરા ના થાય ત્યાં બીજુ કૌભાંડ સામે આવે છે. ખ્યાતિ હોસ્પિટલ કાંડ હોય કે તે તે અગાઉનું અંધાપા કાંડ હોય, ઓપરેશનના નામે સારવાર લેવા ગયેલા દર્દીઓ બચીને આવે તો ભગવાનનો આભાર માનવો પડે તેવી સ્થિતિનું નિર્માણ થતું હોય અને લૂંટના લાયસન્સ ભાજપની સરકારે અમુક ખાનગી હોસ્પિટલોને આપી દીધા છે. બીજી બાજુ એશિયાની સૌથી મોટી સરકારી હોસ્પિટલ સિવિલ હોસ્પિટલ તેમજ રાજ્યની અંદર જિલ્લાની અનેક હોસ્પિટલમાં ડોક્ટરોની ખાલી જગ્યા હોય તેવા સંજોગોમાં મહેસાણામાં નસબંધી કાંડ ગુજરાત માટે ચિંતાનો વિષય છે. કોંગ્રેસે ભાજપ સરકાર પર પ્રહાર કરતા કહ્યું કે,ખ્યાતિકાંડની સહી સુકાઈ નથી, કોરોના કાળમાં મોત નજીકથી જોયા તેમ ખ્યાતિકાંડ પછી બીજુ કૌભાંડ ભાજપના નેજા હેઠળ કેવું ચાલે છે તેનું તાજું ઉદાહરણ જોવા મળ્યું છે. આરોગ્ય મંત્રી એમ કહે કે અમે નસબંધીના ઓપરેશનનો કોઈ લક્ષ્યાંક નથી આપ્યો અને જિલ્લાના આરોગ્ય અધિકારી પત્ર લખીને એમ કહે કે લક્ષ્યાંક અંગે માસિક કામગીરી કરવાની હોય છે જેના અનુસંધાને તાલુકા કક્ષાની સુચના અનુસાર તમારી કામગીરી નથી અને દિવસ ૩માં તમામ વિગતો સાથે અહેવાલ ખુલાસા સાથે મોકલવાની સુચના આપવામાં આવે છે. એમ જણાવી પ્રવક્તા મનીષ દોશીએ આરોગ્ય મંત્રીને સવાલ કરતા કહ્યું કે, તમારા વિભાગમાં આરોગ્ય અધિકારી લક્ષ્યાંક આપે છે. જનતાને ગેરમાર્ગે દોરવા માટે આવો કોઈ લક્ષ્યાંક નથી તેમ કહી તમે લિપાપોતી કેમ કરો છો. રાજ્યની અંદર જે ગંભીરતાથી માનવ જીંદગીની સારવાર માટે થવું જોઈએ તે કામગીરી થતી નથી. બીજી બાજુ નિર્દોષ નાગરિકો જુદા જુદા લક્ષ્યાંકના આધારે ભોગ બની રહ્યાં છે.

### મૃતક યુવક શહેરના વટવા વિસ્તારનો રહેવાસી

# ઈસનપુરમાં કમ્પાઉન્ડરે મિત્રને ડ્રગ્સનો ઓવરડોઝ આપતાં મોત

## કમ્પાઉન્ડર દરરોજ ૨૦૦ જેટલા યુવકોને ઈન્જેકશન આપતો હોવાનો ઘટસ્ફોટ

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૯

રાજ્યમાં દિવસેને દિવસે ડ્રગ્સનું દૂષણ વધતું જાય છે. દરરોજ હજારો-કરોડોનું ડ્રગ્સ જપ્ત કરવામાં આવે છે. પરંતુ તેમ છતાં અમદાવાદ જેવા મોટા શહેરોમાં પણ સરળતાથી ડ્રગ્સ મળી રહે છે. ત્યારે અમદાવાદના વટવા વિસ્તારમાં રહેતા ૧૮ વર્ષીય યુવકનું ડ્રગ્સના ઓવરડોઝના લીધે મોત નીપજતાં ખળભળાટ મચી જવા પામ્યો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર અમદાવાદના ઈસનપુરમાં ૧૮ વર્ષના યુવકનું ડ્રગ્સના ઓવરડોઝના લીધે મોત થયું હોવાના અહેવાલ પ્રાપ્ત થયા છે. મૃતકનું નામ પ્રિન્સ શર્મા છે અને તે વટવા વિસ્તારનો રહેવાસી છે. તેના કમ્પાઉન્ડર મિત્રએ નશાકારક દવાનો ઓવરડોઝ આપ્યો હોવાનો ખુલાસો થયો છે. પ્રિન્સ શર્મા નામનો યુવક ઈસનપુર વિસ્તારમાં આવેલા એક ગાર્ડનમાં ડ્રગ્સ લેતાં લેતાં ઢળી પડતાં તેને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. જ્યાં હોસ્પિટલમાં ફરજ પરની તબીબોની ટીમે યુવકને મૃત જાહેર કર્યો હતો અને પોલીસને જાણ કરી હતી. પોલીસે મૃતક પ્રિન્સ શર્માના મૃતદેહને પીએમ અર્થે મોકલી દીધો છે અને પીએમ રિપોર્ટ બાદ સમગ્ર હકિકત બહાર આવશે.

તો બીજી તરફ પોલીસ દ્વારા મૃતકના કમ્પાઉન્ડર મિત્રની અટકાયત કરવામાં આવી છે. આ કમ્પાઉન્ડર દરરોજ ૨૦૦ જેટલા યુવકોને ઈંજેક્શન આપતો હોવાની માહિતી મળી છે. પોલીસ હાલમાં ઉંડી તપાસ કરી રહી છે, તપાસમાં વધુ વિગતો સામે આવશે. રાજ્યમાંથી હજારો કિલો ડ્રગ્સ પકડાઈ રહ્યું છે. આજે ગુજરાત જાણે નશાખોરીનું એપિસેન્ટર બની રહ્યું હોય તેવુ ચિત્ર ઉપસ્યું છે. છેલ્લા પાંચ વર્ષમાં ગુજરાતમાં ૯૩૬૯૧ કિલો ડ્રગ્સ, ૨૨૨૯ લીટર પ્રવાહી ડ્રગ્સ તથા ૭૩૧૬૩ ડ્રગ્સ પીલ્સ-ઈન્જેક્શન પકડાયા છે. આમ, ગુજરાત ડ્રગ્સ તસ્કરીનું સિલ્ક રૂટ બની રહ્યું છે.

ડ્રગ્સની બદીને નાથવા માટે પૂરતો પોલીસ ફોર્સ પણ નથી. કેન્દ્ર સરકારના અહેવાલ અનુસાર દેશના પ્રતિ લાખ જનસંખ્યા પ્રમાણે ૧૯૬ પોલીસ જવાન હોવા જોઈએ. અત્યારે ગુજરાતમાં પ્રતિ લાખ માત્ર ૧૧૭ પોલીસ જવાન છે જે રાષ્ટ્રીય સરેરાશ કરતાં પણ ઓછી સંખ્યા છે.

મોંઘવારી, બેરોજગારી ઉપરાંત અન્ય કારણોસર સગીર વયના બાળકો, મહિલાઓને ડ્રગ્સની તસ્કરી માટે ડ્રગ્સ માફિયાઓ ઉપયોગ કરી રહ્યા છે. રાષ્ટ્રીય સર્વે અનુસાર ગુજરાતમાં વર્ષ ૨૦૧૮ના આંકડા પ્રમાણે રાજ્યના ૧૭ લાખ ૩૫૦૦૦ પુરુષો ડ્રગ્સના બંધાણી જયારે ૧ લાખ ૮૫ મહિલાઓ ડ્રગ્સની બંધાણી છે.

### ઈસનપુર પોલીસે નશામાં ધૂત બિલ્ડરની કરી ધરપકડ

અમદાવાદ, તા.૯

અમદાવાદમાં નશો કરીને વાહન હંકારવાના બનાવોનું પ્રમાણ વધી ગયું છે. તાજેતરમાં જ નશો કરીને વાહન હંકારીને અકસ્માત કરવાના બનાવો બન્યા હતા. ત્યારે ઈસનપુરમાં નશામાં ધૂત બેફામપણે કાર હંકારીને જઈ રહેલા બિલ્ડરની પોલીસે ધરપકડ કરી છે. દારૂના નશામાં કાર લઈને જઈ રહેલા બિલ્ડરની પોલીસે તપાસ કરતા તેની પાસેથી એક કરોડ રૂપિયા રોકડા મળી આવ્યા હતા. આટલી મોટી રકમ જોઈને પોલીસ પણ ચોંકી ઉઠી હતી. પોલીસે તપાસ કરતા દારૂ પીને બેફામપણ કાર લઈને જઈ રહેલા બિલ્ડરનું નામ ધનરાજ પટેલ હોવાનું બહાર આવ્યું છે. વધુ તપાસમાં આ બિલ્ડર અમદાવાદના પૂર્વ વિસ્તારમાં સાઈટ ચલાવતો હોવાનું બહાર આવ્યું છે. ઈસનપુર પોલીસ ચેકિંગ કરી રહી હતી. ત્યારે આ બિલ્ડર નશામાં કાર હંકારીને જતા ઝડપાઈ ગયો હતો. નશો કરીને વાહન ચલાવતા લોકો માટે આ કિસ્સો લાલબત્તી સમાન છે.

# ખ્યાતિ હોસ્પિટલના સંચાલકોએ સરકાર સાથે કરેલી કરોડોની ઠગાઈ મામલે આઈટી વિભાગે તપાસ આરંભી

## ઠગ ટુકડીએ હિસાબોમાં ગોટાળા કરીને કરોડોની કરચોરી પણ કરી

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ,તા.૯

ખ્યાતિકાંડમાં સરકાર સાથે કરેલી કરોડોની ઠગાઈ મામલે ઈન્કમટેક્સ વિભાગે હિસાબોની વિગતો મેળવી તપાસ શરૂ કરી છે. ખ્યાતિ હોસ્પિટલના સંચાલકોએ સીધી સરકાર સાથે જ ઠગાઈ કરીને સરકારને કરોડોનો ચુનો લગાવ્યો હતો. PMJAY યોજના હેઠળ અનેક સર્જરી કરી કરોડો રૂપિયાનો ચૂનો લગાવ્યો હતો. આ ઠગ ટુકડીએ હિસાબોમાં ગોટાળા કરીને કરોડોની કરચોરી પણ કરી છે. જે અંગેની તપાસ હાલ પોલીસ કરી રહી છે જોકે હવે ખ્યાતિના આર્થિક વ્યવહારોની તપાસ ITની ટીમ દ્વારા પણ કરવામાં આવશે. ઈનકમ ટેક્સના અધિકારીઓએ આ કૌભાંડની વિગતો મેળવી છે. માત્ર કૌભાંડ કરવા અને સરકારી યોજના ધારકોના બિન જરૂરી ઓપરેશન કરી લાખોની કાળી કમાણી કરવા જ ખ્યાતિ હોસ્પિટલ શરૂ કરવામાં આવી હતી. ખ્યાતિ હોસ્પિટલની ટીમ દ્વારા અંરિયાળ ગામડામાં જઈને કેમ્પ કરી લોકોને હોસ્પિટલમાં લાવવામાં આવતા હતા. આ દર્દીઓને કોઈ પણ જરૂર ન હોય તેમ છતાં તેમના ઉપર સર્જરી કરી સરકારી યોજનાના બિલ પાસ કરાવી દેવાતા હતા. હોસ્પિટલના ચાલાક સંચાલકોએ આ સરકારી યોજનાઓના બિલ સિવાય પણ ઘણા દર્દીઓની સારવાર કરી કરોડોની કમાણી કરી હતી. જે આવક તેમના દ્વારા છુપાવીને કરોડોની કરચોરી કરવામાં આવી હોવાનું જાણી શકાયું છે. જેને પગલે હવે ખ્યાતિ કૌભાંડની તપાસમાં ઈનકમ ટેક્સની ટીમ પણ જોડાશે. આયકર વિભાગ દ્વારા તમામ તબીબો અને સંચાલકોની સ્થાવર અને જંગમ મિલકતોની તપાસ શરૂ કરવામાં આવશે અને તેમણે કેટલી કરચોરી કરી તે શોધવામાં આવશે. ખ્યાતિ હોસ્પિટલના ચિરાગ રાજપૂતને તો માસિક સાત લાખ રૂપિયાનો પગાર પણ ચુકવવામાં આવતો હતો. આ ઉપરાંત તે રોકડમાં ઘણી જગ્યાએથી ઘણું કમિશન મેળવતો હોવાની વિગતો પણ તપાસ એજન્સીઓના ધ્યાને આવી છે. ખ્યાતિકાંડની તપાસમાં અમદાવાદ ક્રાઈમબ્રાંચના ૩ ઈન્સ્પેક્ટરોની છ ટીમ કામ કરી રહી છે. આ ઉપરાંત મેડિકલ એક્સપર્ટસની ટીમ અને એક ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ પણ તપાસ કરે છે. ઈનકમ ટેક્સની એન્ટ્રીથી કરચોરીની વિગતો સામે આવશે.

# વટવા GIDCમાં વિકરાળ આગ લાગી

### ફાયરની ૧૮ ગાડીએ કાબૂ મેળવ્યો



(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૯

અમદાવાદના વટવા GIDCમાં વિકરાળ આગ લાગતા ભયનો માહોલ છવાયો હતો. વટવા GIDCમાં ફેઝ-૧માં આવેલ કેમિકલ કંપનીમાં આગની ઘટના બની હતી. ફેક્ટરીમાં સોલવન્ટ નામનું કેમિકલ હોવાના કારણે આગ વધુ ફેલાઈ હતી. જેના કારણે દૂર દૂર સુધી ધુમાડાના ગોટેગોટા જોવા મળ્યા હતા. ઘટનાની જાણ થતાં ફાયર વિભાગના ઉચ્ચ અધિકારીઓ સહિત ૧૮ જેટલી ગાડીઓ ઘટનાસ્થળ પર પહોંચી હતી. ફાયરબ્રિગેડ દ્વારા આગ કાબૂમાં કરાઈ હતી. અને ત્યારબાદ આગ લાગેલી જગ્યાએ ઠંડું કરવાની પ્રક્રિયા હાથ ધરી હતી. ૯ ડિસેમ્બર ૨૦૨૪ના રોજ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ફાયર વિભાગને ૧૪:૩૦ કલાકે કોલ મળ્યો હતો. વટવા GIDC ફેઝ-૧માં ૧૧૮/૧૧૯ પ્લોટ નંબરમાં અલકેશ એન્ટરપ્રાઈઝ અને રોયલ એન્ટરપ્રાઈઝમાં આગ લાગતાં ૧૮ જેટલા ફર્સ્ટ રિસ્પોન્સ વ્હીકલ ઘટનાસ્થળ પર મોકલી આગને સંપૂર્ણપણે કાબૂમાં કરવામાં આવી. ટોટલ ૬૫ ફાયરના જવાનો દ્વારા ફાયર ફાઈટિંગ કરીને આગ કાબૂમાં કરવામાં આવી છે.

જોકે આ ઘટનામાં કોઈ જાનહાનિ કે ઈજા થઈ નથી. ઉપેન્દ્ર શુક્લા (ઉં.વ. ૫૦) નામના શખસને હાથના ભાગે માઈનર ફ્લેશ ફાયરથી ઈજા થઈ હતી, જેમને નજીકની હોસ્પિટલમાં સારવાર માટે મોકલી દેવાયા હતા.

# સ્ટેટ GST વિભાગના ૧૧ વેપારીને ત્યાં દરોડા

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૯

બિલ વિનાના થતા વેચાણો અટકાવવા માટે ગુજરાત સ્ટેટ જીએસટી વિભાગ કાર્યરત છે. આ દિશામાં સતત લેવાતા પગલાના ભાગરૂપે વિભાગને મળેલી ચોક્કસ બાતમીને આધારે ૫મી ડિસેમ્બર ૨૦૨૪ના રોજ અમદાવાદમાં કૃત્રિમ ફુલો અને અન્ય સુશોભનની વસ્તુઓના વેપાર સાથે સંકળાયેલા ૧૧ વેપારીઓના ત્યાં દરોડા પાડવામાં આવ્યા હતા.

તપાસ દરમ્યાન બિન હિસાબી વેચાણ અને બિન હિસાબી સ્ટોક જેવી ગેરરિતીઓ ધ્યાનમાં આવી હતી અને અંદાજિત ૨.૫૦ કરોડની કરચોરી તથા અંદાજિત ૩.૫૦ કરોડની જવાબદારી શોધી કાઢવામાં આવી છે. વિગતવાર ચકાસણી બાદ આ રકમ વધવાની શક્યતા છે. રાજ્યના કર વિભાગ દ્વારા આ કેસમાંસરકારી આવકના રક્ષણ માટે અને વસુલાત માટે યોગ્ય કાયદાકીય કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# છેલ્લા ૧૦ મહિનામાં ગાંધીનગરમાં ૪૯૯ અકસ્માત : ૧૩૪ લોકોનાં મોત




(સંવાદદાતા દ્વારા) અમદાવાદ,તા.૯

તંત્ર દ્વારા ગાંધીનગર શહેર અને જિલ્લાના મુખ્ય માર્ગોને સુવિધાસભર બનાવવા માટે કરોડો રૂપિયાનો ખર્ચ કરવા છતાં જીવલેણ માર્ગ અકસ્માતોના બનાવ કાબૂમાં આવ્યા ન હોય તેવું ચિત્ર ઉપસી આવ્યું છે. વર્ષ ૨૦૨૪માં પ્રથમ ૧૦ મહિના દરમિયાન ગાંધીનગરમાં કુલ ૪૯૯ માર્ગ અકસ્માત સર્જાયા હતા. જેમાંથી ૧૩૦ અકસ્માત જીવલેણ સાબિત થયા હતા અને તેમાં ૧૩૪ મોત થયા હોવાના ચોંકાવનારા આંકડા સામે આવ્યા છે. ગાંધીનગર પોલીસના સત્તાવાર સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, વર્ષ ૨૦૨૪માં ઓક્ટોબર મહિના સુધી ૧૩૦ જીવલેણ માર્ગ અકસ્માત સર્જાયા છે. જેમાં સૌથી વધુ ૨૪ અકસ્માત ફેબ્રુઆરી મહિનામાં સર્જાયા હતા. વર્ષ ૨૦૨૩માં સમગ્ર વર્ષ દરમિયાન ૨૨૧ જીવલેણ માર્ગ અકસ્માતમાં ૨૪૨ વ્યક્તિનાં મોત થયા હતા. ગત વર્ષે સૌથી વધુ ૩૦ અકસ્માત જાન્યુઆરી મહિનામાં સર્જાયા હતા. જ્યારે ફેબ્રુઆરીમાં ૨૩ જીવલેણ અકસ્માત થયા હતા. ૨૦૨૩માં ઓક્ટોબર મહિના સુધીમાં એકંદરે ૬૫૯ માર્ગ અકસ્માત થયા હતા અને તેમાંથી ૧૮૧ માર્ગ અકસ્માતમાં ૧૯૬ વ્યક્તિનાં મોત થયા હતા. આમ ૨૦૨૩ના વર્ષની સરખામણીએ ૨૦૨૪ના પ્રથમ ૧૦ મહિનામાં માર્ગ અકસ્માતોનું પ્રમાણ ઓછું નોંધાયું છે. ઉલ્લેખનીય છે કે, ગત વર્ષની સરખામણીએ જીવલેણ અકસ્માત ઘટ્યા છે. ૨૦૨૩ અને ૨૦૨૪ના વર્ષમાં પ્રથમ ૧૦ મહિનાની સરખામણી કરવામાં આવે તો ૨૦૨૩માં જાન્યુઆરી મહિનો સૌથી વધુ ઘાતક સાબિત થયો હતો. જ્યારે ૨૦૨૪માં ફેબ્રુઆરી મહિનામાં સૌથી વધુ ૨૪ અકસ્માતમાં ૨૫ વ્યક્તિએ જીવ ગુમાવ્યા હતા.

# એફ.ડી. હાઈસ્કૂલ ફોર ગર્લ્સ ખાતે પ્રેરણાદાયી વક્તવ્ય યોજાયું



અમદાવાદ, તા.૯

અત્રેની શાળામાં આજે મુંબઈથી પ્રકાશિત થતા અને સમગ્ર ભારતમાં ૧૩ પ્રિન્ટિંગ પ્રેસ ધરાવતા ઉર્દૂ ભાષાના પ્રતિષ્ઠિત દૈનિક ઈક્વિલાબના ચીફ એડિટર શાહિદ લતીફ તથા અન્ય મહાનુભાવોએ શાળાની શુભેચ્છા મુલાકાત લીધી હતી. શાહિદ લતીફે વિદ્યાર્થીનીઓને સંબોધિત કરતા તેમનામાં રહેલ વિશિષ્ટ ગુણોને બહાર લાવવા આહવાન કર્યું હતું. વિશ્વ પર એ રાજ કરે છે જેની પાસે નવો આઈડિયા કે વિચાર હોય છે એમ જણાવી તેમણે એલન મસ્ક, માર્ક ઝકરબર્ગ અને અને સુનિતા વિલિયમ્સના ઉદાહરણ ટાંક્યા હતા. નવો વિચાર તમને સફળતાની ઊંચાઈઓ પર લઈ જાય છે. તેમની સાથે પધારેલ સ્તુતિ અગ્રવાલ જેમની માતૃ ભાષા ઉર્દૂ નહીં હોવા છતાં માત્ર ૧૩ વર્ષની ઉંમરે તેઓ ઉર્દૂ ભાષા શીખ્યા અને ઉર્દૂ ભાષા સાહિત્ય માં અનોખું પ્રદાન કરી એક રોલ મોડલ તરીકે પ્રસ્થાપિત થયા છે. તેમણે ઉર્દૂ શીખવાના પોતાના જીવન સંઘર્ષની પ્રેરણાદાયી કથા રજૂ કરી વિદ્યાર્થિનીઓને પ્રોત્સાહિત કરી હતી. ઉર્દૂ બાળ મેગેઝિન ગુલ બૂટેના એડિટર ફારૂક સૈયદે પિતાના સન્માનમાં કવિતા રજૂ કરી હતી. ઉર્દૂના જાણીતા લેખક વલી અહેમદખાન અને ડૉ.કાસિમ ઈમામે પણ પ્રેરિત કરનારા વક્ત્યવ આપ્યા હતા. શાળાના પ્રિન્સિપાલ અનિસા શેખે શાળામાં આયોજિત કરવામાં આવતી વ્યક્તિત્વ અને કૌશલ્ય વિકાસની પ્રવૃતિઓનો ચિતાર આપ્યો હતો. શાળાના સુપર વાઈઝર ફૌઝિયા પઠાણે આભાર વિધિ કરી હતી.

### રાજ શેખાવતે વીડિયો શેર કરી નિર્માતાને આપી ધમકી

# ‘પુષ્પા-૨’ના મેકર્સે શેખાવત સમાજ અને ક્ષત્રિયોનું અપમાન કર્યું : કરણી સેના

## જો કે શેખાવતની પોસ્ટને વ્યર્થ ગણાવી કેટલાય લોકોએ કરી ટિપ્પણી

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૯

અલ્લુ અર્જુનની પુષ્પા-૨ને દુનિયાભરમાં રિલીઝ થતાં ચર્ચા છે. ફક્ત ચાર દિવસમાં ફિલ્મે ગ્લોબલી આશરે ૮૦૦ કરોડ રૂપિયાની કમાણી કરી લીધી છે. આ ફિલ્મમાં અલ્લુ અર્જુનના પુષ્પા પાત્રને તો પસંદ કરવામાં આવી જ રહ્યું છે. સાથે જ ફહદ ફાઝિલના પાત્ર ભંવર સિંહ શેખાવતની પણ ખૂબ ચર્ચા થઈ રહી છે. જો કે, ફહદના આ પાત્રના કારણે હવે કરણી સેનાની તરફથી મેકર્સને ધમકી પણ મળી રહી છે. કરણી સેનાના પ્રમુખ રાજ શેખાવતે પોતાના એક્સ એકાઉન્ટ પર એક વીડિયો શેર કર્યો છે. જેમાં કહેવામાં આવ્યું છે કે, પુષ્પા ૨ના મેકર્સે શેખાવત સમાજ અને ક્ષત્રિયોનું અપમાન કર્યું છે

આ વીડિયોમાં રાજ કહે છે કે, હાલમાં જ ‘પુષ્પા ૨’ નામની ફિલ્મ આવી છે. આ ફિલ્મમાં એકવાર ફરી ક્ષત્રિય સમાજનું અપમાન કરવામાં આવ્યું છે. શેખાવત જે ક્ષત્રિય સમાજની જાતિ છે, તેને નિમ્ન સ્તરે ચિત્રિત કરવામાં આવી છે. વિચારોની અભિવ્યક્તિની આઝાદીના નામે આ ફિલ્મ ઈન્ડસ્ટ્રીવાળા વર્ષોથી ક્ષત્રિયોને બદનામ કરે છે. ફિલ્મ નિર્માતા આ વાતને ધ્યાનથી સાંભળી લે કે, જલ્દીથી જલ્દી આ જે શેખાવત શબ્દનો પ્રયોગ કર્યો છે, તેને હટાવી દો. નહીંતર, સેના ઘરમાં કરણી ઘુસીને મારશે અને જરૂર પડી તો કરણી સેના કોઈપણ હદે જવા તૈયાર છે.

જોકે, રાજ શેખાવતની આ પોસ્ટ પર ઘણાં લોકોએ તેમની વાતને વ્યર્થ જણાવ્યું છે. તેમનું કહેવું છે કે, આવી વાતો કરીને રાજ શેખાવત પોતાની જ મજાક બનાવી રહ્યા છે. અમુકે એવું પણ કહ્યું કે, જો આ હિસાબે જોવામાં આવે તો કોઈ ક્યારેય ફિલ્મ જ ન બનાવી શકે. તો કેટલાક યુઝર્સે એમ પણ કહ્યું કે, આ તમામ નકામો બકવાસ છે, આ લોકો ફક્ત ચર્ચામાં રહેવા આવા નિવેદનો કરતા રહે છે.

# અમદાવાદમાં કરોડો રૂપિયાની છેતરપિંડી કરનાર દંપતીની પંજાબથી ધરપકડ

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ,તા.૯

અમદાવાદમાં રહેતા સૌરીન પટેલ અને તેમના પત્ની અક્ષીતા પટેલ દ્વારા વર્ષ ૨૦૨૧માં એન્જલ ફિન્ટેક પ્રાઈવેટ લિમિટેડ નામની કંપની શરૂ કરી હતી. આ કંપનીમાં આરોપીઓએ અલગ અલગ લોકોનો સંપર્ક કરી તેમને દુબઈમાં ધંધામાં રોકાણ કરવાનું કહી ઊંચું વળતર આપવાની લોભામણી લાલચ આપી હતી. લાલચમાં ફસાઈને મોટી સંખ્યામાં લોકોએ પોતાની મૂડીનું રોકાણ કર્યું હતું. શરૂઆતમાં લોકોને વિશ્વાસ અપાવવા આ દંપતીએ રોકાણકારોને ઊંચું વળતર ચૂકવ્યું હતુ, જે બાદ રોકાણકારોને વળતર આપવાનું બંધ કરી દેતા તેઓની સાથે છેતરપિંડી થઈ હોવાનું ખ્યાલ આવ્યુ હતું. ત્યારબાદ રોકાણકારોએ પોલીસનો સંપર્ક કર્યો હતો. આ સમગ્ર ઘટનામાં ક્રાઈમબ્રાન્ચની આર્થિક ગુના નિવારણ શાખામાં પોલીસ સૌરિન પટેલ અને અક્ષીતા પટેલ સામે ફરિયાદ નોંધાઈ હતી, જેની તપાસ કરતા બંનેની પંજાબથી ધરપકડ કરવામાં આવી છે. આ બંને વિરુદ્ધ ૧૫ જેટલા ફરિયાદીઓએ ૩ કરોડ ૫૦ લાખથી વધુની રકમની છેતરપિંડી કરી હોવાની ફરિયાદ નોંધાવી છે.પોલીસ દ્વારા બંટી બબલીની પૂછપરછમાં સામે આવ્યું કે આ બંટી બબલી લોકોનો સંપર્ક કરી તેમનું આધારકાર્ડ અને પાનકાર્ડ માગતા હતા, જેના આધારે તેઓ તેમના બેંક એકાઉન્ટમાંથી ક્રેડિટ કાર્ડ ઈસ્યુ કરાવતા હતા. જે ક્રેડિટ કાર્ડની રકમ પોતે રાખતા હતા અને તેના બદલામાં જે તે વ્યક્તિને ૧૦% વળતર આપતા હતા. શરૂઆતના સમયમાં ક્રેડિટ કાર્ડમાં યોગ્ય રીતે પેમેન્ટ કરતા અને ક્રેડિટ કાર્ડની લિમિટમાં વધારો કરાવતા હતા, ક્રેડિટ કાર્ડની લિમિટ વધતા આખરે મોટી રકમ ક્રેડિટ કાર્ડમાંથી ઉપાડી તેઓ ભરપાઈ કરતા નહીં તો અમુક લોકોના બેંક એકાઉન્ટ્સ અને ક્રેડિટ કાર્ડમાંથી તેઓ દ્વારા પર્સનલ લોન પણ મેળવી હતી.

# અલ-અસદના પતન બાદ અમેરિકાએ સીરિયામાં ISILના ઠેકાણાઓ પર હવાઈ હુમલાની જાહેરાત કરી

(એજન્સી) તા.૯

યુનાઈટેડ સ્ટેટ્સનું કહેવું છે કે તેણે સીરિયાના રાષ્ટ્રપતિ બશર અલ-અસદની સરકારના અદભૂત પતન પછી સીરિયામાં આઈએસઆઈએલ (આઈએસઆઈએસ) લક્ષ્યો પર ડઝનબંધ હવાઈ હુમલાઓ કર્યા છે. US સેન્ટ્રલ કમાન્ડ (CENTCOM)એ રવિવારે જણાવ્યું કે તેણે ISIL (ISIS)ના નેતાઓ, કાર્યકરો અને શિબિરો સહિત ૭૫થી વધુ લક્ષ્યાંકો પર હુમલો કર્યો હતો, જેથી સશસ્ત્ર સમૂહ અલ-અસદના શાસનના અંતનો લાભ ઉઠાવી ન શકે. સેન્ટકોમે જણાવ્યું કે તે હુમલા પછી થયેલા નુકસાનનું મૂલ્યાંકન કરી રહ્યું છે, જેમાં બોઈંગ બી-૫૨ સ્ટ્રેટોફોર્ટ્રેસ અને મેકડોનલ ડગ્લાસ એફ-૧૫ ઈગલ યુદ્ધ વિમાનો સામેલ હતા, પરંતુ કોઈ નાગરિક જાનહાનિના કોઈ ચિહ્નો નથી. સેન્ટકોમના કમાન્ડર જનરલ માઈકલ એરિક કુરિલાએ એક નિવેદનમાં જણાવ્યું કે, 'તેમાં કોઈ શંકા હોવી જોઈએ નહીં-અમે ISISને ફરીથી સંગઠન કરવા અને સીરિયાની વર્તમાન પરિસ્થિતિનો લાભ લેવા નહીં દઈશું.' 'સીરિયાના તમામ સંગઠનોએ જાણવું જોઈએ કે જો તેઓ કોઈપણ રીતે ISIS સાથે ભાગીદારી કરે છે અથવા સમર્થન કરે છે તો અમે તેમને જવાબદાર ઠેરવીશું.' આ હુમલો એવા સમયે થયો છે જ્યારે યુએસ પ્રમુખ જો બાઈડેને અલ-અસદના પતનને 'જોખમની ક્ષણ' અને 'ઐતિહાસિક તક' ગણાવી છે. વ્હાઈટ હાઉસમાંથી એક ટેલિવિઝન સંબોધનમાં, બાઈડેને જણાવ્યું કે બળવાખોર સમૂહ હયાત તહરિર અલ-શામ (HTS)ના હાથે અલ-અસદની હાર સીરિયાના સહનશીલ લોકો માટે 'આપણા ગૌરવશાળી દેશ માટે વધુ સારું



ભવિષ્ય બનાવવામાં' મદદ કરશે. 'આ જોખમ અને અનિશ્ચિતતાનો પણ એક ક્ષણ છે,' જેમ કે આપણે બધા આગળ શું આવે છે તેના પ્રશ્નને ધ્યાનમાં લઈએ છીએ, યુનાઈટેડ સ્ટેટ્સ સીરિયામાં અમારા ભાગીદારો અને હિતધારકો સાથે મળીને કામ કરશે તકનો લાભ લો. અલ-અસદના પતન માટે આંશિક શ્રેય લેવાનો પ્રયાસ કરતા, બાઈડેને જણાવ્યું કે તેમનું પતન રશિયા, ઈરાન અને હિઝબુલ્લાહ દ્વારા તેમની સરકાર માટે સમર્થનના અભાવને કારણે શક્ય બન્યું હતું.

# બશર અલ-અસદના ભાગી ગયા પછી ઈઝરાયેલે માઉન્ટ હેર્મોનની સીરિયન બાજુનો કબજો મેળવ્યો : અહેવાલ

(એજન્સી) તા.૯

ઈઝરાયેલના વડાપ્રધાન નેતાન્યાહૂએ કહ્યું કે, સીરિયાઈ અશાંતિ બાદ ઈઝરાયલની સેનાએ ગોલાન હાઈટ્સમાં માઉન્ટ હેર્મોનના બફર ઝોન પર કબજો કરી લીધો છે. ઈઝરાયલી સુરક્ષા દળ (IDF)એ સોશિયલ મીડિયા માધ્યમ 'X' પર પોસ્ટ કરીને કહ્યું કે, ગોલાન હાઈટ્સમાં સીરિયન સરહદે બફર ઝોનની અંદર નવા સ્થાનો પર સૈન્ય તૈનાત કરવામાં આવ્યું છે. ૧૯૭૪માં સૈનિકો પાછા ખેંચવાના કરાર પર હસ્તાક્ષર થયા બાદ આ પ્રકારે પહેલી વખતે તૈનાત કરાયા છે. સીરિયામાં તાજેતરની ઘટનાઓનું મૂલ્યાંકન કર્યા બાદ આ પગલું લેવામાં આવ્યું છે. ગોલાન હાઈટ્સના રહેવાસીઓ અને ઈઝરાયેલના નાગરિકોની સલામતી સુનિશ્ચિત કરવા માટે આ કરવામાં આવ્યું. પોસ્ટમાં કહ્યું છે કે, IDF સીરિયામાં થઈ રહેલી ઘટનાઓમાં કોઈપણ રીતે હસ્તક્ષેપ કરશે નહીં. મળતી માહિતી મુજબ, લેબેનોમાં સ્વાસ્થ્ય મંત્રાલયનું કહ્યું કે, શનિવારે બીટ લાઈફ ગામમાં ઈઝરાયેલી હુમલામાં પાંચ લોકોના મોત નીપજ્યાં, જ્યારે ડેર સેરિયન પર ડ્રોન હુમલામાં એક વ્યક્તિનું મોત નીપજ્યું છે. જેને લઈને ઈઝરાયેલી સેનાએ અત્યારસુધીમાં કોઈ પ્રકારે ટિપ્પણી કરી નથી. યુદ્ધવિરામ છતાં તણાવ યથાવત છે. આ બધા વચ્ચે ઈઝરાયેલ અને હિઝબુલ્લાહ એકબીજા પર તેના ઉલ્લંઘનનો આરોપ લગાવી રહ્યા છે.



મીડિયા અહેવાલ પ્રમાણે, ફલસ્તીની સ્વાસ્થ્ય અધિકારીઓએ આરોપ લગાવ્યો છે કે, ઈઝરાયેલી સેનાએ ઉત્તરી ગાઝાના બેત લાહિયામાં કમલ અદવાન હોસ્પિટલ પર ગોળીબાર કર્યો. જેના કારણે વીજલાઈન તેમજ ઓક્સિજન પંપને નુકસાન થયું હતું, જેના કારણે જરૂરી સર્જરીમાં અડચણ ઊભી થઈ હતી. જ્યારે હોસ્પિટલના નિદેશક હુસામ અબૂ સફિયાએ કહ્યું કે, હુમલામાં અનેક ચિકિત્સા કર્મચારીઓ અને દર્દીઓ ઈજાગ્રસ્ત થયા હતા. શનિવારની રાત્રે કમાલ અદવાન હોસ્પિટલની પાસે ઈઝરાયેલના હવાઈ હુમલામાં એક ડોક્ટર પરિવારનું મોત થયું હતું. જેને લઈને અત્યારસુધીમાં ઈઝરાયેલી સેના તરફથી કોઈ પ્રતિક્રિયા આપવામાં આવી નથી. સીરિયામાં સત્તા પરિવર્તનને કારણે રાષ્ટ્રપતિ બશર અલ-અસદ દેશ છોડીને ભાગી ગયા. જ્યારે વિદ્રોહી દળો રાષ્ટ્રપતિ ભવન પહોંચ્યા. સીરિયામાં બળવા દરમિયાન દમાસ્કસ અને અન્ય શહેરોની સડકો પર દેખાવકારોની ભીડ જોવા મળી હતી. આ દરમિયાન સીરિયાના ચોથા સૌથી મોટા શહેર હામામાં પૂર્વ રાષ્ટ્રપતિ હાફિઝ અલ-અસદની પ્રતિમા તોડી પાડવામાં આવી હતી. પ્રતિમાના વિનાશ દરમિયાન ઉજવણી માટે ગોળીબાર કરવામાં આવ્યો હતો અને 'અલ્લાહુ અકબર'ના નારા લગાવવામાં આવ્યા હતા. આનો એક વીડિયો સામે આવ્યો હતો, જેમાં જોવા મળ્યું હતું કે, કેવી રીતે એક વાહન મૂર્તિના કપાયેલા માથાને રસ્તા પર ખેંચી રહ્યું હતું અને લોકો તેને લાત મારવા માટે તેનો પીછો કરી રહ્યા હતા.

# ૧૦ લાખ વિસ્થાપિત ગાઝાના લોકો શિયાળાની તીવ્ર ઠંડીનો સામનો કરી રહ્યા છે : સંયુક્ત રાષ્ટ્ર

(એજન્સી) તા.૯

યુનાઈટેડ નેશન્સ એજન્સી ફોર પેલેસ્ટીની શરણાર્થીઓ (UNRWA)એ રવિવારે ચેતવણી આપી કે યુદ્ધગ્રસ્ત ગાઝામાં લગભગ ૧૦ લાખ વિસ્થાપિત પેલેસ્ટીનીઓને આ શિયાળામાં ભારે ઠંડી અને વરસાદનું જોખમ છે. તેણે જણાવ્યું કે, 'ગાઝામાં વિસ્થાપિત લોકોને વરસાદ અને ઠંડીથી રક્ષણની જરૂર છે. આ જરૂરિયાતમાંથી માત્ર ૨૩% જ પૂરી થઈ છે, આ શિયાળામાં ૯૪૫,૦૦૦ લોકો જોખમમાં છે. 'જેમ જેમ કટોકટી ઊંડી થતી જાય છે, તેમ તેમ આત્યંતિક જરૂરિયાતોને પહોંચી વળવા માટે સહાયની તાત્કાલિક જરૂર છે.' યુએનઆરડબ્લ્યુએએ જણાવ્યું કે મધ્ય શહેર દેર અલ-બાલાહ અને સમગ્ર વિસ્તારના પેલેસ્ટીની નાગરિકો 'તેમના નાશ પામેલા ઘરોના કાટમાળમાં શોધી રહ્યા હતા, અને ઈઝરાયેલના હવાઈ હુમલા પછી જે બચ્યું છે તેને બચાવવાનો પ્રયાસ કરી રહ્યા હતા.' તેણે જણાવ્યું કે, 'જેમ હુમલાઓ ચાલુ રહે છે તેમ, નાગરિકોની જાનહાનિ સતત વધી રહી છે, અને ઘરો અને જટિલ માળખાકીય સુવિધાઓનો નાશ થાય છે. UNRWAએ જણાવ્યું કે, 'આ યુદ્ધની માનવીય કિંમત અસહ્ય છે.' તેમણે ગાઝામાં વધુ યાતનાઓને રોકવા માટે તાત્કાલિક યુદ્ધવિરામ માટેના તેમના આહ્વાનનો પુનરોચ્ચાર કર્યો.



ઈઝરાયેલે ૭ ઓક્ટોબર ૨૦૨૩થી ગાઝા પટ્ટી પર નરસંહાર યુદ્ધ ચલાવ્યું છે, જેમાં ૪૪,૭૦૦થી વધુ લોકો મૃત્યુ પામ્યા છે, જેમાં મોટાભાગની મહિલાઓ અને બાળકો છે. ગયા મહિને, ઈન્ટરનેશનલ ક્રિમિનલ કોર્ટે ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતાન્યાહુ અને પૂર્વ સંરક્ષણ મંત્રી યોવ ગાલાંટ માટે ગાઝામાં યુદ્ધ અપરાધો અને માનવતા વિરૂદ્ધના ગુનાઓ માટે ધરપકડ વોરંટ જારી કર્યું હતું. ગાઝા પરના યુદ્ધને કારણે ઈઝરાયેલ પણ ઈન્ટરનેશનલ કોર્ટમાં નરસંહારના કેસનો સામનો કરી રહ્યું છે.

# સીરિયનો તેમના દેશનું ભવિષ્ય નક્કી કરશે : યુએન પ્રમુખ

(એજન્સી) તા.૯

યુએન સેક્રેટરી-જનરલ એન્ટોનિયો ગુટેરેસે કહ્યું કે સીરિયાનું ભવિષ્ય સીરિયન લોકોએ નક્કી કરવાનું છે અને નવી સંસ્થાઓમાં વ્યવસ્થિત રાજકીય સંચાલન સુનિશ્ચિત કરવા માટે ઘણું કામ બાકી છે. રવિવાર, ૮ ડિસેમ્બરના રોજ, યુએનના વડાએ 'આ સંવેદનશીલ સમયે શાંતિ અને હિંસા ટાળવા માટે, ભેદભાવ વિના તમામ સીરિયનોના અધિકારોનું રક્ષણ કરવા માટે' તેમના આહ્વાનને પુનરાવર્તિત કર્યું. એક જાણીતા મીડિયાએ યુએન સેક્રેટરી-જનરલને ટાંકીને જણાવ્યું હતું કે, આંતરરાષ્ટ્રીય કાયદા અનુસાર તમામ કેસોમાં રાજદ્વારી અને કોન્સ્યુલર પરિસર અને કર્મચારીઓની અખંડિતતાનું સન્માન કરવું જોઈએ. ગુટેરેસે કહ્યું, 'કોઈપણ રાજકીય સંક્રમણ સર્વસમાવેશક અને વ્યાપક હોય અને તે તેમની તમામ વિવિધતામાં સીરિયન લોકોની કાયદેસરની આકાંક્ષાઓને પૂર્ણ કરે તે સુનિશ્ચિત કરવા માટે અમને આંતરરાષ્ટ્રીય સમુદાયના સમર્થનની જરૂર પડશે. સીરિયાની સાર્વભૌમત્વ, એકતા, સ્વતંત્રતા અને પ્રાદેશિક અખંડિતતા હોવી જોઈએ. પુનઃસ્થાપિત.' તેમણે કહ્યું કે સંયુક્ત રાષ્ટ્ર એવા લોકોની સ્મૃતિનું સન્માન કરશે જેમણે આ સંઘર્ષનો ભોગ લીધો છે. તેમણે કહ્યું, 'અમે સીરિયાના લોકોને એવા દેશનું નિર્માણ કરવામાં મદદ કરવા માટે પ્રતિબદ્ધ છીએ જ્યાં સમાધાન, ન્યાય, સ્વતંત્રતા અને સમૃદ્ધિ બધા માટે સહિયારી વાસ્તવિકતા હોય. આ સીરિયામાં સ્થાયી શાંતિનો માર્ગ છે.' દરમિયાન, ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતાન્યાહુએ રવિવારે જાહેરાત કરી હતી કે ૧૯૭૪નો યુએન-નિરીક્ષિત છૂટાછેડા કરાર, જેણે ઈઝરાયેલ અને સીરિયા વચ્ચે



ડિમિલિટરાઇઝ્ડ બફર ઝોનની સ્થાપના કરી હતી, તે 'ભંગ' થઈ ગઈ છે અને તેના પર અમારો કબજો છે. નેતાન્યાહુએ આ ટિપ્પણીઓ ઈઝરાયેલના કબજા હેઠળના ગોલાન હાઈટ્સમાં માઉન્ટ બેન્ટેલની મુલાકાત દરમિયાન કરી હતી, જે સીરિયન સરહદ પર એક અનુકૂળ બિંદુ છે. તેમની સાથે રક્ષા મંત્રી ઈઝરાયેલ કાત્ઝ પણ હતા. વડાપ્રધાને કહ્યું કે બશર અલ-અસદની સરકારના પતનથી 'મધ્ય પૂર્વમાં અસ્થિરતા પેદા થઈ છે'.

# માનવ અધિકાર સમૂહનું કહેવું છે કે, હૈતી ગેંગે ૧૧૦ લોકોની મેલીવિદ્યાના આરોપમાં હત્યા કરી નાખી

(એજન્સી) તા.૯

એક અગ્રણી માનવાધિકાર સમૂહે જણાવ્યું કે, હૈતીયન રાજધાનીના સૌથી ગરીબ પડોશમાં અઠવાડિયાના અંતે ઓછામાં ઓછા ૧૧૦ લોકો મૃત્યુ પામ્યા. સમૂહે સ્થાનિક ગેંગ લીડર દ્વારા વ્યક્તિગત વેર માટે હત્યાઓને જવાબદાર ગણાવી હતી. નેશનલ નેટવર્ક ફોર ધ ડિફેન્સ ઑફ હ્યુમન રાઇટ્સ (આરએનડીએચ)એ રવિવારે જણાવ્યું કે વ્હાર્ફ જેરેમી ગેંગના નેતા મોનેલ 'મિકેનો' ફેલિક્સે પોર્ટ-ઓ-પ્રિન્સ ખાતે ફેલાયેલી ઝૂંપડપટ્ટીમાં હત્યાકાંડનો આદેશ આપ્યો હતો. ફેલિક્સે કથિત રીતે વૂડૂ પાદરી પાસેથી સલાહ માંગી હતી, જેમણે આ વિસ્તારના વડીલો પર બાળકને નુકસાન પહોંચાડવા મેલીવિદ્યાનો ઉપયોગ કરવાનો આરોપ મૂક્યો હતો, જેનું શનિવારે બપોરે મૃત્યુ થયું હતું. RNDDH મુજબ, ગેંગના સભ્યોએ શુક્રવારે ઓછામાં ઓછા ૬૦ લોકોની અને શનિવારે ૫૦ લોકોની છરીઓ અને કુહાડીઓથી હત્યા કરી હતી. માનવાધિકાર સમૂહે અહેવાલ આપ્યો છે કે તમામ પીડિતોની ઉંમર ૬૦ વર્ષથી વધુ હતી. ગીચ વસ્તી ધરાવતું સાઈટ સોલીલ હૈતીના સૌથી ગરીબ અને સૌથી હિંસક વિસ્તારોમાંનું એક છે. ગેંગ પરના કડક નિયંત્રણો, જેમાં મોબાઈલ ફોનના ઉપયોગ પર પ્રતિબંધનો સમાવેશ થાય છે, તેણે રહેવાસીઓની હત્યા વિશે માહિતી શેર કરવાની ક્ષમતાને મર્યાદિત કરી છે. ઓક્ટોબરમાં યુનાઈટેડ નેશન્સે અનુમાન લગાવ્યું કે ફેલિક્સની ગેંગ લગભગ ૩૦૦ લોકોની સંખ્યા ધરાવે છે અને ફોર્ટ ડિમાન્ચે અને લા સલાઈનની આસપાસ સક્રિય છે. નવેમ્બર ૨૦૧૮માં લા સલાઈનમાં ઓછામાં ઓછા ૭૧ નાગરિકોની હત્યા કરવામાં આવી હતી, જ્યારે સેંકડો ઘરોને આગ લગાડવામાં આવી હતી. રાજકીય લડાઈથી ઘેરાયેલી સરકારને રાજધાનીમાં અને તેની આસપાસ સશસ્ત્ર ગેંગની વધતી શક્તિને નિયંત્રિત કરવામાં મુશ્કેલી પડી રહી છે. હૈતીયન સત્તાવાળાઓએ ૨૦૨૨માં સ્થાનિક પોલીસ માટે



આંતરરાષ્ટ્રીય સુરક્ષા સહાયની વિનંતી કરી હતી, પરંતુ સ્વૈચ્છિક યોગદાન પર આધારિત આ મિશન, જે ૨૦૨૩ માટે સંયુક્ત રાષ્ટ્ર દ્વારા મંજૂર કરવામાં આવ્યું હતું, તે ફક્ત આંશિક રીતે તૈનાત કરવામાં આવ્યું છે અને તેમાં સંસાધનોની ભારે અછત છે. ત્યારથી હૈતીયન નેતાઓએ મિશનને યુએન પીસકીપીંગ ફોર્સમાં રૂપાંતરિત કરવાની માંગ કરી હતી જેથી કરીને તે વધુ સારી રીતે સપ્લાય થાય, પરંતુ સુરક્ષા પરિષદમાં ચીન અને રશિયાના વિરોધને કારણે આ યોજના અટકી પડી. સંયુક્ત રાષ્ટ્રનું કહેવું છે કે હૈતીમાં આ વર્ષે અત્યાર સુધીમાં ૪,૫૦૦થી વધુ લોકોના મોત થયા છે. ઈન્ટરનેશનલ ઓર્ગેનાઈઝેશન ફોર માઈગ્રેશન (IOM) અનુસાર, છેલ્લા બે અઠવાડિયામાં અંદાજે ૪૧,૦૦૦ લોકોને તેમના ઘર છોડીને ભાગવાની ફરજ પડી છે. IOM કહે છે કે સંઘર્ષને કારણે હૈતીમાં એકંદરે ૭,૦૦,૦૦૦થી વધુ લોકો વિસ્થાપિત થયા છે.

# ઈઝરાયેલે સીરિયામાં રાસાયણિક શસ્ત્રોના શંકાસ્પદ સ્થળો અને લાંબા અંતરના રોકેટ સાઈટ પર હુમલો કર્યો

(એજન્સી) તા.૯

ઈઝરાયેલે સીરિયામાં શંકાસ્પદ રાસાયણિક શસ્ત્રો અને લાંબા અંતરના રોકેટ સાઈટ પર હુમલો કર્યો છે જેથી તે બળવાખોરોના હાથમાં ન આવે. વિદેશ મંત્રીએ સોમવારે (૯ ડિસેમ્બર, ૨૦૨૪) આ માહિતી આપી હતી. સીરિયન પ્રમુખ બશર અલ-અસદ દમાસ્કસ છોડી ભાગી ગયા હતા હતાં કારણ કે ઈસ્લામવાદી આગેવાની હેઠળના બળવાખોરોએ શહેર પર કબજો કરી લીધો હતો. જેનાથી ૧૩ વર્ષના ગૃહયુદ્ધ અને તેમના પરિવારના ૫૦ વર્ષથી વધુના ક્રૂર શાસનનો અંત આવ્યો અને દેશભરમાં ઉજવણીઓ શરૂ કરી. પૂર્વ અલ-કાયદાના સહયોગી હયાત અલ-તહરિર અલ-શામ (એચટીએસ)ની આગેવાની હેઠળના મિલિશિયા ગઠબંધન માટે તીવ્ર વધારો એ સૌથી મોટો વળાંક ચિહ્નિત કર્યો હતો. અસદના પતનથી એક ગઢ નાશ પામ્યો જ્યાંથી ઈરાન અને રશિયાએ સમગ્ર અરબ વિશ્વમાં પ્રભાવ પાડ્યો હતો. રશિયન મીડિયાએ અહેવાલ આપ્યો છે અને વિયેનામાં આંતરરાષ્ટ્રીય સંસ્થાઓમાં રશિયાના રાજદૂત, મિખાઈલ ઉલ્યાનોવે તેમની ટેલિગ્રામ ચેનલ પર જણાવ્યું હતું કે મોસ્કોએ અસદ અને તેના પરિવારને આશ્રય આપ્યો છે. આંતરરાષ્ટ્રીય સરકારોએ અસદના નિરંકુશ શાસનના અંતને આવકાર્યો કારણ કે તેઓ એક નવું મધ્ય પૂર્વ જોવા માંગતા હતા. યુએસ પ્રમુખ જો



બાઈડેને જણાવ્યું હતું કે સીરિયા જોખમ અને અનિશ્ચિતતાના સમયગાળામાંથી પસાર થઈ રહ્યું છે અને વર્ષોમાં પ્રથમ વખત એવું બન્યું છે કે ન તો રશિયા, ન ઈરાન કે હિઝબુલ્લાહ આતંકવાદી સંગઠને ત્યાં કોઈ પ્રભાવશાળી ભૂમિકા ભજવી નથી. બળવાખોરોને યુદ્ધ પછી દેશનું પુનઃનિર્માણ અને ચલાવવાના વિશાળ કાર્યનો સામનો કરવો પડી શકે છે જેમાં સેંકડો હજારો લોકો માર્યા ગયા હતા, શહેરો જમીન પર પડી ગયા હતા અને વૈશ્વિક પ્રતિબંધો દ્વારા અર્થવ્યવસ્થા હોલવાઈ ગઈ હતી. સીરિયાને અબજો ડોલરની મદદની જરૂર પડશે.

# સીરિયાની જીતના ભાષણમાં HTS નેતા અલ-જુલાનીએ કહ્યું કે નવો ઈતિહાસ લખાયો છે

(એજન્સી) તા.૯

સીરિયન રાજધાની પર કબજો કરનાર મુખ્ય સીરિયન વિરોધ સશસ્ત્ર સમૂહના નેતા અબુ મોહમ્મદ અલ-જુલાનીએ જણાવ્યું છે કે રાષ્ટ્રપતિ બશર અલ-અસદને હાંકી કાઢવામાં આવ્યા પછી સીરિયન લોકો દેશના 'વાસ્તવિક માલિકો' છે અને જાહેર કર્યું છે કે સમગ્ર કેન્દ્રમાં પૂર્વ માટે 'નવો ઈતિહાસ' લખવામાં આવ્યો છે. રવિવારે દમાસ્કસ પહોંચ્યા, તેના બળવાખોર સમૂહ હયાત તહરિર અલ-શામ (HTS)એ શહેર પર કબજો કર્યાના થોડા કલાકો પછી નેતાએ રાજધાનીની પ્રતીકાત્મક ઉમૈયા મસ્જિદમાં વિજય ભાષણ આપ્યું. જેમ જેમ દિવસનો પ્રકાશ થયો, ત્યારે સીરિયનોએ નાટ્યાત્મક રીતે બદલાયેલા દેશનો સામનો કરવો પડ્યો કારણ કે વિપક્ષી દળોએ વીજળીના હુમલાને પગલે દમાસ્કસમાં પ્રવેશ કર્યો. તેણે જાહેરાત કરી કે તેણે 'જુલમી' બશર અલ-અસદની સરકારને ઉથલાવી દીધી છે, જેઓ રવિવારે સવારે સીરિયા ભાગી ગયા હતા અને રશિયામાં છે, રશિયન મીડિયા અહેવાલો અનુસાર. 'અલ-અસદ શાસને તેના હજારો નાગરિકોને અન્યાયી અને કોઈપણ ગુના વિના કેદ કર્યા છે,' અલ-જુલાનીએ ઉમૈયાદ મસ્જિદમાં એકઠા થયેલા ભીડને સંબોધતા કહ્યું. તેમણે જણાવ્યું કે 'અમે [સીરિયન લોકો] આ દેશના વાસ્તવિક માલિક છીએ. અમે લડી રહ્યા છીએ અને આજે અમને આ જીત માટે પુરસ્કાર મળ્યો છે.' અલ-જુલાની, હવે પોતાનું અસલી નામ અહેમદ અલ-શારા તરીકે આપતાં પૂછે છે, 'દુનિયાભરમાં કેટલા લોકો વિસ્થાપિત થયા ? કેટલા



લોકો તંબુમાં રહેતા ? કેટલા સમુદ્રમાં ડૂબી ગયા ?' 'મારા ભાઈઓ, આ મહાન જીત પછી સમગ્ર પ્રદેશમાં એક નવો ઈતિહાસ લખાઈ રહ્યો છે.' ત્યારબાદ તેમણે ઉપસ્થિત લોકોને યાદ અપાવ્યું કે નવા સીરિયાના નિર્માણ માટે સખત મહેનત કરવી પડશે જે 'ઈસ્લામિક રાષ્ટ્ર માટે દીવાદાંડી' હશે. નેતાએ વિજય માટે આભાર માનવા દુવા માટે માંગ કરી. અલ-જુલાનીએ જણાવ્યું કે, 'અલ્લાહ તમને નિરાશ નહીં કરે.' 'આ જીત બધા સીરિયનો માટે છે; તેઓ બધા આ વિજયનો ભાગ હતા.'

# ઈઝરાયેલના ગોળીબારથી ઉત્તરી ગાઝાની હોસ્પિટલમાં પાણી, વીજળીની સમસ્યા

(એજન્સી) તા.૯

ઈઝરાયેલી ગોળીબારથી ઉત્તરી ગાઝામાં કમલ અદવાન હોસ્પિટલનો પાણી અને વીજળીનો પુરવઠો બંધ થઈ ગયો છે, એમ એક તબીબી સ્ત્રોતે રવિવારે જણાવ્યું હતું. તેણે જણાવ્યું કે 'શનિવાર સાંજથી પાણી, વીજળી અને ઓક્સિજનનો પુરવઠો કાપી નાખવામાં આવ્યો છે. તેમણે જણાવ્યું કે, 'ઓક્સિજન અને પાણીની અછતને કારણે, અમે શસ્ત્રક્રિયા કરવામાં અસમર્થ છીએ. હોસ્પિટલમાં પરિસ્થિતિ ભયજનક છે. હોસ્પિટલના ડાયરેક્ટર હુસૈન અબુ સફિયાએ શનિવારે જણાવ્યું કે હોસ્પિટલ પર ઈઝરાયેલી દળો દ્વારા કરવામાં આવેલા ગોળીબારમાં ઘણા લોકો ઘાયલ થયા છે, જેના કારણે પાણી, ઓક્સિજન અને ઇંધણની ટાંકીઓને ભારે નુકસાન થયું છે. પેલેસ્ટીની આરોગ્ય મંત્રાલયે શુક્રવારે ગાઝા હોસ્પિટલો પર ઈઝરાયેલના હુમલાઓને રોકવા માટે આંતરરાષ્ટ્રીય પગલાં લેવાની અપીલ કરી હતી. ઓક્ટોબર ૫થી ઈઝરાયેલે ઉત્તરી ગાઝામાં મોટા પાયે ગ્રાઉન્ડ ઑપરેશન શરૂ કર્યું છે, અહેવાલ મુજબ પેલેસ્ટીની પ્રતિકાર સમૂહ હમાસને ફરી એકઠા થતા અટકાવવા. જો કે, પેલેસ્ટીનનો આરોપ છે કે ઈઝરાયેલ આ વિસ્તાર પર કબજો કરવા માંગે છે અને તેના રહેવાસીઓને બળજબરીથી વિસ્થાપિત કરવા માંગે છે. ત્યારથી ખોરાક, દવા અને બળતણ સહિત લગભગ કોઈ માનવતાવાદી સહાયને આ વિસ્તારમાં પહોંચવાની મંજૂરી આપવામાં આવી નથી, જે ત્યાંની મોટાભાગની વસ્તીને-હાલમાં અંદાજિત ૮૦,૦૦૦-દુષ્કાળની અણી પર ધકેલી રહી છે. પેલેસ્ટીની આરોગ્ય અધિકારીઓના જણાવ્યા અનુસાર, ઉત્તરી ગાઝામાં અત્યાર સુધીમાં ૩,૫૦૦થી વધુ લોકો મૃત્યુ પામ્યા છે. ગયા ઑક્ટોબરમાં હમાસે ગાઝા



પટ્ટી પર હુમલો કર્યા પછી ઈઝરાયેલે ગાઝા પટ્ટી પર નરસંહાર યુદ્ધ શરૂ કર્યું, જેમાં ૪૪,૭૦૮થી વધુ લોકો મૃત્યુ પામ્યા, જેમાં મોટાભાગની સ્ત્રીઓ અને બાળકો હતા અને લગભગ ૧,૦૬,૦૦૦ ઘાયલ થયા હતા. ગાઝામાં હત્યાકાંડ, હવે તેના બીજા વર્ષમાં આંતરરાષ્ટ્રીય ટીકા વધી રહી છે, અધિકારીઓ અને સંગઠનોએ હુમલાઓને અને સહાય પુરવઠાને અવરોધિત કરવાને વસ્તીનો નાશ કરવાનો ઈરાદાપૂર્વકનો પ્રયાસ ગણાવ્યો છે. ૨૧ નવેમ્બરના રોજ ઈન્ટરનેશનલ ક્રિમિનલ કોર્ટે ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતાન્યાહૂ અને પૂર્વ સંરક્ષણ મંત્રી યોવ ગાલાંટ માટે ગાઝામાં યુદ્ધ અપરાધો અને માનવતા વિરૂદ્ધના ગુનાઓ માટે ધરપકડ વોરંટ જારી કર્યું હતું. ઈઝરાયેલને ગાઝા પરના તેના ઘાતક યુદ્ધ માટે ઈન્ટરનેશનલ કોર્ટ ઑફ જસ્ટિસમાં નરસંહારના કેસનો પણ સામનો કરવો પડી રહ્યો છે.

નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

તંત્રીલેખ ......

ગુજરાત ટુડે

# હાઈકોર્ટના વર્તમાન જજ જો મર્યાદા ચૂકે તો શું તેમની વિરૂદ્ધ પગલાં ન લેવાવાં જોઈએ ?

કોઈ સામાન્ય ન્યાયાધીશ પાસે પણ તેની તટસ્થતા, નિષ્પક્ષતા અંગે અપેક્ષા રખાય છે ત્યારે હાઈકોર્ટના ન્યાયાધીશ પાસે તો એમના પદની ગરિમા જળવાય એવા વાણી વર્તનની અપેક્ષા હોય જ કેમ કે દેશના બંધારણ મુજબ આ અત્યંત આવશ્યક બાબત છે પરંતુ અલ્હાબાદ હાઈકોર્ટના શેખરકુમાર યાદવ નામના જજે પોતાના આ સન્માનીય હોદ્દાની મર્યાદા જાળવી નથી... કેમ કે તેઓ પોતાના એકતરફી અને પક્ષપાતી વલણ માટે નામચીન એવી વિશ્વ હિંદુ પરિષદના કાર્યક્રમમાં હાજર તો રહ્યા જ ઉપરાંત તેમણે એવું વકતવ્ય પણ આપ્યું કે જે વાંધાજનક હતું... જજ યાદવે એક તો હિંદુ સંગઠનના કાર્યક્રમમાં હાજરી આપી ન્યાયાધીશો માટેના પ્રચલિત પ્રોટોકોલની પરવા કરી નથી અને અધૂરામાં પુરૂં પોતાના ભાષણમાં એવી ટિપ્પણીઓ કરી કે જે દેશના કરોડો નાગરિકોને સ્વીકાર્ય ન હોય... તેમણે વિવાદાસ્પદ મુદ્દા સમાન નાગરિક સંહિતા (યુસીસી) બાબતે બોલતા એવી ટિપ્પણીઓ કરી કે જે અંગે ઘણા નાગરિકોને વાંધો છે. વળી એમાંયે તેમણે પાછી એક ટિપ્પણી તો એવા સૂચિતાર્થ સાથે કરી કે દેશ તેની બહુમતી સમાજની મરજી સાથે ચાલશે.... આ ટિપ્પણી ખરેખર બહુ જ વાંધાજનક અને નિંદનીય છે કેમ કે તે ભારતના બંધારણની ભાવનાથી તદ્દન વિરૂદ્ધ છે. દેશનું બંધારણ કહે છે કે દેશ બિનસાંપ્રદાયિકતા સાથે નિષ્પક્ષતા સાથે નિષ્પક્ષ રીતે ચાલશે અને તે કોઈની પણ મરજી મુજબ ચાલશે નહીં પરંતુ શેખર યાદવે દેશ હિન્દુ સમાજની મરજી મુજબ ચાલશે એમ જણાવીને વધુ ગંભીર વાંધાજનક માનસિકતાને સરેઆમ વ્યકત કરી છે. વિહિપના કોઈ નેતા કે કોઈ રાજકારણીએ આવી ટિપ્પણી કરી હોત તો હજી કંઈક સમજમાં આવત પરંતુ અહીં તો એક હાઈકોર્ટના જવાબદાર જજ દ્વારા એવા વિધાનો કરાયા છે જે બંધારણની ભાવના વિરૂદ્ધ હોય. અહીં તેઓ જરાપણ ખચકાટ વગર કહી રહ્યા છે કે દેશ બહુમતીની ઈચ્છા પ્રમાણે ચાલશે...હવે દેશમાં બહુમતી કોની છે ? તો એના જવાબમાં હિન્દુ સમુદાય જ આવે... અર્થાત જજ યાદવ એમ કહેવા માગે છે કે આ દેશ હિન્દુઓની મરજી મુજબ જ ચાલશે... આવા સંજોગોમાં દેશમાં કરોડોની સંખ્યામાં રહેલી લઘુમતી એટલે કે મુસ્લિમો, શીખો, ખ્રિસ્તીઓ વગેરે કઈ રીતે તટસ્થ ન્યાયની અપેક્ષા રાખી શકે ? જ્યાં હાઈકોર્ટના વર્તમાન જજ એમ કહેતા હોય કે દેશ બહુમતીની મરજી મુજબ ચાલશે...

વાસ્તવમાં આ જજે માત્ર ન્યાયાતંત્રની ગરિમાનું જ ઉલ્લંઘન નથી કર્યું પરંતુ દેશના ન્યાયી, સ્વતંત્ર અને નિષ્પક્ષ બંધારણની ગરિમાને પણ ઠેસ પહોંચાડી છે. ભારતીય ન્યાયતંત્રની વિશેષતા જ તેની તટસ્થતા અને નિષ્પક્ષતા છે. દેશનું બંધારણ એ બહુમતીવાદી નથી પરંતુ સૌને સમાન અધિકાર આપતું લોકશાહીવાદી છે. બંધારણના રચયિતા ડો. બાબાસાહેબ આંબેડકરે સ્પષ્ટ રીતે કીધું છે કે, જેમ રાજાને શાસન કરવાનો કોઈ દૈવી અધિકાર નથી એમ ભારતમાં બહુમતીને પણ કોઈ દૈવી અધિકાર નથી. આ સ્પષ્ટ જ છે કે દેશનું ન્યાયતંત્ર કદી પણ પક્ષપાતી ન બની શકે પરંતુ જસ્ટિસ શેખર યાદવ પ્રથમ દૃષ્ટિએ જ પક્ષપાતી જણાય છે. જો એવું ન હોત તો તેઓ વિશ્વ હિન્દુ પરિષદ જેવા હિન્દુવાદી સંગઠનના કાર્યક્રમમાં હાજરી જ ન આપત કારણ કે આ એ સંગઠન છે કે જેની સામે તેની વાંધાજનક પ્રવૃત્તિઓને કારણે પ્રતિબંધ મુકાતો આવ્યો છે. જેમ અનેક હિન્દુવાદી સંગઠનોની માતૃસંસ્થા સમાન આરએસએસ પર ભૂતકાળમાં સરદાર વલ્લભભાઈ પટેલે પ્રતિબંધ મુકયો અને ત્યાર બાદ પણ તેની પર પ્રતિબંધો મુકાતા આવ્યા છે એમ એનો જ એક ભાગ એવી વિહિપ પણ તેના કટ્ટર મુસ્લિમ વિરોધી વલણ માટે પંકાયેલી છે ત્યારે આવી એકતરફી કટ્ટર સંસ્થાના કાર્યક્રમમાં જો હાઈકોર્ટના ન્યાયાધીશો હાજરી આપવા માંડશે અને એમની મરજી મુજબના બખાળાં કાઢવા માંડશે તો પછી આ દેશના ન્યાયતંત્રનું-બંધારણનું શું થશે ? આ દેશ અને તેની લોકશાહીનું શું થશે ? એટલે આવી અવ્યવહારૂ વર્તણૂક બદલ ઉપરોકત જજ શેખરકુમાર યાદવ પર સુપ્રીમકોર્ટ અથવા તો સંબંધિત સત્તાવાળાઓએ પગલાં લેવા જોઈએ.. વળી એવું નથી કે આ જજે પહેલી જ વાર આવી ટિપ્પણીઓ કરી હોય... અગાઉ ૨૦૨૧માં તેમણે હિન્દુ ધર્મ અને તેની પૌરાણિક કથાઓના તત્ત્વોનું સમર્થન આપ્યું હતું. પોતાના એક ચુકાદામાં તેમણે ગાયને રાષ્ટ્રીય પ્રાણી જાહેર કરવાની માંગ કરી ગૌરક્ષાને હિન્દુઓના મૂળભૂત અધિકાર તરીકે સમાવવાની પણ વાત કરી હતી...!! પોતાના ૧૨ પાનાના એક ચુકાદામાં તેમણે કોને ખબર કયા વૈજ્ઞાનિકોને ટાંકીને એવી નોંધ કરી હતી કે ગાય વિશ્વનું એક માત્ર એવું પ્રાણી છે કે જે ઓકિસજન શ્વાસમાં લે છે અને ઓકિસજન જ બહાર કાઢે છે....!! આ જ જસ્ટિસ યાદવે કોરોના કાળ દરમ્યાન વડાપ્રધાન મોદીના રસીકરણ અભિયાનની પ્રશંસા કરી હતી... આવા તો ઘણા ઉદાહરણો આપી શકાય છે ત્યારે આ જજ સામે શું પગલાં લેવાવા ન જોઈએ ? વાસ્તવમાં ભૂતકાળમાં તેમની વિરૂદ્ધ આવી વ્યવસાયિક ગેરવર્તણૂક કરવા બદલ કોઈ કાર્યવાહી કરાઈ નથી એટલે કદાચ એનું જ પરિણામ હોઈ શકે કે જસ્ટિસ યાદવ સતત ન્યાયિક મર્યાદાઓનું ઉલ્લંઘન કરી રહ્યા હોય...!! પણ હવે તેમની વિરૂદ્ધ યોગ્ય કાર્યવાહી કરવાનો સમય પાકી ગયો છે.

# એમ્નેસ્ટી ઈઝરાયેલ : તેનું કર્તવ્ય માનવ અધિકાર માટે છે કે ઈઝરાયેલના રાજકીય એજન્ડા માટે ?

ગાઝામાં ઈઝરાયેલનો નરસંહાર છેલ્લા એક વર્ષથી ચર્ચામાં છે અને માનવતાવાદી અભિગમો નષ્ટ કરવામાં આવ્યા છે. લોકોને ઈઝરાયેલી બંધકોની મુક્તિની એકમાત્ર ચિંતા છે અને ઈઝરાયેલના સુરક્ષા વર્ણનમાં બંધકોને હજુ પણ મુખ્ય રીતે દર્શાવવામાં આવે છે તેનું એકમાત્ર કારણ એ છે કે જો બંધકોની સતત વાત કરવામાં આવે તો, ઈઝરાયેલ તેમને બચાવવાના આશ્રય હેઠળ આ નરસંહાર કરવાનું ચાલુ રાખી શકે છે.

આ દરમિયાન, પેલેસ્ટીનીઓ અંગે શું ? તેઓ કાયમ માટે અપંગ થઈ ગયા છે, તેઓની હત્યાઓ કરવામાં આવી છે, તેઓના ટુકડા કરી નાખવામાં આવ્યા છે, હજારો લોકો ગુમ છે અને હજારોને સળગાવીને મારી નાખવામાં આવ્યા છે. તેમની આ દુર્દશાને અહેવાલોમાં સૂચિબદ્ધ કરવામાં આવતી નથી.

એમ્નેસ્ટી ઈન્ટરનેશનલનો ૨૯૬ પાનાનો અહેવાલ, યુ ફીલ લાઈક યુ આર સબહ્યુમન: એ ગાઝામાં પેલેસ્ટીનીઓ સામે ઈઝરાયેલનો નરસંહારનું આવું જ એક ઉદાહરણ છે.

એમ્નેસ્ટી ઈન્ટરનેશનલ અનુસાર તેના અહેવાલના નિષ્કર્ષમાં જણાવાયું છે કે, તેણે જે પુરાવા એકત્ર કર્યા છે તે તારણ કાઢવા માટે પૂરતો આધાર પૂરો પાડે છે કે ઈઝરાયેલ, ૭ ઓક્ટોબર ૨૦૨૩ પછી ગાઝામાં પેલેસ્ટીનીઓ વિરુદ્ધ તેની નીતિઓ, ક્રિયાઓ માટે પ્રતિબદ્ધ છે અને તે નરસંહાર કરી રહ્યું છે. આ અહેવાલ નવ મહિનાના સમયગાળા પર કેન્દ્રિત હોવા છતાં, એમ્નેસ્ટી ઈન્ટરનેશનલ એવા પુરાવાઓથી અજાણ છે કે જે સૂચવે છે કે ઈઝરાયેલની નીતિઓ, ક્રિયાઓ નોંધપાત્ર રીતે બદલાઈ ગયા છે.

જો કે, એમનેસ્ટી ઈન્ટરનેશનલની ઈઝરાયેલ શાખા દ્વારા આ સ્પષ્ટ નિવેદનને નકારી કાઢવામાં આવ્યું હતું. આંતરરાષ્ટ્રીય માનવાધિકાર સંગઠનથી પોતાને દૂર રાખીને, એમ્નેસ્ટી ઈઝરાયેલે કહ્યું કે તે ગાઝા પટ્ટીમાં નરસંહાર થયો હોવાના દાવાને સ્વીકારતું નથી અને અહેવાલના ઓપરેટિવ તારણો સ્વીકારતું નથી. તેના નવ બોર્ડ સભ્યોમાંથી ચારે રાજીનામું આપ્યું છે: એક એવો દાવો કરે છે કે આ સંસ્થા દ્વારા ઈઝરાયેલનું પૂરતું પ્રતિનિધિત્વ નથી અને ત્રણ કહે છે કે તેમાં પેલેસ્ટીનનું અપૂરતું પ્રતિનિધિત્વ છે.



એમ્નેસ્ટી ઈઝરાયેલ દ્વારા અનેક ટીકાઓ કરવામાં આવી હતી. આ અહેવાલનું વર્ણન "કૃત્રિમ વિશ્લેષણ" ધરાવતું અને પૂર્વનિર્ધારિત નિષ્કર્ષ સ્થાપિત કરવા માટે છે. આ પ્રકારના પૂર્વનિર્ધારિત તારણો અન્ય એમ્નેસ્ટી ઈન્ટરનેશનલ તપાસની લાક્ષણિકતા નથી. એમ્નેસ્ટી ઈઝરાયેલે આંતરરાષ્ટ્રીય સંસ્થા પર ઓક્ટોબર ૭ના હત્યાકાંડની ગંભીરતા ઘટાડવા અને એમ્નેસ્ટી ઈન્ટરનેશનલના લક્ષ્ય પ્રેક્ષકોમાં લોકપ્રિય કથાને સમર્થન આપવાનો પ્રયાસ કરવાનો આરોપ પણ મૂક્યો હતો.

એમ્નેસ્ટી ઈઝરાયેલ એ ભૂલી ગયું છે કે જ્યારે માનવાધિકાર સંગઠનો ઈઝરાયેલના રંગભેદ અને લશ્કરી વ્યવસાયની ટીકા કરી રહ્યા હતા, ત્યારે એમ્નેસ્ટી ઈન્ટરનેશનલ યુએસએ તેના અહેવાલને એમ કહીને યોગ્ય ઠરાવ્યું હતું કે તેણે શાસન સાથે કોઈ વલણ લીધું નથી અને તેના બદલે ઈઝરાયેલ સરકારની જવાબદારીઓ પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે.

શું એવું બની શકે કે એમ્નેસ્ટી ઈઝરાયેલ ગાઝાના નરસંહારના સંદર્ભમાં સમાન વલણની અપેક્ષા રાખે છે? એમ્નેસ્ટી ઈઝરાયેલ માત્ર એવું કહીને છટકી શકે નહીં કે, ગાઝામાં ઈઝરાયેલ દ્વારા કરાયેલી હત્યા અને વિનાશનું પ્રમાણ ભયાનક પ્રમાણમાં થયું છે અને તેને તરત જ બંધ કરવું જોઈએ, પરંતુ તેઓએ નરસંહારને માન્યતા આપી નથી.

એમ્નેસ્ટી ઈઝરાયેલની શાખાએ ઈઝરાયેલના નરસંહારને સમર્થન આપ્યું હતું. આવું કરવામાં તે એકલા નથી અને વિશ્વના અનેક નેતાઓએ, વિવિધ અંશે, ઈઝરાયેલના નરસંહારને સમર્થન પૂરું પાડ્યું છે. તેથી, બળજબરીથી વિસ્થાપન, અમાનવીય પરિસ્થિતિઓ, ઈઝરાયેલ દ્વારા માનવતાવાદી સહાયને સુલભ બનાવવાનો ઈન્કાર, સત્તાવાર રીતે માર્યા ગયેલા લોકોની સંખ્યા, સંઘર્ષ, યુદ્ધ અને નરસંહાર એ ઈઝરાયેલની ક્રિયાઓની રાજદ્વારી દ્વારા ટીકા થવી જોઈએ. એમ્નેસ્ટી ઈઝરાયેલ ગાઝામાં નરસંહારને નકારવામાં ભાગીદાર છે. અમેરિકાએ પણ આ અહેવાલને રદિયો આપ્યો હતો. યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટના ડેપ્યુટી પ્રવક્તા વિદંત પટેલે જણાવ્યું હતું કે, અમે અગાઉ કહ્યું છે અને અમે નરસંહારના આરોપોને પાયાવિહોણા ગણીએ છીએ. એમનેસ્ટી ઈન્ટરનેશનલનો અહેવાલ માત્ર એક અભિપ્રાય છે.

જર્મનીના વિદેશ મંત્રાલયના પ્રવક્તા સેબેસ્ટિયન ફિશરે પણ કહ્યું કે ગાઝામાં નરસંહારના કોઈ નિર્ણાયક પુરાવા નથી. નરસંહારનો પ્રશ્ન વંશીય જૂથને નાબૂદ કરવાના સ્પષ્ટ હેતુની ધારણા છે. હું હજુ પણ આવા કોઈ સ્પષ્ટ ઈરાદાને જોતો નથી અને તેથી હું રિપોર્ટના તારણો શેર કરી શકતો નથી.

ગાઝામાં પેલેસ્ટીનીઆથી સંપૂર્ણપણે નાશ કરવા ઈઝરાયેલના અધિકારીઓ દ્વારા સતત ઉશ્કેરણી કરવામાં આવી છે અને તેના લોકોને માનવ પ્રાણીઓ કહેવામાં આવ્યા હતા. પૂર્વ ઈઝરાયેલના સંરક્ષણ પ્રધાન યોવ ગેલન્ટે ગાઝામાં પેલેસ્ટીની લોકોના વર્તમાન અમાનવીયીકરણ માટે આ વાત કરી હતી. હજુ પણ ઈઝરાયેલના રાજકીય સાથીઓએ તેને સમર્થન આપ્યું છે. ઈઝરાયેલના રાષ્ટ્રપતિ આઈઝેક હરઝોગે ગાઝામાં નિર્દોષ નાગરિકોની વાસ્તવિકતાને ફગાવી દીધી અને કહ્યું કે, ત્યાં કોઈ નિર્દોષ નથી. હર્ઝોગના જણાવ્યા મુજબ, ગાઝાના તમામ પેલેસ્ટીનીઓ કાયદેસરના લક્ષ્યો છે અને તે આ હિંસાને સમર્થન આપે છે. તો એમ્નેસ્ટી ઈઝરાયેલ શું ઈચ્છે છે ? માનવાધિકાર સંગઠન તરીકે, એમ્નેસ્ટી ઈઝરાયેલ માનવ અધિકારો માટે ઉભું હોવું જોઈએ. એમ્નેસ્ટી ઈઝરાયેલ એ ઈઝરાયેલના વસાહતી ફેબ્રિકનો એક ભાગ છે. એમ્નેસ્ટી ઈન્ટરનેશનલના અહેવાલના સંદર્ભમાં તેના કેટલા નિવેદનો નરસંહારના રાજ્યના ઈન્કાર સાથે સંબંધિત છે? એમ્નેસ્ટી ઈઝરાયેલને તેના વલણ માટે ઈઝરાયેલ મીડિયામાં પ્રોત્સાહન આપવામાં આવ્યું છે. એમ્નેસ્ટી ઈઝરાયેલનું આ વલણ રાજકીય છે, તે માનવ અધિકાર પર આધારિત નથી. તે રાજદ્વારી નિવેદનને પ્રતિબિંબિત કરે છે જે ઈઝરાયેલને નરસંહાર સાથે આગળ વધવાની મંજૂરી આપે છે. હવે, ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતાન્યાહુ પાસે આ માનવાધિકાર સંગઠન છે જે તેમના સમાન માળખાને પ્રોત્સાહન આપે છે. પેલેસ્ટીનીઆની હત્યા બંધ થવી જોઈએ. પરંતુ પ્રશ્ન હવે હત્યાનો નથી પરંતુ ૧૯૪૮ના નક્બાથી અને ત્યારથી સતત નિરાધારિત શરણાર્થીઓની સ્વદેશી વસ્તીનો નાશ કરવાનો છે. શું એમ્નેસ્ટી ઈઝરાયેલને પૂર્વયોજિત હત્યા અને આ નરસંહારના માળખા અને તેના અમલીકરણની નિંદા કરવી જોઈએ નહીં ? શું તે આ નરસંહારને ઈઝરાયેલ અને કહેવાતા માનવ અધિકારોની આંતરરાષ્ટ્રીય સમુદાયની વિભાવનાને સમર્થન આપી રહ્યું છે?

-રમોના વાડી

(સૌ. : મિડલ ઈસ્ટમોનિટર)

# રાજસ્થાન વૈશ્વિક રોકાણ સમિટમાં વડાપ્રધાન મોદીએ 'લોકશાહી, વસ્તી વિષયક, ડિજિટલ ડેટા અને ડિલિવરીની શક્તિ'ની પ્રશંસા કરી

## મુખ્યમંત્રી ભજનલાલ શર્માએ જણાવ્યું હતું કે, સમિટ પહેલાં જ ૩૫ લાખ કરોડ રૂપિયાના MoU પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા

(એજન્સી) તા.૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ત્રણ દિવસીય રાઈઝિંગ રાજસ્થાન ઈન્વેસ્ટમેન્ટ સમિટનું ઉદ્‌ઘાટન કરતાં સોમવારે જણાવ્યું હતું કે, તે એક 'નોંધપાત્ર સિદ્ધિ' છે કે, ભારત જેવા વૈવિધ્યસભર દેશમાં લોકશાહી ઝડપથી વિકાસ પામી રહી છે અને વધુને વધુ મજબૂત બની રહી છે. તેમણે કહ્યું કે, લોકશાહીની શક્તિ, ડેમોગ્રાફી, ડિજિટલ ડેટા અને ડિલિવરી ભારતની સફળતાથી સ્પષ્ટ થાય છે. ભારત જેવા વૈવિધ્યસભર દેશમાં લોકશાહી માત્ર આગળ જ વધી રહી નથી પણ વધુને વધુ મજબૂત પણ બની રહી છે, જે એક નોંધપાત્ર સિદ્ધિ છે. આજે ભારતના લોકો, તેમના લોકતાંત્રિક અધિકારો દ્વારા, એક સ્થિર સરકાર માટે મત આપી રહ્યા છે. આ પ્રસંગે રાજસ્થાનના રાજ્યપાલ હરિભાઈ બગડે, મુખ્યમંત્રી ભજનલાલ શર્મા, નાયબ મુખ્યમંત્રી દિયા કુમારી અને પ્રેમચંદ બૈરવા, ગૌતમ અદાણી, કુમાર મંગલમ બિરલા, આનંદ મહિન્દ્રા અને અનિલ અગ્રવાલ સહિતના ટોચના ઉદ્યોગપતિઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. મોદીએ કહ્યું કે, ભારતમાં વિશાળ ઉત્પાદન આધાર હોવો મહત્ત્વપૂર્ણ છે કારણ કે, વિશ્વને એવી અર્થવ્યવસ્થાની જરૂર છે જે સૌથી મોટી કટોકટી દરમિયાન પણ મજબૂત રીતે કાર્ય કરવાનું ચાલુ રાખે. તેમણે કહ્યું કે, 'રિફોર્મ, પરફોર્મ એન્ડ ટ્રાન્સફોર્મ'ના મંત્રને અનુસરીને વિકાસ દરેક ક્ષેત્રમાં દેખાઈ રહ્યો છે. તેમણે કહ્યું કે, ભારતમાં વિશાળ ઉત્પાદન આધાર હોવો મહત્ત્વપૂર્ણ છે તેમાં વિક્ષેપ ન થવો જોઈએ. આ માટે ભારતમાં મોટો 'મેન્યુફેક્ચરિંગ બેઝ' હોવો ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. ભારતે બતાવ્યું છે કે, કેવી રીતે ડિજિટલ ટેક્નોલોજીનું લોકશાહીકરણ દરેક ક્ષેત્ર અને દરેક વર્ગને ફાયદો પહોંચાડી રહ્યું છે. ભારત વિશ્વને 'લોકશાહી, વસ્તી વિષયક અને ડેટા'ની વાસ્તવિક શક્તિ બતાવી રહ્યું છે.

# મુંબઈમાં બેસ્ટની બસ બેકાબૂ બની રાહદારીઓને કચડી નાખતા ૩નાં મોત અને ૨૦થી વધુ ઘાયલ

(એજન્સી) મુંબઈ,તા.૯

મુંબઈમાં સોમવારે રાત્રે બેસ્ટની એક બસ આંબેડકરનગર વિસ્તારમાં બેકાબૂ બની જતાં અનેક રાહદારીઓ અડફેટે ચડી

## ભરચક બસ કુર્લાથી અંધેરી જઈ રહી હતી ત્યારે કોઈ કારણે ડ્રાઈવરે કાબૂ ગુમાવતા રાહદારીઓ પર ફરી વળી, ભારે ભાગમભાગ મચી, બસની અડફેટે બીજા અનેક વાહનોને નુકસાન

ગયા હતા પરિણામે ૩ રાહદારીઓનું કચડાઈ જવાથી સ્થળ પર મૃત્યુ થયું હતું. જયારે અન્ય ૨૦ લોકો ઘાયલ થયા હતા. ડ્રાઈવરે કોઈ કારણસર કાબૂ ગુમાવી દેતાં બેકાબૂ બસ ફુટપાથ પર ચાલ્યા જતાં રાહદારીઓ પર ફરી વળી હતી. પરિણામે ભારે નાસભાગ મચી ગઈ હતી. બની અડફેટથી સંખ્યાબંધ વાહનોને નુકસાન થયું હતું. પોલીસે જણાવ્યા મુજબ બેસ્ટની બસ કુર્લાથી અંધેરી તરફ જઈ રહી હતી ત્યારે આ ગંભીર અકસ્માત સર્જાયો હતો. ઈજાગ્રસ્તોને તાત્કાલિક ભાભા હોસ્પિટલ અને સાયન હોસ્પિટલ લઈ જવાયા હતા. પોલીસે બસ ડ્રાઈવરની ધરપકડ કરી લીધી છે અને કડક પૂછપરછ શરૂ કરી છે. ઘટનાને પગલે તુરત જ ફાયરબ્રિગેડ અને એમ્બ્યુલન્સ સાથે તબીબી ટુકડીઓ સ્થળ પર ધસી ગઈ હતી.

# મણિપુર હિંસા : સુપ્રીમ કોર્ટે રાજ્ય પાસેથી મિલકતની આગચંપી અને અતિક્રમણ અંગે વિગતો માંગી

(એજન્સી) તા.૯

સુપ્રીમ કોર્ટે સોમવારે મણિપુર સરકારને રાજ્યમાં જાતિ હિંસા દરમિયાન સંપૂર્ણ અથવા આંશિક રીતે બળી ગયેલા ઘરો અને મિલકતોની વિગતો સીલબંધ કવરમાં પ્રદાન કરવા અને તેના પર અતિક્રમણ કરાયાની વિગતો રજૂ કરવા નિર્દેશ આપ્યો હતો. કોર્ટે રાજ્ય સરકારને પૂછ્યું કે મિલકતો પર અતિક્રમણ કરનારા અને આગ લગાડનારાઓ સામે શું કાર્યવાહી કરવામાં આવી ? ચીફ જસ્ટિસ સંજીવ ખન્ના અને જસ્ટિસ સંજયકુમારની બેન્ચે અરજી પર સુનાવણી ૨૦ જાન્યુઆરીથી શરૂ થતાં અઠવાડિયા માટે નક્કી કરી છે. ગયા વર્ષે ઓગસ્ટમાં ટોચની અદાલતે પીડિતોની રાહત અને પુનર્વસન અને તેમને વળતરની દેખરેખ માટે ત્રણ પૂર્વ મહિલા હાઈકોર્ટ જજોની એક સમિતિની રચના કરવાનો આદેશ આપ્યો હતો. વધુમાં કોર્ટે મહારાષ્ટ્રના પૂર્વ પોલીસ વડા દત્તાત્રેય પડસાલગીકરને ફોજદારી કેસોની તપાસની દેખરેખ રાખવા જણાવ્યું હતું. મણિપુરમાં ૩ મે, ૨૦૨૩ના રોજ પ્રથમ વખત જ્ઞાતિની હિંસા ફાટી નીકળી ત્યારથી અત્યાર સુધીમાં ૧૬૦થી વધુ લોકો માર્યા ગયા છે અને કેટલાય ઘાયલ થયા છે. બહુમતી મેઈતેઈ સમુદાયની અનુસૂચિત જનજાતિના દરજ્જાની માંગના વિરોધમાં પહાડી જિલ્લાઓમાં 'આદિજાતિ એકતા માર્ચ'નું આયોજન કરવામાં આવ્યું હતું, જેના પગલે જાતિ હિંસા ફાટી નીકળી હતી.

# તેઓને નોકરી આપી શકતા નથી તો કેટલા સમય સુધી મફત રાશન આપી શકાય ? : સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને ઠપકો આપ્યો

## કોર્ટની બેન્ચે આશ્ચર્ય વ્યક્ત કર્યું હતું જ્યારે કેન્દ્રએ કોર્ટને જણાવ્યું કે, ૮૧ કરોડ લોકોને ભૂખ્યા ન રહે તે માટે મફત અથવા સબસિડીવાળું રાશન આપવામાં આવી રહ્યું છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૯

સુપ્રીમ કોર્ટે કોવિડ રોગચાળા પછી સ્થળાંતરિત કામદારોને મફત રાશન આપવામાં આવે છે અને તેમની રોજગારની તકો અને ક્ષમતા નિર્માણની જરૂરિયાત પર ભાર મૂકતા ન્યાયમૂર્તિ સૂર્યકાંત અને ન્યાયમૂર્તિ મનમોહનની બેન્ચે કેન્દ્ર તરફથી હાજર રહેલા સોલિસિટર જનરલ તુષાર મહેતા અને એડિશનલ સોલિસિટર જનરલ ઐશ્વર્યાભાટીને જણાવ્યું હતું.

એડવોકેટ પ્રશાંત ભૂષણ ૨૦૨૦માં કોવિડ રોગચાળા દરમિયાન પરપ્રાંતિય મજૂરોની સમસ્યાઓ અને વેદનાઓ પરના સુઓમોટુ કેસમાં એનજીઓ તરફથી હાજર હતા. 'ઈ-શ્રમ' પોર્ટલ પર નોંધાયેલા તમામ સ્થળાંતર કામદારોને તાત્કાલિક રાહત આપવા માટે મફત રશન આપવા અંગે કહ્યું હતું કે, તેના માટે નિર્દેશો જારી કરવાની જરૂર છે.

બેન્ચે કહ્યું કે, ક્યાં સુધી આ ફ્રીબી આપી શકાય ? શા માટે આપણે આ સ્થળાંતર કામદારો માટે નોકરીની તકો, રોજગાર અને ક્ષમતા નિર્માણ માટે કામ કરતા નથી ? ભૂષણે કહ્યું કે, આ અદાલત દ્વારા સમયાંતરે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને સ્થળાંતર કામદારોને રેશન કાર્ડ જારી કરવા માટે નિર્દેશો જારી કરવામાં આવ્યા છે જેથી તેઓ કેન્દ્ર દ્વારા આપવામાં આવતા મફત રાશનનો લાભ લઈ શકે. તેમણે કહ્યું કે, તાજેતરનો આદેશ કહે છે કે, જેમની પાસે રેશન કાર્ડ નથી પરંતુ તેઓ 'ઈ-શ્રમ' પોર્ટલ હેઠળ નોંધાયેલા છે તેમને પણ કેન્દ્ર દ્વારા મફત રાશન આપવામાં આવશે. જસ્ટિસ સૂર્યકાંતે કહ્યું કે, આ સમસ્યા છે. જે ક્ષણે અમે રાજ્યોને તમામ પરપ્રાંતિય કામદારોને મફત રાશન આપવાનો નિર્દેશ આપીએ છીએ, ત્યારે એક પણ અહીં જોવા મળશે નહીં. લોકોને ખુશ કરવા માટે રાજ્યો રાશન કાર્ડ જારી કરી શકે છે કારણ કે, તેઓ સારી રીતે જાણે છે કે, મફત રાશન પૂરૂં પાડવાની જવાબદારી કેન્દ્રની છે.

ભૂષણે કહ્યું કે, જો ૨૦૨૧માં વસ્તી ગણતરી થઈ હોત તો સ્થળાંતર કામદારોની સંખ્યામાં વધારો થયો હોત કારણ કે, કેન્દ્ર હાલમાં ૨૦૧૧ની વસ્તી ગણતરીના ડેટા પર આધાર રાખે છે. ખંડપીઠે કહ્યું કે, આપણે કેન્દ્ર અને રાજ્યો વચ્ચે વિભાજન ન કરીએ, નહીં તો તે ખૂબ મુશ્કેલ હશે.

મહેતાએ કહ્યું કે, આ કોર્ટના આદેશો કોવિડ-વિશિષ્ટ છે. તે સમયે આ અદાલતે સ્થળાંતર કામદારોની તકલીફને જોતા સહાય પૂરી પાડવા માટે આ આદેશો પસાર કર્યા હતા. સરકાર ૨૦૧૩ના કાયદાથી બંધાયેલી છે અને વૈધાનિક યોજનાથી આગળ વધી શકતી નથી. સુનાવણીમાં મહેતા અને ભૂષણ વચ્ચે થોડી ઉગ્ર દલીલો જોવા મળી હતી. સોલિસિટર જનરલે કહ્યું હતું કે, અદાલતે આર્મચેર એનજીઓ દ્વારા આપવામાં આવેલા ડેટા અને આંકડાઓ પર આધાર રાખવો જોઈએ નહીં, જે લોકોને રાહત આપવાને બદલે સર્વોચ્ચ અદાલતમાં મુસદ્દો તૈયાર કરવામાં અને અરજી દાખલ કરવામાં વ્યસ્ત હતી.

ભૂષણે જણાવ્યું હતું કે, મહેતા તેમનાથી નારાજ હતા કારણ કે, તેમણે તેમના સંબંધિત કેટલાક ઈ-મેઈલ જાહેર કર્યા હતા. જસ્ટિસ સૂર્યકાંતે મહેતા અને ભૂષણ બંનેને શાંત કરવાનો પ્રયાસ કર્યો અને કહ્યું કે, સ્થળાંતર કામદારોના કેસની વિગતવાર સુનાવણીની જરૂર છે અને તેને ૮ જાન્યુઆરીએ સૂચિબદ્ધ કરવામાં આવે.

જસ્ટિસ સૂર્યકાંત અને જસ્ટિસ મનમોહનની ખંડપીઠ ત્યારે આશ્ચર્યચકિત થઈ ગઈ જ્યારે કેન્દ્રએ કોર્ટને માહિતી આપી કે ૨૦૧૩ના રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા કાયદા હેઠળ ૮૧ કરોડ લોકોને મફત અથવા સબસિડીવાળું રાશન આપવામાં આવી રહ્યું છે. ૨૯ જૂન, ૨૦૨૧ના રોજ આપેલા ચુકાદામાં અને ત્યારપછીના આદેશોમાં સર્વોચ્ચ અદાલતે અધિકારીઓને કોવિડ-૧૯ રોગચાળા દરમિયાન મુશ્કેલીમાં મૂકાયેલા તમામ સ્થળાંતર કામદારોને રેશનકાર્ડ આપવા સહિત કલ્યાણના પગલાં લેવા જણાવ્યું હતું.

આ પોર્ટલ દેશના અસંગઠિત ક્ષેત્રના કામદારોને કલ્યાણ લાભો અને સામાજિક સુરક્ષાના પગલાંની ડિલિવરીની સુવિધા આપવાના પ્રાથમિક ઉદ્દેશ્ય સાથે કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રાલય દ્વારા શરૂ કરાયેલ અસંગઠિત કામદારોનો વ્યાપક રાષ્ટ્રીય ડેટાબેઝ છે. ૨ સપ્ટેમ્બરના રોજ સર્વોચ્ચ અદાલતે કેન્દ્રને તેના ૨૦૨૧ના ચુકાદાના પાલન અને સ્થળાંતર કામદારોને રેશન કાર્ડ અને અન્ય કલ્યાણના પગલાં પૂરા પાડવા અંગેના અનુગામી નિર્દેશો વિશેની વિગતો આપતું સોગંદનામું દાખલ કરવા જણાવ્યું હતું. કેન્દ્રએ કહ્યું હતું કે, તે રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા અધિનિયમ હેઠળ પાત્રતા ધરાવતા તમામ લોકોને રાશન આપી રહ્યું છે. સર્વોચ્ચ અદાલતે ૨૦૨૧ના ચુકાદામાં અસંગઠિત કામદારો માટે રાષ્ટ્રીય ડેટાબેઝ બનાવવા પ્રત્યે કેન્દ્રના ઉદાસીન વલણને અક્ષમ્ય ગણાવ્યું હતું અને તમામ સ્થળાંતર કામદારોની નોંધણી અને તેમને રાહત પ્રદાન કરવા માટે ૩૧ જુલાઈ, ૨૦૨૧ સુધીમાં તેની શરૂઆત કરવાનો આદેશ આપ્યો હતો. કોર્ટે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને રોગચાળો ચાલે ત્યાં સુધી તેમને મફત સૂકું રાશન પૂરૂં પાડવા માટેની યોજનાઓ ઘડવા આદેશ આપ્યો હતો જ્યારે કેન્દ્રને વધારાના અનાજની ફાળવણી કરવાનું કહ્યું હતું અને સંબંધિત વિભાગને સ્થળાંતરિત મજૂરોને અન્નની ફાળવણી અને વિતરણ કરવા નિર્દેશ આપ્યો હતો.

### હદીસ બોધ

મજૂરની મજૂરી તેનો પરસેવો સૂકાય તે પહેલાં ચૂકવો.
(હદીસ બોધ)

### બોધ વચન

પ્રેમ એ ત્યાં સુધી પ્રેમ નથી, જ્યાં સુધી તે બીજાને આપી ન દેવાય.
-એરિક

### આજની આરસી

૧૦ ડિસેમ્બર મંગળવાર ૨૦૨૪
૭ જમાદિલ આખર હિજરી ૧૪૪૬
માગશર સુદ દસમ સંવત ૨૦૮૧

| | |
|---|---|
| સુબ્હ સાદિક | ૫-૪૫ |
| ખત્મે ઝવાલ | ૧૨-૩૨ |
| તુલૂએ આફતાબ (સૂર્યોદય) | ૭-૦૯ |
| ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત) | ૫-૫૫ |

વિશ્વપ્રસિદ્ધ વિદ્વાન શાયર **'અલ્લામા ઈકબાલ'** કોઈ પરિચયના મોહતાજ નથી... એમણે દાયકાઓ પહેલાં જે લખ્યું છે એ આજે પણ એટલું જ પ્રાસંગિક છે ત્યારે તેમની ફિલસુફીથી છલોછલ એવી ઈલ્મી રચનાઓને અહીં સરળ ગુજરાતીમાં ભાવાનુવાદ સાથે સમજાવવાનો પ્રયાસ કર્યો છે.

### અલ્લામા મુહમ્મદ ઈકબાલની શાયરી /ભાવાનુવાદ

**ખિરદ વાકિફ નહીં હૈ નેક-ઓ-બદ સે,**
**બઢી જાતી હૈ જાલીમ અપની હદસે,**
**ખુદા જાને મુઝે ક્યા હો ગયા હૈ,**
**ખિરદ બેઝાર દિલસે, દિલ ખિરદસે !**

કવિ કહે છે કે અક્કલ, બુદ્ધિ, જ્ઞાનને સારા નરસા, નેક કે બદીની જાણ નથી, લોકો જ્ઞાનમાં ઉત્તરોત્તર વધારો કરી રહ્યા છે, બુદ્ધિ, જ્ઞાન અને દિલ, હૃદય, મનને એકબીજા સાથે કોઈ સંબંધ નથી. તમારા સંબંધોમાં નફા-નુકસાનનું ગણિત ન મૂકો, જીવનમાં પ્રેમ, લાગણી, આત્મીયતાને મહત્ત્વ આપો. -(ભાવાનુવાદ કર્તા અલ્તાફહુસૈન સૈયદ)

### અગત્યની સૂચના

આ અખબારમાં જરૂરિયાતને અનુલક્ષીને ધાર્મિક શબ્દોનો ઉલ્લેખ, ફોટો કેટલીકવાર છાપવા પડે છે, જે વાચકમિત્રોના ધ્યાને આવે તો તેની તેમણે ખાસ હિફાઝત કરવી. - **વ્યવસ્થાપક**

# કર્ણાટક : મંદિરમાં દલિતોના પ્રવેશને લઈને તણાવ, વહીવટીતંત્રનો હસ્તક્ષેપ

## આરોપ છે કે કુરૂબા સમુદાયે દલિતોની હાજરીમાં પૂજા કરવાનો ઈન્કાર કર્યો હતો, આ વિવાદ ઉકેલવા માટે જિલ્લા વહીવટીતંત્રે દરમિયાનગીરી કરવી પડી હતી



(એજન્સી) તા.૯
ચિક્કામગાલુરૂ જિલ્લાના નરસીપુર ગામમાં તિરૂમાલા મંદિરમાં ચાલી રહેલી પૂજા દરમિયાન બે દલિત યુવકોના પ્રવેશને લઈને વિવાદ થયો હતો. કુરુબા સમુદાયના સભ્યો, જેઓ પરંપરાગત રીતે મંદિરમાં પૂજા કરે છે, તેઓએ કથિત રીતે પૂજા અટકાવી દીધી હતી, જેના કારણે ત્રણ દિવસ સુધી તંગ પરિસ્થિતિ સર્જાઈ હતી. આરોપ છે કે કુરૂબા સમુદાયે દલિતોની હાજરીમાં પૂજા કરવાનો ઈન્તકાર કર્યો હતો. આ વિવાદ ઉકેલવા માટે જિલ્લા વહીવટીતંત્રે દરમિયાનગીરી કરવી પડી હતી.

**અધિકારીઓની મધ્યસ્થી**

પરિસ્થિતિને નિયંત્રણમાં લાવવા માટે, જિલ્લા વહીવટીતંત્રે ગામમાં એક બેઠક યોજી હતી. આ બેઠકમાં તહસીલદાર સુમંત અને મહેસૂલ, સમાજ કલ્યાણ અને પોલીસ વિભાગના અધિકારીઓએ હાજરી આપી હતી. બેઠક દરમિયાન અધિકારીઓએ સ્પષ્ટતા કરી હતી કે મંદિરો તમામ નાગરિકો માટે ખુલ્લા છે અને જાતિના આધારે કોઈના પ્રવેશને અટકાવવું એ અસ્પૃશ્યતાની શ્રેણીમાં આવે છે, જે કાયદા દ્વારા સજાપાત્ર ગુનો છે.

**ઉકેલ માટે સંમતી**

ચર્ચા પછી, કુરૂબા સમુદાય દલિત સમુદાયના સભ્યોને મંદિરમાં પ્રવેશવા દેવા માટે સંમત થયો. મંદિરમાં દલિત સમુદાયના લોકોનો પ્રવેશ શરૂ થશે. નરસીપુર ગામ, જે બેલાવાડી નજીક આવેલું છે, તે ૨૫૦થી વધુ કુરૂબા પરિવારો અને ૧૩ અનુસૂચિત જાતિ (SC) પરિવારોનું ઘર છે. ગામમાં નવ નાના મંદિરો છે જેમ કે તિરૂમાલા, બીરપ્પા અને લક્ષ્મીદેવી. તિરૂમાલા મંદિર, જે વિવાદનું કેન્દ્ર હતું, તેનું સંચાલન મુઝરાઈ વિભાગ દ્વારા નિયુક્ત પૂજારીઓ દ્વારા કરવામાં આવે છે.

**સામાજિક અસમાનતાની પૃષ્ઠભૂમિ**

આ ઘટના ગ્રામીણ ભારતમાં જાતિ-આધારિત ભેદભાવની ઊંડા મૂળ સમસ્યાઓને પ્રકાશિત કરે છે. બંધારણ દ્વારા આપવામાં આવેલા અધિકારો હોવા છતાં જાહેર અને ધાર્મિક સ્થળોએ સામાજિક પૂર્વગ્રહો જોવા મળે છે. વહીવટીતંત્રની ત્વરિત કાર્યવાહી દર્શાવે છે કે તમામ નાગરિકોને સમાન અધિકારો સુનિશ્ચિત કરવા માટે ભેદભાવ વિરોધી કાયદાનું કડકપણે પાલન કરવું કેટલું મહત્ત્વપૂર્ણ છે.

# મધ્યપ્રદેશમાં જાતિવાદ પ્રેરિત હુમલામાં દલિત મહિલાની ગોળી મારી હત્યા, ૩ ઘાયલ



(એજન્સી) ઈન્દોર, તા.૯
ઉચ્ચ જાતિના માણસો દ્વારા કરવામાં આવેલા હુમલામાં એક દલિત મહિલાની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી અને તેના પતિ સહિત તેના પરિવારના ત્રણ સભ્યો ગંભીર રીતે ઘાયલ થયા હતા. એસપી અભિષેક આનંદે જણાવ્યું હતું કે સરકારી જમીન પર ઢોર બાંધવાના વિવાદને કારણે હુમલો થયો હોવાનું જણાય છે. હથિયારો, તલવારો અને લાકડીઓ સાથે સજ્જ ૨૦ લોકો પાંચ વાહનોમાં આવ્યા અને દલિત પરિવારને જમીનનો ઉપયોગ ગાયોને બાંધવા માટે ન કરવાની ધમકી આપી. પ્રત્યક્ષદર્શીઓએ પોલીસને જણાવ્યું કે, ટોળાએ દલિતો પર ગોળીબાર શરૂ કર્યો. સુગનાબાઈનું ઘટનાસ્થળે જ મોત થયું હતું. તેના પતિને પણ ગોળી વાગી હતી અને તેને મંદસૌર જિલ્લા હોસ્પિટલમાં રીફર કરવામાં આવ્યો છે. અન્ય બે પીડિતોને નજીકની ગારોથની હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી રહી છે. બલરામ અને તેમના પુત્ર સુખદેવે નરેન્દ્ર સિંહ અને તેમના સહયોગીઓ પર હુમલાનું આયોજન કરવાનો આરોપ લગાવ્યો હતો. રોષે ભરાયેલા દલિત સમુદાયના સભ્યોએ સુગનાબાઈના મૃતદેહને રસ્તા પર મૂકીને વિરોધ કર્યો હતો અને હુમલાખોરોની ધરપકડની માંગ કરી હતી.

# આખરે ચાર મહિના બાદ દલિત મહિલાની ફરિયાદ નોંધવામાં આવી

## જુલાઈ મહિનામાં દલિત મહિલાને ગુંડાઓએ માર માર્યો હતો અને અપમાનિત કરવામાં આવી હતી

(એજન્સી)
મલિહાબાદ, લખનૌ, તા.૯
મલિહાબાદ પોલીસ સ્ટેશન વિસ્તારના એક ગામમાં રહેતી એક મહિલાનું પૈતૃક ઘર ગામમાં જ જર્જરિત હાલતમાં છે. ગામ શાહજાદપુર બદૌરાના રહેવાસી મોહમ્મદ શફીક, તેના પુત્રો મોહમ્મદ શાદાબ, મોહમ્મદ ઝૈદ, પુત્રીઓ સાહિબા અને ઈમરોઝ બાનો, પત્ની રૂખસાના બાનો અને ગાઢી સંજર ખાન ગામના રહેવાસી બબ્બો યાદવે ૨૮મી જુલાઈએ તેને તોડી પાડ્યું હતું. આ અંગે દલિત મહિલાએ મલિહાબાદ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરી હતી. પરંતુ પોલીસે કોઈ કાર્યવાહી ન કરી, જેના કારણે ગુંડાઓની હિંમત વધી. ફરી એકવાર, ૩૦મી જુલાઈના રોજ સવારે ૯ વાગ્યે, ગુંડાઓએ તેની નવી બનેલી દીવાલ અને દરવાજાના તાળા તોડી, તેની સાથે મારપીટ કરી અને જાતિવિષયક અપશબ્દો બોલ્યા. શફીક અને ઝૈદે




દલિત મહિલાને પકડીને ખેંચી, તેને નગ્ન કરી અને તેનું અપમાન કર્યું. આ અંગે મહિલાએ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરી હતી.

પરંતુ મલીહાબાદ પોલીસ દલિત મહિલાના ફરિયાદ પત્રને લઈને ઉંઘતી હતી. જેના કારણે બદમાશોની હિંમત એટલી વધી ગઈ કે ૪ ઓગસ્ટે તેઓએ ફરીથી મહિલાના ઘરનું તાળું તોડી નાખ્યું, જેના વિશે મહિલાએ ૧૧૨ પર ફરિયાદ કરી. ઘટનાસ્થળે પહોંચેલા પોલીસ ઈન્સ્પેક્ટર સલામુલ્લા ખાનની હાજરીમાં પણ ગુંડાઓએ તેની પર હુમલો કર્યો. જ્યારે તે આ અંગે ફરિયાદ કરવા પોલીસ સ્ટેશન ગઈ તો ઈન્સ્પેક્ટર ગુંડાઓ સાથે બેઠેલા જોવા મળ્યા. નિરીક્ષક ગુંડાઓ સાથે સંડોવાયેલ હોવાનો આક્ષેપ કરીને, જ્યારે તેને મલિહાબાદ પોલીસ સ્ટેશનમાંથી ન્યાય ન મળ્યો, ત્યારે તેણે ૨૦મી સપ્ટેમ્બરે સ્પીડ પોસ્ટ દ્વારા રાજ્યપાલ, મુખ્યમંત્રી, ડીજીપી અને અન્ય ઉચ્ચ અધિકારીઓને અરજી મોકલી, ન્યાયની વિનંતી કરી. મહિલાને ક્યાંયથી ન્યાય ન મળતાં દલિત મહિલાએ કોર્ટનો આશરો લીધો હતો. ૧૪મી નવેમ્બરે કોર્ટે અધિકારીઓને મહિલાનો રિપોર્ટ નોંધવાનો આદેશ આપ્યો હતો. મલિહાબાદ પોલીસના ઉદ્ધત વલણને કારણે, બુધવાર, ૪ ડિસેમ્બરે, મલિહાબાદ પોલીસે આખરે મોહમ્મદ શફીક, મોહમ્મદ ઝૈદ, મોહમ્મદ. શાદાબ, સાહિબા બાનો, ઈમરોઝ બાનો, રૂખસાના બાનો, બબ્બો યાદવ અને ૨-૩ અજાણ્યા લોકો સામે કેસ નોંધવામાં આવ્યો છે.

## એડિલેડ ટેસ્ટમાંથી બોધપાઠ લઈ ભારતે ચાર ફેરફાર કરવા પડશે

# ગાબામાં ટીમ ઈન્ડિયા વળતો હુમલો કરી શકે



પર્થ, તા.૯
ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચેની પાંચ મેચની બોર્ડર-ગાવસ્કર ટ્રોફીની ત્રીજી મેચ ૧૪ ડિસેમ્બરે ગાબામાં રમાશે. એડિલેડ ટેસ્ટમાં મળેલી હારથી ભારતીય ટીમને ઘણો મોટો ફટકો પડ્યો છે. ટીમે ના ફક્ત આ મેચ ગુમાવી ઓસ્ટ્રેલિયાને પુનરાગમનની તક આપી છે પણ પોતાની વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશીપ ફાઈનલનો માર્ગ પણ મુશ્કેલ બનાવી લીધો છે. હવે રોહિત શર્મા એન્ડ બ્રિગેડે સમજી વિચારીને આગળ વધવું પડશે. ઓસ્ટ્રેલિયા પર વળતો હુમલો કરવા માટે ભારતે ચાર ફેરફાર કરવા જરૂરી છે.

**● રોહિત શર્માએ ઓપનિંગ કરવું જોઈએ :-**

રોહિત શર્માની ગેરહાજરીમાં કે.એલ. રાહુલે ભલે પર્થ ટેસ્ટમાં સારૂં પ્રદર્શન કર્યું હોય પણ ટીમમાં પુનરાગમન બાદ હિટમેને પોતાના નિયમિત સ્થાને જ રમવું જોઈએ. એડિલેડ ટેસ્ટમાં રોહિતે ઘણા સમય બાદ મિડલ ઓર્ડરમાં બેટિંગ કરી અને તે બિલકુલ પણ સહજ દેખાયો નહીં. જ્યારે કે.એલ. રાહુલને હાલના સમયમાં મિડલ ઓર્ડરમાં બેટિંગ કરવાનો અનુભવ છે. આવામાં રોહિતે ગાબા ટેસ્ટમાં પોતાને પ્રમોટ કરવો જોઈએ.

**● અશ્વિનના સ્થાને જાડેજા અથવા સુંદર :-**

પર્થ ટેસ્ટમાં વોશિંગ્ટન સુંદરને ભારતીય ટીમે તક આપી હતી, જ્યારે એડિલેડ ટેસ્ટમાં અશ્વિનને તેના પિંક બોલમાં શાનદાર રેકોર્ડના પગલે સ્થાન મળ્યું. જો કે, આ બંને ખેલાડી પોતાની છાપ છોડવામાં નિષ્ફળ ગયા. આવામાં ટીમ ઈન્ડિયા ત્રીજી ટેસ્ટમાં રવિન્દ્ર જાડેજાને ટ્રાઈ કરી શકે છે. જાડેજા બેટિંગ અને બોલિંગ ઉપરાંત ફિલ્ડિંગમાં પણ પોતાનું યોગદાન આપી શકે છે. જાડેજાએ ઓસ્ટ્રેલિયન બેટ્સમેન સ્ટીવ સ્મિથ અને લાબુશેનને પણ ઘણો પરેશાન કરી ચૂક્યો છે.

**● રાણાના સ્થાને આકાશ દીપ :-**

એડિલેડ ટેસ્ટમાં ભારતીય પેસ એટેકની નબળી કડી હર્ષિત રાણા રહ્યો. પ્રથમ ઈનિંગમાં તેણે ૧૮ ઓવર બોલિંગ કરી જેમાં એક પણ વિકેટ લીધા વિના ૮૬ રન ખર્ચ કર્યા. બેટિંગમાં પણ તે પૂરી રીતે ફ્લોપ રહ્યો. બંને ઈનિંગોમાં તે ખાતું પણ ખોલી શક્યો નહીં. આવામાં ભારત ગાબા ટેસ્ટમાં આકાશ દીપને તક આપી પોતાનો પેસ એટેક મજબૂત કરી શકે છે. આકાશ દીપે હાલમાં જ ઘણું સારૂં પ્રદર્શન કર્યું છે.

**● બેટિંગ એપ્રોચમાં ફેરફાર, સંયમની ટેસ્ટ :-**

બોલરો સામે ભારતીય બેટ્સમેન જેટલા ટકી રહેશે એટલું જ ઓસ્ટ્રેલિયા પરેશાન થશે. આ રણનીતિ ગત ઓસ્ટ્રેલિયા પ્રવાસમાં ટીમ ઈન્ડિયાએ અપનાવી હતી. પર્થ ટેસ્ટમાં તો અનેક ખેલાડીઓએ આવો સંયમ બતાવ્યો પણ એડિલેડમાં આવું દેખાયું નહીં. પ્રથમ ઈનિંગમાં કોઈપણ બેટ્સમેન ૭૦ બોલના આંકડા સુધી પહોંચી શક્યો નહીં. જ્યારે બીજી ઈનિંગોમાં તો કોઈ બેટ્સમેન ૫૦ બોલ પણ રમી ના શક્યો. ગાબામાં ટીમ ઈન્ડિયાએ પોતાના બેટિંગ એપ્રોચ બદલવાની જરૂર છે અને પોતાના ડિફેન્સ પર વિશ્વાસ વ્યક્ત કરતા અમુક ખેલાડીઓએ લાંબી બેટિંગ કરવી પડશે.

## શરૂઆતની ચાર ઈનિંગમાં ત્રણમાં ટોપ સ્કોરર રહ્યો

# નીતિશકુમાર રેડ્ડીનું નામ દિગ્ગજ સુનિલ ગાવસ્કર સાથે જોડાઈ ગયું

## ઓસ્ટ્રેલિયાએ ફક્ત સાત સેશનમાં જ વિજય મેળવ્યો, જે બોલના હિસાબથી ભારત વિરુદ્ધ તેની સૌથી નાની ટેસ્ટ મેચ છે

એડિલેડ, તા.૯
પિંક બોલ ટેસ્ટમાં પોતાનું વર્ચસ્વ જાળવી રાખતા ઓસ્ટ્રેલિયાએ ભારત વિરુદ્ધ એડિલેડ ટેસ્ટ પોતાના નામે કરી પાંચ મેચોની સિરીઝમાં ૧-૧ની બરાબરી કરી લીધી છે. ભલે આ મેચ ભારતીય ટીમ અથવા તેના પ્રશંસકો માટે એટલી યાદગાર રહી નહીં પણ ૨૧ વર્ષના યુવા ઓલરાઉન્ડર નીતિશકુમાર રેડ્ડીએ પોતાના કમાલના પ્રદર્શનથી બધાનું દિલ જીતી લીધું છે. તેણે બેટિંગમાં બધાને ઈમ્પ્રેસ કર્યા છે. આ સાથે જ તેણે બીજી ટેસ્ટમાં જ ઈતિહાસ રચી દીધો. નીતિશકુમાર રેડ્ડી બીજો ભારતીય બેટ્સમેન છે. જે પોતાની ચાર શરૂઆતની ટેસ્ટ ઈનિંગમાંથી ત્રણમાં ટીમનો ટોપ સ્કોરર રહ્યો છે, તેના પહેલા સુનિલ ગાવસ્કરે વેસ્ટઈન્ડિઝ વિરુદ્ધ પોતાની ડેબ્યુ સિરીઝમાં આવું કર્યું હતું. રેડ્ડીની ચાર ટેસ્ટ ઈનિંગો અત્યાર સુધી આ પ્રકાર રહી છે. ૪૧, ૩૮, ૪૨, ૪૨ ફક્ત પર્થ ટેસ્ટની બીજી ઈનિંગમાં તે ટોપ સ્કોરર રહ્યો નથી. ભારતીય બેટ્સમેન આ મેચની બંને ઈનિંગોમાં કુલ ૮૧ ઓવર જ બેટિંગ કરી શકતા ઓસ્ટ્રેલિયાએ ફક્ત સાત સેશનની અંદર જ જીત મેળવી, જે બોલના હિસાબથી ભારત વિરુદ્ધ તેની સૌથી નાની ટેસ્ટ મેચ છે. આ મેચમાં સંભવિત ૨૭૦૦ બોલમાંથી ફક્ત ૧૦૩૧ બોલ જ ફેંકાયા હતા. ઓસ્ટ્રેલિયાએ વિજય માટે ૧૯ રનના લક્ષ્યાંકને પ્રાપ્ત કરવા માટેની ઔપચારિકતા ફક્ત ૨૦ બોલમાં પૂરી કરી લીધી હતી.

# દેવજીત સૈકિયાની BCCIના અંતરિમ સચિવ તરીકે નિયુક્તિ

નવી દિલ્હી, તા.૯
બીસીસીઆઈના અધ્યક્ષ રોજર બિન્નીએ સંયુક્ત સચિવ દેવજીત સૈકિયાને બોર્ડના અંતરિમ સચિવ નિયુક્ત કર્યા છે. બીસીસીઆઈ અધ્યક્ષે સંવિધાનમાં અપાયેલી પોતાની વિશેષ શક્તિઓનો પ્રયોગ કરતા સૈકિયાને સચિવ બનાવ્યા છે. જય શાહ છેલ્લા કેટલાક વર્ષોથી આ પદ પર બિરાજમાન છે પણ તેમણે પહેલી ડિસેમ્બરથી આઈસીસીનું ચેરમેન પદ સંભાળ્યું છે. આ જ કારણ છે કે, જય શાહને બીસીસીઆઈનું સચિવનું પદ છોડવું પડ્યું છે. ક્રિકબજના રિપોર્ટ અનુસાર રસપ્રદ વાત એ છે કે, રોજર બિન્નીએ દેવજીત સૈકિયાને સચિવનું કાર્ય સોંપવા સંબંધી મેઈલ કોઈપણ રાજ્ય બોર્ડને મોકલ્યો નથી. ફક્ત સૈકિયાને અંતરિમ આધાર પર સચિવના રૂપમાં કાર્ય કરવા માટે સૂચિત કર્યા છે. જેમની પાસે હસ્તાક્ષર કરવાનો અધિકાર છે, અંતરિમ સચિવની નિયુક્તિની આવશ્યકતા એટલા માટે પડી કારણ કે, સચિવ જય શાહે આઈસીસીના સ્વતંત્ર અધ્યક્ષના રૂપમાં કાર્યભાર સંભાળ્યો. આઈસીસીના સ્વતંત્ર અધ્યક્ષ હોવાના કારણે તે કોઈ અન્ય સભ્ય બોર્ડ સાથે સંબંધ રાખી શકે નહીં. પાંચ ડિસેમ્બરે દુબઈમાં આઈસીસી બોર્ડની બેઠકમાં ભાગ લેનાર સૈકિયા જય શાહનો કાર્યભાર સંભાળશે.

## WTC પોઈન્ટ ટેબલમાં ભારતની મુશ્કેલી વધી

# દ.આફ્રિકાએ એક જ દિવસમાં છીનવ્યું ઓસ્ટ્રેલિયાનું નંબર વનનું સિંહાસન

નવી દિલ્હી, તા.૯
દ.આફ્રિકાએ આઈસીસી વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશીપ (WTC) પોઈન્ટ ટેબલમાં ટોચનું સ્થાન પ્રાપ્ત કરી લીધું છે. દ.આફ્રિકાએ સોમવારે શ્રીલંકા વિરુદ્ધ બીજી ટેસ્ટમાં ૧૦૯ રને ધમાકેદાર જીત મેળવી. દ.આફ્રિકાએ એક જ દિવસમાં જ ઓસ્ટ્રેલિયાનું વર્ચસ્વ સમાપ્ત કરી દીધું છે. ઓસ્ટ્રેલિયાની ટીમ રવિવારે ભારતને બીજી ટેસ્ટમાં ૧૦ વિકેટે હરાવી ટોપ પર પહોંચી હતી. દ.આફ્રિકા ૬૩.૩૩ પોઈન્ટ સાથે ટોચના સ્થાને છે. તેણે શ્રીલંકાને બે ટેસ્ટની ઘરેલુ સિરીઝમાં વ્હાઈટવોશ કર્યો છે. દ.આફ્રિકાએ પ્રથમ મેચ ૨૩૩ રને જીતી હતી. ટેમ્બા બાવુમાના નેતૃત્વવાળી દ.આફ્રિકાની ટીમની જીતથી ટીમ ઈન્ડિયાનો માથાનો દુ:ખાવો વધી ગયો છે. ઓસ્ટ્રેલિયા હાલ ૬૦.૭૧ પોઈન્ટ સાથે બીજા સ્થાને છે. જ્યારે ટીમ ઈન્ડિયા એડિલેડ ટેસ્ટમાં હાર બાદ ત્રીજા સ્થાને ખસી ગઈ છે. ભારતના ૫૭.૨૯ ટકા પોઈન્ટ છે. ભારતનો WTC ફાઈનલનો માર્ગ મુશ્કેલ બની ગયો છે. ફાઈનલ મુકાબલામાં પહોંચવા માટે ટોપ-૨માં પહોંચવું જરૂરી છે. જો ભારતે સીધું ફાઈનલમાં પહોંચવું છે તો ઓસ્ટ્રેલિયા વિરુદ્ધ પાંચ મેચોની ટેસ્ટ સિરીઝની બાકીની ત્રણેય મેચ જીતવી પડશે. ભારતને જો ઓસ્ટ્રેલિયા સામે એક પણ મેચમાં હાર મળી તો સમીકરણ ઘણું બગડી શકે છે. સાથે જ અન્ય ટીમોના પરિણામ પર નિર્ભર રહેવું પડી શકે છે. ભારતીય ટીમ WTC ૨૦૨૩-૨૫ ચક્રની પોતાની અંતિમ સિરીઝ રમી રહી છે. બીજી બાજુ ઓસ્ટ્રેલિયાને ભારત બાદ શ્રીલંકાની ધરતી પર બે ટેસ્ટ રમવાની છે. દ.આફ્રિકાને હાલના ચક્રમાં પાકિસ્તાન વિરુદ્ધ બે ટેસ્ટ રમવાની છે. આવામાં ઓસ્ટ્રેલિયા અથવા દ.આફ્રિકાની બાદમાં ફાઈનલમાં પહોંચવાની સંભાવના રહેશે પણ રોહિત બ્રિગેડને બાદમાં તક મળવાની નથી.

# મો.સિરાજ અને હેડને લડવાનું ભારે પડશે

એડિલેડ, તા.૯
ભારતીય ઝડપી બોલર મોહમ્મદ સિરાજ અને ઓસ્ટ્રેલિયન બેટ્સમેન ટ્રેવિસ હેડને લડવાનું મોંઘું પડશે. બંને આઈસીસીની આચારસંહિતાના દોષિત ઠર્યા છે અને આના માટે તેમને સજા મળવી નક્કી છે. ઓસ્ટ્રેલિયન મીડિયાએ આ દાવો કર્યો છે. ડેઈલી ટેલિગ્રાફ અને કોડ સ્પોર્ટ્સ સહિત અનેક રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, સિરાજ અને હેડને સોમવારે શિક્ષાત્મક સુનાવણી બાદ દોષિત ઠર્યા છે. આ બંને ખેલાડીઓને તેમના ગત સારા રેકોર્ડના કારણે સસ્પેન્શનનો સામનો કરવાના બદલે ફક્ત દંડ અથવા ફટકાર લાગવાની સંભાવના છે. મેચના ત્રીજા દિવસે હેડ અને સિરાજ ઝઘડી પડ્યા હતા. હેડ ૧૪૦ રન બનાવ્યા બાદ સિરાજની બોલિંગમાં બોલ્ડ થયો તો બંને ખેલાડીઓ વચ્ચે જીભાજોડી થઈ હતી. હેડે કહ્યું કે, તેણે સિરાજની બોલિંગની પ્રશંસા કરી હતી પણ ભારતીય બોલરે આનું ખંડન કરતા કહ્યું કે, ઓસ્ટ્રેલિયન બેટ્સમેને તેની સાથે ખરાબ વ્યવહાર કર્યો હતો. આ બંને ખેલાડીઓની ટક્કર બાદ દર્શકોએ સિરાજની હૂટિંગ કરી હતી.

# ચેમ્પિયન્સ ટ્રોફીના વિવાદમાં પાકિસ્તાની વડાપ્રધાનની એન્ટ્રી

લાહોર, તા.૯ :ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫ને લઈને સતત ઉથલપાથલ ચાલી રહી છે. ટૂર્નામેન્ટના આયોજનને લઈને સતત બેઠકો થઈ રહી છે, પરંતુ હજુ સુધી કોઈ ઉકેલ નથી આવ્યો. આગામી વર્ષે ટૂર્નામેન્ટનું આયોજન પાકિસ્તાનમાં થવાનું છે. ચેમ્પિયન્સ ટ્રોફી માટે ભારતીય ટીમ પાકિસ્તાન નથી જઈ રહી. મ્ઝ્રઝ્રૈં હાઈબ્રિડ મોડલની માગ કરી રહ્યું છે. બીજી તરફ ઝ્રમ્ પાકિસ્તાનમાં જ સમગ્ર ટૂર્નામેન્ટનું આયોજન કરવા માગે છે. આ સમગ્ર મામલે હવે પાકિસ્તાનના વડાપ્રધાન શહબાઝ શરીફની એન્ટ્રી થઈ ચૂકી છે. શહબાઝ શરીફે પાકિસ્તાન ક્રિકેટ બોર્ડના અધ્યક્ષ મોહસિન નકવીને આગામી વર્ષ ચેમ્પિયન્સ ટ્રોફીની યજમાનીના મુદ્દે 'પૂર્ણ સમર્થન'નું આશ્વાસન આપ્યું છે. તેમણે ભારતના પાકિસ્તાનમાં મેગા ઈવેન્ટમાં રમવાના ઈન્કાર પર ઝ્રમ્ અધ્યક્ષના વલણના વખાણ કર્યા.


**IDFC ફર્સ્ટ બેંક લિમિટેડ**
**(અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ તરીકે અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલય થયેલ છે)**
CIN : L65110TN2014PLC097792
**રજિસ્ટર્ડ ઓફિસ :** કેઆરએમ ટાવર્સ, ૮મો માળ, હેરિંગ્ટન રોડ, ચેટપેટ, ચેન્નાઈ-૬૦૦૦૩૧.
ટેલિ. : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૦૦ /ફેક્સ : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૨૨

**પરિશિષ્ટ -૪ [રૂલ-૮ (૧)]**
**કબજા નોટિસ (સ્થાવર મિલકત માટે)**

આથી નીચે સહી કરનાર કે જે સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ એક્ટ ૨૦૦૨ હેઠળ **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ તરીકે અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલય થયેલ છે)**ના અધિકૃત અધિકારી છે અને કલમ ૧૩ (૧૨)ના વાંચન સાથે સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમ ૨૦૦૨ના નિયમ ૩ હેઠળ આપવામાં આવેલી સત્તાનો ઉપયોગ કરતા ડિમાન્ડ નોટિસ જારી કરવામાં આવી છે. જેમાં દેણદાર અને સહ-દેણદારો/ગેરેન્ટરોને ડિમાન્ડ નોટિસમાં દર્શાવેલ રકમ નીચે દર્શાવેલ તારીખથી ૬૦ દિવસની અંદર સૂચનામાં ઉલ્લેખ કરાયેલી રકમ અને વધારાના વ્યાજ અને અન્ય ચાર્જીસ ડિમાન્ડ નોટિસની તારીખ સુધીના ખરેખર સુધીના પરત ચૂકવવા માટે આ સાથે જાણ કરવામાં આવે છે. દેણદાર/સહ-દેણદારો/ ગેરેન્ટરો આ રકમ ચૂકવવામાં નિષ્ફળ જવાથી દેણદાર-સહદેણદારો-ગેરેન્ટરો અને જાહેર જનતાને આ દ્વારા સૂચના આપવામાં આવે છે કે, નીચે સહી કર્તા સિક્યુરિટી ઈન્ટ્રેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ હેઠળ નિયમ ૮ સાથે વાંચતા તેની કલમ ૧૩ પેટા કલમ (૪) હેઠળ તેને અપાયેલી સત્તાનો ઉપયોગ કરીને અહીં નીચે વર્ણન કરાયેલી મિલકતનો કબજો લેવામાં આવ્યો છે.

| લોન એકાઉન્ટ નંબર | દેણદાર/રો સહદેણદાર/રો અને ગેરેન્ટરોના નામ | ગીરો મિલકતની વિગતો | ડિમાન્ડ નોટિસ | | તારીખ અને મેળવેલ કબજાનો પ્રકાર |
|---|---|---|---|---|---|
| | | | તારીખ | બાકી રકમ (રૂપિયા) | |
| 76406271 | ૧. અમૃતજી માનાજી ઠાકોર<br>૨. સોનલબેન અમતૃજી ઠાકોર | સ્થાવર મિલકતના તે તમામ ભાગ અને હિસ્સાઓ જેની ગામતળ મિલકત(પ્લોટ) નં.૧૬૨, વિસ્તાર ક્ષેત્રફળ લગભગ ૮૩.૩૩ ચો.વાર એટલે કે ૬૯.૬૭ ચો.મી. 'માધુપુરા' તરીકે જાણીતું સ્થિત જમીન મોજે/ગામ કૈયાલ, તા. કડી, અને જિ. મહેસાણા, ગુજરાત-૩૮૨૭૦૫, અને આ મુજબ ખૂંટ : **પૂર્વ : ૩૦ ફૂટ રોડ, પશ્ચિમ : રોડ, ઉત્તર : ઠાકોર જગાજી મનાજીનું ઘર, દક્ષિણ : નાઈ કાંતિભાઈનો ખુલ્લો પ્લોટ** | 14.08.2024 | Rs. 2,91,537.22/- | 05.12.2024 પ્રતિકાત્મક કબજો |
| 38661452 | ૧. કુંદન સોલંકી,<br>૨. સોલકી હંસાબેન લક્ષ્મણભાઈ | તે તમામ ભાગ અને હિસ્સાઓ કાણસા ગ્રામ પંચાયત મિલકતના/ મિલકત નં.૧૫૫૬, એસેસમેન્ટ સિરીયલ નં.૧૫૪૯, 'ગણપત પર' (ગામતળ), ક્ષેત્રફળ ૮૯૬ ચો.ફૂટ સ્થિત અત્રે કાનસા, તા. વિસનગર, જિ. મહેસાણા, ગુજરાત-૩૮૨૪૩૧૫ અને આ મુજબ ખૂંટ : **પૂર્વ : રોડ, પશ્ચિમ : રોડ, ઉત્તર : રોડ, દક્ષિણ : સોલંકી ગણપતભાઈ જેઠાભાઈનું ઘર** | 11.09.2024 | Rs. 6,85,014.88/- | 04.12.2024 પ્રતિકાત્મક કબજો |
| 387822 | ૧. અજીતભાઈ રમેશચંદ્રન નાયર,<br>૨. સ્નેહલબેન અજીભાઈ નાયર | મિલકતના તે તમામ ભાગ અને હિસ્સાઓ ધરાવતા નં.બી-૬, બીજો માળ, ક્ષેત્રફળ ૧૭૯ ચો.વાર 'સુતીર્થ કો.ઓ.હા.સો.લિ.', એસ. નં.૩૯૫/૬, ૩૯૫/૭, ૩૯૬, એફપી નં.૧૯૨/૬, ૧૯૨/૭, ૧૯૩, ટીપીએસ નં.૧/બી, સ્થિત અત્રે વસ્ત્રાપુર તળાવ પાસે,, સંજીવની હોસ્પિટલ સામે, વસ્ત્રાપુર, મોજેઃ બોડકદેવ, તા. દસ્ક્રોઈ, જિ. અમદાવાદ, ગુજરાત-૩૮૦૦૦૫ અને આ મુજબ ખૂંટ : **પૂર્વ : નં.બી/પની સામાન્ય દીવાલ, પશ્ચિમ : ખુલ્લી સાઈડ, ઉત્તર : આગળ અને રસ્તો, દક્ષિણ : પાછળ સાઈડ** | 13.09.2023 | Rs. 8,33,668.68/- | 06.12.2024 પ્રતિકાત્મક કબજો |

ખાસ કરીને દેણદાર અને સહદેણદાર તથા જાહેર જનતાને અત્રે ચેતવવામાં આવે છે કે અહીં વર્ણવેલી મિલકતના સોદામાં પડવું નહીં અને જો તે મિલકતને લગતા કોઈપણ સોદા **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ તરીકે અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલય થયેલ છે)ના ડિમાન્ડ નોટિસમાં દર્શાવેલ રકમ** ઉપરાંત વધારા વ્યાજ અને અન્ય ખર્ચ સહિત ચુકવણીની તારીખ સુધી સહિતની રકમ માટેના હકને આધીન રહેશે.

સહી/-
અધિકૃત અધિકારી
આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ
(અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ તરીકે અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલય થયેલ છે)

તારીખ : ૦૪, ૦૫ અને ૦૬.૧૨.૨૦૨૪
સ્થળ : ગુજરાત

# સરદાર પટેલ સાથે ઈતિહાસે ન્યાય કર્યો નથી અને તેમને યોગ્ય સ્થાન આપવામાં આવ્યું નથી : અમિત શાહ

(એજન્સી) તા.૯

કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે સર્કિટ હાઉસ ખાતે દેશના પ્રથમ ગૃહમંત્રીની ૧૧ ફૂટની વિશાળ પ્રતિમાનું અનાવરણ કર્યા બાદ જણાવ્યું હતું કે, સરદાર પટેલે ભારતના નિર્માણ અને રજવાડાઓના એકીકરણમાં ઉત્કૃષ્ટ ભૂમિકા ભજવી હતી. જો કે, સરદારને ઈતિહાસમાં તેમની ભૂમિકા માટે યોગ્ય ન્યાય મળ્યો નથી. શાહે કહ્યું કે, સરદારે નામ અને ખ્યાતિની પરવા કરી ન હતી અને માત્ર રાષ્ટ્ર પ્રત્યેની તેમની ફરજ પર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. તેમણે પોતાની ખરાબ તબિયતની ચિંતા પણ ન કરી અને પોતાના લક્ષ્યોને પ્રાપ્ત કરવા માટે અથાક મહેનત કરી હતી. પટેલના મક્કમ વલણ અને સમર્પિત કાર્યને લીધે સ્વતંત્રતા પછીની એકીકરણ પ્રક્રિયામાં ભારત સંઘમાં ૫૫૬ પૂર્વ રજવાડાઓના વિલીનીકરણનો માર્ગ મોકળો કર્યો હતો. શાહે કહ્યું કે સરદારે જોધપુર સહિત ગુજરાત અને રાજસ્થાનના કેટલાક રજવાડાઓને એકીકરણ પ્રક્રિયા સામેના કેટલાક કાવતરાઓને દૂર કરીને ભારતમાં લાવવાનું વ્યૂહાત્મક રીતે કામ કર્યું હતું. જો કે, ઈતિહાસે આ 'લોહપુરૂષ' સાથે ન્યાય કર્યો નથી, જો કે તેમણે નામ અને ખ્યાતિ વિશે ક્યારેય ચિંતા કરી ન હતી. ગૃહમંત્રીએ હેડક્વાર્ટર ખાતે BSFના ૬૦મા સ્થાપના દિવસમાં હાજરી આપી, પ્રભાવશાળી ઔપચારિક પરેડની સલામી લીધી અને રાષ્ટ્ર માટે ફરજ બજાવવામાં BSF સૈનિકોની સમર્પિત ભૂમિકાની પ્રશંસા કરી હતી. ગૃહમંત્રીએ ૧૯૯૨ના શહીદ થયેલા BSF જવાનોને પણ શ્રદ્ધાંજલિ આપી જેમણે છ દાયકામાં માતૃભૂમિ માટે સર્વોચ્ચ બલિદાન આપ્યું હતું અને નિવૃત્ત અને સેવા આપતા જવાનોને તેમની ઉત્કૃષ્ટ સેવા બદલ મેડલ એનાયત કર્યા હતા. શાહે આંતરિક સુરક્ષા વ્યવસ્થામાં સુધારા



માટે મોદી સરકારની પહેલની પ્રશંસા કરી હતી. ગૃહમંત્રીએ વાઈબ્રન્ટ બોર્ડર વિલેજ સ્કીમ અને કોમ્પ્રીહેન્સિવ ઈન્ટીગ્રેટેડ બોર્ડર મેનેજમેન્ટ સિસ્ટમનો વિશેષ ઉલ્લેખ કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે વાઈબ્રન્ટ બોર્ડર વિલેજ સ્કીમ, જેનો ઉદ્દેશ સ્થાનિક લોકોને પાયાની સુવિધાઓ પૂરી પાડવાનો છે અને તે હાલમાં ઉત્તરીય સરહદ પર અમલમાં છે, તેને સમગ્ર આંતરરાષ્ટ્રીય સરહદ સાથેના દરેક છેલ્લા ગામ સુધી વિસ્તારવામાં આવશે. તેવી જ રીતે સમગ્ર ભારત-પાકિસ્તાન અને ભારત-બાંગ્લાદેશ આંતરરાષ્ટ્રીય સરહદો પર વ્યાપક સંકલિત બોર્ડર મેનેજમેન્ટ સિસ્ટમને પણ કાર્યરત કરવામાં આવશે. તેમણે અન્ય પાયલોટ પ્રોજેક્ટ, લેસર સંચાલિત એન્ટી-ડ્રોન ગન સિસ્ટમની સફળતા પર પણ સંતોષ વ્યક્ત કર્યો અને કહ્યું કે નજીકના ભવિષ્યમાં બીએસએફમાં એક સંપૂર્ણ એન્ટી ડ્રોન યુનિટની રચના કરવામાં આવશે.

# બાંગ્લાદેશની સ્થિતિને લઈને સમગ્ર પશ્ચિમ બંગાળમાં વિરોધ પ્રદર્શન, ઢાકાની સાડીઓ સળગાવી

(એજન્સી) તા.૯

બાંગ્લાદેશમાં હિન્દુ લઘુમતીઓ પર કથિત અત્યાચારને લઈને રવિવારે પશ્ચિમ બંગાળના વિવિધ ભાગોમાં વિરોધ પ્રદર્શનો થયા હતા. હિન્દુ સંત ચિન્મય કૃષ્ણ દાસની તાત્કાલિક મુક્તિની માગણી સાથે કોલકાતા, કાંથી, કાકદ્વીપ, સંદેશખાલી અને પુરૂલિયામાં હિન્દુત્વ જૂથો દ્વારા આયોજિત વિરોધ રેલીઓમાં સેંકડો લોકોએ ભાગ લીધો હતો. કોલકાતા નજીક સોલ્ટ લેક ઈન્ટરનેશનલ બસ ટર્મિનલની બહાર દેખાવકારો દ્વારા બાંગ્લાદેશની ઢાકાઈ જામદાની સાડીઓને સળગાવી દેવામાં આવી હતી. દેખાવકારોએ બાંગ્લાદેશી સામાનનો બહિષ્કાર કરવાની હાકલ કરી અને ચેતવણી આપી કે જો ત્રિરંગાનું અપમાન અને હિંદુઓ પર હુમલા ચાલુ રહેશે તો ભારતીયો ચૂપ નહીં રહે. એક પ્રદર્શનકારીએ કહ્યું, "અમે બાંગ્લાદેશમાં હિન્દુઓને સતત નિશાન બનાવવા અને ભારત વિરૂદ્ધ નફરતથી પ્રેરિત નિવેદનોની નિંદા કરીએ છીએ. અમે ચૂપ રહીશું નહીં અને જમદાની સાડીઓ સળગાવવાની સાથે અમે લોકોને બાંગ્લાદેશી ઉત્પાદનોનો બહિષ્કાર કરવા વિનંતી કરીએ છીએ. વિરોધમાં ભાગ લેનાર એક વ્યક્તિએ કહ્યું,



"આ કેવું બાંગ્લાદેશ છે ? જે લોકો ૧૯૭૧માં આઝાદી માટે લડ્યા હતા તેઓ હવે પોતાનો ઈતિહાસ ભૂંસી રહ્યા છે." વિરોધીઓએ સરકારને હિંદુઓની સુરક્ષા સુનિશ્ચિત કરવા બાંગ્લાદેશ સાથે રાજદ્વારી વાટાઘાટો કરવા વિનંતી કરી. કાંઠીમાં વિરોધ રેલીનું નેતૃત્વ કરતા, વિધાનસભામાં વિરોધ પક્ષના નેતા સુભેન્દુ અધિકારીએ કહ્યું કે બાંગ્લાદેશમાં વધતી જતી કટ્ટરવાદી શક્તિઓ સામે સનાતનીઓની એકતા છે. તેમણે કહ્યું, "૧૯૭૧ના બાંગ્લાદેશ મુક્તિ યુદ્ધમાં ૩૦,૦૦૦ ભારતીય સૈનિકોની શહાદતને પડોશી દેશના ઈસ્લામવાદીઓ ભૂલી ગયા છે. આજની રેલી એ સરહદ પારના તત્ત્વોને ભડકાઉ નિવેદનો આપવાનું બંધ કરવાની ચેતવણી છે.' બાંગ્લાદેશી જૂથો દ્વારા ભારત વિરોધી નિવેદનો વિશે પૂછવામાં આવતા, ભાજપના નેતા સુભેન્દુ અધિકારીએ કહ્યું કે નરેન્દ્ર મોદીની આગેવાની હેઠળની સરકાર આંતરરાષ્ટ્રીય પ્રોટોકોલ અને યુએન માર્ગદર્શિકાને અનુસરીને યોગ્ય સમયે યોગ્ય પગલાં લેશે.

# શું 'કાશ' પટેલ મોદી-અદાણીને બચાવી શકશે ?

## FBI ડિરેક્ટરના પદ માટે ટ્રમ્પની કશ્યપ પટેલની પસંદગીનો ભારત માટે શું અર્થ છે ? ફાઈવ આઈઝ કોમ્યુનિટીમાં પણ પટેલ વિશે ચિંતા છે, જો તેમનું નોમિનેશન યુએસ સેનેટ દ્વારા મંજૂર કરવામાં આવે તો કાશ પટેલ આગામી FBI ડિરેક્ટર બની શકે છે

(એજન્સી) તા.૯

ગુજરાતી મૂળના ૪૪ વર્ષીય કશ્યપ 'કાશ' પટેલ રિપબ્લિકન ડોનાલ્ડ ટ્રમ્પના તેમના નવા વહીવટ માટે તાજેતરમાં ઉચ્ચ-પ્રોફાઈલ નોમિનેશન્સમાં સામેલ છે. રિયલ એસ્ટેટ બિઝનેસમેન ટ્રમ્પ ગયા મહિને વર્તમાન ઉપપ્રમુખ કમલા હેરિસને હરાવીને યુએસના પ્રમુખ તરીકે ચૂંટાયા હતા. કાશ પટેલ, એક વકીલ છે જેઓ ટ્રમ્પના અગાઉના ૨૦૧૬-૨૦૨૦ પ્રેસિડેન્ટમાં સંરક્ષણ સચિવના ચીફ ઓફ સ્ટાફ હતા અને હવે તેઓ ફેડરલ બ્યુરો ઑફ ઈન્વેસ્ટિગેશન (FBI)ના ડિરેક્ટરના સંવેદનશીલ પદ માટે પ્રમુખની પસંદગી છે. ટ્રમ્પના પ્રથમ કાર્યકાળમાં રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર તરીકે ફરજ બજાવતા જહોન બોલ્ટને કહ્યું કે, સેનેટે આ નામાંકનને ૧૦૦-૦થી નકારી કાઢવું જોઈએ. અમેરિકન પ્રણાલીમાં, તાજેતરની ચૂંટણીઓના પરિણામે જાન્યુઆરીમાં ૫૩-૪૭ રિપબ્લિકન બહુમતી ધરાવતી સેનેટને પટેલે ચાર્જ સંભાળતા પહેલા તેમની નિમણૂકની પુષ્ટિ કરવી જરૂરી છે. પટેલની પ્રતિષ્ઠા 'ડીપ સ્ટેટ' ષડયંત્ર સિદ્ધાંતવાદી તરીકેની છે. તેમણે એફબીઆઈના ઉચ્ચ અધિકારીઓને બરતરફ કરવાની અને તેનું વોશિંગ્ટન હેડક્વાર્ટર બંધ કરવાની ધમકી આપી છે. તે ટ્રમ્પના વફાદાર છે અને તેમણે 'કિંગ ડોનાલ્ડ' જેવા બાળકોના પુસ્તકો પ્રકાશિત કર્યા છે. ન્યૂયોર્કમાં જન્મેલા પટેલનો ઉછેર પ્રાચીન હિંદુ વાતાવરણમાં થયો હોવાનું કહેવાય છે, જે પૂર્વ આફ્રિકન ગુજરાતી પરિવારોની લાક્ષણિકતા નથી. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS)ની ૧૯૨૫માં સ્થાપના પછી ભારતમાં છાપ ઊભી કરવામાં નિષ્ફળ ગયા પછી, ૧૯૪૦ના દાયકામાં પૂર્વ આફ્રિકામાં વિસ્તર્યું અને ત્યાંના હિંદુઓમાં વધુ સફળ થયું હતું. હિન્દુ સ્વયંસેવક સંઘ (HSS) દ્વારા કાર્યરત તેણે ૧૯૭૦ના દાયકાના પ્રારંભમાં આ ડિકોલોનાઈઝ્ડ દેશોના નવા શાસકો દ્વારા જુલમનો અનુભવ કર્યા પછી યુગાન્ડા, કેન્યા અને તાન્ઝાનિયામાંથી ભાગી ગયેલા હિંદુઓ પર તેની પકડ જાળવી રાખી હતી. તેઓ જે દેશોમાં સ્થાયી થયા છે તેમાં યુએસ એક હતું, જેની આજે અંદાજિત ૨૨૦ HSS શાખાઓ છે. યુએસમાં HSS સભ્યો અને અનુયાયીઓ નરેન્દ્ર મોદીના કટ્ટર અનુયાયીઓ છે, તેઓ ટ્રમ્પના પણ કટ્ટર સમર્થકો છે. તેમની રૂચિ પ્રમાણે, તેઓ માને છે કે ટ્રમ્પ ભારત તરફી અને મુસ્લિમ વિરોધી છે. ભારત અને ભારતીયો માટે આનો અર્થ શું હોઈ શકે ? જો તે એફબીઆઈના ડાયરેક્ટરની ઓફિસમાં પહોંચે, તો પટેલનો ત્યાં નોંધપાત્ર પ્રભાવ હશે. ૨૦ નવેમ્બરના રોજ, જ્યારે મોદીના નજીકના મિત્ર ગૌતમ અદાણી-ભારતીય સમૂહ અદાણી જૂથના-અને અન્ય લોકો પર લાંચ લેવાના આરોપો પર આરોપ મુકવામાં આવ્યા હતા, ત્યારે ત્રણ અધિકારીઓ દ્વારા એક સાથે અખબારી નિવેદન બહાર પાડવામાં આવ્યું હતું. તેમાંના એક હતા જેમ્સ ઇ. ડેનેહી, જે એફબીઆઈની ન્યૂયોર્ક ફિલ્ડ ઓફિસના ચાર્જમાં સહાયક નિયામક છે. તેમણે




જણાવ્યું હતું કે, 'FBI તમામ ભ્રષ્ટ કરારો, ખાસ કરીને આંતરરાષ્ટ્રીય સરકારો સાથે, અને રોકાણકારોને સંબંધિત નુકસાનથી બચાવવા માટે તેના અડગ મિશનને ચાલુ રાખશે.' જો પટેલની આ પદ માટે પુષ્ટિ થાય છે, તો ડેનેહીએ તેમની એકંદર સત્તા હેઠળ કામ કરવું પડશે. નિયમ પ્રમાણે, યુએસ રાજ્યો બંધારણીય રીતે તેમના ભારતીય સમકક્ષો કરતાં વધુ સ્વાયત્ત છે, જેમાં તેમના ફોજદારી ન્યાય માળખાનો સમાવેશ થાય છે. આમ, ખાલિસ્તાની કટ્ટરપંથી ગુરપતવંત સિંઘ પન્નુની હત્યાના પ્રયાસમાં હાથ હોવાનો ભારત સરકાર સામેનો આરોપ, ન્યૂયોર્કની કોર્ટમાં દાખલ કરવામાં આવ્યો છે, તે ભારતીય દૃષ્ટિકોણથી તકનીકી રીતે વધુ સમસ્યારૂપ છે. આ કેસમાં, કોર્ટે, હકીકતમાં, ભારતીય રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીતડોવલને તેની સમક્ષ હાજર થવા માટે સમન્સ પાઠવ્યું છે. જો કે, મોદી માટે વધુ ખરાબ એ કેનેડાનો આરોપ છે કે કેનેડાની ધરતી પર ખાલિસ્તાન તરફી શીખોની હત્યા અને ડરાવવાના શ્રેણીબદ્ધ કાવતરા પાછળ ભારતના ગૃહ પ્રધાન અને મોદીના ખાસ અમિત શાહનો હાથ હતો. પટેલ એફબીઆઈ ડાયરેક્ટર બનવાની સ્થિતિમાં કેનેડિયન સત્તાવાળાઓ સાથે FBIનો સહયોગ ચાલુ રહેશે ? આવા અનિર્ણિત સંજોગોમાં, FBIનો સતત સહયોગ મહત્વપૂર્ણ બની શકે છે. શું આ પટેલના કારભારી હેઠળ થઈ શકશે ? અથવા, બીજી રીતે કહીએ તો, કેનેડા પટેલની આગેવાની હેઠળની એફબીઆઈ પર વિશ્વાસ કરશે ? બીજા વિશ્વયુદ્ધથી બ્રિટન અમેરિકાનું સૌથી નજીકનું સાથી રહ્યું છે. લંડનમાં સંરક્ષણ અધિકારીઓએ કહ્યું હતું કે, ટ્રમ્પ દ્વારા તુલસીગ બાર્ડની પસંદગીથી તેઓ 'ચિંતિત' છે, જે ઈસ્કોન અનુયાયી હોવાનું કહેવાય છે. યુ.એસ., યુ.કે., કેનેડા, ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડનો સમાવેશ કરતા ફાઈવ આઈઝ ગ્રૂપમાં યુએસના સાથીદારો સંવેદનશીલ માહિતી આપવાથી સાવચેત રહી શકે છે. ફાઈવ આઈઝ કોમ્યુનિટીમાં પટેલ પ્રત્યે ગભરાટ વધુ છે. તેના ડીપ સ્ટેટ ફોબિયાને જોતાં, તેના હાથમાં રહેલા રહસ્યો જોખમી હોવાનું માનવામાં આવે છે.

# મહારાષ્ટ્ર ચૂંટણી : શરદ પવારે મત અને બેઠકો વચ્ચેની વિસંગતતાઓ દર્શાવી; મુખ્યમંત્રી ફડણવીસે આરોપનો વિરોધ કર્યો

## પવારે કહ્યું કે NCP (SP) અને શિવસેના (UBT)એ અજિત પવારની NCP અને શિંદેની શિવસેના કરતાં વધુ મત મેળવ્યા છતાં ઓછી બેઠકો જીતી છે, ફડણવીસે લોકસભા ચૂંટણીના ડેટાને ટાંકીને આ સરખામણીને ફગાવી દીધી હતી

(એજન્સી) મુંબઈ, તા.૯

મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ અને NCP (SP) પ્રમુખ શરદ પવાર વચ્ચે રાજ્યની વિધાનસભા ચૂંટણીના પરિણામોને લઈને રવિવારે શબ્દયુદ્ધ થયું હતું. પવારે દલીલ કરી હતી કે તેમના જૂથે, અજિત પવારની આગેવાની હેઠળની NCP કરતાં વધુ મતો મેળવવા છતાં, માત્ર ૧૦ બેઠકો મેળવી હતી, જ્યારે અજીતની NCPએ ૪૧ બેઠકો જીતી હતી. જવાબમાં, ફડણવીસે તાજેતરની લોકસભા ચૂંટણીના ડેટાને ટાંકીને સીટની જીત સાથેના કુલ મતોની સરખામણીને ફગાવી દીધી હતી. નોંધનીય છે કે, ગ્રામજનોએ ઈવીએમ વડે તેમના મતોની ચકાસણી કરવા માટે બેલેટ પેપરનો ઉપયોગ કરીને મોક પોલ કરવાનો પ્રયાસ કર્યો હતો. જો કે, સ્થાનિક વહીવટીતંત્ર અને પોલીસે કાયદો અને વ્યવસ્થાની ચિંતાઓને ટાંકીને મોક પોલ પર પ્રતિબંધ મૂક્યો હતો. માર્કડવાડી ગામ અને નજીકના વિસ્તારોના ૨૦૦થી વધુ લોકો પર કથિત રીતે પુનઃ મતદાન કરાવવાનો પ્રયાસ કરવા બદલ કેસ દાખલ કરવામાં આવ્યો હતો. પવારે ગ્રામજનોને કહ્યું કે, અમે EVM વિશે કેટલાક ડેટા એકત્રિત કર્યા છે. લોકોએ તેમનો મત આપ્યો, પરંતુ અંતે, પરિણામો અણધાર્યા હતા. તમે આ મુદ્દા વિશે જાગૃતિ ફેલાવી, અને પ્રક્રિયામાં ફેરફાર કરવાની જરૂર છે. જો કે, ભાજપે પવાર પર વળતો પ્રહાર કર્યો અને રાજ્ય પક્ષના અધ્યક્ષ ચંદ્રશેખર બાવનકુળેએ વરિષ્ઠ રાજકારણીને ગેરમાર્ગે દોરવાને બદલે લોકોના આદેશને નમ્રતાપૂર્વક સ્વીકારવા કહ્યું હતું. વિધાનસભાની ચૂંટણીમાં વધુ મત મેળવવા છતાં વિપક્ષી સ્ફછ સાથીઓએ ઓછી બેઠકો જીતી હોવાના પવારના દાવાને નકારી કાઢતા તેમણે X પર અગાઉની ચૂંટણીઓના મતદાનનો ડેટા પોસ્ટ કર્યો હતો. પવારે એ પણ ધ્યાન દોર્યું હતું કે યુનાઈટેડ સ્ટેટ્સ અને યુરોપ જેવા વિકસિત દેશો બેલેટ પેપરનો ઉપયોગ કરીને ચૂંટણીઓ યોજે છે, જ્યારે ભારત સંભવિત ગેરરીતિ અંગેની શંકાઓ હોવા છતાં ઈવીએમનો ઉપયોગ કરે છે. એનસીપી (એસપી)ના વડાએ જણાવ્યું હતું કે તાજેતરની રાજ્યની ચૂંટણીઓમાં તેમની પાર્ટીએ કુલ ૭૨ લાખ મત મેળવ્યા હતા પરંતુ માત્ર ૧૦ ઉમેદવારો જ ચૂંટાયા હતા, જ્યારે અજીતપવારની એનસીપીએ ૫૮ લાખ મત મેળવ્યા હતા અને ૪૧ બેઠકો જીતી હતી. ઉદ્ધવ ઠાકરેની આગેવાની હેઠળની શિવસેના (યુબીટી) એ ૮૦ લાખ મત મેળવ્યા હતા, માત્ર ૨૦ બેઠકો જીતી હતી, જ્યારે નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેની આગેવાની હેઠળની શિવસેનાએ ૭૯ લાખ મત મેળવ્યા હતા અને ૫૭ બેઠકો જીતી હતી. જો તમે પ્રાપ્ત મતો અને જીતેલી બેઠકોની ગણતરી કરો છો, તો તે ખૂબ જ મૂંઝવણભર્યું અને આશ્ચર્યજનક છે. અમે ડેટા એકત્ર



કરી રહ્યા છીએ અને તેનું વિશ્લેષણ કરી રહ્યા છીએ. જ્યાં સુધી અમને કોઈ નક્કર વિશ્લેષણ ન મળે અને ડેટાની સંપૂર્ણ તપાસ ન થાય ત્યાં સુધી અમે વધુ ટિપ્પણી કરીશું નહીં,. હરિયાણા, જમ્મુ અને કાશ્મીર, મહારાષ્ટ્ર અને ઝારખંડમાં તાજેતરની વિધાનસભા ચૂંટણીઓના પરિણામોનો સંદર્ભ આપતા પવારે દાવો કર્યો હતો કે મોટા રાજ્યોને લક્ષ્ય બનાવવા માટે ભાજપે નાના રાજ્યોમાં વિપક્ષને જીતવાની મંજૂરી આપી હતી. આ ચાર રાજ્યોમાંથી, ભાજપે બે જીત્યા, જ્યારે વિપક્ષે બે જીત્યા. આ જીત પાછળ કોઈ વ્યૂહરચના અને પેટર્ન હોવી જોઈએ. વિપક્ષને નાના રાજ્યોમાં જીતવા દો અને પછી મોટા રાજ્યોને નિશાન બનાવો. દરમિયાન, દેવેન્દ્ર ફડણવીસે પવારના દાવા પર પ્રતિક્રિયા આપી અને તેમને દેશને ગેરમાર્ગે ન દોરવા કહ્યું હતું અને કહ્યું કે, જો તમે હાર સ્વીકારશો તો તમે આમાંથી બહાર આવશો. હું અપેક્ષા રાખું છું કે તમે તમારા સાથીદારોને આત્મનિરીક્ષણ અંગે સલાહ આપો. ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં, ભાજપને ૧,૪૯,૧૩,૯૧૪ મત મળ્યા અને નવ બેઠકો જીતી, જ્યારે કોંગ્રેસને ૯૬,૪૧,૮૫૬ મત મળ્યા અને ૧૩ બેઠકો જીતી. શિવસેનાએ ૭૩,૭૭,૬૭૪ મત મેળવ્યા અને સાત બેઠકો જીતી, જ્યારે NCP (SP)ને ૫૮,૫૧,૧૬૬ મત મળ્યા અને આઠ બેઠકો જીતી. તમે લોકસભા ચૂંટણીના પરિણામોને કેવી રીતે સમજાવશો ?. ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં, કોંગ્રેસને ૮૭,૯૨,૨૩૭ મત મળ્યા અને માત્ર એક બેઠક જીતી, જ્યારે સંયુક્ત NCPને ૮૩,૮૭,૩૬૩ મત મળ્યા અને ચાર બેઠકો જીતી. વિપક્ષોએ પોતાની હાર સ્વીકારવી જોઈએ અને વાસ્તવિકતા સાથે સમજૂતી કરવી જોઈએ. તેઓએ તેમના સાથીદારોને આત્મનિરીક્ષણ કરવા અને લોકોને ગેરમાર્ગે દોરવાનું બંધ કરવા કહેવું જોઈએ. ઉલ્લેખનીય છે કે, નવેમ્બરમાં યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં સત્તારૂઢ ભાજપ-એનસીપી-શિવસેના ગઠબંધને ૨૮૮ માંથી ૨૩૦ બેઠકો જીતી હતી.

# સંશોધક સાબીર અહેમદની આરટીઆઈ ક્વેરીમાં તેમની ભારતીય નાગરિકતા અંગે સવાલ ઉઠાવવામાં આવ્યા

## અહેમદે પૂછ્યું કે મારો પ્રશ્ન એ છે કે, હું શા માટે ભારતીય નાગરિક નથી અથવા મારી નાગરિકતા પર SPIOને શેના આધારે શંકા છે ? શું તે મારા મુસ્લિમ નામના લીધે અથવા માહિતીને નકારવાનો પ્રયાસ હતો ?

(એજન્સી) તા.૯

ભારતમાં માહિતીના અધિકાર (RTI) કાયદાથી સંબંધિત એક ખૂબ જ અસામાન્ય ઘટનામાં કોલકાતા નેશનલ મેડિકલ કોલેજે સાબીર અહેમદ નામના સંશોધકને RTI ક્વેરી સબમિટ કરવાના જવાબમાં તેમની ભારતીય નાગરિકતા સાબિત કરવા કહ્યું છે. પ્રતિચી ટ્રસ્ટ સાથે કામ કરતા સંશોધક સાબીર અહેમદે પશ્ચિમ બંગાળની ૨૩ મેડિકલ કોલેજો પાસેથી માહિતી માંગતી RTI સબમિટ કરી હતી. આરટીઆઈમાં તેમના વિદ્યાર્થીઓ, અધ્યાપકો અને વહીવટી કર્મચારીઓની વિગતો માંગવામાં આવી હતી, જેમાં તેઓના સામાજિક જૂથો જેવી વિગતોનો સમાવેશ થાય છે. રાજ્યના તબીબી શિક્ષણ અને વહીવટમાં વંચિત વસ્તીના પ્રતિનિધિત્વ પરના તેમના સંશોધન માટે સાબીર અહેમદ દ્વારા માંગવામાં આવેલા ડેટા કોઈપણ પ્રતિબંધિત માહિતી શ્રેણી હેઠળ આવતા નથી. અહેમદે કહ્યું કે, એક સંશોધક તરીકે મેં (RTI) કાયદો અમલી બન્યો ત્યારથી રાજ્ય અને કેન્દ્ર સરકારના વિવિધ વિભાગોમાં ૨,૫૦૦થી વધુ અરજીઓ દાખલ કરી છે. આ પહેલી વાર હતું જ્યારે મને મારી નાગરિકતા સાબિત કરવા માટે કહેવામાં આવ્યું છે. આરટીઆઈ એક્ટ મુજબ નાગરિકત્વની માત્ર ઘોષણા સામાન્ય રીતે પૂરતી હોય છે. ૨ ડિસેમ્બરના રોજ કોલકાતા નેશનલ મેડિકલ કોલેજે આરટીઆઈ અરજીનો જવાબ મોકલીને અહેમદને તેની ભારતીય નાગરિકતા સાબિત કરવા કહ્યું હતું. રાજ્યના જાહેર માહિતી અધિકારી (SPIO) દ્વારા હસ્તાક્ષર કરાયેલ સંચારમાં જણાવાયું હતું કે, તમારી આરટીઆઈ અરજીના જવાબમાં.., નીચે સહી કરનાર એ ઉલ્લેખ કરવા માંગે છે કે તમે આ અરજીમાં જાહેર કર્યું નથી કે તમે ભારતના નાગરિક છો. તેથી જ્યાં સુધી તમે તમારી ભારતીય નાગરિકતાનો પુરાવો ન આપો ત્યાં સુધી અમે તમારા



પ્રશ્નોના જવાબ આપવામાં અસમર્થ છીએ. અહેમદે તેના આધાર કાર્ડની નકલ સાથે SPIOને જવાબ આપ્યો છે. ૬ ડિસેમ્બરે, જવાબ આવ્યો કે તેમણે એક સંશોધક તરીકે ઓળખ આપતી માહિતી પ્રદાન કરી છે અને જણાવ્યું છે કે આધાર કાર્ડને ભારતીય નાગરિકતાનો પુરાવો માનવામાં આવતો નથી. કેન્દ્ર સરકારની વેબસાઈટ જણાવે છે કે RTI હેઠળ કોઈપણ માહિતી માટે અરજી કરવા માટે નાગરિકતાના પુરાવાની કોઈ આવશ્યકતા નથી. જો કે, તેમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે જો SPIO અથવા અન્ય કોઈ સંબંધિત અધિકારીને શંકા હોય કે અરજદાર ભારતીય નાગરિક છે કે કેમ, તો પુરાવા માંગવામાં આવી શકે છે. અહમદે કહ્યું કે, મારો પ્રશ્ન એ છે કે મેડિકલ કોલેજના SPIOને લાગે છે કે હું ભારતીય નાગરિક નથી અથવા મારી નાગરિકતા પર શંકા કરવાનું કારણ શું છે ? શું તે મારૂં મુસ્લિમ નામ છે અથવા તે માહિતીને નકારવાનો પ્રયાસ હતો ? સાબીર અહેમદ પ્રતિચી સંસ્થાના રાષ્ટ્રીય સંયોજક છે, જેની સ્થાપના નોબેલ વિજેતા અમર્ત્ય સેન દ્વારા કરવામાં આવી હતી.

# તમામ ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સને દેશનિકાલ કરો, નાટોમાંથી બહાર નીકળો, ૬ જાન્યુઆરીના દોષિતોને માફ કરો : ડોનાલ્ડ ટ્રમ્પનો એજન્ડા રજૂ

(એજન્સી) તા.૯

અમેરિકામાં નવા ચૂંટાયેલા રાષ્ટ્ર પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ગઈકાલે જાહેરાત કરી હતી કે, તે દેશની જન્મજાત નાગરિકતા રદ કરવાની યોજના બનાવી રહ્યા છે. અમેરિકાના બંધારણના ૧૪માં સંશોધનમાં અમેરિકામાં જન્મની સાથે જ નાગરિકતા આપવાનો કાયદો છે. પરંતુ ટ્રમ્પના આ નિર્ણયથી લોકોના અધિકાર છીનવાઈ જવાની ભીતિ વધશે. તેમજ જે લોકો પાસે અમેરિકામાં કાયદેસર દસ્તાવેજ નથી તેમની મુશ્કેલીઓ વધશે. અમેરિકામાં ડોનાલ્ડ ટ્રમ્પ રાષ્ટ્ર પ્રમુખ પદે શપથ ગ્રહણ કરે તે સમયથી જ કેટલાક મોટા ફેરફારો થવાની સંભાવના જોવા મળી રહી છે. તેમાં ઈમિગ્રેશન મુદ્દે કડક વલણ, ક્રિપ્ટો કરન્સી મુદ્દે સુધારા જેવા ફેરફારો સામેલ છે. એક મીડિયા ઈન્ટરવ્યૂમાં ટ્રમ્પે જણાવ્યું કે, તેમનું લક્ષ્ય પોતાના ચાર વર્ષના કાર્યકાળમાં અમેરિકામાં કાયદેસર રૂપે પ્રવેશ



કરાવનારા તમામ ઈમિગ્રન્ટ્સને આશરો આપશે. પરંતુ બાળકોના માધ્યમથી અમેરિકામાં આશરો લેનારા અને પ્રવેશ કરનારા ગેરકાયદે ઈમિગ્રન્ટ્સ વિરૂદ્ધ કાર્યવાહી હાથ ધરશે. જેના ભાગરૂપે તે બાળકના જન્મતાવેંત મળતી સિટિઝનશીપનો કાયદો રદ કરાશે. રાષ્ટ્ર પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે જાન્યુઆરીમાં શપથ ગ્રહણ કર્યા બાદ બીજા કાર્યકાળની રૂપરેખા રજૂ કરી છે. જેમાં ઈમિગ્રેશન પોલિસી, ક્રિમિનલ જસ્ટિસ અને કાર્યકારી નેતૃત્વ પર વિવાદાસ્પદ કાર્યવાહીઓનું વચન સામેલ છે. મીડિયા રિપોર્ટ અનુસાર, પોતાના વચનોમાં ટ્રમ્પે અમેરિકામાં ઈમિગ્રન્ટ્સથી જન્મેલા બાળકોને જન્મજાત નાગરિકત્વ આપવાનો કાયદો રદ કરવા અને ટ્રમ્પની વિરૂદ્ધ તપાસ કરનારા કોંગ્રેસના સભ્યો સહિત રાજકીય વિરોધીઓ સામે બદલો લેવા પર ભાર મૂક્યો હતો. ટ્રમ્પે જાહેરાત કરી હતી કે આવતા મહિને ઓફિસમાં તેમના પ્રથમ દિવસે જ તેઓ ૬ જાન્યુઆરી, ૨૦૨૧ના રોજ કેપિટલ હુમલામાં સામેલ અને દોષિત ઠરેલા સમર્થકોને માફી આપશે. આ મામલે ઝડપથી પગલાં લેવાશે. ટ્રમ્પે વધુમાં જણાવ્યું હતું કે, તે ગર્ભપાતની ગોળીઓની ઉપલબ્ધતાને મર્યાદિત કરવાની કોઈ યોજના બનાવી રહ્યા નથી. ટ્રમ્પે પોતાના પ્રથમ કાર્યકાળ દરમિયાન ગર્ભપાતનો અધિકાર દૂર કરવાની કવાયત હાથ ધરી હતી.

# સફારી પાર્ક બને તે પહેલાં નવા રહેઠાણનું વાતાવરણ ચેક કરવા પહોંચ્યો સિંહ પરિવાર







ગુજરાત રાજ્ય સરકાર દ્વારા ગીર સોમનાથ જિલ્લાનાં એહમદપુર માંડવી નજીક આવેલાં બ્લુ ફ્લેગ બીચ નજીક નવીન સફારી પાર્ક બનાવ મંજૂરી થયેલ છે હજુ ત્યાં સફારી પાર્ક બનાવવા કોઈ કામગીરી શરૂ થયેલ નથી તે પહેલા ગીરનાં કેશરી ડાલામથ્થા સિંહ પરીવાર સાથે નવાં રહેઠાણનું વાતાવરણ ચેક કરતાં હોય તેમ નાલીયા માંડવીથી દીવનાં છેલ્લા છેડે વણાંક બારા નાગવા બીચ સુધીની સફર કરી રહ્યા છે આ સિંહનાં લાંબા સમયથી આંટાફેરાનાં અવાર-નવાર સોશિયલ મીડિયામાં વિડીયો વાયરલ થતાં ઊનાનાં જશાધાર તેમજ દિવનાં વન વિભાગ દ્વારા ચાર જેટલાં સિંહનું રેસ્ક્યું કરી લીધાં બાદ એક સિંહણ અને એક નર ડાલામથ્થા ફરી વખત દરીયાકિનારે બીચ અને રોડ ઉપર જોવાં મળ્યાં છે દેલવાડાથી નાલીયા માંડવી એહમદપુર ચેકપોસ્ટ સુધી જંગલ વિસ્તારનું રીજવર ફોરેસ્ટ અભિયારણ્ય વિસ્તાર હોવાથી સિંહ જોવા મળે છે નજીકનાં સમયમાં આ વિસ્તારમાં નવીન સફારી પાર્ક અહેમદપુર માંડવી બ્લુ બીચ ઉપર અને તેના આજુબાજુના વિસ્તારમાં જોવા મળશે તે પહેલાં ગીરનાં ડાલામથ્થા વાતાવરણ અનુકુળ છે કે કેમ ! તે તપાસી રહ્યા છે અત્રે ઉલ્લેખનીય છે કે આ બે નરસિંહ એક માદા સિંહણ પ્રેમમાં ઝઘડો કરતો હોય તેવાં દશ્યો જોવાં મળતાં હોય છે.

### રાષ્ટ્ર નિર્માણના તમામ ક્ષેત્રોમાં નેતૃત્વ માટે આપણા યુવાનોને તૈયાર કરવા પડશે : વડાપ્રધાન

# યુવાનોએ રાજકારણમાં દેશનું નેતૃત્વ કરવું જોઈએ, એક લાખ ઊર્જાવાન યુવાનોને રાજકારણમાં લાવવાનો સંકલ્પ

### વડાપ્રધાન મોદીનું વર્ચ્યુઅલી સંબોધન; ભારત જ્ઞાન-પરંપરા જૂના ઉપદેશોના આધાર પર આગળ વધી રહ્યું છે

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર,તા.૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અમદાવાદના સાણંદ તાલુકામાં આયોજિત કાર્યક્રમમાં વચ્યુઅલ માધ્યમથી સંબોધન કર્યું હતું. જેમાં તેમણે જણાવ્યું હતું કે આજનું ભાકત પોતાના જ્ઞાન, પરંપરા અને સદીઓ જૂના ઉપદેશોને આધારે આગેકૂચ કરી રહ્યું છે. આધુનિક ટેકનોલોજીના ક્ષેત્રમાં ભારતના વર્તમાન સમયમાં વધી રહેલા વર્ચસ્વ પર ભાર મૂકતા વડાપ્રધાને જણાવ્યું હતું કે, આધુનિક વિજ્ઞાનના ખૂબ જ સમર્થક સ્વામી વિવેકાનંદ માનતા હતા કે, વિજ્ઞાનનું મહત્ત્વ માત્ર વસ્તુઓ કે ઘટનાઓનાં વર્ણન પૂરતું મર્યાદિત નથી, પણ વિજ્ઞાનનું મહત્ત્વ આપણને પ્રેરિત કરવામાં અને આપણને આગળ લઈ જવામાં રહેલું છે. વડાપ્રધાન મોદીએ વધુમાં જણાવ્યું હતું કે ભારતની ઓળખને વિશ્વની ત્રીજી સૌથી મોટી સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ, વિશ્વનું ત્રીજું સૌથી મોટું અર્થતંત્ર બનવાની દિશામાંનાં પગલાં,



માળખાગત સુવિધાનાં ક્ષેત્રમાં આધુનિક નિર્માણ અને ભારત દ્વારા આપવામાં આવી રહેલા વૈશ્વિક પડકારોનું સમાધાન પ્રદાન કરવા જેવી અનેક સિદ્ધિઓથી ભારતની ઓળખને માન્યતા મળી છે. વડાપ્રધાને કહ્યું કે "સ્વામી વિવેકાનંદ માનતા હતા કે યુવાશક્તિ દેશની કરોડરજ્જુ છે. ભારતે આજે અમૃતકાળની નવી સફર શરૂ કરી છે અને વિકસિત ભારતનો અચૂક ઉકેલ લીધો છે. આપણે નિર્ધારિત સમયમર્યાદામાં આ લક્ષ્યાંક હાંસલ કરવાની જરૂર છે એ વાત પર ભાર મૂકતા વડાપ્રધાને ભારપૂર્વક જણાવ્યું હતું કે, "ભારત દુનિયામાં સૌથી યુવા રાષ્ટ્ર છે." આજે ભારતનાં યુવાનોએ દુનિયામાં પોતાની ક્ષમતા અને ક્ષમતાનો પુરાવો આપ્યો છે તેમજ ભારતની યુવાશક્તિ જ વિશ્વની સૌથી મોટી કંપનીઓનું નેતૃત્વ કરી રહી છે અને તેમણે જ ભારતનાં વિકાસની જવાબદારી સંભાળી છે. આજે દેશ પાસે સમય અને તકો છે એ બાબત પર ભાર મૂકીને તેમણે રાષ્ટ્રનિર્માણનાં દરેક ક્ષેત્રમાં નેતૃત્વ માટે યુવાનોને તૈયાર કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. ટેકનોલોજી અને અન્ય ક્ષેત્રોની જેમ આપણા યુવાનોએ પણ દેશનું રાજકારણમાં નેતૃત્વ કરવાની જરૂર છે. વડાપ્રધાને આગામી સમયમાં ૧ લાખ પ્રતિભાશાળી અને ઊર્જાવાન યુવાનોને રાજકારણમાં લાવવાના સરકારના સંકલ્પનો પણ આ પ્રસંગે ઉલ્લેખ કર્યો હતો. આ યુવાનો ૨૧મી સદીના ભારતીય રાજકારણ અને દેશના ભવિષ્યનો નવો ચહેરો બનશે તેમ તેમણે ઉમેર્યું હતું. આધ્યાત્મિકતા અને સાતત્યપૂર્ણ વિકાસ પર ભાર મૂકતાં વડાપ્રધાને કહ્યું હતું કે, પૃથ્વીને શ્રેષ્ઠ બનાવવા માટે યાદ રાખવા જેવા બે મહત્ત્વપૂર્ણ વિચારો છે. આ બંને વિચારો વચ્ચે સુમેળ સાધીને આપણે વધુ સારા ભવિષ્યનું નિર્માણ કરી શકીએ તેમ છીએ. આર્થિક વિકાસ, સામાજિક કલ્યાણ અને પર્યાવરણનાં સંરક્ષણ વચ્ચે સંતુલન જાળવીને સ્થાયી વિકાસનું લક્ષ્ય હાંસલ કરી શકાય છે. આધ્યાત્મિકતા અને ટકાઉપણા એમ બંનેમાં સંતુલન જાળવવું મહત્ત્વપૂર્ણ છે. એક વ્યક્તિ મનની અંદર સંતુલન સર્જે છે, ત્યારે બીજી વ્યક્તિ આપણને પ્રકૃતિ સાથે સમતોલન જાળવવાનું શીખવે છે. આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું. વિકસિત ભારતના નિર્માણ માટે વડાપ્રધાને 'વિરાસત ભી, વિકાસ ભી'ના મંત્ર સાથે વિકાસનો રોડમેપ આપ્યો છે. સંસ્કૃતિને ટકાવી રાખીશું તો જ વિકાસનો પાયો મજબૂત બનશે. ચારિત્ર્ય નિર્માણ સાથે આગળ વધીશું તો નિર્ધારિત લક્ષ્ય પર પહોંચીશું. વિશ્વમાં ભારતની મજબૂત દેશ તરીકેની છબી ઉભરી આવી છે, તેમ તેમણે ઉમેર્યું હતું.

### વિકાસના કામો અને અધિકારીઓની ગેરહાજરી મુદ્દે

# નર્મદા જિલ્લા દિશા કમિટી બેઠકમાં મનસુખ વસાવા-ચૈતર વસાવા વચ્ચે ચકમક ?

### નર્મદાના અધિકારીઓ કોઈપણ આયોજન કે ટેન્ડર પ્રક્રિયા કરે ત્યારે તાલુકા પંચાયત પ્રમુખ અને સ્થાનિક ધારાસભ્યને વિશ્વાસમાં લેતા નથી : ધારાસભ્ય ચૈતર વસાવા

રાજપીપળા, તા.૯

નર્મદા જિલ્લા ડિસ્ટ્રીક્ટ લેવલ કો-ઓર્ડિનેશન અન્ડ મોનિટરિંગ (દિશા) કમિટીની ત્રિમાસિક બેઠક ભરૂચના સાંસદ મનસુખ વસાવાની અધ્યક્ષતામાં જિલ્લા કલેક્ટર કચેરીના સભાખંડ ખાતે તા.૭મી ડિસેમ્બરને બપોરે ૩-૦૦ કલાકે મળી હતી. આ બેઠકમાં ડેડિયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવા અને સાંસદ મનસુખ વસાવા વચ્ચે વિકાસના કામો અને અધિકારીઓની આ બેઠકમાં ગેરહાજરી મુદ્દે બોલાચાલી થઈ હોવાનું આધારભુત સૂત્રો પાસેથી જાણવા મળ્યુ છે.

નર્મદા જિલ્લા ડિસ્ટ્રીક્ટ લેવલ કો-ઓર્ડિનેશન અન્ડ મોનિટરિંગ (દિશા) કમિટીની બેઠકમાં ડેડિયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવાએ વિકાસના કામોમાં અધિકારીઓની મનમાની અને આ બેઠકમાં કેટલાક ઉચ્ચ અધિકારીઓ ગેરહાજર રહેતા વિરોધ નોંધાવ્યો હતો. આ દરમિયાન દિશા કમિટીના અધ્યક્ષ મનસુખ વસાવા અને ધારાસભ્ય ચૈતર વસાવા વચ્ચે બોલાચાલી થઈ હોવાથી માહોલ ગરમાયો હોવાનું પણ સૂત્રો દ્વારા જણાવાયુ છે.આ બાબતે ડેડીયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવાએ જણાવ્યું હતું કે નર્મદા જિલ્લાનો અધિકારી વર્ગ કોઈ પણ ચૂંટાયેલા પ્રતિનિધિને પૂછ્યા વગર બારો બાર એજન્સી કહે એ પ્રમાણે અમારા બજેટનું આયોજન કરી દે છે. ચૂંટાયેલા પ્રતિનિધિને વિશ્વાસમાં લીધા વગર ટેન્ડર પ્રક્રિયા કરી દે છે, સ્થાનિકની જગ્યાએ બહારના લોકોને કામ આપી દે છે. કોઈ પણ આયોજન હોય તો કમિટીની બેઠક થવી જોઈએ, ૧૦ ટકા ગુજરાત પેટર્નની બેઠક થયા વગર, બંધારણની કલમ ૨૭૫ના બજેટનું અને આદર્શ ગ્રામનું, બારો બાર આયોજન કરી દે એ અધિકારીઓને સોંપ્યું નથી.આ મુદ્દે મે દીશા કમિટીની બેઠકમાં વિરોધ કર્યો એટલે માહોલ ગરમાયો હતો.નર્મદાના અધિકારીઓ કોઈ પણ આયોજન કે ટેન્ડર પ્રક્રિયા કરે ત્યારે તાલુકા પંચાયત પ્રમુખ અને સ્થાનિક ધારાસભ્યને વિશ્વાસમાં લેતાં નથી. આ પ્રજાના પૈસા છે.

### અગાઉ અપાયેલી નોટિસની નકલો સામે આવી

# નસબંધી ઓપરેશનમાં શૂન્ય કામગીરી કરનારને નોટિસ અપાઈ હોવાનો ઘટસ્ફોટ

### નશબંધીકાંડમાં ટાર્ગેટ ન અપાતો હોવાનો દાવો તદ્દન ખોટો સાબિત થયો

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૯

સમગ્ર રાજયમાં નશબંધીકાંડનો હાહાકાર જોવા મળી રહ્યો છે ત્યારે, નવો ખુલાસો સામે આવતા હડકંપ મચી જવા પામ્યો છે. આરોગ્ય તંત્રના એક બાદ એક નવાકાંડ સામે આવી રહ્યા છે. ખ્યાતિકાંડ બાદ મહેસાણા જિલ્લામાં નશબંધીકાંડ સામે આવ્યો છે. નશબંધીકાંડમાં અધિકારીઓ દ્વારા ટાર્ગેટ આપવામાં આવ્યો હોવાની વાત જિલ્લા આરોગ્ય અધિકારીઓએ નકારી કાઢી હતી. ત્યારે કડી તાલુકા હેલ્થ ઓફિસરની એક નોટિસ સામે આવી છે, જેમાં TDO કુટુંબ નિયોજનના શૂન્ય ઓપરેશન કરનાર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મેડિકલ ઓફિસરોને નોટિસ આપીને ખુલાસો કરવાનું જણાવી રહ્યા છે અને જો ખુલાસો કરવામાં નહીં આવે તો કાર્યવાહી કરવાની ચીમકી પણ આપવામાં આવી છે. ત્યારે નશબંધીકાંડમાં 'ટાર્ગેટ' ન અપાતો હોવાનો દાવો પોકળ સાબિત થતો જોવા મળી રહ્યો છે.

મહેસાણાના શેઢાવી ગામના યુવકને થોડાંક સમય અગાઉ જામફળીના ખેતરમાં લઈ જઈ દારૂ પીવડાવીને કુંવારો હોવા છતાં તે નસબંધી કરવામાં આવી હતી. જે બાદ મહેસાણાના જમનાપુરના યુવકને બીજા લગ્ન કરે તે પહેલાં જ આરોગ્ય તંત્ર દ્વારા તેની નશબંધી અડાલજ ખાતે કરી દેવામાં આવી હતી. જે બાદ એકાએક નશબંધીકાંડ સામે આવતાં સમગ્ર ગુજરાત રાજયમાં હડકંપ મચી જવા પામ્યો હતો.

બીજી તરફ નશબંધીકાંડમાં ટાર્ગેટ ન અપાતો હોવાનો આરોગ્ય અધિકારીઓનો દાવો તદ્દન ખોટો હોવાનું સામે આવ્યું છે. ટાર્ગેટ મુજબ કામગીરી ન થાય તો નોટિસ અપાય છે. નશબંધીકાંડમાં અગાઉ અપાયેલી નોટિસની નકલો સામે આવી છે. નશબંધી ઓપરેશનમાં શૂન્ય કામગીરી કરનારને નોટિસ અપાઈ હતી. કડી તાલુકાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોને નોટિસ અપાઈ હતી. ૨૪ ઓક્ટોબરના રોજ અપાયેલી નોટિસ સામે આવી છે. ત્રણ માસમાં કામગીરી પૂર્ણ ન થાય તો શિક્ષાત્મક કાર્યવાહીનો નોટિસમાં ઉલ્લેખ છે.

સમગ્ર મહેસાણા જિલ્લામાં એક બાદ એક નશબંધીકાંડના અનેક ખુલાસા સામે આવી રહ્યા છે. ત્યારે શનિવારે આરોગ્ય વિભાગના અધિકારીઓ દ્વારા નિવેદન આપવામાં આવ્યું હતું કે, અધિકારીઓને કોઈ જ ટાર્ગેટ આપવામાં આવતો નથી. ત્યારે મહેસાણા આરોગ્ય વિભાગ દ્વારા આ મામલે બે કર્મચારીને સસ્પેન્ડ કરી કાર્યવાહી કરવામાં આવી હતી.

મહેસાણા જિલ્લા આરોગ્ય વિભાગના અધિકારી ડોક્ટર મહેશ કાપડિયાએ શનિવારે જણાવ્યું હતું કે, મેં CDHO તરીકે કોઈ પણ મિટિંગમાં કોઈ જ અધિકારીને ટાર્ગેટ આપ્યો નથી. હું મારા કર્મચારીને કહેતો હોઉં છું કે, કામ નહીં કરો તો ચાલશે પણ જે કામ કરો એ ક્વોલીટીવાળું હોવું જોઈએ અને જે પણ કામ કરો એની સાચી એન્ટ્રી કરો.

તપાસ કમિટીની રચના કરી જવાબદાર સામે પગલાં લેવાશે : DDO નશબંધી ટાર્ગેટ મામલે મહેસાણા DDO ડો.જસમીન હસરતએ જણાવ્યું હતું કે, જિલ્લા લેવલની તપાસ કમિટીની રચના કરવામાં આવી છે. CDHO અને તેમની ટીમ સમગ્ર મામલે તપાસ કરી રહી છે. જો કોઈ ટાર્ગેટ આપી કામગીરી થઈ હશે તેવું તપાસમાં સામે આવશે તો તેમની સામે કડક પગલાં ભરવામાં આવશે.

### શિયાળાની અસર હવાઈ મુસાફરોને થઈ

# દેશ-વિદેશમાંથી અમદાવાદ એરપોર્ટ ઉપર આવતી ૩૮ ફ્લાઈટ વિલંબિત

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૯

અમદાવાદ સહિત રાજ્યભરમાં ઠંડીનું પ્રમાણ વધ્યું છે. જ્યારે શિયાળાની અસર હવાઈ મુસાફરોને પણ થઈ છે. અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ ઉપરથી દરરોજ સરેરાશ ૨૭૫ જેટલી ફ્લાઈટની અવરજવર રહેતી હોય છે પરંતુ, ખાસ કરીને ચોમાસાની અને શિયાળાની ઋતુમાં વહેલી સવારે ધુમ્મસભર્યું વાતાવરણ હોવાથી ફ્લાઈટના ટેક ઑફ અને લેન્ડિંગમાં સમસ્યા સર્જાઈ શકે છે. જેથી, હવાઈ યાત્રીઓને વાતાવરણની સીધી અસર થઈ શકે છે ત્યારે આજે સવારથી જ ઝારખંડના રાંચીમાં ધુમ્મસભર્યું વાતાવરણ હોવાથી ફ્લાઈટની અવરજવરમાં મુશ્કેલ સર્જાતા ઈન્ડિગો એરલાઈન્સ દ્વારા પોતાના મુસાફરોને અગાઉથી જ માહિતગાર કરી દેવામાં આવ્યા હતા પરંતુ, અમદાવાદથી બપોરના ૦૩.૪૫ કલાકે રાંચી જતી અને રાંચીથી રાત્રે ૮:૪૫ કલાકે અમદાવાદ આવતી ફ્લાઈટને તેની અસર થઈ છે. આ ઉપરાંત બેંગ્લોરથી અમદાવાદ આવતી ફ્લાઈટ આજે રદ થઈ હતી. જેથી, અમદાવાદથી બેંગ્લોર જતા મુસાફરોને પણ મુશ્કેલી વેઠવાનો વારો આવ્યો હતો. દેશ-વિદેશમાંથી અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ ઉપર આવતી કુલ ૩૮ ફ્લાઈટ વિલંબિત થઈ હતી તથા બેંગ્લોરથી અમદાવાદ આવતી એક ફ્લાઈટ રદ થઈ હતી. આજરોજ દિલ્હી, બેંગલોર, પટના, જયપુર જેવા શહેરોમાંથી આવતી ડોમેસ્ટિક ફ્લાઈટ એક કલાકથી લઈને બે કલાક સુધી જ્યારે બેંગકોકથી અમદાવાદ આવતી ઈન્ટરનેશનલ ફ્લાઈટ એક કલાક જેટલા સમય માટે વિલંબિત થઈ હતી.

ડોમેસ્ટિક સહિત ઈન્ટરનેશનલ ફ્લાઈટ પણ ઉડાન ભરવામાં વિલંબિત થઈ હતી આજે અમદાવાદથી ઉડાન ભરતી ઈન્ટરનેશનલ ફ્લાઈટમાં હનોઈ બેંગકોક જેવા વિવિધ દેશમાં જતી ફ્લાઈટ તથા પુણે મુંબઈ, દિલ્હી, બેંગલોર, જયપુર, પટના, અયોધ્યા જતી ફ્લાઈટ એક કલાકથી લઈને ત્રણ કલાક જેટલા સમય માટે વિલંબિત થઈ હતી.

### ગુજરાત રાજ્ય ઈન્સ્ટિટયુશન ફોર ટ્રાન્સફોર્મેશન (GRIT)ની ગવર્નિંગ બોડીની પ્રથમ બેઠક યોજાઈ

# GRIT રાજ્ય સરકારની થીંક ટેન્ક અને ઈનોવેશન હબ તરીકે કાર્ય કરશે

### કેન્દ્ર-રાજ્યની યોજનાઓની સોશિયલ ઈમ્પેક્ટ ડેટા એનાલિસિસથી કરવા CMનું સૂચન

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૯

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને ગુજરાત ઈન્સ્ટીટ્યુશન ફોર ટ્રાન્સફોર્મેશન GRITની ગવર્નિંગ બોડીની પ્રથમ બેઠક ગાંધીનગરમાં યોજવામાં આવી હતી. આ બેઠકમાં GRITની વિસ્તૃત કાર્યક્ષેત્ર અને અનુષાંગિક વ્યવસ્થાઓ અંગે વિચાર-પરામર્શ હાથ ધરાયો હતો. GRITના નવનિયુક્ત CEO એસ. અપર્ણાએ આ બેઠકમાં GRITની અત્યાર સુધીની પ્રારંભિક કાર્યવાહિની વિઝનોનું પ્રેઝન્ટેશન પ્રસ્તુત કર્યુ હતું.

GRIT રાજ્ય સરકારની થિંક ટેક્ન અને ઈનોવેશન હબ તરીકે કાર્ય કરવા સથો-સાથ રાજ્ય સરકારે નિમેલી ટાસ્ક ફોર્સ કમિટીની ભલામણોના અમલ માટે વિવિધ વિભાગો સાથે સંકલન અને પરામર્શમાં રહિને કાર્યયોજના ધડે એ સંદર્ભમાં વિસ્તૃત ચર્ચા-વિચારણા આ બેઠકમાં કરવામાં આવી હતી. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગવર્નિંગ બોડીની આ પ્રથમ બેઠકના અધ્યક્ષસ્થાનેથી સંબોધન કરતાં રાજ્ય અને કેન્દ્ર સરકારની જનહિતકારી યોજનાઓની સોશિયલ ઈમ્પેક્ટ, ફાયદઓ વગેરે ડેટા એનાલીસીસથી GRIT કરે તેવું સૂચન કર્યુ હતું. આ બેઠકમાં નાણાં મંત્રી કનુભાઈ દેસાઈ, આરોગ્ય મંત્રી રૂષિકેશ પટેલ, ઊદ્યોગ મંત્રી બળવંતસિંહ રાજપૂત વગેરે

આ બેઠકની વિશદ ચર્ચા પરામર્શમાં જણાવવામાં આવ્યું કે, નિતી આયોગ દ્વારા સુચિત ગ્રોથ હબ મોડેલ સુરત રિઝીયન માટે લાગુ કરવામાં આવ્યું છે તેમ હવે તેને ક્રમશઃ રાજ્યના અન્ય રિઝીયનમાં વિસ્તૃત કરવા માટેની ઈન્સ્ટીટ્યુશનલાઈઝડ વ્યવસ્થામાં GRIT મદદરૂપ થાય. આ બેઠક દરમિયાન IIM અમદાવાદ અને GRIT વચ્ચે MOU કરવામાં આવ્યા હતાં.

### આવતીકાલે વન મોબિક્વિક સિસ્ટમ્સનો IPO ખુલશે

અમદાવાદ,તા.૯

વન મોબિક્વિક સિસ્ટમ્સ લિમિટેડ, તેની પ્રથમ પ્રારંભિક જાહેર ઓફર માટે શેર દીઠ રૂા.૨ની મૂળ કિંમત ધરાવતા ઈક્વિટી શેર માટે રૂા.૨૬૫/-થી રૂા.૨૭૯/- પ્રતિ ઈક્વિટી શેરની પ્રાઈસ બેન્ડ નક્કી કરી છે. કંપનીની પ્રારંભિક જાહેર ઓફર સબસ્ક્રિપ્શન માટે બુધવાર, ૧૧ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ ખુલશે અને શુક્રવાર, ૧૩ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ બંધ થશે. રોકાણકારો ઓછામાં ઓછા ૫૩ ઈક્વિટી શેર માટે અને ત્યારબાદ ૫૩ ઈક્વિટી શેરના ગુણાંકમાં બિડ કરી શકે છે.

### સરકારી ભરતીની પરીક્ષાનો કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો

# GPSCએ પરીક્ષાની તારીખો કરી જાહેર કુલ ૨૮૦૦ જગ્યાઓ માટે યોજાશે પરીક્ષા

### વર્ગ-૧ અને વર્ગ-૨ની પરીક્ષા ક્લબ કરવા સાથે વર્ગ-૩ની પરીક્ષા અલગથી લેવાશે

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૯

સરકારી પરીક્ષાની રાહ જોઈ રહેલા ઉમેદવારો માટે સારા સમાચાર છે. ગુજરાત પબ્લિક સર્વિસ કમિશન એ જુદી-જુદી ૧૧ પરીક્ષાઓની તારીખ જાહેર કરી દીધી છે. કુલ ૨૮૦૦ જગ્યાઓ માટે પરીક્ષાનું આયોજન કરવામાં આવશે. જીપીએસસીના ચેરમેન હસમુખ પટેલે આજે આ જાહેરાત કરી હતી. હસમુખ પટેલે જણાવ્યું કે વર્ગ-૧ અને વર્ગ-૨ની પરીક્ષા ક્લબ કરવામાં આવી છે. જ્યારે વર્ગ-૩ની પરીક્ષા અલગથી લેવામાં આવશે. ગુજરાત પબ્લિક સર્વિસ કમિશન દ્વારા ૧૧ પરીક્ષાઓની તારીખ જાહેર કરવામાં આવી છે. જેમાં પ્રાથમિક કસોટી ૨૩ ફેબ્રુઆરીએ લેવામાં આવશે. કાર્યક્રમ અનુસાર અધિક સીટી ઈજનેર, મદદનીશ ઈજનેર, નાયબ કાર્યપાલક ઈજનેર, સાયન્ટિફિક ઓફીસર, મદદનીશ બાગાયત નિયામક, મદદનીશ નિયંત્રક કાનૂની માપવિજ્ઞાન અને ગ્રાહક સુરક્ષા અધિકારી જેવી ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. જીપીએસસીએ આપેલી માહિતી પ્રમાણે કુલ ૨૮૦૦ જગ્યાઓ ભરવા માટે પરીક્ષા લેવામાં આવશે.

વર્ગ ૧ અને વર્ગ ૨ની પરીક્ષાઓ ક્લબ કરવામાં આવી છે. જ્યારે વર્ગ ૩ની પરીક્ષા અલગથી લેવામાં આવશે. હસમુખ પટેલે જણાવ્યું કે ઝડપથી ભરતી પ્રક્રિયા થાય તે માટે પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે.

### બનાસકાંઠામાં વિદ્યાર્થીઓનો અભ્યાસ સંકટમાં !

# સરકારી શાળામાં ભણતાં ૨૦૦ વિદ્યાર્થીઓ વચ્ચે માત્ર એક જ શિક્ષક

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૯

બનાસકાંઠા જિલ્લાના સુઈગામના ડાભી ગામની માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓનો અભ્યાસ અંધકારમય ચાલી રહ્યો હોય તેવું જણાઈ રહ્યું છે. આ ગામની સરકારી શાળામાં ભણતાં ૨૦૦ વિદ્યાર્થીઓ વચ્ચે માત્ર એક જ શિક્ષક છે જે શાળાના તમામ વિદ્યાર્થીઓને ભણાવે છે. ડાભી ગામની સરકારી માધ્યમિક શાળામાં ધોરણ ૯થી ૧૨માં માત્ર એક જ સરકારી શિક્ષક છે જે આ તમામ ધોરણના બાળકોને કપરી પરિસ્થિતિમાં પણ ભણાવીને બાળકોની જીંદગીને સુધારે છે.

૨૦૦ વિદ્યાર્થીઓ વચ્ચે એક જ શિક્ષકને લઈને વાલીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. અન્ય ત્રણ શિક્ષકો જ્ઞાન સહાયક પદથી ભણાવવા આવે છે કે જેમને ગુજરાત સરકાર દ્વારા કાયમી નથી કરવામાં આવ્યા અને અવારનવાર તેમની બદલી થતી રહે છે. જેને કારણે ઘણા સમયથી એક જ સરકારી શિક્ષકને લઈને વાલીઓ શાળામાં એકઠા થયા હતા.

### આવતીકાલે સાઈ લાઈફ સાયન્સિસનો IPO ખુલશે

અમદાવાદ,તા.૯

સાઈ લાઈફ સાયન્સિસ લિમિટેડ બુધવાર, ૧૧ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ ઈક્વિટી શેર્સના તેના આઈપીઓ સંદર્ભેઓફર સમયગાળો શરૂ કરવાની દરખાસ્ત કરે છે. ઓફરમાં રૂા.૯,૫૦૦ મિલિયન સુધીના મૂલ્યના ઈક્વિટી શેર્સના જેટલી સંખ્યાના ફ્રેશ ઈશ્યુ અને કંપનીના કેટલાક હાલના શેરધારકો દ્વારા ૩,૮૧,૧૬,૯૩૪ ઈક્વિટી શેર્સના વેચાણ માટેની ઓફરનો સમાવેશ થાય છે. એન્કર ઈન્વેસ્ટર ઓફર સમયગાળો શરૂ થવાની અને બંધ થવાની તારીખ મંગળવાર, ૧૦ ડિસેમ્બર, ૨૦૨૪ છે. ઓફર શુક્રવાર, ૧૩ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ બંધ થશે. ઓફરનો પ્રાઈઝ બેન્ડ ઈક્વિટી શેર દીઠ રૂા.૫૨૨થી રૂા.૫૪૯ પર ફિક્સ કરવામાં આવ્યો છે. બિડ્સ લઘુતમ ૨૭ ઈક્વિટી શેર અને ત્યારબાદ ૨૭ ઈક્વિટી શેરના ગુણાંકમાં કરી શકાય છે.

# 'લઘુમતીઓની સુરક્ષા અંગે ચિંતા વ્યક્ત કરી છે' વિદેશ સચિવ વિક્રમ મિસ્ત્રીની બાંગ્લાદેશ મુલાકાત

## શેખ હસીના પદભ્રષ્ટ થયા તેના પછી પ્રથમવાર ભારતીય અધિકારી ઉચ્ચ સ્તરીય વાટાઘાટો માટે બાંગ્લાદેશની મુલાકાતે ગયા છે

(એજન્સી) તા.૯

ભારતના વિદેશ સચિવ વિક્રમ મિસ્ત્રીએ સોમવારે કહ્યું હતું કે, બાંગ્લાદેશના વિદેશ સલાહકાર તૌહિદ હુસૈન સાથેની તેમની ચર્ચાએ બંને દેશો વચ્ચેના સંબંધોની સમીક્ષા કરવાની તક છે. બંને દેશો વચ્ચેના તણાવપૂર્ણ સંબંધો વચ્ચે વિદેશ સલાહકાર, તેમના બાંગ્લાદેશી સમકક્ષ અને અન્ય ઉચ્ચ સ્તરીય અધિકારીઓ સાથે ઉચ્ચ સ્તરીય વાટાઘાટો માટે એક દિવસીય મુલાકાત માટે ભારતીય વાયુસેનાના જેટ પર પહોંચ્યા હતા.

તેમણે વિદેશ સલાહકારને મળ્યા પછી મીડિયાને કહ્યું કે, આજની ચર્ચાઓએ અમને બંનેને અમારા સંબંધોની સમીક્ષા કરવાની તક આપી છે અને હું મારા તમામ વાર્તાલાપકારો સાથે નિખાલસ અને રચનાત્મક વિચારોની આપલે કરવાની આ તકની પ્રશંસા કરૂં છું. અમે તાજેતરની ઘટનાઓની પણ ચર્ચા કરી હતી અને મેં લઘુમતીઓની સલામતી અને કલ્યાણને લગતી અમારી ચિંતાઓ જણાવી હતી. અમે સાંસ્કૃતિક અને ધાર્મિક સંપત્તિઓ પર હુમલાની ખેદજનક ઘટનાઓની પણ ચર્ચા કરી હતી.

પાંચ ઓગસ્ટના રોજ શેખ હસીનાને વડાપ્રધાન પદેથી હટાવવામાં આવ્યા બાદ આ પ્રથમ વખત છે કે, ભારતીય અધિકારી ઉચ્ચ સ્તરીય વાતચીત માટે બાંગ્લાદેશની મુલાકાતે આવ્યા છે. ઢાકામાં તેમના આગમન પછી તરત જ મિસ્ત્રી તેમના બાંગ્લાદેશી સમકક્ષ મોહમ્મદ જશીમ ઉદ્દીનને મળ્યા અને બંને પક્ષોના પ્રતિનિધિઓ સાથે ઔપચારિક બેઠક પહેલા વાટાઘાટો કરી હતી.



બાંગ્લાદેશી વિદેશ મંત્રાલયના અધિકારીએ કહ્યું કે, અમારા વિદેશ સચિવ જશીમ ઉદ્દીન અને તેમના સમકક્ષ વિક્રમ મિસ્ત્રી વચ્ચેની બેઠક સ્ટેટ ગેસ્ટ હાઉસ પદમા ખાતે નિર્ધારિત મુજબ થઈ રહી છે. તેઓએ પહેલા ટૂંકી વાતચીત કરી અને પછી બંને પક્ષોના પ્રતિનિધિઓ સાથે ઔપચારિક બેઠક શરૂ થઈ છે.

શેખ હસીનાની હકાલપટ્ટી બાદ બંને દેશો વચ્ચે દ્વિપક્ષીય સંબંધો બગડ્યા છે. ઓગસ્ટમાં સરકાર વિરોધી વિરોધના કારણે શેખ હસીનાને દેશ છોડવાની ફરજ પડી તે પછી ભારત અને બાંગ્લાદેશ વચ્ચેના ગાઢ સંબંધોમાં ગંભીર તણાવ છે. હસીના ભારત ભાગી ગયા બાદ નોબેલ શાંતિ પુરસ્કાર વિજેતા મોહમ્મદ યુનુસ સત્તા પર આવ્યા હતા.

હિન્દુઓ પર હુમલા અને હિન્દુ સાધુ ચિન્મય કૃષ્ણ દાસની ધરપકડને કારણે તાજેતરના અઠવાડિયામાં આ સંબંધો વધુ બગડ્યા હતા. છેલ્લા કેટલાક અઠવાડિયામાં હિન્દુઓ અને અન્ય લઘુમતીઓ સામે હિંસાની ઘટનાઓ તેમજ બાંગ્લાદેશમાં મંદિરો પર હુમલાની ઘટનાઓ વધી છે જેના લીધે નવી દિલ્હીમાં ગંભીર ચિંતાઓ છે.

સપ્ટેમ્બરમાં બાંગ્લાદેશના વિદેશી બાબતોના સલાહકાર મોહમ્મદ તૌહિદ હુસૈન યુએન જનરલ એસેમ્બલીની બેઠક વચ્ચે ન્યૂયોર્કમાં તેમના ભારતીય સમકક્ષ એસ. જયશંકર સાથે થોડા સમય માટે મળ્યા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને યુનુસે સપ્ટેમ્બરમાં યુએનના રાજ્ય અને સરકારના વડાઓની સમિટમાં પોતપોતાના પ્રતિનિધિમંડળનું નેતૃત્વ કર્યું હતું પરંતુ તેમની વચ્ચે કોઈ બેઠક થઈ ન હતી. આ યાત્રામાં મિસ્ત્રીએ યુનુસ સાથે પણ સૌજન્ય મુલાકાત કરવાના છે.

# બાંગ્લાદેશ પોલીસે હિન્દુ સાધુ ચિન્મય દાસ વિરૂદ્ધ હત્યાના પ્રયાસનો કેસ દાખલ કર્યો

## જ્યારે તેમની જામીનની સુનાવણી ૨ જાન્યુઆરી સુધી વિલંબિત છે ત્યારે હિન્દુ સાધુ ચિન્મય કૃષ્ણ દાસને બાંગ્લાદેશમાં નવા આરોપોનો સામનો કરવો પડી રહ્યો છે, જેમાં રાજદ્રોહ અને હત્યાના પ્રયાસનો સમાવેશ થાય છે

(એજન્સી) ઢાકા, તા.૯

ચિત્તાગોંગ પોલીસે ભારત સાથે ફોરેન ઓફિસ કન્સલ્ટેશન પહેલા હિન્દુ સાધુ ચિન્મય કૃષ્ણ દાસ સામે હત્યાના પ્રયાસનો કેસ દાખલ કર્યો છે, જે હાલમાં જેલના સળિયા પાછળ છે. દાસ અને તેના સેંકડો અનુયાયીઓ સામે રાજદ્રોહનો કેસ દાખલ કરવામાં આવ્યા બાદ આ બન્યું છે. ચટ્ટોગ્રામની અદાલતે લાંબી મુલતવી રાખવાની ફરિયાદ પક્ષની વિનંતી સ્વીકારી લીધા પછી દાસને જામીનની સુનાવણી માટે ૨ જાન્યુઆરી સુધી રાહ જોવી પડશે. ફરિયાદ પક્ષે વિલંબ માટે સાધુ માટે બચાવ પક્ષના વકીલનો અભાવ દર્શાવ્યો હતો. જૂથે સ્થાનિક મીડિયા દ્વારા આક્ષેપ કર્યો હતો કે લગભગ ૭૦ હિંદુ વકીલો કૃષ્ણાની આગામી જામીન સુનાવણીમાં તેમની સંડોવણીને અવરોધવા માટે એક કેસમાં 'ખોટી રીતે ફસાવવામાં આવ્યા છે.' વિવાદમાં ઉમેરો કરતાં, ઈસ્કોન બાંગ્લાદેશે તેનું વલણ સ્પષ્ટ કર્યું, જેમાં જણાવ્યું કે ચિન્મય કૃષ્ણને ઓકટોબરમાં શિસ્તભંગના કારણોસર હાંકી કાઢવામાં આવ્યો હતો. જો કે, ઈસ્કોન કોલકાતાના વાઈસ પ્રેસિડેન્ટ, રાધરમ્ન દાસે, ન્યાયિક વિલંબ અને કૃષ્ણનું પ્રતિનિધિત્વ કરવા ઈચ્છુક વકીલોને કથિત નિશાન બનાવવા અંગે તેમની હતાશા વ્યક્ત કરી હતી. દાસે, કૃષ્ણની ધરપકડ દરમિયાન વકીલ રેગન આચાર્ય પર હુમલાના અહેવાલોનો સંદર્ભ



આપતા પ્રક્રિયાની ન્યાયીતા પર સવાલ ઉઠાવવા માટે X પર ટ્વીટ કરી જણાવ્યું કે, 'કોઈપણ વકીલ #ચિન્મયકૃષ્ણદાસ માટે કેવી રીતે હાજર થઈ શકે જ્યારે તેઓને નિશાન બનાવવામાં આવે ?' ચટ્ટોગ્રામના છઠ્ઠા મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ, જજ કાઝી શરીફુલ ઈસ્લામ દ્વારા ૨૬ નવેમ્બરે તેની પ્રથમ જામીન અરજી ફગાવી દેવામાં આવ્યા બાદ ચિન્મય કૃષ્ણની કાનૂની મુશ્કેલીઓ વધુ ઘેરી બની હતી. આ નિર્ણયથી હિંસક અથડામણ થઈ હતી, જેમાં વકીલ સૈફુલ ઈસ્લામ અલિફના જીવનનો દુઃખદ અંત આવ્યો હતો. આ ઘટનાએ બાંગ્લાદેશની સરહદોની બહાર ધ્યાન ખેંચ્યું છે. કોલકાતામાં, પશ્ચિમ બંગાળના મુખ્ય પ્રધાન મમતા બેનરજીએ વડાપ્રધાન મોદીને વિનંતી કરી કે તેઓ બાંગ્લાદેશમાં સંયુક્ત રાષ્ટ્ર શાંતિ રક્ષા દળોને 'પીડિત ભારતીયોની' સુરક્ષા કરવા વિનંતી કરે. આ અરજીને ઈસ્કોન તરફથી ટેકો મળ્યો. સંસ્થાના ઉપ-પ્રમુખ રાધરમ્ન દાસે આભાર વ્યક્ત કરતા જણાવ્યું કે, 'વૈશ્વિક હસ્તક્ષેપની જરૂરિયાતને પ્રકાશિત કરવા બદલ અમે સીએમ મમતા બેનર્જીના આભારી છીએ.' દાસે બાંગ્લાદેશમાં લોકશાહીના ધોવાણ અંગે પણ ચિંતા વ્યક્ત કરી, સત્તાવાળાઓ પર લઘુમતીઓના મૂળભૂત માનવ અધિકારો સાથે સમાધાન કરવાનો આરોપ લગાવ્યો. કોર્ટમાં ચિન્મય કૃષ્ણનો બચાવ કરતી વખતે ગંભીર રીતે ઘાયલ થયેલા એડવોકેટ રમેન રોયનો ફોટો શેર કરતા દાસે ખુલાસો કર્યો હતો કે હુમલા બાદ વકીલ હવે જીવન-મરણ વચ્ચે ઝોલાં ખાઈ રહ્યા છે.

# યોગ્ય વાતાવરણ બનાવો : સિસોદિયાનો દિલ્હીમાં કાયદો અને વ્યવસ્થાની ચિંતા મુદ્દે કેન્દ્ર પર હુમલો

## AAP નેતાએ કહ્યું કે, જ્યારથી દિલ્હીની ૪૦ શાળાઓમાં બોમ્બની ધમકીઓ આવી છે, અમે બધા અંદરથી હચમચી ગયા છીએ

(એજન્સી) તા.૯

આમ આદમી પાર્ટી (AAP)ના નેતા અને દિલ્હીના પૂર્વ નાયબ મુખ્ય પ્રધાન, મનીષ સિસોદિયાએ રાષ્ટ્રીય રાજધાનીમાં બગડતી કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને કથિત રીતે અવગણવા બદલ ભાજપના નેતૃત્વવાળી કેન્દ્રની ટીકા કરી હતી. પછી આ આવ્યું છે. ડીપીએસ આર.કે. પુરમ અને પશ્ચિમ વિહારની જીડી ગોએન્કા સ્કૂલ સહિત ૪૦થી વધુ શાળાઓને ઈ-મેલ દ્વારા બોમ્બની ધમકી મળ્યા બાદ તેમનું આ નિવેદન આવ્યું છે. ધમકીઓને પગલે વિદ્યાર્થીઓ અને સ્ટાફને સ્થળાંતર કરવાની ફરજ પડી, રાષ્ટ્રીય રાજધાનીમાં શૈક્ષણિક સંસ્થાઓની સુરક્ષા અંગે ચિંતા વધારી. આ ઘટનાએ સવારની ટોચની પ્રવૃત્તિઓમાં વિક્ષેપ પાડ્યો હતો, જેમાં શાળાની બસોનું આગમન, માતા-પિતા દ્વારા બાળકોને સ્કૂલ પર છોડવા અને સ્ટાફ દ્વારા દિવસની તૈયારીનો સમાવેશ થાય છે. અધિકારીઓએ સાવચેતીના પગલા તરીકે વિદ્યાર્થીઓને ઘરે મોકલી દીધા અને તપાસ ચાલુ છે. પરિસ્થિતિ પર પ્રતિક્રિયા આપતા, દિલ્હીના પૂર્વ નાયબ મુખ્યમંત્રીએ શહેરમાં સુરક્ષાની સ્થિતિ પર ઊંડી ચિંતા વ્યક્ત કરી. તેમણે મીડિયાને જણાવ્યું 'જ્યારથી દિલ્હીમાં ૪૦ શાળાઓમાં બોમ્બની ધમકીઓ આવી છે, અમે બધા અંદરથી હચમચી ગયા છીએ. દિલ્હીની શાળાઓમાં બોમ્બની ધમકીની



ઘટનાઓ સતત બની રહી છે,'. તેમણે રોહિણીમાં એક શાળા નજીક બોમ્બ વિસ્ફોટ, ફ્લાઈટ હાઈજેકની ધમકીઓ, ઉદ્યોગપતિઓને નિશાન બનાવી છેડતીની માંગણી અને ખુલ્લેઆમ ગોળીબારની ઘટનાઓ સહિત તાજેતરના સુરક્ષા મુદ્દાઓની શ્રેણીનો ઉલ્લેખ કર્યો હતો. સિસોદિયાએ કહ્યું, 'ગુનેગારો પિસ્તોલ અને ગોળીઓ ચલાવતા ફરતા હોય છે. મેં દિલ્હીમાં આવું આતંકનું વાતાવરણ ક્યારેય જોયું નથી.' રહેવાસીઓના ડરનું વર્ણન કરતાં તેમણે ઉમેર્યું, 'દિલ્હીના એક સામાન્ય નાગરિકને ધમકી આપવામાં આવી છે. એક વેપારીને ધમકી આપવામાં આવી છે. સવારમાં ફરવા જતા લોકો ભયભીત છે કે તેઓ સુરક્ષિત રીતે ઘરે પાછા ન પણ ફરે. અને હવે, અમારા બાળકો પણ સુરક્ષિત નથી. કલ્પના કરો, જ્યારે તેઓ શાળાઓમાં બોમ્બની ધમકીઓ વિશે સાંભળે છે ત્યારે માતાપિતા કેવી મનોદશામાંથી પસાર થતા હશે.' ભાજપની આગેવાની હેઠળની કેન્દ્ર સરકાર પર બેદરકારીનો આરોપ લગાવતા સિસોદિયાએ કહ્યું કે, 'અમિત શાહને ચિંતા નથી, વડાપ્રધાનને ચિંતા નથી અને બીજેપી આરામથી સૂઈ રહી છે. જે માતા-પિતાના બાળકો અત્યારે સ્કૂલમાં છે તેમને ફોન કરો અને પૂછો કે શું ત્યાં દિલ્હીમાં કાયદો અને વ્યવસ્થાની ચિંતા છે ?' તેમણે કહ્યું, 'અમે માંગ કરીએ છીએ કે દિલ્હી પર ધ્યાન આપવામાં આવે. અમિત શાહના ગૃહ પ્રધાનના કાર્યકાળમાં આતંકનું જેટલું વાતાવરણ છે તેટલું અગાઉ ક્યારેય જોવા મળ્યું નથી.' તેમણે સરકારને આ મુદ્દાને ઉકેલવા માટે તાત્કાલિક પગલાં લેવા વિનંતી કરી અને ઉમેર્યું, 'આ વાતાવરણને ઠીક કરો.' દિલ્હીમાં આ પ્રકારની આ પહેલી ઘટના નથી. ઓક્ટોબરમાં રોહિણીના પ્રશાંત વિહારમાં CRPF સ્કૂલની બહાર બોમ્બ વિસ્ફોટ થયો હતો, જેમાં સ્કૂલની દિવાલ, નજીકની દુકાનો અને વાહનોને નુકસાન થયું હતું. બીજા દિવસે, અન્ય ઈ-મેઈલમાં તમામ CRPF શાળાઓમાં બોમ્બ વિસ્ફોટની ધમકી આપવામાં આવી હતી, જે પાછળથી નકલી હોવાનું સાબિત થયું હતું. સમગ્ર દેશમાં બોમ્બની ધમકીઓની ઘટનાઓ વધી છે, જે શાળાઓ, હોસ્પિટલો અને એરપોર્ટને નિશાન બનાવીને સુરક્ષા પગલાંની અસરકારકતા અંગે ચિંતા ઉભી કરે છે

# ભાજપે ચૂંટણી પંચ સાથે મળીને લોકશાહીની હત્યાનું ષડયંત્ર ઘડ્યું છે : મહારાષ્ટ્ર એકમના કોંગ્રેસના પ્રમુખ નાના પટોલે

## મહારાષ્ટ્ર કોંગ્રેસના વડાએ જણાવ્યું હતું કે, ચૂંટણી પરિણામોએ બધાને ચોંકાવી દીધા હતા કારણ કે જનતાએ મહાયુતિ સરકારને હટાવવાનો અને એમવીએને સત્તામાં લાવવાનો નિર્ણય લીધો હતો

(એજન્સી) તા.૯

મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીમાં કારમી હાર બાદ, રાજ્ય એકમ કોંગ્રેસના પ્રમુખ નાના પટોલેએ રવિવાર, ૮ ડિસેમ્બરે ભાજપ પર ચૂંટણી પંચ સાથે મળીને લોકશાહીની ભાવનાની હત્યા કરવા માટે કાવતરૂં કરવાનો આરોપ મૂક્યો હતો. IANS સાથેની એક મુલાકાતમાં, પટોલેએ જણાવ્યું હતું કે ચૂંટણી પરિણામોએ બધાને ચોંકાવી દીધા હતા કારણ કે જનતાએ મહાયુતિ સરકારને હટાવવાનો અને મહાવિકાસ અઘાડી (MVA)ને સત્તામાં લાવવાનો નિર્ણય લીધો હતો. તેમણે ભવિષ્યની ચૂંટણીઓમાં MVAની ચૂંટણીલક્ષી સંભાવનાઓ, MVAની અંદરની ગડબડ, પ્રજનન દર અંગે RSSના વડાના નિવેદન અને અન્ય મુદ્દાઓ પર પણ વાત કરી હતી.

**આ સંપૂર્ણ ઈન્ટરવ્યુ નીચે મુજબ છે :**

પ્રશ્ન : શું મહારાષ્ટ્ર ચૂંટણીના પરિણામો કોંગ્રેસ માટે ચોંકાવનારા હતા ? તમને લાગે છે કે પાર્ટી ક્યાં નિષ્ફળ ગઈ છે ?

નાના પટોલે : અમારા કરતા વધારે મહારાષ્ટ્રની જનતા ચોંકી ગઈ છે. કારણ કે જનતા મહાયુતિની વિરૂદ્ધ હતી અને તેઓએ રાજ્યમાં સરકાર બદલવાનો નિર્ણય લીધો હતો. ભાજપે કપટથી ચૂંટણી જીતી હતી. તેણે ચૂંટણી પંચ સાથે મળીને લોકશાહીની ભાવનાની હત્યા કરવાનું ષડયંત્ર રચ્યું છે. કોંગ્રેસનું સંકલન સારૂં હતું. અમે સંગઠનાત્મક રીતે યોગ્ય હતા અને અમે લોકોમાંથી સારા ઉમેદવારોની પસંદગી કરી હતી. ચૂંટણી પંચે જે રીતે રાત્રે ૭૬ લાખ મતો વધારવાનું પાપ કર્યું છે... અમે તેના જવાબો શોધવાનું શરૂ કર્યું છે. કોંગ્રેસનું એક પ્રતિનિધિમંડળ ચૂંટણી પંચમાં ગયું હતું. અમે તેમને કેટલાક પ્રશ્નો પૂછ્યા છે. અમને હજુ સુધી લેખિત જવાબ મળ્યો નથી. લેખિત જવાબ બાદ અમે આ અંગે આગળનો નિર્ણય લઈશું.

પ્રશ્ન : મહાયુતિએ વિધાનસભા ચૂંટણી આસાનીથી જીતી લીધી છે. આ વિશે તમારૂં શું કહેવું છે ?

નાના પટોલે : અમે એક રાજકીય પક્ષ છીએ. મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીના પરિણામો બાદ અહીંના લોકો ખૂબ જ આશ્ચર્યમાં છે. મહાયુતિ દ્વારા કરવામાં આવેલા પાપો જનતાની સામે છે. લોકોએ મહારાષ્ટ્રમાંથી મહાયુતિને હટાવવાનું મન બનાવી લીધું હતું. દિલ્હીથી બીજેપીના લોકો ચૂંટણીમાં આવતા હતા ત્યારે અહીંના લોકોએ તેમને સાથ આપ્યો ન હતો. લોકો તેમની સભામાં જતા ન હતા. ખેડૂતો મહાયુતિથી નારાજ હતા. સામાન્ય માણસ મોંઘવારીથી નારાજ હતો, યુવાનો બેરોજગારીથી નારાજ હતા. આ બધા પછી આ સરકાર કેવી રીતે પછી આવી ? લોકશાહીમાં ભાજપે લોકોનો મત આપવાનો અધિકાર પણ ખતમ કરી નાખ્યો છે. ચૂંટણી પંચ અને ભાજપ સાથે મળીને આ દેશની લોકશાહીને દિવસે દિવસે નષ્ટ કરવાનું કામ કરી રહ્યા છે. આ લાગણી લોકોના મનમાં છે. કોંગ્રેસ પક્ષ લોકોની લાગણી અને બંધારણની રક્ષા માટે કામ કરશે.

પ્રશ્ન : જો મહા વિકાસ અઘાડી (MVA)એ ચૂંટણી પહેલા મુખ્યમંત્રીના ચહેરાની જાહેરાત કરી હોત તો શું તમને લાગે છે કે પરિણામો અલગ હોત ?

નાના પટોલે : મારે હવે આ મુદ્દા પર પાછા જવું નથી. પરંતુ ચૂંટણી પંચ દ્વારા જે હેરાફેરી કરવામાં આવી છે તે આપણી લોકશાહી માટે યોગ્ય નથી. કોંગ્રેસ આ લડાઈ લડશે. ECI લોકોને મોક પોલ કરતા અટકાવી રહી છે. કેટલાક લોકોની અટકાયત કરવામાં આવી હતી. શું તે દેશદ્રોહ હતો ? મારો મત સાચો છે કે નહીં તે તપાસવાનો મને અધિકાર છે. પરંતુ સરકાર લોકો સામે કેસ દાખલ કરીને કાર્યવાહી કરી રહી છે.

પ્રશ્ન : શું ખરેખર ઈવીએમમાં છેડછાડ થઈ હતી ? તમારો અભિપ્રાય શું છે ?

નાના પટોલે : હું કોઈનો અભિપ્રાય શું હોઈ શકે તેના પર ટિપ્પણી કરવા માંગતો નથી. લોકશાહીમાં કોઈ નેતા મોટો નથી હોતો. લોકશાહીમાં જનતા મોટી હોય છે. જનતાના મનમાં અવિશ્વાસ છે. આજે સામાન્ય માણસ કહી રહ્યો છે કે તેનો મત સુરક્ષિત નથી. આપણા બંધારણમાં આવી વ્યવસ્થા આપવામાં આવી છે અને ચૂંટણી પંચે બેલેટ પેપર દ્વારા ચૂંટણી કરાવવી જોઈએ. સમગ્ર સત્ય લોકો સમક્ષ આવવું જોઈએ. અમારી પાર્ટીના હાઈકમાન્ડે આ ધ્યાનમાં લીધું છે અને તેથી કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ પણ બેલેટ



પેપરથી ચૂંટણી કરાવવાની માંગણી કરી છે. મને લાગે છે કે આ મુદ્દાને ઉકેલવાની યોજના પણ શરૂ થઈ ગઈ છે.

પ્રશ્ન : મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીમાં હાર બાદ કોંગ્રેસ એકલા હાથે લડશે ?

નાના પટોલે : મહાગઠબંધનના તમામ પક્ષોને સાથે લેવાની કોંગ્રેસની ભૂમિકા છે. જો કોઈ વ્યક્તિ સાથે રહેવા માંગતા નથી, તો તે તેમનો મુદ્દો છે. શિવસેના (UBT)ના નેતાઓ નિર્ણય લેવા માટે સ્વતંત્ર છે કારણ કે તેમની પાર્ટીના કેટલાક નેતાઓ વિરોધાભાસી નિવેદનો કરે છે. કોંગ્રેસ બધાને સાથે લઈને ચાલવામાં માને છે. ભાજપ બંધારણને ખતમ કરવા માંગે છે. કોંગ્રેસ આવું ક્યારેય નહીં થવા દે. અમે અમારી લડાઈ લડતા રહીશું.

પ્રશ્ન : ઈન્ડિયા જૂથનો એક ભાગ આમ આદમી પાર્ટી દિલ્હીમાં એકલા હાથે ચૂંટણી લડી રહી છે અને કોંગ્રેસ એકલા હાથે ચૂંટણી લડી રહી છે. તમે આ વિશે શું વિચારો છો ?

નાના પટોલે : દરેક પાર્ટી પોતાના નિર્ણયો લઈ શકે છે. આમાં કોઈને કોઈ સમસ્યા નથી. આ બધું લોકશાહીમાં થાય છે.

પ્રશ્ન : રાહુલ ગાંધી હંમેશા વીર સાવરકરનો મુદ્દો ઉઠાવે છે. શું તમે અંગ્રેજોની માફી માંગીને રાષ્ટ્ર સાથે દગો કરવાના તેમના દાવાને સમર્થન આપો છો ?

નાના પટોલે : આ રાહુલ ગાંધીનો મુદ્દો નથી. મીડિયા રાષ્ટ્રના મુખ્ય વિષયો પરથી ધ્યાન હટાવવાનો પ્રયાસ કરે છે અને ભૂતકાળના પાયાવિહોણા મુદ્દાઓ ઉઠાવવાનો પ્રયાસ કરે છે. ઈતિહાસમાંથી વાર્તાઓ બનાવીને આજના મુદ્દાઓ પરથી લોકોનું ધ્યાન હટાવવાના પ્રયાસો થઈ રહ્યા છે. ચીને આપણી સરહદ પર કબજો જમાવ્યો છે. સંસદમાં તેની ચર્ચા થતી નથી. રાહુલ ગાંધી અને કોંગ્રેસ ઈચ્છે છે કે સંસદમાં મોંઘવારી, બેરોજગારી અને ખેડૂતો પર ચર્ચા થવી જોઈએ. વીર સાવરકર શું હતા તેની આપણે ચર્ચા નથી કરતા.

પ્રશ્ન : બાંગ્લાદેશમાં હિંદુઓ સામેની હિંસા વિશે તમારૂં શું માનવું છે ?

નાના પટોલે : બાંગ્લાદેશને બદલે આપણે મણિપુરમાં શું થઈ રહ્યું છે તેની ચર્ચા કરવી જોઈએ. આજે દેશના લોકો જ સુરક્ષિત નથી. બાંગ્લાદેશ મુદ્દે ચર્ચા થવી જોઈએ પરંતુ સરકાર મણિપુરની ચર્ચા કરવાથી કેમ ભાગી રહી છે ? હું કહેવા માંગુ છું કે દેશમાં જે પરિસ્થિતિ પ્રવર્તી રહી છે, લોકો સુરક્ષિત અનુભવી રહ્યાં નથી. મહિલાઓ પર અત્યાચાર થઈ રહ્યો છે, તેમને જીવતી સળગાવી દેવામાં આવી રહી છે. શું સરકારે આ મુદ્દે ચર્ચા ન કરવી જોઈએ ?

પ્રશ્ન : ઉત્તરપ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથે સંભલ અને બાંગ્લાદેશની સ્થિતિની સરખામણી કરી છે અને કહ્યું છે કે બંને સ્થળોના હુમલાખોરો 'સમાન ડીએનએ' ધરાવે છે. આ અંગે તમારૂં શું વલણ છે ?

નાના પટોલે : યોગી આદિત્યનાથ રાજ્યના મુખ્યમંત્રી તરીકે ઉત્તરપ્રદેશની કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે જવાબદાર છે. તે અહીંની કાયદો અને વ્યવસ્થાને નિયંત્રિત કરવામાં સક્ષમ નથી અને બાંગ્લાદેશની વાત કરે છે. તેમના જેવા લોકોને તે પદ પર રહેવાનો કોઈ અધિકાર નથી. તેઓ બંધારણના શપથ લીધા બાદ આ પદ પર બેઠા છે. આ લોકો ધર્મ વિશે વાત કરી શકતા નથી. મહારાષ્ટ્ર ચૂંટણી દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને યોગી આદિત્યનાથે 'એક હૈ તો સલામત હૈ' અને 'બટેંગે તો કટેંગે' જેવા નારા લગાવ્યા હતા.

પ્રશ્ન : શું તમારા પક્ષના સભ્યોને શપથવિધિ માટે આમંત્રણ મળ્યું નથી ?

નાના પટોલે : અમને કોઈ આમંત્રણ મળ્યું નથી. આને શપથ ગ્રહણ સમારોહ ન કહેવાય. જનતા કહી રહી છે કે રાજ્યાભિષેક થયો છે. તે આઝાદ મેદાનમાં શપથ ગ્રહણ સમારોહ ન હતો. તે ભાજપનો રાજ્યાભિષેક સમારોહ હતો. રાજ્યાભિષેક જેવું વાતાવરણ હતું.

પ્રશ્ન : મહારાષ્ટ્રના નાયબ મુખ્યપ્રધાન અજિત પવારની 'બેનામી' (ગેરકાયદેસર) મિલકતો જાહેર કરવામાં આવી છે, હવે તેમણે મહાયુતિ સાથે ગઠબંધન કર્યું છે. આ વિશે તમારૂં શું કહેવું છે ?

નાના પટોલે : મારે એક પ્રશ્ન પૂછવો છે... મોદી કહેતા હતા, 'ના ખાઉંગા ના ખાને દૂંગા' (હું ન તો ભ્રષ્ટાચારમાં સામેલ થઈશ, ન તો બીજાને આવું કરવા દઈશ). જો આ બેનામી મિલકત છે તો સરકારમાં જમા કરાવો. આ મિલકત અજિત પવારને કેવી રીતે આપવામાં આવી રહી છે ? GST કાયદો લાવીને સામાન્ય લોકો પાસેથી પૈસા વસૂલવામાં આવી રહ્યા છે. આજે દેશની જનતા જાણે છે કે સામાન્ય માણસને લૂંટીને પૈસા ક્યાં આપવામાં આવે છે. ભાજપે અજિત પવારને બેનામી સંપત્તિ આપવાનું પાપ કર્યું છે. અમે આને લોકો સમક્ષ લઈ જઈશું.

પ્રશ્ન : તમારા સહયોગી સમાજવાદી પાર્ટી (SP)ના ધારાસભ્ય અબુ આઝમીએ તમને છોડી દીધા છે. આ વિશે તમારૂં શું કહેવું છે ?

નાના પટોલે : અમે અબુ આઝમી અને તેમની પાર્ટી સાથે વાતચીત કરીશું અને તેમનું વલણ સમજવાનો પ્રયાસ કરીશું.

પ્રશ્ન : આરએસએસના વડા મોહન ભાગવતે પ્રજનન દર ૨.૧થી ઉપર રાખવાની હિમાયત કરી છે. તમે તેને કેવી રીતે જુઓ છો ?

નાના પટોલે : મોહન ભાગવતે લગ્ન કર્યા નથી. મને લાગે છે કે તેણે લગ્ન કરવા જોઈએ. લોકોને સલાહ આપવાને બદલે તેમણે માર્ગ બતાવવો જોઈએ. તે કેટલા બાળકો મેળવવા માંગે છે તે નક્કી કરવાનો અધિકાર માતાનો છે. આરએસએસ કે ભાજપે નક્કી કરવાનું નથી. મોંઘવારીએ જીવનને નરક બનાવી દીધું છે અને તેઓ ઈચ્છે છે કે લોકો વધુ બાળકો પેદા કરે ? ઘણા લોકોએ ખાસ કરીને મહિલાઓએ આ વાતને નકારી કાઢી છે.

પ્રશ્ન : મહાનગરપાલિકાની ચૂંટણી તમે એકલા લડશો કે MVA સાથે ?

નાના પટોલે : અમે ચૂંટણીની જાહેરાત પછી આ નિર્ણય કરીશું.

પ્રશ્ન : SS (UBT)ના નેતા સંજય રાઉતે કહ્યું છે કે જો તમે પાર્ટી અધ્યક્ષ પદેથી રાજીનામું ન આપ્યું હોત તો સરકાર અઢી વર્ષ પહેલા પડી ન હોત. તમે આ વિશે શું વિચારો છો ?

નાના પટોલે : તે સારૂં છે કે તેઓ મારા પ્રભાવને અનુભવી રહ્યા છે.

પ્રશ્ન : તમારી પાસે એટલી સંખ્યા નથી કે તમારા પક્ષમાંથી કોઈ લોકસભામાં વિરોધ પક્ષના નેતા બને. તમે આ કેવી રીતે જુઓ છો ?

નાના પટોલે : અમે જનતા માટે લડીશું. અમે માનીએ છીએ કે અમે સમર્પણ સાથે કામ કરીશું.

પ્રશ્ન : તમારા પક્ષના ઘણા નેતાઓએ વિધાનસભાના સભ્ય તરીકે શપથ લીધા નથી. આ પાછળનું કારણ શું છે ?

નાના પટોલે : મહારાષ્ટ્રમાં સરકાર આવ્યા બાદ લોકોમાં ઉત્સાહ દેખાતો ન હતો. જનતાએ કહ્યું કે આ સરકાર અમારા વોટથી સત્તામાં આવી નથી. આવો આક્ષેપ લોકો કરી રહ્યા છે. જો અમે આ ઉમેદવારને મત નથી આપ્યો તો તેને આટલા મત કેવી રીતે મળ્યા ? અમે જનતાને ન્યાય આપનારા પ્રતિનિધિઓ છીએ. આજે અમે વિચાર્યું કે શપથ નહીં લઈએ. જનતાનો અવાજ ચૂંટણી પંચ સુધી પહોંચવો જોઈએ. અમે જનતાનો અવાજ ચૂંટણી પંચ સુધી લઈ જઈશું.

પ્રશ્ન : મહારાષ્ટ્રમાં કાયદો અને વ્યવસ્થા વિશે શું કહેશો ?

નાના પટોલે : દેવેન્દ્ર ફડણવીસ પાસે સાડા સાત વર્ષનો અનુભવ છે. ગૃહ વિભાગ તેમની પાસે રહેશે. અમે તેને કહ્યું છે કે અહીં કાયદો અને વ્યવસ્થા ખરાબ છે. કાયદો અને વ્યવસ્થાના મુદ્દે અમે નવી સરકાર પાસેથી જવાબ માંગીશું.

પ્રશ્ન : ભાજપ પર પ્રાદેશિક પક્ષોને ખતમ કરવાનો આરોપ છે. એ અંગે તમે શું કહેશો ?

નાના પટોલે : ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડાએ કહ્યું છે કે અમે તમામ પ્રાદેશિક પક્ષોને ખતમ કરીશું. તેમનો આશય એ છે કે લોકતાંત્રિક વ્યવસ્થામાં કોઈને છોડવામાં ન આવે.

પ્રશ્ન : રાજ્યસભામાં કોંગ્રેસના સાંસદ અભિષેક મનુ સિંઘવીની સીટ પરથી રોકડ મળી આવવા પર તમારૂં શું કહેવું છે ?

નાના પટોલે : સીસીટીવી ફૂટેજ બતાવે છે કે ટેબલ પર કોણે પૈસા રાખ્યા છે. તે ત્રણ મિનિટ તેના ટેબલ પર બેઠા હતા. તે પછી, તે ચાલ્યા ગયા હતા. એવું કહેવામાં આવી રહ્યું છે કે તેમની પાસે ૫૦૦ રૂપિયા હતા. આનો મુદ્દો ઉઠાવવાને બદલે, અધિકારીઓ સીસીટીવી ફૂટેજ પર નજર રાખે તે વધુ યોગ્ય છે.

# નવી દિલ્હીમાં ગ્લોબલ ઈન્ડિયન કોન્કલેવમાં ડૉ.આઝમ બેગનું સન્માન કરવામાં આવ્યું

(એજન્સી) નવી દિલ્હી, તા.૯

૭ ડિસેમ્બરના રોજ હોટેલ શાંગરી-લા ઈરોસ, અશોકા રોડ, નવી દિલ્હી ખાતે શિક્ષણના વૈશ્વિકીકરણ પર ધ્યાન કેન્દ્રિત કરતી એક મહત્ત્વપૂર્ણ ઈવેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ભારતના વિદેશ મંત્રી સલમાન ખુર્શીદ, સી. જયોર્જ, એન્સાઈક્લોપીડિયા બ્રિટાનીકાના સીઈઓ અને બ્રિટાનિકા એજ્યુકેશનના વાઈસ પ્રેસિડેન્ટ સાલ્વી હ્યુરે ઉપસ્થિત રહ્યા હતા, જેઓ અમેરિકાથી આ કાર્યક્રમ માટે આવ્યા હતા. આ કાર્યક્રમમાં, રાજસ્થાનના JLN ગ્રુપ ઓફ ઈન્સ્ટિટ્યુશન્સના સ્થાપક નિયામક ડૉ. આઝમ બેગને શિક્ષણ, આરોગ્ય અને સામાજિક સેવાના ક્ષેત્રોમાં



તેમના ઉત્કૃષ્ટ યોગદાન બદલ સન્માનિત કરવામાં આવ્યા હતા. આ સન્માન તેમણે શૈક્ષણિક નવીનતા અને વિકાસને પ્રોત્સાહન આપવા માટે કરેલા અગ્રણી પ્રયાસોને પ્રકાશિત કરે છે. બ્રિટાનિકા એજ્યુકેશન દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં વૈશ્વિક નેતાઓએ શિક્ષણ પ્રણાલીને આકાર આપવામાં અને સરહદો પાર જ્ઞાનની વહેંચણીમાં વૈશ્વિકરણની મહત્ત્વની ભૂમિકા પર ચર્ચા કરી હતી.

# ‘જો તમે તેમની નજર સામે જ પ્રાણીઓની કતલ કરો છો ત્યારે તમારા બાળકો દયાળુ કેવી રીતે બની શકે?’ : VHP ઈવેન્ટમાં હાઈકોર્ટના ન્યાયાધીશનું નિવેદન

## અલ્હાબાદ હાઈકોર્ટના ન્યાયાધીશ શેખર કુમાર યાદવે કહ્યું કે, તેમને એવું કહેવામાં કોઈ સંકોચ નથી કે દેશ બહુમતીની ઈચ્છા પ્રમાણે ચાલશે, આ કાર્યક્રમમાં હાઈકોર્ટના અન્ય જજ પણ હાજર રહ્યા હતા

(એજન્સી) નવી દિલ્હી, તા.૯

અલ્હાબાદ હાઈકોર્ટના ન્યાયાધીશ શેખર કુમાર યાદવે રવિવારે કહ્યું હતું કે, મુસ્લિમો તેમની સંસ્કૃતિને અનુસરે તેવી હિંદુઓ અપેક્ષા રાખતા નથી તેમ છતાં તેઓ ઈચ્છે છે કે તેઓ તેનો અનાદર ન કરે. કટ્ટર હિન્દુ સંગઠન, વિશ્વ હિન્દુ પરિષદના કાનૂની સેલ દ્વારા આયોજિત એક કાર્યક્રમમાં યાદવે મુસ્લિમ સમુદાયનો ખાસ નામનો ઉલ્લેખ કર્યો ન હતો, પરંતુ કહ્યું હતું કે બાળપણથી જ તેમની સામે પ્રાણીઓની કતલ થઈ રહી હોય ત્યારે તેમના બાળકો કેવી રીતે દયાળુ અને સહનશીલ બની શકે. જસ્ટિસ યાદવ “યુનિફોર્મ સિવિલ કોડ : એ કોન્સ્ટિટ્યુશનલ ઈમ્પેરેટિવ” વિષય પર બોલી રહ્યા હતા. આ ઈવેન્ટ હાઈકોર્ટ પરિસરમાં, અલ્હાબાદ હાઈકોર્ટના લાઈબ્રેરી હોલમાં યોજાઈ હતી, જેમાં વકફ કાયદો, સમાન નાગરિક સંહિતા (યુસીસી) અને ધર્મ પરિવર્તનના કારણો અને નિવારણ પર ચર્ચા કરવામાં આવી હતી. જસ્ટિસ યાદવે તેમના ભાષણમાં કહ્યું હતું કે, અમે અન્યને દુઃખી થતા જોઈએ છીએ ત્યારે અમે સહન કરીએ છીએ. પરંતુ તમે એવું નથી કરતા. અમે જન્મથી જ અમારા બાળકોને સહનશીલતા અને દયા શીખવીએ છીએ. અમે અમારા બાળકોને બાળપણથી જ ભગવાન તરફ આકર્ષિત કરીએ છીએ, વેદ-મંત્રો વાંચીએ છીએ, અહિંસા વિશે શીખવીએ છીએ, પરંતુ તમારા બાળકોને બાળપણથી જ પ્રાણીઓની કતલ બતાવવામાં આવે છે. તેમના બાળકો પાસેથી એવી અપેક્ષા કેવી રીતે રાખી શકાય કે તેઓ દયાળુ અથવા ઉદાર બનશે. તેમણે જણાવ્યું હતું કે શાસ્ત્રો અને વેદોમાં સ્ત્રીને દેવીનો દરજ્જો આપવામાં આવ્યો છે તેનો અનાદર કરી શકાતો નથી. તમે એમ ન કહી શકો કે અમને ચાર પત્નીઓ રાખવાનો અધિકાર છે, અમને હલાલાનો અધિકાર છે, અમને ત્રણ વાર તલાક કહેવાનો અધિકાર છે, અમને પત્નીઓને ભરણપોષણ ન આપવાનો અધિકાર છે. અમે સમગ્ર દેશ માટે એક જ કાયદો હોવાની વાત કરીએ છે. VHP કે RSS કે હિન્દુ સમુદાય નહીં પણ દેશની સર્વોચ્ચ અદાલત પણ તેના વિશે વાત કરે છે. જસ્ટિસ યાદવે કહ્યું કે સતી, જોહર અને અસ્પૃશ્યતા જેવા હિંદુ કાયદાની ખામીઓ કાયદેસર રીતે દૂર કરવામાં આવી છે, તો પછી તમે આ કાયદો કેમ દૂર કરી શકતા નથી કે તમે એક પત્નીની હાજરીમાં વધુ ત્રણ પત્નીઓ કેમ રાખી શકો? તેમણે સ્પષ્ટ કર્યું કે હાઈકોર્ટના ન્યાયાધીશ તરીકે આ વાતો કરવા




વિશે કોઈ તેમને પ્રશ્ન કરી શકે નહીં, કારણ કે તે કાયદા વિશે વાત કરી રહ્યા છે અને કાયદો બહુમતી મુજબ કામ કરે છે. પરિવારો કે સમાજને જુઓ, જ્યાં પણ બહુમતી હોય ત્યાં લોકો તેની સાથે સંમત થાય છે જસ્ટિસ યાદવે કહ્યું કે મુસ્લિમ સમુદાયના દરેક લોકો ખરાબ નથી, પરંતુ કઠમુલ્લાઓ દેશ માટે ઘાતક છે. જસ્ટિસ યાદવે કહ્યું કે લોકોએ કલ્પના કરી ન હતી કે તેઓ રામલલ્લાને રામ મંદિરમાં જોઈ શકશે. તેમણે જણાવ્યું હતું કે સ્વામી વિવેકાનંદ જેવા મહાપુરૂષોએ કહ્યું હતું કે, ગર્વ સાથે કહો, અમે હિંદુ છીએ, કારણ કે તેઓ જાણતા હતા કે જો કોઈ આ દેશને વિશ્વગુરૂ બનાવી શકે છે, તો તે હિન્દુ જ છે, બીજું કોઈ આ કરી શકશે નહીં. તમારે તમારી અંદરની આ ઈચ્છાને મરવા ન દેવી જોઈએ, નહીંતર તેને બાંગ્લાદેશ અને તાલિબાન બનવામાં બહુ સમય લાગશે નહીં.

લોકોમાં તેનો પ્રચાર કરવો મહત્ત્વપૂર્ણ છે કે લોકોએ પોતાને અને તેમના ધર્મને ઓળખવો જોઈએ. ન્યાયમૂર્તિ યાદવે કહ્યું કે VHP રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ સાથે સંકળાયેલું છે, જે ૨૦૨૫માં તેના ૧૦૦ વર્ષ પૂર્ણ કરશે. લોકોએ આ દેશ માટે મહત્ત્વપૂર્ણ પગલાં લેવા જોઈએ. તમે બધા પણ આ માર્ગ પર આગળ વધી રહ્યા છો તે જોઈને અને સાંભળીને મને ખૂબ આનંદ થાય છે. જસ્ટિસ યાદવે સ્પષ્ટતા કરી કે માત્ર એ કારણ કે તેઓ VHP, RSS અથવા હિંદુ સંસ્કૃતિની વાત કરે છે, તેનો અર્થ એ નથી કે તેમને અન્ય ધર્મો સાથે કોઈ મતભેદ છે. પરંતુ હું અપેક્ષા રાખું છું કે આ દેશ ભારત છે, અને અહીં રહેનાર દરેક વ્યક્તિ ભારતીય છે, બહારના લોકો હિંદુ કોણ છે તે સમજી શકતા નથી. તેઓ એવા લોકોને જ હિંદુ માને છે જે પૂજા કરે છે, ગંગામાં સ્નાન કરે છે, પરંતુ તે સાચું નથી. પછી તેમણે પૂછ્યું કે હિંદુ કોણ છે, અને જવાબ આપ્યો કે, હિંદુ તે વ્યક્તિ છે જે આ દેશમાં રહે છે, જે આ દેશને તેની માતા કહે છે, જે દેશ મુશ્કેલીમાં આવે તો પોતાનું બલિદાન આપી શકે છે. તેની પૂજાની પદ્ધતિ કંઈપણ હોઈ શકે, તે કુર્આન કે બાઈબલમાં વિશ્વાસ કરી શકે, પણ તે હિંદુ છે. જસ્ટિસ યાદવે પૂછ્યું કે જો દેશ એક છે, અને બંધારણ એક છે, તો પછી કાયદો એક કેમ ન હોઈ શકે. તેમણે સ્પષ્ટ કર્યું કે જ્યારે તમામ સમુદાયોના અંગત કાયદા છે, અને દેશ આ રિવાજોમાં દખલ કરવા માંગતો નથી, અમે અપેક્ષા રાખીએ છીએ કે આપણા દેશની સંસ્કૃતિ, દેશના મહાપુરૂષો, આ દેશના ભગવાનનો અનાદર કરવાનો અધિકાર નથી. તેમણે જણાવ્યું હતું કે જો આવા વ્યક્તિગત કાયદાઓમાંથી અપૂર્ણતાને દૂર કરવામાં નહીં આવે, તો સમગ્ર દેશ માટે એક સમાન કાયદો આવશે. જો કે, કાયદાકીય વિદ્વાનો દ્વારા તેમની આલોચના કરવામાં આવી છે. વરિષ્ઠ વકીલ ઈન્દિરા જયસિંગે જણાવ્યું હતું કે, આ ન્યાયતંત્ર દ્વારા જ બંધારણના બિનસાંપ્રદાયિક સિદ્ધાંતોનું ઉલ્લંઘન છે. તે અન્ય સમુદાયો માટે ખૂબ જ અપમાનજનક છે. વરિષ્ઠ વકીલ રેબેકા જહોને કહ્યું કે આ ઈવેન્ટમાં ન્યાયાધીશોની ભાગીદારીથી તેઓ દુઃખી છે. મને ખૂબ જ દુઃખ થાય છે. કોર્ટ મારૂં કાર્યસ્થળ છે, જ્યાં સામાન્ય નાગરિકો ન્યાયની અપેક્ષા રાખે છે. જ્યારે આપણે સંગઠનો સાથે ખુલ્લું જોડાણ કરીએ છીએ, જે ભારતના બિનસાંપ્રદાયિક ફેબ્રિકનો વિરોધ કરે છે, અને જ્યારે ન્યાયાધીશો આવા કાર્યક્રમોમાં ભાગ લે છે, ત્યારે તે બંધારણ પર હુમલો છે.

### કાયદો એ જ છે જે બહુમતીને ખુશ કરે છે : અલ્હાબાદ હાઈકોર્ટના ન્યાયાધીશ

“દેશ બહુમતીની ઈચ્છા પ્રમાણે ચાલશે... કાયદો બહુમતીના હિસાબે જ કામ કરે છે... બહુમતીના કલ્યાણ અને સુખાકારીને ફાયદો થાય તે જ સ્વીકારવામાં આવશે.” આ શબ્દો હાઈકોર્ટના વર્તમાન જજ શેખર કુમાર યાદવના છે. તેઓ ૨૦૧૯માં ન્યાયાધીશ તરીકે સામેલ થયા, તેઓ ૨૦૨૬માં નિવૃત્ત થવાના છે. તેઓ રવિવારે અલ્હાબાદ હાઈકોર્ટના લાઈબ્રેરી હોલમાં ‘યુનિફોર્મ સિવિલ કોડ’ પર વકીલો અને વિશ્વ હિન્દુ પરિષદના અન્ય કાર્યકર્તાઓની સભાને સંબોધિત કરી રહ્યા હતા. VHPના હાઈકોર્ટ યુનિટ દ્વારા આયોજિત કાર્યક્રમમાં, જસ્ટિસ યાદવે હિંદુઓમાં જાતીય અત્યાચારો અને ભેદભાવો અથવા ઓનર કિલિંગ અથવા ખરેખર બહુમતીની ઈચ્છાઓનો અમલ કરતા જાગ્રત જૂથો વિશે કોઈ ટિપ્પણી કરી ન હતી. જો કે તેમણે હિન્દીમાં આપેલા તેમના સંબોધનમાં કહ્યું હતું કે હિંદુ સમાજે અસ્પૃશ્યતા અને ‘સતી’ પ્રથામાંથી મુક્તિ મેળવી લીધી છે પરંતુ મુસ્લિમો બહુવિધ પત્નીઓ, ટ્રિપલ તલાક અને હલાલાની પ્રથાને ખતમ કરવામાં નિષ્ફળ ગયા છે. આ કોર્ટનો ઐતિહાસિક લાયબ્રેરી હોલ છે, જ્યાં ઘણી મહાન હસ્તીઓ રહી છે. હું અહીં તેમની વચ્ચે બોલી રહ્યો છું... હું શપથ લઈ રહ્યો છું કે આ દેશ ચોક્કસપણે એક જ કાયદો લાવશે, અને તે ખૂબ જ જલ્દી લાવશે. તેમણે એવું પણ કહ્યું કે, હિંદુ શાસ્ત્રોમાં મહિલાઓને દેવી તરીકે પૂજવામાં આવે છે પરંતુ મુસ્લિમો દ્વારા તેનો અનાદર કરવામાં આવે છે. તેમણે કહ્યું કે, દેશમાં ‘ટોચની અદાલતે’ પણ સમાન નાગરિક સંહિતાની તરફેણમાં વાત કરી હતી. જસ્ટિસ યાદવ જેઓ અલ્હાબાદના છે અને અલ્હાબાદ યુનિવર્સિટીમાંથી કાયદાનો અભ્યાસ કર્યો છે, તેમણે એમ પણ કહ્યું હતું કે ‘હિંદુ’ એ નથી કે જે ગંગામાં ડૂબકી મારે છે અથવા ચંદન લગાવે છે, પરંતુ જે કોઈ આ ભૂમિને પોતાની માતા માને છે, કટોકટીના સમયમાં દેશ માટે પોતાનું જીવન આપે છે, પછી ભલે તેઓ તેમની ધાર્મિક પ્રથાઓ અથવા માન્યતાઓ અલગ હોય, પછી ભલે તેઓ કુર્આન અથવા બાઈબલને અનુસરતા હોય, તેઓ હિન્દુ છે. VHPના કાનૂની સેલના રાષ્ટ્રીય સહ-સંયોજક અને ચાર-સત્ર વર્કશોપના ઉદ્‌ઘાટન સત્રના મુખ્ય અતિથિ અભિષેક અત્રેયાએ કહ્યું હતું કે છેલ્લા કેટલાક મહિનામાં બાંગ્લાદેશ ‘બીજું કાશ્મીર’ બની ગયું છે.

# સીરિયન પદભ્રષ્ટ પ્રમુખ અસદ અને તેનો પરિવાર મોસ્કો આવી પહોંચતા તેઓને આશ્રય આપવામાં આવ્યો

## સીરિયાના પદભ્રષ્ટ કરાયેલા રાષ્ટ્રપતિ બશર અલ-અસદ અને તેનો પરિવાર પ્લેનમાં મોસ્કોમાં આવી ગયા છે અને તેમને આશ્રય આપવામાં આવ્યો છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૯

ઈસ્લામવાદી આગેવાની હેઠળના બળવાખોરોએ સીરિયા દેશ પર કબજો મેળવ્યા પછી સીરિયામાંથી હાંકી કાઢવામાં આવેલા રાષ્ટ્રપતિ બશર અલ-અસદ અને પરિવાર ભાગીને મોસ્કોમાં આવી ગયા



હતા અને તેમને આશ્રય આપવામાં આવ્યો છે. રશિયાથી અહેવાલ છે કે, અસદ અને તેના પરિવારના સભ્યો મોસ્કો પહોંચ્યા છે. ક્રેમલિનના એક સ્ત્રોતે કહ્યું છે કે, રશિયાએ માનવતાના આધારે તેમને આશ્રય આપ્યો છે. જો કે, સોશિયલ મીડિયા પર ફ્લાઈટ ટ્રેકર્સ રવિવારે અસદના રહસ્યમય ઠેકાણા અંગે અનુમાન લગાવી રહ્યા હતા. ફ્લાઈટ્રેડાર વેબસાઈટના ડેટા અનુસાર, બળવાખોરો દ્વારા રાજધાની પર કબજો કરવામાં આવ્યો તે સમયે સીરિયન એર પ્લેન દમાસ્કસ એરપોર્ટ પરથી ઉડાન ભરી હતી. આ એરક્રાફ્ટે શરૂઆતમાં સીરિયાના દરિયાકાંઠાના પ્રદેશ તરફ ઉડાન ભરી હતી, પરંતુ પછી અચાનક યુ-ટર્ન લીધો અને આ પ્લેન નકશામાંથી અદશ્ય થઈ ગયું અને તે પહેલાં થોડીવાર માટે વિરૂદ્ધ દિશામાં ઉડાન ભરી હતી. એવી અફવાઓ હતી કે પ્લેનના ટ્રેકિંગમાં અચાનક બદલાવ અને તેનું ગાયબ થઈ જવું એ સૂચવે છે કે તેને તોડી પાડવામાં આવ્યું હોય શકે છે અથવા તેણે તેના ટ્રાન્સપોન્ડરને બંધ કરી દીધું હતું. હવે જ્યારે રશિયામાં અસદ અને તેનો પરિવાર આવી ગયો છે ત્યારે તે સ્પષ્ટ છે કે વિમાને તેના ટ્રાન્સપોન્ડરને બંધ કરી દીધું હતું. ઈસ્લામવાદી હયાત તહરિર અલ-શામ (HTS) જૂથે અસદ પરિવારના પાંચ દાયકાથી વધુ શાસનને પડકાર્યાના બે અઠવાડિયા કરતાં ઓછા સમયમાં અસદની આ વિદાય થઈ છે. બળવાખોર જૂથોએ ટેલિગ્રામ પર જણાવ્યું હતું કે, આ જુલમી શાસન હેઠળના ૫૦ વર્ષના જુલમ અને ૧૩ વર્ષના ગુનાઓ અને વિસ્થાપન પછી આજે અમે આ અંધકારમય સમયગાળાના અંત અને સીરિયા માટે નવા યુગની શરૂઆતની જાહેરાત કરીએ છીએ. એચટીએસના ઈસ્લામવાદી નેતા, અબુ મોહમ્મદ અલ-જોલાનીએ રાજધાની દમાસ્કસની સીમાચિહ્ન ઉમૈયાદ મસ્જિદની મુલાકાત લીધી, અને લાખો લોકોના ટોળાએ તેમનું સ્મિત અને આલિંગન સાથે સ્વાગત કર્યું હતું. HTSએ મૂળ અલ-કાયદાની સીરિયન શાખા છે. પશ્ચિમી સરકારો દ્વારા આ એક આતંકવાદી સંગઠન તરીકે પ્રતિબંધિત છે, અને HTSએ તાજેતરના વર્ષોમાં તેની છબીને સામાન્ય બનાવવાનો પ્રયાસ કર્યો છે. સમગ્ર સીરિયામાં, લોકોએ બશર અલ-અસદના પિતા હાફેઝ અલ-અસદની પ્રતિમાઓ તોડી પાડી છે. આ બળવાખોરો રાજધાનીમાં પ્રવેશ્યા હતા અને HTSએ કહ્યું કે તેના લડવૈયાઓ દમાસ્કસની બહારની એક જેલ સેડનાયાની જેલમાં ગયા અને આ જુલમી યુગના અંતની જાહેરાત કરી હતી. યુએનના યુદ્ધ અપરાધોના તપાસકર્તાઓએ રવિવારે અસદના પતનને સીરિયનો માટે ઐતિહાસિક નવી શરૂઆત ગણાવી હતી. તેમના શાસન હેઠળ આચરવામાં આવેલા અત્યાચારોનું પુનરાવર્તન ન થાય તેની ખાતરી કરવા વિનંતી કરી હતી. HTSએ કહ્યું કે તેણે વ્યૂહાત્મક શહેર હોમ્સ પર કબજો કરી લીધો છે, જ્યાં કેદીઓને પણ મુક્ત કરવામાં આવ્યા છે. હોમ્સ એ બળવાખોરો દ્વારા કબજે કરવામાં આવેલ ત્રીજું મોટું શહેર હતું. વ્હાઈટ હાઉસે જણાવ્યું હતું કે યુએસ પ્રમુખ જો બિડેન સીરિયાની આ અસાધારણ ઘટનાઓ પર નજર રાખી રહ્યા છે. અમેરિકાના ચૂંટાયેલા પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે રશિયાનું સમર્થન ગુમાવ્યા બાદ અસદ પોતાના દેશમાંથી ભાગી ગયા છે.

# ઈઝરાયેલે સીરિયા પર હવાઈ હુમલા ચાલુ રાખ્યા, ગોલાન હાઈટ્‌સમાં તેની હાજરી વધારી

(એજન્સી) તા.૯

બશર અલ-અસદના શાસનના પતન પછી ઈઝરાયેલે સીરિયા પર હવાઈ હુમલાઓ શરૂ કર્યા. તેલ અવીવે તેના ઉત્તરપૂર્વીય પાડોશી રાજ્યમાં વ્યૂહાત્મક શસ્ત્રો પર ચિંતા વ્યક્ત કરીને તેના હુમલાઓને ન્યાયી ઠેરવવાનો પ્રયાસ કર્યો.

ઈઝરાયેલે દાવો કર્યો હતો કે, તેના લશ્કરી હુમલાઓએ રાસાયણિક શસ્ત્રો, લાંબા અંતરની મિસાઈલો અને અન્ય લશ્કરી પ્રણાલીઓને નિશાન બનાવી હતી, જેમા તેણે કહ્યું હતું કે, સત્તા વિરોધી જૂથોના નિયંત્રણ પછી રશિયા ભાગી ગયેલા રાષ્ટ્રપતિ બશર અલ-અસદના પતન પછી ઉગ્રવાદીઓના હાથમાં આવી શકે છે. રવિવારે સવારે રાજધાની દમાસ્કસમાં આ હથિયારો તૈનાત હતા. ઈઝરાયેલના વિદેશપ્રધાન ગિડોન સારે દાવો કર્યો હતો કે, કબજે કરેલા ગોલાન હાઈટ્‌સમાં તેલ અવીવની તાજેતરની ક્રિયાઓ ‘મર્યાદિત અને અસ્થાયી’ છે અને ઉમેર્યું હતું કે, તેનું પ્રાથમિક ધ્યાન દેશ અને તેના નાગરિકોની સુરક્ષા પર છે.

સારે એમ પણ કહ્યું હતું કે, ઈઝરાયેલ અને પેલેસ્ટીની જૂથ હમાસ વચ્ચે પરોક્ષ વાટાઘાટો ચાલી રહી છે, જેમાં સંભવિત કેદી-બંધક વિનિમય પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. તેમણે વધુ વિગતો આપી ન હતી. વડાપ્રધાન બેન્જામિન નેતાન્યાહુ અને સંરક્ષણ પ્રધાન ઈઝરાયેલ કાત્ઝની સૂચનાઓને અનુસરીને ઈઝરાયેલી દળો ગોલાન હાઈટ્‌સમાં બફર ઝોનમાં પ્રવેશ્યા, જે દાયકાઓથી તેલ અવીવના કબજા હેઠળ છે. નેતાન્યાહુએ વ્યવસાયને ‘અસ્થાયી’ ગણાવ્યો છે.

ઈઝરાયેલની સેના દ્વારા જાહેર કરાયેલા ચિત્રોમાં બફર ઝોનમાં સૈનિકો અને સશસ્ત્ર વાહનો જોવા મળે છે, જેનાથી આ વિસ્તાર પર ઈઝરાયેલની પકડ વધુ મજબૂત થઈ છે. થોડા સમય પછી ઉત્તર સીરિયાના મુખ્ય શહેર અલેપ્પોની પશ્ચિમે ગ્રામ્ય વિસ્તારમાં અસદ શાસન દળો અને શાસન વિરોધી જૂથો વચ્ચે ૨૭ નવેમ્બરના રોજ અથડામણો ફરી શરૂ થઈ.

# ‘વન નેશન, વન ઈલેક્શન’નો ખરડો સંસદના ચાલુ સત્રમાં આવી રહ્યો છે, જાણકાર સૂત્રોની માહિતી : શું સર્વસંમતિ પ્રાપ્ત કરી શકાશે?

(એજન્સી) નવી દિલ્હી,તા.૯

લગભગ તમામ વિરોધપક્ષોએ વિરોધ કર્યા છતાં એવું લાગે છે કે મોદી સરકારે વન નેશન વન ઈલેકશનની દિશામાં ઝડપથી ડગલા માંડવાનું શરૂ કર્યું છે. સંસદના ચાલુ સત્રમાં જ કેન્દ્ર સરકાર આ અંગેનો ખરડો લાવી શકે છે. લાંબા સમયથી મોદી સરકાર આ દિશામાં ખૂબ સક્રીય બની છે. તેમ જાણકાર સૂત્રોએ જણાવ્યું હતું. થોડા સમયે પહેલા જ આ દરખાસ્ત ઉપર એટલે કે એક સાથે ચૂંટણીઓ યોજવાના મુદ્દા પર રચાયેલી રામનાથ કોવિંદ કમિટીએ આપેલો અહેવાલ મોદી કેબિનેટ મંજુર કરી ચુકી છે. વધુ મોટાપાયે સમર્થન અને વ્યાપક સંમતિ મેળવવા સરકાર આ ખરડો ચર્ચા માટે જેપીસીને સોંપી શકે છે. જેથી કરીને તમામ રાજકીય પક્ષોના અભિપ્રાય અને મન જાણી શકાશે. જેપીસીને બિલ સોંપવાથી તમામ હિતધારકો એટલે કે રાજયની વિધાનસભાઓના સ્પીકર તેમજ બૌદ્ધિક વર્ગને પણ એમના મંતવ્ય રજુ કરવાની તક મળશે. જનતાના અભિપ્રાય પણ જાણવાની કવાયત થઈ શકે છે. હાલ તુરત તો આ મુદ્દા પર કોઈ નિર્ણાયક કે ખાતરીસભર સર્વસંમતિ થઈ શકે નથી. એટલે આ વિચારનો અમલ સરકાર માટે પડકારરૂપ બનશે જ. વન નેશન વન ઈલેકશનનો અમલ કરવો હોય તો બંધારણમાં સુધારો કરવા જરૂરી રહેશે અને એ માટે કમસેકમ છ ખરડા સંસદમાં પસાર



કરાવવા પડે અને એ માટે સરકારને સંસદમાં બે તૃત્યાંશ બહુમતીની જરૂર પડે. ભાજપ પ્રેરિત એનડીએ પાસે અત્યારે સંસદના બંને ગૃહોમાં સાદી બહુમતી છે. એટલે બંધારણ સુધારા માટે આટલી મોટી બહુમતી સીદ્ધ કરવાનું કાર્ય સરકાર માટે કપરાં ચઢાણ સમાન બની રહેશે. સરકાર તરફથી એવી દલીલ થઈ રહી છે કે એક સાથે લોકસભા અને વિધાનસભાઓની ચૂંટણીઓ થાય તો સમય, સંસાધનો તેમજ નાણાનો બચાવ થશે. અલગ અલગ ચૂંટણીઓ થાય છે ત્યારે વિકાસના કામો અટકી પડતાં હોય છે. બીજી તરફ વિરોધ પક્ષો આ વિચારને ખામીભર્યા ગણાવે છે. વિપક્ષનું કહેવું છે કે આ દરખાસ્ત સામે ઘણા મોટા પડકારો ઉભા થઈ શકે છે એટલું જ નહીં આ વિચાર જ બિનાલોકશાહી અને ગેરબંધારણીય છે. કોવિંદ સમિતિએ તો ૨૦૨૯ પછી આ સિસ્ટમ અમલમાં મુકવાનું સૂચવ્યું હતું. પરંતુ મોદી સરકાર ઉતાવળે આગળ વધવા માંગે છે એવું લાગે છે.

# ‘આરક્ષણ ધર્મના આધારે ન હોઈ શકે’ : OBC વર્ગીકરણ અંગે કલકત્તા હાઈકોર્ટના આદેશને પડકારતી અરજી પર સુપ્રીમ કોર્ટની મૌખિક ટિપ્પણી

(એજન્સી) તા.૯

સુપ્રીમ કોર્ટે સોમવારે મૌખિક રીતે ટિપ્પણી કરી હતી કે, ધર્મના આધારે કોઈ અનામત ન હોઈ શકે. જસ્ટિસ બી.આર. ગવઈ અને કે.વી. વિશ્વનાથનની બેન્ચ કોલકાતા હાઈકોર્ટના આદેશને પડકારતી અપીલની સુનાવણી કરી રહી હતી જેણે પશ્ચિમ બંગાળ સરકારના ૭૭ સમુદાયોને મોટાભાગે મુસ્લિમોને અન્ય પછાત વર્ગ (ઓબીસી) તરીકે વર્ગીકૃત કરવાના નિર્ણયને રદબાતલ ઠેરવ્યો હતો. વરિષ્ઠ વકીલ કપિલ સિબ્બલે રાજય સરકારના નિર્ણયને યોગ્ય ઠેરવવાની માંગ કરતા જસ્ટિસ ગવઈએ કહ્યું કે, અનામત ધર્મના આધારે હોઈ શકે નહીં. સિબ્બલે જણાવ્યું હતું કે, પશ્ચિમ બંગાળ પછાત વર્ગો (અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ સિવાય) સેવાઓ

**સુપ્રીમ કોર્ટની બેન્ચ કલકત્તા હાઈકોર્ટના આદેશને પડકારતી અપીલની સુનાવણી કરી રહી હતી જેણે પશ્ચિમ બંગાળ સરકારના ૭૭ સમુદાયોને મોટાભાગે મુસ્લિમોને OBC તરીકે વર્ગીકૃત કરવાના નિર્ણયને રદ કર્યો હતો, વરિષ્ઠ વકીલે કહ્યું કે, રાજ્ય દ્વારા આપવામાં આવેલ આરક્ષણ ધર્મ પર આધારિત નથી પરંતુ પછાતપણું છે જેને કોર્ટે માન્ય રાખ્યું છે**

અને પોસ્ટ્‌સમાં ખાલી જગ્યાઓનું અનામત અધિનિયમ, ૨૦૧૨ની જોગવાઈઓને નકારી કાઢવા માટે કોલકાતા હાઈકોર્ટે આંધ્રપ્રદેશ હાઈકોર્ટના ચુકાદા પર આધાર રાખ્યો હતો. આ ચુકાદો મુસ્લિમ ઓબીસી માટે અનામત રદ કરે છે. તેમણે કહ્યું હતું કે, આંધ્રપ્રદેશ હાઈકોર્ટના ચુકાદા પર સુપ્રીમ કોર્ટે સ્ટે આપ્યો હતો અને તેનો હજુ અંતિમ નિર્ણય બાકી છે.

# સુપ્રીમ કોર્ટે મસ્જિદોના સર્વેક્ષણ માટેના મુકદમાઓ પર રોક લગાવવી જોઈએ : CPI(M)

(એજન્સી) તા.૯

CPI(M) પોલિટબ્યુરોએ મસ્જિદની નીચે મંદિરના ખંડેરોની હાજરી ચકાસવા માટે પ્રાચીન મસ્જિદોના સર્વેક્ષણની માંગ કરતા દેશભરમાં દાખલ કરાયેલા દાવાઓ અંગે ચિંતા વ્યક્ત કરી હતી. પાર્ટીએ કહ્યું કે, વારાણસી અને મથુરા પછી સંભલમાં, નીચલી અદાલત દ્વારા ૧૬મી સદીની મસ્જિદના સર્વેક્ષણનો આદેશ આપવામાં આવ્યો હતો. તેના પરિણામે હિંસા થઈ હતી જેમાં ચાર મુસ્લિમ યુવાનો માર્યા ગયા હતા. આના પગલે અજમેર શરીફ દરગાહ અંગે અજમેરની સિવિલ કોર્ટમાં સમાન પ્રકારની અરજી કરવામાં આવી છે.

૭-૮ ડિસેમ્બરના રોજ CPI(M) પોલિટબ્યુરોની બે દિવસીય બેઠક પછી એક નિવેદનમાં પક્ષે કહ્યું કે, તે દુર્ભાગ્યપૂર્ણ છે કે, સુપ્રીમ કોર્ટે આવા મુકદ્દમાઓને રોકવા માટે હસ્તક્ષેપ કર્યો નથી. અયોધ્યા વિવાદ પર સુપ્રીમ કોર્ટના ૨૦૧૯ના પાંચ સભ્યોની બેંચના ચુકાદાએ કાયદાની માન્યતા અને તેના અમલીકરણને સ્પષ્ટપણે સમર્થન આપ્યું હતું. આ નિર્દેશને જોતા આ કાનૂની કાર્યવાહીને રોકવા માટે દરમિયાનગીરી કરવાની સર્વોચ્ચ



**આ ડાબેરી પક્ષે કહ્યું છે કે, તે દુર્ભાગ્યપૂર્ણ છે કે, સુપ્રીમ કોર્ટે આવા દાવાઓ પર રોક લગાવવા માટે હસ્તક્ષેપ કર્યો નથી**

અદાલતની ફરજ છે. મંદિર-મસ્જિદ વિવાદો સંબંધિત વિવિધ અદાલતોમાં દાખલ કરાયેલી અનેક દાવાઓ ચર્ચામાં છે, જેમાં વારાણસીની જ્ઞાનવાપી મસ્જિદ, મથુરામાં શાહી ઈદગાહ મસ્જિદ, સંભલની શાહી જામા મસ્જિદ, સૂફી સંત મોઈનુદ્દીન ચિશ્તીની અજમેર દરગાહ અને બુદૌનની જામા મસ્જિદનો સમાવેશ થાય છે. અરજદારોએ દાવો કર્યો છે કે, આ પ્રાચીન મંદિરને નષ્ટ કર્યા પછી બનાવવામાં આવ્યા હતા અને તેઓએ ત્યાં હિંદુઓને પ્રાર્થના કરવા માટે પરવાનગી માંગી છે. સર્વોચ્ચ અદાલતે પૂજા સ્થળ (વિશેષ જોગવાઈઓ) અધિનિયમ ૧૯૯૧ના કાયદાની કેટલીક જોગવાઈઓની માન્યતાને પડકારતી પીઆઈએલની બેચની સુનાવણી માટે વિશેષ બેંચની રચના કરી છે. પાર્ટીએ એમ પણ કહ્યું કે, બાંગ્લાદેશ વહીવટીતંત્ર ઈસ્લામિક કટ્ટરવાદી દળોની પ્રવૃત્તિઓને અવગણી રહ્યું છે. બાંગ્લાદેશમાં વચગાળાની સરકારે ધાર્મિક લઘુમતીઓનું રક્ષણ કરવું જોઈએ. CPI(M)એ આરોપ લગાવ્યો કે, ભાજપ-આરએસએસ અને હિંદુત્વ સંગઠનો આવા પ્રચાર દ્વારા જુસ્સાને વેગ આપવા માંગે છે. પોલિટબ્યુરો ભારતમાં બીજેપી-આરએસએસ અને હિન્દુત્વ સંગઠનોના આ પ્રયાસોને વખોડે છે, આ પ્રકારનો અભિગમ બાંગ્લાદેશમાં લઘુમતીઓના હિતોની રક્ષા કરશે નહીં. ગ્રેટર નોઈડાના ખેડૂતોના ચાલી રહેલા વિરોધને સમર્થન આપતા પોલિટબ્યુરોએ કહ્યું કે, CPI(M) આ સંઘર્ષને સંપૂર્ણ સમર્થન આપે છે અને માંગ કરે છે કે, આ દમન તાત્કાલિક બંધ કરવું જોઈએ અને સરકારે સંઘર્ષની ન્યાયી માગણીઓ સ્વીકારવી જોઈએ અને તેનો અમલ કરવો જોઈએ. તેઓએ પોલીસ કાર્યવાહીની પણ નિંદા કરી અને કહ્યું કે, અખિલ ભારતીય કિસાન સભા (AIKS) અને અન્ય સંગઠનોના લગભગ ૧૫૦ નેતાઓ અને કાર્યકરોને જેલમાં ધકેલી દેવામાં આવ્યા છે. ધરપકડ કરાયેલા ખેડૂતો જેલમાં ભૂખ હડતાળ પર છે.

CPI(M)એ કેરળમાં આપત્તિગ્રસ્ત વાયનાડ માટે તાત્કાલિક ભંડોળ વિતરિત કરવાની પણ માંગ કરી હતી. રાજ્યની તાત્કાલિક રાહત માટે રૂા.૨૧૪.૬૮ કરોડ અને વ્યાપક પુનઃનિર્માણ માટે રૂા.૨૩૧૯.૧ કરોડની તાકીદની વિનંતી છતાં કેન્દ્ર ચાર મહિના પછી પણ ભંડોળ મંજૂર કરવામાં નિષ્ફળ રહ્યું છે. ભૂસ્ખલનને ‘ગંભીર પ્રકૃતિની આફત’ તરીકે વર્ગીકૃત કરવાનો ઈન્કાર અને અસરગ્રસ્ત પરિવારો માટે લોન માફ કરવાની અનિચ્છા એ કેન્દ્રના અન્યાયી અને અમાનવીય અભિગમને પ્રતિબિંબિત કરે છે, જે કટોકટીના સમયમાં સંઘીય સમર્થનના સિદ્ધાંતોને નબળા પાડે છે.

# ખેડૂતોનું આંદોલન : સુપ્રીમ કોર્ટે પંજાબ હાઈવે પર નાકાબંધી હટાવવાની માગણી કરતી અરજી ફગાવી દીધી

(એજન્સી) તા.૯

પંજાબ-હરિયાણાના શંભુ બોર્ડર પર ખેડૂતો પોતાની માગણીઓને લઈ ઉગ્ર દેખાવો કરી રહ્યા છે. ખેડૂતો બોર્ડર પર શુક્રવારથી દેખાવ-પ્રદર્શનો સાથે દિલ્હી કૂચ કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. અહીં રવિવારે પણ ખેડૂતો અને પોલીસ વચ્ચે ઘર્ષણ થયું હતું. પોલીસનો કાફલો તેમને દિલ્હી જતાં અટકાવવા માટે તમામ પ્રયાસો કરી રહ્યા છે. આ તમામ ઘટના વચ્ચે ખેડૂત નેતા સરવણસિંહ પંઢેરે મોટી જાહેરાત કરી છે. કિસાન મજદૂર મોરચાના પ્રમુખ સરવણસિંહ પંઢેરે કહ્યું કે, ‘શંભુ બોર્ડર પર બેઠેલા ખેડૂતો મંગળવારે દિલ્હી કૂચ નહીં કરે. આવતીકાલે આંદોલન અંગે રણનીતિ ઘડવામાં આવશે. જે રીતે ખેડૂતો પર અત્યાચાર થઈ રહ્યો છે અને મહિલા પત્રકારોને ટાર્ગેટ કરવામાં આવી રહ્યા છે તે નિંદનીય છે. અમે આવતીકાલે વધુ ચર્ચા કરીશું.’ ખેડૂતોએ શુક્રવારે અને રવિવારે દિલ્હી જવાનો પ્રયાસ કર્યો હતો, જો કે, હરિયાણા પોલીસે તેમના બંને પ્રયાસો નિષ્ફળ બનાવ્યા છે અને આગળ જતાં અટકાવ્યા છે. બીજીતરફ સુપ્રીમ કોર્ટમાં સોમવારે આ મામલે સુનાવણી હાથ ધરવામાં આવી હતી, જેમાં કોર્ટે અરજદારની અરજી નામંજૂર કરી દીધી છે. ન્યાયાધીશ સૂર્યકાંત અને ન્યાયાધીશ મનમોહનની બેંચે કહ્યું કે, આ મામલો પહેલાથી જ વિચારણા હેઠળ છે. એક જ કેસની અરજી પર વારંવાર વિચારણા ન કરી શકાય. અરજીમાં માંગ કરાઈ છે કે, કેન્દ્ર સરકાર અને સત્તાવાળાઓ દ્વારા પંજાબના જે માર્ગો પર અવરોધ ઊભો કરાયો છે, તેને હટાવવાનો આદેશ આપવામાં આવે. બેંચે અરજદાર ગૌરવ લૂથરાને કહ્યું કે, ‘તમે વારંવાર અરજી દાખલ ન કરો. કોર્ટે અરજીને પેન્ડિંગ કેસ સાથે જોડવાનો પણ ઈન્કાર કરી દીધો છે.’ સરવણસિંહ પંઢેર આજે ખનૌરી બોર્ડર પર જગજીત ડલ્લેવાલની હાલત જાણવા માટે જવાના છે. ડીઆઈજી મનદીપસિંહ સિદ્ધુ પણ ખનૌરી જવાના છે. અહીં ડલ્લેવાલના આરોગ્ય અંગે વાતચીત કરવામાં આવશે. બીજી તરફ ખેડૂત આંદોલન મુદ્દે પંજાબમાં રાજકારણ ગરમાયું છે.

### ઝડપભેર જતી કાર ડિવાઈડર કૂદીને સામેથી આવતી કાર સાથે ધડાકાભેર ટકરાતાં બંને કારનો કચ્ચરઘાણ

# માળિયાહાટીના : ભંડુરી પાસે બે કાર વચ્ચે ગંભીર અકસ્માત સર્જાતા પાંચ વિદ્યાર્થી સહિત ૭નાં મોત





**ટક્કર બાદ એક કારમાં ગેસનો બાટલો ફાટતાં બાજુમાંના ઝૂંપડામાં લાગી આગ : મૃતદેહો ફૂટબોલની જેમ ફંગોળાયા**

(સંવાદદાતા દ્વારા) જૂનાગઢ, તા.૯

આજે વહેલી સવારે જૂનાગઢ જિલ્લાના માળિયાહાટીના તાલુકાના ભંડુરી નજીક બે કાર વચ્ચે ભયાનક અકસ્માત સર્જાતા સાત લોકોનાં મોત નિપજ્યા છે. આ ગંભીર અકસ્માતમાં સાત મૃતકોમાં પાંચ વિદ્યાર્થીનો સમાવેશ છે જે પરીક્ષા આપવા જૂનાગઢ જઈ રહ્યા હતા. બે કારની ટક્કર થતાં એક કારમાં રહેલો ગેસનો બાટલો ફાટતાં બાજુના ઝૂંપડામાં પણ આગ લાગી હતી. ગંભીર અકસ્માતની આ ઘટના સીસીટીવીમાં કેદ થઈ છે. આ અકસ્માત અંગે મળતી માહિતી મુજબ, જૂનાગઢ-વેરાવળ હાઈવે થઈ માળિયાહાટીના પાસે આવેલા ભંડુરી ગામ પાસે આજે સવારે આઠ વાગ્યાના અરસામાં બે કાર વચ્ચે ભયંકર ટક્કર થઈ હતી, જેમાં પરીક્ષા આપવા જતાં પાંચ વિદ્યાર્થી સહિત કુલ સાત લોકોનાં મોત થયા હતા. બે કાર વચ્ચે ભયંકર ટક્કર થતાં એક કારમાં રહેલો ગેસનો બાટલો ફાટતાં બાજુમાં રહેલા ઝૂંપડામાં પણ આગ લાગી હતી. જેને લઈને આજુબાજુના લોકો એકઠા થયા હતા અને બચાવ કામગીરી સાથે પોલીસ અને ૧૦૮ને જાણ કરી હતી. ઘટનાની જાણ થતાં જ પોલીસ કાફલા સાથે ૧૦૮ અને ફાયર વિભાગની ટીમ ઘટનાસ્થળે દોડી ગઈ હતી. ઘટનાસ્થળે પહોંચેલી ફાયરની ટીમે ઝૂંપડામાં લાગેલી આગ પર કાબૂ મેળવ્યો હતો. જ્યારે પોલીસે મૃતકોના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડીને અકસ્માત કંઈ રીતે થયો એની આગળની તપાસ હાથ ધરી છે. આ ગંભીર અકસ્માતના સામે આવેલા સીસીટીવીમાં જોઈ શકાય છે કે એક કાર બ્રિજ તરફથી જઈ રહી છે, જ્યારે સામેથી આવતી બીજી કાર કોઈ કારણોસર ડિવાઈડર કૂદીને બ્રિજ તરફથી જતી કારને સામેથી ટક્કર મારી હતી. ટક્કર એટલી ભયંકર હતી કે બંને કારનો કચ્ચરઘાણ વળી ગયો છે. આ અંગે ડીવાયએસપી દિનેશ કોડિયાતારે જણાવ્યું હતું કે માળિયાના ભંડુરી ગામ પાસે એક મારૂતિ સેલેરિયો અને એક અન્ય કાર વચ્ચે ટક્કર થતાં તેમાં, ૭ લોકોનાં મોત થયા છે. હાલ સાતેય મૃતદેહો માળિયાની સરકારી હોસ્પિટલમાં પીએમ અર્થે ખસેડવામાં આવ્યા છે અને અકસ્માત કઈ રીતે થયો એની તપાસ ચાલુ છે. આ અકસ્માત એટલો ભયાનક હતો કે બંને કારમાંથી મૃતદેહો આજુબાજુ ૫૦ મીટર સુધી ફૂટબોલની જેમ ફંગોળાઈ ગયા હતા અને હાઈવે પર કાળજું કંપાવનારા દૃશ્યો સર્જાયા હતા.

### અકસ્માતમાં ભોગ બનનાર વિદ્યાર્થીઓ પરીક્ષા આપવા જતા હતા

આ અકસ્માતમાં પાંચ વિદ્યાર્થીના મોત થયા છે, જે કેશોદની આજુબાજુના ગામના છે અને ગડુ મુકામે પરીક્ષા આપવા જતા હતા. જ્યારે બે મૃતક જાનુડા ગામના છે.

**મૃતકોના નામ**

- રાજુભાઈ કાનજીભાઈ ખુટણ (ઉંમર વર્ષ ૪૦, ડાભોર-વેરાવળ)
- વિનુભાઈ દેવશીભાઈ વાળા (ઉંમર વર્ષ ૩૫, જાનુડા ગામ)
- વિક્રમભાઈ કુવાડીયા (ઉંમર વર્ષ ૨૫, માણેકવાડા ગામ)
- વજુભાઈ કરસનભાઈ રાઠોડ (ઉંમર ૬૦, જૂનાગઢ)
- ધરમ વિજયભાઈ ધરાદેવ (જૂનાગઢ)
- અક્ષત સમીરભાઈ દવે (રાજકોટ)
- ઓમ રજનીકાંતભાઈ મુગરા (રાજકોટ)

### પાટણમાં બે, દાહોદ, અમદાવાદ અને અરવલ્લીની એક-એક હોસ્પિટલનો સમાવેશ

# રાજ્યમાં PMJAY યોજના હેઠળ સારવારમાં ગેરરીતિ બદલ વધુ પાંચ હોસ્પિટલ સસ્પેન્ડ

**ગત સપ્તાહમાં પાંચ એમ્પેનલ્ડ હોસ્પિ. તથા ડોક્ટરને યોજના અંતર્ગત સસ્પેન્ડ કરવાના આદેશ**

(સંવાદદાતા દ્વારા) ગાંધીનગર, તા.૯

રાજ્ય ભરમાં ખ્યાતિ હોસ્પિટલના ચર્ચાસ્પદ બનાવની વ્યાપક ચર્ચા તથા પ્રત્યાઘાતો બાદ એક્શનમાં આવેલી રાજ્ય સરકાર એક પછી એક એક્શન લઈ રહી છે. જેમાં ખાસ કરીને PMJAY તાજેતરમાં આ યોજના અંતર્ગત ગેરરીતિ આચરતી ઘટનાઓ સામે આવતા તેને લઈને રાજ્યના આરોગ્ય વિભાગે આ હોસ્પિટલ્સ અને ડોક્ટર્સ સામે કડકમાં કડક કાર્યવાહી આરંભી છે. PMJAY યોજના અંતર્ગતની SAFU(સ્ટેટ એન્ટી ફ્રોડ યુનિટ) એ તજજ્ઞ તબીબોની ટીમ સાથે રાખીને રાજ્યમાં આ યોજના અંતર્ગત ગેરરીતિ આચરતી શંકાસ્પદ હોસ્પિટલ્સની મુલાકાત કરી હતી. જેના અંતર્ગત ગત અઠવાડિયામાં રાજ્યમાં વિવિધ જિલ્લાઓમાં ૫ હોસ્પિટલ અને ૨ ડોક્ટરની ગેરરીતિઓ સામે આવી છે. આવતા કડક પગલા લેવાના આદેશો જારી કરાયા છે. પાટણ જિલ્લાની હિર ચિલ્ડ્રન હોસ્પિટલ, નિષ્કા ચિલ્ડ્રન હોસ્પિટલ અને નિયોનેટલ કેર, દાહોદ જિલ્લાની સોનલ હોસ્પિટલ, અમદાવાદ જિલ્લાની સેન્ટારા ઓર્થોપેડિક હોસ્પિટલ અને અરવલ્લી જિલ્લાની શ્રી જલારામ



ચિલ્ડ્રન હોસ્પિટલમાં વિવિધ ત્રુટીઓ અને ગેરરીતિ જણાઈ આવતા PMJAY-મા યોજનામાંથી સરકાર દ્વારા સસ્પેન્ડ કરવામાં આવી છે.

પાટણની હિર હોસ્પિટલમાં મુલાકાત દરમિયાન પ્રી-ઓથ દરમિયાન કુલ ૯૧ જેટલા લેબ રિપોર્ટમાં છેડછાડ અને નિઓનેટલ કેરમાં હાયર પેકેજ સિલેક્ટ કર્યા હોવાનું માલુમ પડ્યું . જેથી હિર હોસ્પિટલ અને તેમાં ફરજરત ડૉ. હિરેન પટેલને યોજના અંતર્ગત સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. હેલ્થ સ્પ્રિંગ ૨૪ પેથોલોજી લેબોરેટરી પાટણને પણ આ યોજના અંતર્ગત સસ્પેન્ડ કરાયા છે. વધુમાં હોસ્પિટલમાં રૂ.૫૦,૨૭,૭૦૦ની રીકવરી અને પેનલ્ટી પણ કરાઈ છે. પાટણની નિષ્કા ચિલ્ડ્રન હોસ્પિટલ અને નીયોનેટલ કેર સેન્ટરમાં પ્રિ-ઓથ દરમિયાન કુલ ૬૦ જેટલા રિપોર્ટમાં છેડછાડ અને હોસ્પિટલ દ્વારા જે લેબોરેટરીનું ટાઈઅપ કરેલ છે તેમની પાસે દર્દીના લેબ રીપોર્ટ માંગવામાં આવતા રીપોર્ટ ઉપલબ્ધ ન હોવાનું જણાઈ આવ્યું. જેથી હોસ્પિટલ તેમજ હોસ્પિટલમાં ફરજરત ડૉ. દિવ્યેશ શાહને યોજના અંતર્ગત સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. વધુમાં શિવ ડાયગ્નોસ્ટિક લેબોરેટરી, પાટણને પણ આ યોજના અંતર્ગત સસ્પેન્ડ કરાઈ છે. હોસ્પિટલને કુલ રૂ.૧૫,૧૬,૩૫૦ની રીકવરી અને પેનલ્ટી પણ કરવામાં આવી છે. દાહોદની સોનલ હોસ્પિટલમાં યોજનાની માર્ગદર્શિકા મુજબ મેન પાવર અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર ન હોવાનું અને ઈન્ફેક્શન કંટ્રોલને લગતી કામગીરીમાં પણ ઉણપ હોવાનું જણાતા આ હોસ્પિટલને પણ સસ્પેન્ડ કરાઈ છે. અમદાવાદની સેન્ટારા ઓર્થોપેડિક હોસ્પિટલમાં ચોથા અને પાંચમાં માળનું બી.યુ. પરમિશન ન હોવાનું તેમજ માર્ગદર્શિકા મુજબ સ્ટાફ અને મોડ્યુલર ઓટીનો અભાવ તથા કેટલીક એક્સ્પાયરી વાળી દવાનો જથ્થો જણાઈ આવતા હોસ્પિટલને બી.યુ. પરમીશન ન મળે તેમજ ઉક્ત ક્ષતિઓની પૂર્તતા ન થાય ત્યાં સુધી સસ્પેન્ડ કરાઈ છે. અરવલ્લીની શ્રી જલારામ ચિલ્ડ્રન હોસ્પિટલમાં ફાયર સેફ્ટી સર્ટીફિકેટ એક્સપાયર્ડ, તેમજ એન.આઈ.સી.યુ.માં માર્ગદર્શિકા મુજબ વ્યવસ્થા જણાઈ ન આવતા આ હોસ્પિટલને પણ ફાયર સેફ્ટી સર્ટિફિકેટ ન મળે તેમજ જણાઈ આવેલ ક્ષતિઓની પૂર્તતા ન થાય ત્યાં સુધી સસ્પેન્ડ કરવામાં આવી છે. વધુમાં PMJAY યોજના અંતર્ગતની SAFU ટીમ દ્વારા રાજ્યની અન્ય હોસ્પિટલની પણ મુલાકાત કરવામાં આવી છે. જેમાં હોસ્પિટ્લસની રેકોર્ડ ચકાસણી થઈ રહી છે . આ રેકોર્ડમાં યોજનાની માર્ગદર્શિકાનું ક્યાંય પણ ઉલ્લંઘન થતું હશે તો આ હોસ્પિટ્લ્સ સામે પણ કાર્યવાહી કરવામાં આવશે. અત્રે નોંધનીય છે કે, જાન્યુઆરી-૨૦૨૪થી અત્યારસુધીમાં PMJAY-મા યોજના અંતર્ગત ગેરરિતી બદલ કુલ ૧૨ હોસ્પિટલને સસ્પેન્ડ, ડિએમ્પેનલ્ડ કરવામાં આવી છે.

### અલગ-અલગ શહેરોમાં રેલી યોજી દેખાવો કરી બિલ્ડરોએ કલેક્ટરને આપ્યાં આવેદનપત્ર

# રાજ્યભરમાં જંત્રીના સૂચિત વધારા સામે ઉગ્ર બનતો વિરોધ : બિલ્ડરોએ કર્યું વિરોધ પ્રદર્શન

**અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ વગેરેના બિલ્ડરો મેદાનમાં; વધારો પાછો ખેંચવાની માગણી**

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૯

રાજ્ય સરકાર દ્વારા જંત્રીના સૂચિત દરમાં વધારો જાહેર કરી વાંધા-સૂચનો મંગાવવાની હાથ ધરાયેલી કામગીરી દરમ્યાન આ વધારો તોતિંગ હોઈ અને તેને લઈ સામાન્ય માણસને ઘર બનાવવું ઘણું મોંઘું થાય તેમ હોવાને લઈ રાજ્યભરમાં વિરોધ ફેલાઈ રહ્યો છે. જેમાં હવે જંત્રીના સૂચિત દરમાં કરાયેલા તોતિંગ વધારાની સામે બિલ્ડર્સે સરકાર સામે બાંયો ચડાવી છે. સરકારે વાંધા અરજી રજૂ કરવા માટેની મુદત તો એક મહિનો વધારી આપી છે. જંત્રીદરમાં કરાયેલા સૂચિત વધારાનો જો અમલ કરવામાં આવે તો મકાનના ભાવમાં ૩૦થી ૪૦ ટકાનો વધારો થવાની ભીતિ વ્યક્ત કરી આ અસહ્ય વધારો પરત લેવાની માગ ઉઠવા પામી છે. જંત્રીદરમાં કરાયેલા સૂચિત વધારાના વિરોધમાં અમદાવાદ, રાજકોટ, વડોદરા, સુરત સહિતનાં શહેરોમાં રેલી યોજી વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યો હતો.

રાજ્ય સરકાર દ્વારા નવી સૂચિત જંત્રીમાં સરેરાશ ૨૦૦થી ૨૦૦૦ ટકા સુધીનો વધારો ઝીંકી દેવામાં આવ્યો છે. આ જંત્રીના અમલ સામે બિલ્ડર એસોસિયેશન દ્વારા વિરોધ નોંધાવવામાં આવ્યો છે. આ જંત્રી કોઈપણ સંજોગોમાં સ્વીકારવા લાયક નથી એવું નક્કી કરી રાજકોટના બિલ્ડરો દ્વારા રેલી યોજી જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવી જંત્રી વધારો પાછો ખેંચવા તેમજ આ જંત્રીનો અમલ ૩૧ માર્ચ સુધી રોકી દેવા અનુરોધ કરવામાં આવ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે રાજકોટમાં TRP ગેમઝોન અગ્નિકાંડ બાદ છેલ્લા ૬ મહિનાથી રાજકોટ બાંધકામ વ્યવસાય મૃતપાય હાલતમાં હોવાનો દાવો



બિલ્ડર એસોશિએશન દ્વારા કરવામાં આવ્યો છે અને આના થકી મનપાને આ વર્ષે ૫૦થી ૧૦૦ કરોડનું નુકશાન થશે જયારે સરકારને પણ સ્ટેમ્પ ડ્યુટીની આવકમાં મોટો ઘટાડો થવાનો છે.

દોઢ વર્ષ સરકારે જંત્રીમાં સર્વે કરી ૨૦ નવેમ્બર ૨૦૨૪ના રોજ સૂચિત જંત્રીની જાહેરાત કરી દીધી છે. રાજ્યમાં ૪૦ હજાર વેલ્યૂઝોન છે. જેમાંથી ૧૭ હજાર અર્બન વિસ્તારમાં અને ૨૩ હજાર ગ્રામ્ય વિસ્તારમાં વેલ્યૂઝોન આવેલા છે. સરકારે પોતે દોઢ વર્ષ સર્વે માટે લીધો અને જનતાને સૂચન માટે માત્ર ૧ મહિનાનો સમય આપ્યો તે વાજબી નથી. એસોસિયેશનના સર્વે પ્રમાણે નવી સૂચિત જંત્રીમાં ૨૦૦થી ૨૦૦૦ ટકાનો વધારો ઝીંકી દેવામાં આવ્યો છે. જેથી રિવ્યૂ કરવા માટે ૩૧ માર્ચ ૨૦૨૫ સુધીનો સમય આપવાની માંગણી કરવામાં આવી છે. રાજકોટ જિલ્લા કલેક્ટર પ્રભવ જોશીએ જણાવ્યું હતું કે, જંત્રી દરમાં વધારા મામલે રજૂઆતો મળી રહી છે. સરકાર દ્વારા પણ રજુઆત ધ્યાનમાં રાખી ઓફલાઈન વાંધા અરજી સ્વીકારવાનું શરૂ કર્યું છે. રાજકોટમાં અત્યારસુધી ૧૫૦ જેટલી વાંધા અરજી મળી છે જેનો અભ્યાસ કમિટી દ્વારા કરવામાં આવશે. જિલ્લા કલેકટર અધ્યક્ષતામાં આ કમિટી અભ્યાસ કરી સરકાર સુધી આ વાંધા અરજી અંગે રજુઆત પહોંચાડવામાં આવશે. રાજ્ય સરકાર દ્વારા તાજેતરમાં જાહેર કરવામાં આવેલા જંત્રીના નવા સૂચિત દરના કારણે શહેરનો વિકાસ રૂંધાય કે વધારે ધીમો થાય તેવી શક્યતાઓને લઈ આજે આ દરો પરત લેવાય તેવી માંગ સાથે વડોદરા બિલ્ડર અને ડેવલોપર્સ ભેગા મળી રેલી સ્વરૂપે આજે કલેક્ટર કચેરી ખાતે આવેદનપત્ર આપી પોતાની રજૂઆત કરી હતી. જેમાં મોટી સંખ્યામાં બિલ્ડરો અને ડેવલોપર્સ સહિત અસરગ્રત ખેડૂતો હાજર રહ્યા હતા. સરકારના આ નિર્ણય સામે બિલ્ડરોનું કહેવું છે કે, સરકાર દ્વારા જંત્રીના જે સૂચિત દર નક્કી કરવામાં આવ્યા છે, તે દર વાસ્તવિકતાથી વિપરીત છે. જંત્રી નક્કી કરતા સમયે જમીનના હાલના બજાર ભાવ, રિયાલીસ્ટીક માર્કેટ તેમજ સાયન્ટીફિક ગણતરી કરવામાં આવી હોય તેમ લાગતું નથી. જેના કારણે જો, હાલની સૂચિત જંત્રી લાગુ કરવામાં આવે તો મકાન, દુકાન અને ફલેટના ભાવમાં ૫૦થી ૧૦૦ ટકાનો વધારો આવશે તે નક્કી છે. વર્ષ ૨૦૧૧ની જંત્રી કરતાં ૨ હજાર ટકા કરતાં વધારે વધારો જોવા મળી રહ્યો છે. આ જંત્રીના ભાવમાં થયેલો વધારો સામાન્ય જનતા પર ભારે અસર કરશે જેથી આટલા મોટાં ધારખમ વધારાને સરકારે પરત લેવો જોઈએ. આ બાબતનો વિરોધ નોંધાવવા માટે ક્રેડાઈ તથા અન્ય અસરગ્રસ્ત ખેડૂતો સહિત કેટલીક સંસ્થાઓ પણ જોડાઈ છે.

આ અંગે રાજ્યના મુખ્યમંત્રી સાથે પણ બેઠક કરવામાં આવી છે. આ બાબતે પણ જ્યાં પણ ધરખમ વધારો થયો છે ત્યાં તે બાબતે ફરી વિચારણા થશે તેવી વાત કરવામાં આવી છે અને હૈયાધારણા આપ્યાં બાદ નિર્ણય લેવાશે તેવી વાત કરવામા આવી છે. જંત્રીના ભાવ અંગે એસી કેબીનમાં બેસીને જંત્રી નક્કી કરવામાં આવી છે એવી રીતે ન હોવું જોઈએ. યોગ્ય વેલ્યુએશનના આધારે જંત્રીનો ભાવ નક્કી કરવો જોઈએ તેવી અમારી માંગ છે. સુરતના બિલ્ડરો દ્વારા આજે મોટી સંખ્યામાં જિલ્લા કલેકટરને આવેદન પત્ર આપીને જંત્રીમાં કરેલા ધરખમ વધારાને લઈને પોતાનો વિરોધ નોંધાવ્યો હતો. સરકાર દ્વારા મન ફાવે તે રીતે જંત્રીના ભાવમાં વધારો કરી દેવાયો છે કયા વિસ્તારમાં કેવી રીતે સર્વે કરવામાં આવ્યો છે તે પણ કોઈ ખુલાસો કરવામાં આવી રહ્યો નથી. આટલા વર્ષોથી રિયલ એસ્ટેટ ક્ષેત્રની અંદર કામ કર્યા પછી જંત્રીમાં એકાએક સરકારે કયા કારણસર વધારો કર્યો છે તે સમજાતું નથી. તેમ બિલ્ડરોએ જણાવી માત્ર જંત્રી નહીં પરંતુ તેના કારણે અન્ય પ્રક્રિયાઓમાં પણ ગ્રાહકોએ વધુ રૂપિયા ચૂકવવા પડશે જેને કારણે ફ્લેટના હાલ જે ભાવ છે તેમાં ૩૦થી ૪૦ ટકા જેટલો વધારો થશે. તેમ જણાવ્યું હતું. સરકારેનો નિર્ણય યોગ્ય નથી. જંત્રીના ભાવમાં થયેલા વધારાને કારણે તેને ખૂબ મોટી અસર રીયલ એસ્ટેટ ઉપર થવાની છે. માત્ર બિલ્ડરો ઉપર જ નહીં પરંતુ ગ્રાહક તરીકે સામાન્ય પરિવારના લોકો જે ઘર ખરીદશે તેમને પણ ખૂબ મોટી કિંમત ચૂકવવી પડવાની છે. ૩ જાન્યુઆરીના દિવસે ગુજરાત બિલ્ડર કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ગુજરાતના તમામ બિલ્ડર્સ તેમજ તેની સાથે સંકળાયેલા લોકો હાજર રહેવાના છે. આ કાર્યક્રમમાં મુખ્યમંત્રી તેમજ સંબંધિત વિભાગના મંત્રીઓ પણ હાજર રહેવાના છે તેમાં જંત્રી બાબતે રજૂઆત કરાશે છે રાજ્યના પ્રવર્તમાન જંત્રીના દરમાં કરેલ અસહ્ય વધારાનાં વિરોધમાં ગાંધીનગરના બિલ્ડરો પણ મેદાને આવ્યા છે. કલેકટરને આવેદન આપી ભાવ વધારો પાછો ખેંચવા તેઓએ માંગ કરી છે. આ જંત્રીના અમલ સામે ક્રેડાઈ અને બિલ્ડર એસોસિએશન દ્વારા વિરોધ નોંધાવવામાં આવ્યો છે. જે અન્વયે અન્ય જિલ્લાઓની માફક આજે ગાંધીનગરના બિલ્ડરો દ્વારા કલેકટરને આવેદન પત્ર આપી જંત્રી વધારો પાછો ખેંચવા તેમજ આ જંત્રીનો અમલ ૩૧ માર્ચ સુધી રોકી દેવા અનુરોધ કરવામાં આવ્યો છે.


**ઝિયારત**



હમારે ભાઈ **મહેબુબખાન કાસમખાન (દૂધવાલા) કા ઇન્તેકાલ તારીખ ૮-૧૨-૨૦૨૪** ઈતવાર કે રોજ હુઆ હે. ઉનકે ઈસાલે સવાબ કે લીયે **ઝિયારત તારીખ ૧૦-૧૨-૨૦૨૪ મંગલવાર** કે દિન ઈશા કી નમાઝ કે બાદ હેબતખાન કી મસ્જિદ મેં રખ્ખી ગઈ હે. ઔરતોકી ઝિયારત ઉનકે ઘર પર ઝેડ.કે.કોટેજ ગુલાબનગર સના મસ્જિદ કે પાસ સુબ્હા ૧૧ બજે રખ્ખી ગઈ હે.

**શરીફખાન દૂધવાલા - હબીબખાન દૂધવાલા**
**ફિરોઝખાન દૂધવાલા - ફારૂકખાન દૂધવાલા**
**મોબાઇલ નંબર - 9328784632- 93270 44550**


### BZ કૌભાંડની તપાસમાં CID ક્રાઈમને મહત્ત્વના પુરાવા મળ્યા

# એજન્ટ મયુર દરજીએ ૩૯ લોકો પાસે રૂા.૧.૦૯ કરોડનું રોકાણ કરાવ્યું

**પાંચ લાખનું રોકાણ કરે તો ટીવી, ફોન અને ૧૦ લાખનું રોકાણ કરે તો ગોવા, માલદીવ ટ્રીપની લાલચ આપી**

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૯

ઉત્તર અને મધ્ય ગુજરાતમાં BZ ફાઈનાન્સ નામની કંપની ખોલીને માસ્ટર માઈન્ડ ભૂપેન્દ્રસિંહ ઝાલાએ તેની કંપનીમાં રોકાણ પણ ત્રણ વર્ષમાં બમણા અને પ્રતિમાસ ૩ ટકા સુધીનું વ્યાજ આપવાની લાલચ આપીને ૬ હજાર કરોડ રૂપિયાનું સૌથી મોટું કૌભાંડ આચરીને અનેક લોકોની બચતના નાણાં પડાવી લીધા છે ત્યારે તપાસ કરી રહેલી CID ક્રાઈમની ટીમને અનેક મહત્ત્વના પુરાવા મળ્યા છે. ૬૦૦૦ કરોડના Bz કૌભાંડમાં ઝડપાયેલ મયૂર દરજીએ જામીન માટે અરજી કરી છે. જેની સામે CID ક્રાઈમે એફિડેવીટ ફાઈલ કરી એવી રજૂઆત કરી છે કે મયૂરે ૩૯ લોકો પાસે ૧.૯ કરોડનું રોકાણ કરાવ્યું હતું, આરોપી સામે તપાસ ચાલુ છે. ત્યારે જામીન ન આપવા જોઈએ. આ મામલે વધુ સુનાવણી મંગળવારના રોજ પ્રિન્સિપલ સેશન્સ જજ કે.એમ.સોજીત્રાની કોર્ટમાં યોજાશે. મયૂર દરજીએ જામીન અરજી કરી હતી. જો કે જામીન અરજી સામે પોલીસ ઈન્સ્પેક્ટર એસ.બી.ચૌધરીએ એફિડેવીટ રજૂ કરી છે. જેમાં એવી રજૂઆત કરી છે કે આરોપી મયૂર દરજીએ માલપુર ખાતે એજન્ટ તરીકે ભૂમિકા ભજવી ૩૯ લોકો પાસે ૧.૯ કરોડ રૂપિયાનું રોકાણ Bz ગ્રુપમાં કરાવ્યું છે. આરોપી મયૂર દરજીને મુખ્ય આરોપી ભૂપેન્દ્રસિંહ ઝાલાએ ગાડી સહિતની વસ્તુઓ ગિફ્ટમાં આપી હતી, તેની તપાસ ચાલી રહી છે. આરોપીએ સહ આરોપીઓ સાથે મળી ૫ લાખનું રોકાણ કરે તો ટીવી, ફોન અને ૧૦ લાખનું રોકાણ કરે તો ગોવા, બાલી માલદીવ સહિતની જગ્યાએ ફરવા લઈ જવાની લાલચ આપી હતી. ઉપરાંત ૭ ટકા વ્યાજ આપવાની લાલચ આપી ૬ હજાર કરોડ રૂપિયાનું કૌભાંડ આચર્યું છે. આરોપીની બેંક ડિટેઈલની તપાસ ચાલી રહી છે, આરોપી સામે અન્ય ગુનો પણ દાખલ થયેલ છે. ત્યારે આવા ગંભીર કેસમાં આરોપીને જામીન ન આપવા જોઈએ. આ મામલે વધુ સુનાવણી મંગળવારના રોજ યોજવામાં આવશે. ઉલ્લેખનીય છે કે Bz કૌભાંડમાં મુખ્ય આરોપી ભૂપેન્દ્ર ઝાલાની આગોતરા જામીન અરજી સામે આવતીકાલે એફિડેવીટ ફાઈલ થશે. તેમજ બંને આરોપીઓ જામીન અરજી ઉપર આવતીકાલે વધુ સુનાવણી હાથ ધરાશે.

### ગુજરાતમાં હજુ આગામી પાંચ દિવસ ઠંડી ધ્રૂજાવશે

# નલિયામાં ધ્રૂજાવી દેતી ઠંડીનો પ્રારંભ : સિઝનમાં પ્રથમવાર તાપમાનનો પારો ૮ ડિગ્રીથી નીચે

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૯

હાલ ગુજરાતમાં ધ્રૂજાવી દેતી ઠંડીની શરૂઆત થઈ છે. ડિસેમ્બર માસના બીજા સપ્તાહની શરૂઆતથી જ શિયાળો બરાબર જામ્યો છે. રાજ્યભરમાં તમામ જિલ્લાઓમાં લઘુતમ તાપમાન ઘટતાં જાણે સમગ્ર ગુજરાતવાસીઓ ઠંડીથી ઠૂઠવાઈ ગયા હોય એવી સ્થિતિ સર્જાઈ છે. ત્યારે હજુ પણ આગામી દિવસોમાં ઠંડીનું જોર યથાવત્ રહેવાની હવામાન વિભાગે આગાહી વ્યક્ત કરી છે. ઉલ્લેખનીય છે કે હાલમાં ગુજરાત પર આવતા પવનો ઉત્તર-પશ્ચિમ દિશાથી આવી રહ્યા છે, તેથી ઠંડા પવનો ગુજરાત પર આવતાં તાપમાનમાં ઘટાડો થયો છે. આ સાથે જ ગત મોડીરાત્રે મધ્ય ગુજરાતના ભાગોમાં પવનની ગતિ પણ સામાન્ય કરતાં થોડા અંશે વધુ અનુભવાય રહી હતી, જેને કારણે ઠંડા પવનો ફૂંકાતાં ઠંડીનો અનુભવ વધુ થયો હતો. રાજ્યમાં જ્યાં સામાન્ય રીતે સૌથી ઓછું લઘુતમ તાપમાન નોંધાવાતું હોય છે તેવા નલિયામાં સતત બીજા દિવસે રાજ્યનું સૌથી ઓછું લઘુતમ તાપમાન નોંધાયું હતું, જે આ વર્ષનું સૌથી ઓછું લઘુતમ તાપમાન પણ છે.

# હાઈસ્કૂલના પટાવાળાને ક્લાર્કમાં બઢતી માટે ખાતાકીય પરીક્ષામાંથી મુક્તિ

**અનુભવ, હિન્દી પરીક્ષા અને CCC સહિતની લાયકાતોને ધ્યાને લઈને બઢતી અપાશે**

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૯

રાજ્યની ગ્રાન્ટેડ હાઈસ્કૂલોમાં ફરજ બજાવતાં અંદાજે ૧૭૦૦ કરતા વધુ પટાવાળાને ક્લાર્કની બઢતી માટે લેવાનારી ખાતાકીય પરીક્ષામાંથી મુક્તિ આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. વર્ગ-૪ના કર્મચારી પટાવાળાને વર્ગ-૩માં ક્લાર્ક તરીકે બઢતી આપવા માટે ખાતાકીય પરીક્ષા ફરજિયાત કરવામાં આવી હતી. જેની સામે રજૂઆતો થઈ હતી કે, ન્યુનત્તમ અનુભવ, હિન્દી પરીક્ષા અને CCC સહિતની તમામ લાયકાતો ધરાવતાં પટાવાળાને ખાસ કિસ્સામાં ખાતાકીય પરીક્ષામાંથી મુક્તિ આપવામાં આવે. પ્રાપ્ત માહિતી અનુસાર, રાજ્યની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં પાટાવાળા વર્ગ-૪ના કર્મચારીઓને ખાસ કિસ્સામાં ખાતાકીય પરીક્ષામાંથી મુક્તિ આપી જુનિયર કારકુન વર્ગ-૩માં બઢતી આપવા અંગેનો શિક્ષણ વિભાગ દ્વારા સત્તાવાર ઠરાવ પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે. આ ઠરાવમાં કેટલીક શરતો નિયત કરવામાં આવી છે. શિક્ષણ વિભાગના ૧૦ જૂન-૨૦૨૨નો ઠરાવ અમલમાં આવ્યો એ પહેલા પટાવાળા વર્ગ-૪માંથી જુનિયર કારકુન વર્ગ-૩ સંવર્ગમાં બઢતી મેળવવા માટે સપ્ટેમ્બર-૨૦૨૦ના ઠરાવમાં નિયત થયેલી ખાતાકીય પરીક્ષા સિવાયની અન્ય તમામ લાયકાતો સંતોષતા હોય તેવા કર્મચારીઓને ખાતાકીય પરીક્ષામાંથી મુક્તિ મળવાપાત્ર રહેશે. ઉલ્લેખનીય છે કે, ખાતાકીય પરીક્ષા લેવા માટે રાજ્ય પરીક્ષા બોર્ડને કમિશનર ઓફ સ્કૂલની કચેરી દ્વારા પત્ર પણ પાઠવી દેવામાં આવ્યો હતો. પરંતુ હવે મુક્તિ મળતાં પરીક્ષા નહી યોજાય. પટાવાળાને શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૪ના સેટઅપ મુજબ ખાલી હોય તેવી જૂનિયર કારકુનની જગ્યા પર જ ખાતાકીય પરીક્ષા સિવાય બઢતી મળવાપાત્ર રહેશે. સેટઅપમાં જુનિયર કારકુનની જગ્યામાં વ્યવસાયલક્ષી કે અન્ય ફાજલ શૈક્ષણિક કર્મચારીનો સમાવેશ હોય તો તેમને તાત્કાલીક હટાવી જુનિયર કારકુનની જગ્યા ખાલી કરી તે જગ્યા પર બઢતી આપવાની રહેશે.


**REQUIRED**

**SHAMA INSTITUE OF MEDICAL SCIENCES (PHYSIOTHERAPY)**

| Position | Qualification | Experience |
|---|---|---|
| Principal | M.PT. - Ph.D. | As per UGC norms |
| Associate Professor/ Assistant Professor | M.P.T Neuro, Rehab Pedia, Cardiopulmonary Women's Health | |
| Physiotherapy Tutor | B.PT. (Physiotherapy) | |

Good communication skill is desirable. Candidates should send their resumes/CVs to sims.physiotherapy@gmail.com within 3 days of the date of this advertisement. Note-GSCPT registration is mandatory

**INTERVIEW ON 15/12/2024 , 10.00 AM**

ADDRESS: Shama Campus ,Nr. Pir Kamal Masjid, BRTS Road, Danilimda, Ahmedabad 380028 Mo.No.8460799299




● આદ્યસ્થાપક : મર્હૂમ ભાઈખાનભાઈ એચ. બલુચ
● સહસ્થાપક : મર્હૂમ સિરાજુદ્દીન બી. તિરમીઝી
● મુદ્રક-પ્રકાશક : અઝીઝ ટંકારવી એ માલિક લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ વતી લોકહિત ઓફસેટ - ૩૩/૧, શાહેઆલમ, અમદાવાદ- ૩૮૦૦૨૮થી છપાવીને તે જ સ્થળેથી પ્રસિદ્ધ કર્યું ● ફોન : ૨૫૩૨૦૩૩૦-૨૫૩૨૦૪૩૧-૨૫૩૨૮૮૨૫ ● Posting at Ahd. RMS